# ઈશ્વરનો સાક્ષાત્કાર



લેખક : ઓગસ્ટીન ક્રિશ્ચિયન

2BG12

# ઈશ્વરનો સાક્ષાત્કાર

લેખક :

ઓગસ્ટીન ક્રિશ્ચિયન

પ્રકાશક:

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

એલિસબ્રિજ, ગુજરાત કોલેજ પાસે,

અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

ટેલિફોન : ૬૪૪૫૨૮૧

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

48

# ઈશ્વરનો સાક્ષાત્કાર

આવૃત્તિ ૧ લી

ઓક્ટોબર ૧૯૯૩

પુન : મુદ્રણ
મે ૨૦૦૨

કિંમત રૂા. ૨૦-૦૦

મુદ્રક :
**સુરમીલ એસ. ક્રિશ્ચિયન**
૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ. મ્યુ. માર્કેટ પાસે,
ખોખરા, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.
ફોન : ૨૭૭૩૫૨૫

# પ્રસ્તાવના

ઓગણીસો છયાશીના ઓગસ્ટની ત્રીસમી તારીખે એક અકસ્માત. સ્કૂટર સ્લીપ થતાં ડાબા પગમાં મલ્ટીપલ ફ્રેક્ચર, અને મોતના મુખમાંથી ઉગરેલો હું તાત્કાલિક ઓર્થોપિડિસ્ટ શ્રીકાંત શાહની હોસ્પીટલમાં. ત્યાંથી પંદરેક દિવસ બાદ મારા નિવાસસ્થાને સંપૂણ બિછાનાવશ તથા પરાધીન પણ પુષ્કળ સમય ઉપલબ્ધ !

મારી પત્ની કહે, 'કંઈ લખો'. પણ શું લખે ? જીવનમાં કદી સાહિત્ય અર્થે પેન પકડી નહોતી તેમજ પકડવા માંગતો પણ નહતો. બસ પ્રાર્થના તથા વાંચનમાં બિછાના પર સમય વ્યતીત કરતો અને કંટાળતો પણ નહિ. પણ મારા આશ્ચર્યે ઓક્ટોબરની તેરમી તારીખે અચાનક સવારના પાંચેક વાગ્યે મારા મનમાં મારું કોઈ કહેવા લાગ્યું : લખ, લખ....લખ. પણ શું લખું ? મેં તો કદી લખ્યું નથી. નથી હું લેખક કે નથી લેખકનો દીકરો. પણ આંતરિક અવાજે મને કહ્યું, 'લખ એક સુવાર્તિક નવલકથા, જે પીડિતોને, માંદગીથી હારેલાંને પ્રભુ ઈસુ ગમ લાવી શકે. ''અને મેં કથાવસ્તુ મળ્યે, ઈશ્વરનો સાક્ષાત્કાર'' લખવાની શરૂઆત કરી અને પૂરી પણ કરી.

વિદ્યાર્થીઓ મધ્યે સુવાર્તિક સેવામાં અગ્રિમતા હોવા ઉપરાંત મને ઘણી વાર લાગતું કે એક અદના ગુજરાતીભાષી વ્યકિતને પણ સુવાર્તા પહોંચાડવાનું મારું કર્તવ્ય છે. પ્રભુએ મારી હૃદયની ઝંખનાનો સાનુકૂળ પ્રત્યુત્ર વાળ્યો છે અને આ સુવાર્તિક નવલકથા 'ઈશ્વરનો સાક્ષાત્કાર' સમસ્ત ગુજરાતી સમાજને સાદર કરતાં હું આનંદ અનુભવું છું. અને તે સાથે પ્રત્યેક વાચકને મારી નમ્ર વિનંતી પણ છે કે, તે આ નવલકથા વાંચ્યા બાદ પોતાના અન્યધર્મી મિત્રોને ભેટ તરીકે યા વાંચવા આપી તેમને આપણા તારનાર તથા પ્રભુ, ઈસુખ્રિસ્તનો સાક્ષાત્કાર કરાવે.

તા. ૨૯-૯-૯૨ — ઓગસ્ટીન ક્રિશ્ચિયન

સૂરત

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | જિજ્ઞાસા કે ચિંતા ? | ૧ |
| ૨. | પલટાયેલ પરિસ્થિતિ | ૨૦ |
| ૩. | મુકાબલા હોને દો ! | ૩૬ |
| ૪. | હોસ્પિટલ | ૪૧ |
| ૫. | હોસ્પિટલ | ૫૫ |
| ૬. | નવીન અનુભવ | ૬૧ |
| ૭. | દેહાતદંડ | ૬૮ |
| ૮. | નિવાસસ્થાન તરફ | ૮૦ |
| ૯. | તેમણે મને કુશળતા પાઠવી | ૮૬ |
| ૧૦. | મૃત્યુ સમીપે શું થાય ? | ૯૪ |
| ૧૧. | જીવંત વાસ્તવિકતા ! | ૧૦૪ |
| ૧૨. | પરમેશ્વર બોલે છે ! | ૧૧૮ |
| ૧૩. | નવું જીવન પ્રબોધવાની મહેચ્છા ! | ૧૨૮ |
| ૧૪. | નિઃશબ્દતા | ૧૩૫ |
| ૧૫. | બીજા દિવસનું સુપ્રભાત ! | ૧૩૮ |

## સેક્રેટરીની કલમે.......

માનવીય જીવન અનેક પ્રસંગોથી ભરેલું હોય છે. માનવીય જીવનમાં અનેક બાબતોનો સામનો કરવો પડતો હોય છે. આ પ્રસંગો અનુકુળ હોય અથવા પ્રતિકુળ હોય, ઉત્તેજનના હોય અથવા નિરાશાના હોય, આગળ વધવાના હોય કે પીછેહઠના હોય વગેરે. વ્યકિતએ ગમે તે એક પરિસ્થિતિનો અનુભવ કરવો પડતો હોય છે. પરંતુ એક પરિસ્થિતિ બદલાતા બીજી પરિસ્થિતિનો અનુભવ કરવાનો આવે છે.

આ પુસ્તક વ્યકિતનાં જીવનમાં આવતી માંદગીની પરિસ્થિતિની વાત કરે છે અને સાજાપણાની પણ વાત કરે છે. ખ્રિસ્તીજીવનમાં વ્યક્તિ ગમે તે પ્રસંગે પ્રભુની નિકટતાનો અનુભવ કરે છે. પ્રભુ તરફથી મળતા સાજાપણાનો અનુભવ કરે છે.

શ્રી ઓગસ્ટીનભાઈ ક્રિશ્ચિયનને હું સારી રીતે ઓળખું છું. તેઓ અંગતરીતે પ્રભુને ઓળખનાર વ્યક્તિ છે. તેથી તેમના આ પુસ્તકમાં ઈશ્વરનું મહાત્મ્ય જોવા મળે છે. આ પુસ્તકની આ બીજીઆવૃતિ છે. તેથી એ સ્પષ્ટ થાય છે કે તેની પ્રથમ આવૃત્તિ જે એક હજાર નકલોથી ઘણાને પ્રભુએ આશીર્વાદ આપ્યો હશે.

હવે જ્યારે બીજી આવૃત્તિ બહાર પડે છે ત્યારે મારી આશા ને ખાત્રી છે કે પ્રભુ તેના વાચકોને તેનો આશીર્વાદ આપે અને ખ્રિસ્તી જીવનમાં વિશ્વાસથી આગળ વધવાની કૃપા આપે તથા વાચક પ્રભુનું પારખું કરતાં શીખે એ જ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

આ પુસ્તકના પ્રકાશનનો સંપૂર્ણખર્ચ (રૂા. ૨૦,૦૦૦) આ પુસ્તકનાં લેખક શ્રી ઓગસ્ટીનભાઈ ક્રિશ્ચિયન તરફથી મળેલ છે. તેથી આ પ્રસંગે તેઓનો તથા તેમના પરીવારનો આભાર માનું છું. પ્રભુ ઓગસ્ટીનભાઈને સાહિત્યની સેવામાં વધુ વાપરે એ જ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

પ્રભુમાં આપનો,

મે/૨૦૦૨

રેવ. હેમંતકુમાર જે. પરમાર

સેક્રેટરી

## જિજ્ઞાસા કે ચિંતા ?

ઓફિસની ઘડિયાળમાં સાંજના સાડાપાંચનો ટકોરો થઈ ચૂક્યો હતો. આજે મારે વહેલા જવું હતું. કામ તો ખાસ કંઈ હતું નહિ. પરંતુ આજે ફેમીલી ડૉક્ટરની મુલાકાત લેવાની હતી. ફેમીલી ડૉક્ટર હોઈને એપોઈન્ટમેન્ટની જરૂર નહોતી. અડધો કલાક વહેલાં જવાનું હોવાથી ઔપચારિકતા ખાતર જનરલ મેનેજર શ્રી ઢેબર સાહેબને મંજૂરીની અપેક્ષાએ ફોન કર્યો. મંજૂરી મળી ગઈ. અગત્યના કાગળો તેમજ દસ્તાવેજો ટેબલના ડ્રોઅરમાં મૂકી, ટેબલનું ડ્રોઅર લોક કરી મેં ફેમીલી ડૉક્ટર શ્રી કિરણ શાહને ફોન કર્યો.

'હલો ડૉક્ટર શાહ, હું અનિલ દેસાઈ બોલું છું.'

'હલો દેસાઈ, કેમ છો ? તબિયત તો સારી છે ને ?'

'બિલકુલ બરાબર.'

'તો પછી કેમ મુલાકાતે આવવું પડે છે?'

'અમસ્તો જ.'

'યુ આર મોસ્ટ વેલકમ.'

'થેંક યુ.'

ચેમ્બરમાંથી બહાર નીકળી, ચપરાસીને સૂચના આપી, સીધો કારપાર્ક તરફ ગયો. કાર સ્ટાર્ટ કરીને ડૉ. કિરણ શાહનાં કિલનિકની દિશામાં હંકારી મૂકી.

કંપની તરફથી મને ફીઆટ કાર મળી હતી. મારો હોદ્દો 'સેલ્સ એક્ઝિક્યુટીવ' નો હતો. અમારી કંપની પરફેક્ટ એન્જિનીયર્સ લીમીટેડનો બીઝનેસ કન્સલ્ટન્સીનો હતો અને ઘણી એન્જિનિયરીંગ કંપનીને અમે ટેકનિકલ 'નો હાઉ' પૂરો પાડતા હતા. આ ઉપરાંત બે એન્જિનિયરીંગ કંપનીની સોલ સેલિંગ એજન્સી પણ અમારી પાસે હતી. તેથી અમારો બિઝનેસ બહુ જ સરળતાપૂર્વક નફાકારક હતો. હું પોતે મિકેનીકલ એન્જિનિયર હતો. મેં સૂરતની 'સરદાર વલ્લભભાઈ રિજિયોનલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી'માં અભ્યાસ કરી બી. ઈ.ની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તુર્ત જ 'પરફેક્ટ એન્જિનિયર્સ લિ.' કંપનીમાં

જોડાયો હતો અને ધારવા કરતાં ટૂંકા સમયમાં 'સેલ્સ એક્ઝિક્યુટીવ'નો મોટો હોદ્દો મેળવી શક્યો હતો. બેશક, કંપનીએ મારી યોગ્ય કદર કરી આ જવાબદારી મને સોંપી હતી અને હું પણ પૂરેપૂરા ઉમંગ અને તનમનથી આ કાર્યભાર વહન કરતો હતો. કંપનીએ મને કાર આપી હતી. એટલું જ નહિ ડ્રાઈવર પણ આપ્યો હતો, પરંતુ હું પોતે જ કાર ચલાવવાનું પસંદ કરતો હતો. મુંબઈના 'શાન્તાક્રુઝ' વેસ્ટ વિસ્તારમાં અમારી રજિસ્ટર્ડ તથા એડમિનિસ્ટ્રેટીવ ઓફિસ આવેલ હતી, કંપની ઓફિસથી આશરે અડધા એક કિલોમીટરને અંતરે આ જ વિસ્તારમાં કંપનીના ઓફિસર્સ માટેના રેસિડેન્સિયલ ફ્લેટસ હતા. જેમાં મને કંપનીએ 'એ' ક્લાસનો વિશાળ ફ્લેટ આપ્યો હતો. ફ્લેટમાં ફર્નિચર તથા તમામ સુવિધાઓ હતી. ફ્લેટ રાચરચીલા સહિત હતો, તદુપરાંત ટેલિફોન તેમજ એટેન્ડન્ટની સગવડ પણ હતી. એ ઉપરાંત બીજી ઘણી નિઃશુલ્ક સેવાઓ. 'સેલ્સ એક્ઝિક્યુટીવ' હોઈને મારે અવારનવાર મુસાફરી કરવી પડતી. તેથી ભાડાં ભથ્થાં વગેરે પુષ્કળ પ્રમાણમાં મળતાં. આમ મુંબઈનું મારું જીવન ઘણું સુખી અને આરામદાયક હતું. ઘેર સુશીલ પત્ની હતી અને બે બાળકો હતાં-એક દીકરો અને એક દીકરી. આમ બધી જ રીતે હું સંતોષી હતો અને કંપનીના ઊંચા હોદ્દાને લીધે મારું તથા મારા સમસ્ત કુટુંબનું સામાજિક સ્થાન પણ ઘણું ઊંચુ હતું.

ડૉ. કિરણ શાહનું ક્લિનિક અમારી ઓફિસ તથા ફ્લેટસની લગભગ અધવચ્ચે મુખ્ય માર્ગ પર જ હતું. તેથી મને કારમાં પહોંચતા માંડ ત્રણેક મિનિટ થઈ. ક્લિનિક પ્રથમ મજલે હતું. કાર પાર્ક કરીને મેં ક્લિનિક પર જવા માંડ્યું.

'મે આઈ કમ ઈન, ડૉક્ટર ?'

'યસ, કમ ઈન.'

'ગુડ ઈવનિંગ, ડૉક્ટર.'

'ગુડ ઈવનિંગ, મિ. દેસાઈ.'

'બોલો દેસાઈ, કેમ બહુ વખતે ભૂલા પડ્યા ? તમારી તબિયત તો તમારા કહેવા પ્રમાણે બરાબર છે.'

'અમસ્તો જ, ડૉક્ટર સાહેબ. કોઈ મોટી તકલીફ નથી. તેથી જ એપોઈન્ટમેન્ટ લીધા સિવાય આવ્યો. ટેલિફોનથી તો ફક્ત વિવેક ખાતર જાણ કરી.'

'કેમ શું ચાલે છે, મિ. દેસાઈ ? બહુ જ બીઝી રહો છો ? અમને પણ અવારનવાર યાદ કરો તો સારું.'

'ડૉક્ટર સાહેબ, એમ ને કે તબિયત ઘોડા જેવી ચાલતી હોય તો પછી શું કરવા.....'

'અમારા પગથિયાં ચઢવાં.'

'ના, ના, એમ નહિ; પણ તમને પણ ખોટી જ તકલીફ ને ?'

'પણ ત્યારે તમે મને 'ફેમીલી ડૉક્ટર'નું બિરૂદ શા માટે આપ્યું ? ફેમીલી ડૉક્ટર બનાવો છો અને તમારું બહાનું તો કદાચેય ચાલે, પણ તમારા કુટુંબમાંથીય કોઈ ફરકતું સુદ્ધાં નથી.'

'કેમ એકલા જ રહો છો ? ભાભી અને બાળકોને સૂરત મોકલી આપ્યાં કે શું?'

'ના ભાઈ ના, એવું કંઈ નથી ડૉક્ટર સાહેબ, પણ આ તો શરદી ખાંસી થઈ હોય કે થોડો તાવ આવતો હોય તો એ લોકો પણ સ્ટાન્ડર્ડ મેડિસીન લઈ લે છે -'

'અને સારું પણ થઈ જાય છે, કેમ ? ક્યાં વળી ડૉક્ટરને તકલીફ આપવી ? ડૉક્ટર વળી બધી જ જાતના સમાચાર પૂછશે, કેમ?'

'હા....હા....હા....'

'કેમ ક્યાં ટ્રીપ મારી આવ્યા?'

'આમ તો સાહેબ મારે તો લગભગ કાયમ ટ્રીપ જ હોય છે.'

'ના, એટલે કે છેલ્લી ટ્રીપે ક્યાં જઈ આવ્યા?'

'બેંગલોર.'

'ઓહ, ધ ગાર્ડન સીટી ઓફ ઈન્ડિયા, કહેવું પડે ભાઈ, તમારે લોકને સારું છે કે કંપનીને ખર્ચે અને જોખમે 'બાય એર' મોટાં મોટાં શહેરોમાં ફરવાનું, ફાઈવ સ્ટાર હોટલોમાં રહેવાનું અને તેય ચાલુ પગાર તથા ભાડાં ભથ્થાં સહિત. નસીબદાર માણસ છો તમે! અહીં પણ તમારે,

મોટા સાહેબને, તો વળી એર-કન્ડીશન્ડ ચેમ્બરમાં જ બેસવાનું ને ? અમારી જેમ તો નહિને? અહીં તો ફક્ત આ સિલીંગ ફેન છે.'

'ના સાહેબ તમે ખોટું માનો છો ત્યારે. ભલે અમને બધી સગવડો મળતી હોય, પણ જ્યારે (ટાર્ગેટને - લક્ષ્યાંક પહોંચ્યા નહિ હોઈએ અને) વર્ષ પૂરું થવા આવ્યું હોય અને અમારો ટાર્ગેટ પૂરો ન થયો હોય ત્યારે અમારું ટેન્શન કેટલું વધી જાય છે અને અમારી ઊંઘ કેવી હરામ થઈ જાય છે તેનો તમને ખ્યાલ નહિ આવે, સાહેબ. ગમે તેમ પણ નોકરી એટલે નોકરી. નો-કરી. જ્યારે સાહેબ તમે તો તદ્દન સ્વતંત્ર છો. તમારે કોઈને જવાબ આપવાનો તો નહિને?

'હા.... હા.... હા.....'

'હા, એ તમારી વાત ખરી. હું ગમે તેમ પણ ઈન્ડીપેન્ડન્ટ માણસ. તમારા જેવી દોડાદોડી કે ઉજાગરા નહિ.'

'ઘેર તો બધા મઝામાં છે ને? જો કે મારી જરૂર પડતી નથી એટલે તો મઝામાં જ હશે. તંદુરસ્તીની દૃષ્ટિએ.'

'હા.... હા..... હા.....'

'બોલો દેસાઈ, કેમ મને યાદ કર્યો ?'

'ખાસ એવી કોઈ તકલીફ નથી, પણ ડૉક્ટર સાહેબ, મને થોડા વખતથી 'ડાયોરીઆ' ની તકલીફ ઊભી થઈ છે. મારું માનવું છે કે મુસાફરી બહુ કરું છું તેથી એમ હોય અને બધી જ સ્ટાન્ડર્ડ મેડિસીન લીધા છતાંય એ તકલીફ ચાલુ જ રહી છે અને હવે તો લગભગ 'ક્રોનિક' થઈ ગઈ છે એટલે આપની પાસે આવવું પડયું.'

'એમ!ઝાડામાં ચીકાશ જાય છે ? તમારો સ્ટૂલ ટેસ્ટ લેવો પડશે.'

'સાહેબ સ્ટૂલ ટેસ્ટ તો મેં મારી ઓફિસની બાજુમાં પેથોલોજી લેબોરેટરી છે ત્યાં લેવડાવ્યો છે અને-'

'એમ ત્યારે મને કન્સલ્ટ કર્યા વગર ત્યાં પણ જઈ આવ્યા? ડૉક્ટરનું રેકમેન્ડેશન તેઓએ માગ્યું નહિ?'

'સાહેબ, મારી પાસે તેઓએ માંગ્યું નહિ પણ,'

'કંપનીના મોટા સાહેબ એટલે, કેમ?'

'હા.... હા.... હા.....'

'હા તો પણ શું ?'

'પણ સાહેબ, લેબોરેટરીના રિપોર્ટમાં પણ એવું કંઈ વાંધાજનક આવ્યું નથી. એટલે ડિસેન્ટ્રી કે કોલાઈટીશ પણ નથી. એટલે પછી તમારી પાસે આવવાનો નિર્ણય કર્યો.'

'એમ વાત છે, કેમ? ફરજ પડી એટલે આવ્યા !'

'મિ. દેસાઈ આશરે કેટલા સમયથી તમને આ તકલીફ ઉભી થઈ છે?'

'સાહેબ, આમ તો ચોક્કસ ખ્યાલ નથી, પરંતુ હું ધારું છું ત્યાં સુધી લગભગ એકાદ વર્ષ તો ખરૂં.'

'હેં ? શું વાત કરો છો ? એક વર્ષથી તકલીફ છે, અને તમે શાંત બેસી રહ્યા છો ?'

'સાહેબ, અત્યાર સુધી તકલીફ બહુ સામાન્ય પ્રમાણમાં હતી, પણ હમણાં તેની તીવ્રતા વધી ગઈ છે.'

'મિ.દેસાઈ મારે તમારો થોડો ક્લિનીકલ ટેસ્ટ લેવો પડશે.'

'કશો વાંધો નહિ, ડૉક્ટર સાહેબ.'

ડૉક્ટર કિરણ શાહ પોતાના કિલનીકના અંદરના ઓરડામાં 'ક્લિનીકલ ટેસ્ટ' માટે યોગ્ય વ્યવસ્થા કરવા ગયા. મેં બેઠા-બેઠા ડૉક્ટરના કિલનીકનું નિરીક્ષણ કરવા માંડ્યું. તેમનો કન્સલ્ટીંગ રૂમ સ્વચ્છ અને સુઘડ હતો. ટેબલ ઉપર બધી જ વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવેલી હતી. નીચે ભોંયતળિયા સિવાય બીજે ક્યાંય ધૂળ હોય એવું લાગ્યું નહિ. મુખ્ય માર્ગ પર હોઈને સહેજે અંદાજ માંડી શકાય કે તેમની પ્રેક્ટીસ ઘણી સારી ચાલતી હશે. અંદરના રૂમમાં પેથોલોજી લેબોરેટરીની સગવડ હતી. તે ઉપરાંત એક્સ-રે મશીન અને બીજાં કિંમતી ચિકિત્સાર્થે જરૂરી એવાં વૈદકીય સાધનો પણ વસાવ્યાં હતાં, જેથી દરદીની સચોટ ચિકિત્સા થઈ શકે. આમ પણ ડૉ. શાહનું નિદાન ઘણું સચોટ ગણાતું. કન્સલ્ટીંગ રૂમમાં ઘણાં વૈદકીય પુસ્તકો હતાં અને મારો પોતાનો અનુભવ છે કે ડૉક્ટર ઘણીવાર નિદાન કરતાં પહેલાં એ પુસ્તકો ઉથલાવતા અને પછી જ નિદાન કરતા. ઘણી વખત જો કેસ જટિલ હોય તો દરદીનું નિદાન પાછળથી, એટલે કે અભ્યાસ કર્યા બાદ કરતા અને એટલે એમની પ્રેક્ટીસ સારી

ચાલતી.'

'મિ. દેસાઈ, પ્લીઝ કમ ઈન.'

'યસ સર, આઈ એમ કમીંગ.'

ડૉ. સાહેબે એમનાં વૈદકીય ઉપકરણો વડે થોડીવાર પરીક્ષા કરી. જો કે મને થોડી અગવડ પડી પણ હું બહુ જ નચિંત હતો. પણ પરીક્ષા બાદ ડૉક્ટર જરા મૂંઝવણમાં હોય એમ મને લાગ્યું.

'મિ. દેસાઈ, મને બીજી વખત બરાબર પરીક્ષા કરવા દો.'

'ઓ.કે. સર.'

પરીક્ષા બાદ ડૉક્ટર અને હું તેમના મુખ્ય કન્સલ્ટીંગ રૂમમાં આવ્યા. ડૉક્ટર સાહેબે એમની રીત મુજબ એક મોટું પુસ્તક એમના કબાટમાંથી બહાર ખેંચી કાઢ્યું અને વાંચવા લાગ્યા. આશરે પંદર મિનિટ પછી ડૉ. સાહેબે જ્યારે મારી સામે જોયું ત્યારે તેમની મુખમુદ્રા ગંભીર હતી. જો કે તોપણ હું તો નચિંત જ હતો.

'મિ. દેસાઈ, આઈ એમ સોરી. યુ હેવ અલ્સર ઈન ધી કોલોન. યાને તમને મોટા આંતરડામાં અલ્સર (ચાંદુ) છે; અને મારા મત પ્રમાણે તમારે તાત્કાલિક ઓપરેશન કરાવવું પડશે.'

'આંતરડામાં અલ્સર? અને તાત્કાલિક ઓપરેશન?'

'હા જી.'

મારું હૃદય જાણે કે એક ધબકાર ચૂકી ગયું. હું તદ્દન શૂન્યમનસ્ક થઈ ગયો. એક અકળ અને અકળાવનારી ચિંતા મને ઘેરી વળી. નિશ્ચિંતતાના સુરક્ષિત સ્થાનમાંથી જાણે કોઈએ મને ચિંતા, ભય અને અસલામતીની ઊંડી ગર્તામાં ધકેલી દીધો. મારું હૃદય તેમજ મન ક્રૂર અને આઘાતજનક સમાચાર સ્વીકારવા બિલકુલ તૈયાર નહોતું. મારા ઉપર જાણે કે એક વજ્રાઘાત આવી પડયો. મને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે આંતરડાના ચાંદાની ગંભીર બીમારી મારી ઉપર એકાએક ત્રાટકશે. 'મોટા આંતરડામાં ચાંદુ? અને તેનું તાત્કાલિક ઓપરેશન?'' મગજ બ્હેર મારી ગયું હતું. અને આ તો પાછું ડૉ. કિરણ શાહનું નિદાન. બે-બે વખત પરીક્ષા કરીને તેમજ સંલગ્ન પુસ્તકના અભ્યાસ તેમજ સંશોધન પછીનું નિદાન, હું અનિમેષ નયને ડૉ. શાહ સામે જોઈ રહ્યો. મારી આંખોમાં

ભય, ચિંતા અને 'હવે શું થશે ?' ના ભાવ સ્પષ્ટ વાંચી શકાતા હતા.

'મિ. દેસાઈ, પ્લીઝ ડોન્ટ બી અપસેટ. એમાં ગભરાવાની કે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ઓપરેશન બાદ તમે બિલકુલ ઓલરાઈટ થઇ જશો. પણ ઓપરેશન જેમ બને તેમ જલદી થાય તો સારું. એમ કરીએ મારા મિત્ર ડૉ. શ્રીકાન્ત શાહ આ પ્રકારનાં રોગોનાં સ્પેશ્યાલિસ્ટ છે. આપણે તેમને કન્સલ્ટ કરવા, તેમની એપોઈન્ટમેન્ટ લઈ લઈએ, બરાબર છે?'

'સાહેબ, હવે તો જેમ તમે કહો તેમજ કરવાનું છે ને?'

'ચિંતા કરવાની જરૂર નથી. ડૉ. શ્રીકાન્ત શાહ અલ્સર વગેરે આંતરડાનાં તેમજ પેટનાં દરદોના અચ્છા જાણકાર છે અને વૈદકીય વિજ્ઞાનની આ શાખામાં તેમણે સંશોધન પણ કર્યું છે, એટલે આપણને યોગ્ય માર્ગદર્શન મળશે. તદ્ઉપરાંત, જો કદાચ મારા નિદાનમાં ક્ષતિ હશે તો પણ તે પકડી પાડશે. તો એમની એપોઈન્ટમેન્ટ લઈ લઉને ?'

'હા સાહેબ.'

'જુઓ, આજે તારીખ ૩૦-૯-૮૫ છે. આપણે તેમની વહેલામાં વહેલી મુલાકાત લઈએ.' ડૉ. શાહે રીસીવર લીધું અને ટેલિફોન જોડ્યો.

'હલો, શાહ સાહેબ, હું કિરણ શાહ બોલું છું.'

'ઓહ કોણ, કિરણ? બોલ બોલ.'

'શાહ સાહેબ, મારા પેશન્ટ શ્રી અનિલ દેસાઈ છે. એમને ડાયોરિયાની તકલીફ લગભગ એક વરસથી હતી. પણ આજે મેં એમનો ક્લિનીકલ ટેસ્ટ લીધો તો મને એમ માલૂમ પડ્યું કે હી હેઝ અલ્સર ઈન ધી કોલોન. માટે અમે તમને મળવા માંગીએ છીએ. મને એમ પણ લાગે છે કે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે, માટે અમે આપની એપોઈન્ટમેન્ટ લેવા માગીએ છીએ. જેથી હવે શું કરવું એ સંબંધી તરત નિર્ણય લઈ શકાય.'

'કિરણ, હમણાં તો હું બહુ બીઝી છું એટલે ઓક્ટોબરની ૧૦ તારીખ પછી રાખ.'

'ના, શાહ સાહેબ, આપ ગમે તેટલા બીઝી હો પણ મારે તમારી

તાકીદની એપોઈન્ટમેન્ટ જોઈએ.'

'તાકીદની?'

'હા સાહેબ તાકીદની.'

'તો એમ કર, ઓક્ટોબરની ૫મી તારીખે તેમને મારી પાસે મોકલી આપ. (તારે આવવાની કંઈ જરૂર નથી, એટલે કે) તું નહિ આવશે તો પણ ચાલશે. પેશન્ટ બહુ ઈમોશનલ ન હોવો જોઈએ. મિ. દેસાઈને કહી દે કે ઓક્ટોબરની પાંચમી તારીખે સવારે ૧૦ વાગે તેમના એટલે કે તારા કેસ પેપર લઈને મને મળે. બસ?'

'થેન્ક યુ, શાહ સાહેબ.'

મિ. દેસાઈ, ઓક્ટોબરની પાંચમી તારીખે સવારે ૧૦ વાગે તમને કેસ પેપર લઈને બોલાવે છે, ફાવશે ને?'

'સાહેબ, બધું ફાવે. એટલું જ કે મારે આજથી રજા મૂકી દેવી પડશે.'

'બરાબર મિ. દેસાઈ, રજા તો તમારે કદાચ વધારે લેવી પડશે; કારણ કે ઓપરેશન તાત્કાલિક કરવાનું કહે તો સ્વાભાવિક રીતે જ વધુ રજાની જરૂર પડે.'

'બસ સાહેબ, ત્યારે હું જઉં? ઓક્ટોબરની પાંચમીએ કેસ પેપર લઈને ડૉ. શ્રીકાન્ત શાહને સવારે દશ વાગે મળવા જવાનું, બરાબરને?'

'બરાબર. પણ દેસાઈ તમે બહુ ગભરાતા નહિ, અને ખાસ કરીને કુસુમબહેનને ગભરાવતા નહિ.'

'એટલે સાહેબ, આ સમાચાર હમણાં કુસુમને ન આપું?'

ના રે ના, આપજો, પરંતુ ઓપરેશન સામાન્ય પ્રકારનું છે એટલું જ હમણાં કહેજો.'

'ઓ.કે. સર, ગુડ નાઈટ!'

'ગુડનાઈટ!'

ધીમે ધીમે પગથિયાં ઉતરી હું નીચે આવ્યો. પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. પગથિયાં ચઢતાં જેટલી તકલીફ નહોતી પડી એટલી તકલીફ પગથિયાં ઊતરતાં પડી. મગજ ભમ્યા કરતું હતું. ડૉ. શાહના ક્લિનીકમાં જતી વખતે તો હું કેવો નચિંત અને સ્વસ્થ હતો, પણ હવે? ચિંતા, ભય,

નિરાશા, અસલામતી અને કંઈક અજુગતું બનશે એવા વિચારો મનમાં અનેક શંકા-કુશંકા જન્માવતા હતા. કોણ જાણે કેમ મને અત્યંત થાક લાગ્યો હતો અને કદાચ આ થાક ઉતરશે નહિ એવી કુશંકા મને પ્રબળ રીતે હેરાન કરતી હતી.

મેં કાર સ્ટાર્ટ કરી અને ધીમે ધીમે હંકારવા લાગ્યો.

ખરેખર આજનો દિવસ મારે માટે બહુ જ દુઃખદ અને આઘાતજનક રહ્યો! ડૉ. શાહના ક્લિનિકની મુલાકાત કેવી નાટકીય બની રહી! જાણે કે એ મુલાકાતે મને, મારા સમસ્ત અસ્તિત્ત્વને અને મારાં સર્વ રસકસ અને શક્તિને નિચોવી લીધાં હતાં. કોઈ સુંદર, વ્યવસ્થિત અને આકર્ષણ ધરાવતું શહેર ભૂકંપના આંચકા બાદ જેમ ખંડિયેર બની જાય તેના જેવી મારી હાલત હતી. અગાઉ ભાગ્યે જ કોઈ કાર મારી કારને 'ઓવરટેક' કરતી, જ્યારે આજે બધી કારો મારી કારને 'ઓવરટેક' કરીને સડસડાટ દોડી જતી હતી. મારામાં જાણે કે કૌવત રહ્યું નહોતું. મારા જીવનનો રસ જાણે ધોમધખતા ઉનાળાની ગરમીથી સુકાઈ ગયો હતો. જે આંગળીઓ અગાઉ 'સ્ટીઅરિંગ વ્હીલ'ને સ્ફૂર્તિથી ઘૂમાવતી હતી તે આંગળીઓ, હા તે જ આંગળીઓ, આજે કંપન અનુભવતી હતી. હું જાણે કે અચાનક અકાળે વૃદ્ધ થઈ ગયો હોઉં એવું અનુભવતો હતો. ડૉક્ટર શાહનું નિદાન મારા જીવનમાં આવી મોટી હોનારત સર્જશે એ મારે માટે કલ્પનાતીત હતું. ફક્ત બે શબ્દો, 'આંતરડાનું ચાઠું' અને 'ઓપરેશન' મારા માટે કેવા ઘાતક નીવડયા હતા તે તો હું જ સમજતો હતો. એ નિદાનને સહજ અને હળવું બનાવવાના શાહ સાહેબના પ્રયત્નો ઠાલા હતા તે તો શાહ સાહેબ ખુદ પામી ગયા હતા. એ નિદાનના વેગમાને મારી સમસ્ત હસ્તીને હચમચાવી મૂકી હતી. હવે હું સામર્થ્ય અને આશા શોધતો હતો.

ધાર્યા કરતાં ઘણો મોડો હું ઘરે પહોંચ્યો. કાર પાર્ક કરીને ઘરમાં જઈ, હાથ-પગ ધોઈ સીધું જ પલંગમાં લંબાવ્યું. કુસુમને તત્કાળ કશું અજુગતું ન લાગે માટે શાહ સાહેબની મુલાકાતની ઔપચારિક વાત સંક્ષિપ્તમાં કરી. લગભગ એકાદ કલાક આરામ કરીને, સ્વસ્થ થવાનો પ્રયત્ન કરીને, આશરે સાડા સાતે હું ઊઠયો. બાળકો પ્રીતિ અને ટોની સાંજનું વાળુ કરીને ભણવા બેસવાની તૈયારી કરતાં હતાં. ડાઈનિંગ રૂમમાં

કુસુમ મારી રાહ જોઈને બેઠી હતી. આમ પણ જ્યારે હું ઘરે હોઉં ત્યારે સાથે જ જમતાં હતાં. બાળકો જો કે વહેલા જમી લેતાં.

'કેમ, આજે બહુ થાકેલા જણાઓ છો?'

'એમ, થાકેલો લાગું છું? આરામ કર્યા બાદ પણ?'

'હા, આજે તમે થોડા ચિંતિત દેખાઓ છો.'

'હં, થોડું એવું જ છે.પછી તને કહું છું.'

આજે ખાવામાં પણ મારું મન લાગતું નહોતું. તેથી થોડું જમીને હું વહેલો ઊઠી ગયો. કુસુમ પણ પછી ઊઠી ગઈ અને અમે ડ્રોઈંગ રૂમમાં બેઠાં. આમ પણ જ્યારે હું ઘરે હોઉં ત્યારે સાંજે જમીને ડ્રોઈંગ રૂમમાં બેસવું એ મારો અને કુસુમનો નિત્યક્રમ હતો. બાળકો પોતાનું લેસન કરીને સૂઈ ગયાં હતાં. આમતેમ ઓફિસની થોડી વાત કરી પછી કુસુમે પૂછ્યું કે, 'કેમ આજે બહુ થાકેલા લાગો છો? ડૉ. શાહ સાહેબને દવાખાને ગયા હતા, કેમ?'

'હા, આજે નિર્ણય જ કર્યો હતો કે ડાયોરિયાની તકલીફ માટે ડૉ. શાહને મળી લઉં, માટે ગયો હતો. ઓફિસથી વહેલો એટલે લગભગ સાડાપાંચે નીકળી ગયો હતો.

'એમ? શું કહ્યું શાહ સાહેબે?'

'બાળકો સૂઈ ગયાં છે ને?'

'હા, તેઓ ઊંઘી ગયા છે, કેમ?' કુસુમે ચોંકીને કહ્યું.

'ડૉ. શાહે એવું નિદાન કર્યું છે કે મને મોટા આંતરડામાં ચાંદુ પડ્યું છે અને ઓપરેશન કરવું પડશે, કદાચ વહેલું પણ કરવું પડે.'

કુસુમ જાણે કે સ્તબ્ધ થઈ ગઈ હતી. તેનો ચહેરો શાંત, ગંભીર અને રડું રડું થઈ રહ્યો. એની વિસ્ફારિત આંખોમાંથી ભય, ચિંતા અને અશુભ સંકેતો ડોકાવાં લાગ્યાં. એ પણ જાણે શૂન્યમનસ્ક થઈ ગઈ હતી. એનું વાતોડિયાપણું અને વિનોદ જાણે કે નામશેષ થઈ ગયાં. કદાચ શું બોલવું એ એને સૂઝતું નહોતું. જાણે કે કુસુમ અસમંજસમાં પડી ગઈ. જે માનસિક પરિસ્થિતિમાં હું હતો તે પરિસ્થિતિમાં કુસુમ અનાયાસે મુકાઈ ગઈ.

વાતાવરણમાં સ્તબ્ધતા હતી. સૂનકાર હતો. કોઈક અકળ ભય અને જોખમનો ઓથાર વર્તાઈ રહ્યો હતો.

'ડૉક્ટર શાહ કહેતા હતા કે કાંઈ ચિંતા કરવા જેવું નથી. આવા કેસમાં ઓપરેશન કરવું પડતું હોય છે અને ઓપરેશન પણ સરળ હોય છે.'

'ઓપરેશન ભલે સરળ હોય, પણ ઓપરેશન આખરે તો ઓપરેશન જ ને? બીજું કશું કહ્યું ડૉક્ટર સાહેબે?'

'બીજું કશું કહ્યું નથી પણ પાંચમી ઓક્ટોબરે આ ક્ષેત્રના નિષ્ણાત એવા ડૉ. શ્રીકાન્ત શાહ પાસે જઈ ખાતરી કરવી પડશે. કદાચ ડૉ. શાહનું નિદાન ખોટું હોય તો એ અંગે પણ ચોક્કસ થઈ જવાય. બાળકોને આ અંગે હમણાં કંઈ કહેતી નહિ, નાહક ગભરાઈ જાય અને વાત ફેલાય.'

'વારુ, ઓપરેશન ના કરવું પડે તો સારુ!'

ત્યારબાદ ઘણો સમય અમે સાથે બેઠા રહ્યાં. પણ બીજી કોઈ વાત થઈ શકી નહિ, બલકે, વાત કરવામાં કોઈ આનંદ જ ન રહ્યો. જે ભય, આશંકા, ચિંતા મને સતાવતાં હતાં તે હવે કુસુમને પણ સતાવી રહ્યાં હતાં. અમારી વચ્ચેની નિઃશબ્દતા એની મૂક સાક્ષી હતી. કુસુમ લગભગ ભાંગી પડી હતી અને કદાચ માંડ, મહામુશ્કેલીએ આંસુ ખાળી રહી હતી. મારી પાસે સાંત્વનના કોઈ શબ્દ નહોતા. કદાચ મને પોતાને સાંત્વનની, હિંમતની વધારે આવશ્યકતા હતી, જે માટે કુસુમ સહિત બીજી કોઈપણ વ્યક્તિ લાચાર હતી.

ડ્રોઈંગ રૂમમાંથી ઊઠી અમે શયનખંડમાં ગયાં. મેં ઊંઘવાનો પ્રયત્ન કર્યો પણ ડૉક્ટર શાહની મુલાકાત, તેમનું નિદાન, ડૉ. શ્રીકાન્ત શાહ સાથેની તેમની વાતચીત તથા ઓપરેશનની તાત્કાલિકતા, મને કેમે કરીને ઊંઘવા દે એમ નહોતું. હું બિછાના પર ફક્ત પાસાં ઘસતો પડી રહ્યો. ઊંઘ જાણે કે મારાથી જોજનો દૂર ભાગી ચૂકી હતી; અને આ બધા વિચારો મારી બેચેની, બીક અને ચિંતા વધાર્યે જ જતાં હતાં. હું તદ્દન બેકરાર હતો. આવી ભયાનક રાત્રિ મારા જીવનમાં અગાઉ ક્યારેય આવ્યાનું યાદ નથી અને હું જાણતો નહોતો કે આવી અસંખ્ય રાત્રિઓ અને ત્રાસજનક ઉજાગરાઓમાંની પ્રથમ જ રાત્રિ હતી. અનિચ્છા છતાંય મને કેટલાય અકથ્ય એવા અશુભ વિચારો આવતા હતા. મારી વિરુદ્ધ જાણે કે ષડયંત્ર

રચાયું હોવાની મને ભ્રમણા થતી હતી. મારા અસ્તિત્વ, જીવનની સામે જાણે કે એક મોટું પૂર્ણવિરામ મુકાતું હતું અને ક્ષુબ્ધ થઈ હું તેને માત્ર અનિમેષ જોઈ રહ્યો હતો. ડૉ. શાહની મુલાકાત વાગોળતો જ રહ્યો.

'મોટા આંતરડામાં ચાંદુ' 'ઓપરેશન', 'તાત્કાલિક ઓપરેશન' 'ચિંતા કરવાની જરૂર નથી,' 'ઓપરેશન બાદ બિલકુલ ઓલ રાઈટ થઈ જશો.' 'ડૉ. શ્રીકાન્ત શાહની મારે તાકીદની એપોઈન્ટમેન્ટ જોઈએ.'

મોટા આંતરડામાં ચાંદુ કઈ રીતે? તીખો કે તળેલો ખોરાક તો હું ખાતો નથી. તીખો તો કદી નહિ. બહાર હોટલમાં પણ આ કાળજી તો હું લઉં જ છું. તો પછી ચાંદુ કેમ ? ડૉક્ટરોનું કહેવું છે કે માણસને ઘણા રોગ 'સાયકોલોજીકલી' થતા હોય છે. અને એ રોગોના લીસ્ટમાં લોહીનું ભારે કે ઓછું દબાણ, દમ, મીઠી પેશાબ ઉપરાંત અલ્સર એટલે ચાંદાનો પણ સમાવેશ થતો હતો. ગજબ! કહે છે કે માનસિક તણાવ અને ચિંતા આવા રોગોને મનુષ્યના શરીરમાં ઘસડી લાવે છે.

'ડૉ. સાહેબ, વરસને અંતે ટારગેટ કે લક્ષ્યાંક પૂરો નહિ થતાં અમારું ટેન્શન કેવું વધી જાય છે અને અમારી ઊંઘ કેવી હરામ થઈ જાય છે, તેનો આઈડિયા તમને નહિ આવે.''

સગવડો અને સુખ-સાહ્યબીથી ભરપૂર જીવન, ઈન્ડિયન એરલાઈન્સના વિમાનમાં કુમાશભરી બેઠક પર કરેલ મુસાફરી, એર-કન્ડિશન્ડ ચેમ્બરની નિરાંત તથા શાંતિ અને કંપનીની ફિયાટ કારની કાર્યસાધકતા. આમ અચાનક મારા શરીરમાં છેદ મૂકાશે એની ક્યારેય ખબર પડી નહિ.

ઓપરેશન ! આ શબ્દ માત્રથી હું ગભરાતો હતો. ગુજરાતીમાં એને વાઢકાપ કહે છે. કશુંક વાઢી લેવું, કાપી લેવું અને તે પણ માણસના શરીરમાંથી - ખતરનાક! એનેસ્થેસિયા આપીને માણસને બેભાન બનાવવો. ઓપરેશન થિએટરમાં ટેબલ પર મૃતકની જેમ સુવડાવવો. અતિ તેજ અને ધારદાર સ્ટેઈનલેસ સ્ટીલના અસ્ત્રા વડે તેનું શરીર છેદવું, કાપવું, ખુલ્લું કરવું પછી જ્યાં જરૂર છે ત્યાં વાઢ-કાપ કરવી, એ ભાગ સુધારવો, દુરસ્ત કરવો, પાછું ખુલ્લું શરીર બંધ કરવું, ટાંકા મારી સીવી લેવું, લોહીના બાટલા ચડાવવા.... ભયંકર! પાછું ઓપરેશનની સફળતાનો આધાર માત્ર

ડૉક્ટરની દયા પર છોડી દેવામાં આવ્યો હોય! આટલી બધી વિકટ પરિસ્થિતિ માંથી પોતાને જ ખર્ચે પસાર થવાનું! સફળતાની કોઈજ ખાતરી નહિ, ઊલટું કશું અજુગતું થાય તો તે માટે ડૉક્ટરની કે નર્સીંગ સ્ટાફની કોઈજ જવાબદારી નહિ એ શરત કબૂલ-મંજૂર રાખવાની! મગજ બહેર મારી જતું હતું.

ઓપરેશન બને તેટલું જલદી કરવાનું - બને તેટલું જલદી? એવી તે શી તાત્કાલિકતા? ડૉક્ટરે કહ્યું છે, જે ડૉક્ટરનું નિદાન સચોટ અને અંતિમ હોય છે, તે ડૉક્ટરે કહ્યું છે. એમનાં અટપટાં વૈજ્ઞાનિક સાધનોમાં તપાસ્યા બાદ કહ્યું છે. એક વખત નહિ, પણ બબ્બે વખત તપાસ્યા બાદ કહ્યું છે. અધૂરામાં પૂરું તેમના પુસ્તકોનો પંદર મિનિટ અભ્યાસ કર્યા બાદ મનોમંથન કરીને કહ્યું છે. તાત્કાલિક કેમ તેની કાંઈ સમજ નથી પડતી મને. અને જો ઓપરેશન તાત્કાલિક ન કરે તો? તો શું થાય? આ પ્રશ્નનો ઉત્તર હું જાણતો નહોતો. આ એક જ પ્રશ્ન મારી સમક્ષ ઘણી ભયંકર અને બિહામણી સંભવિતતાઓની ભુતાવળ ખડી કરતો હતો. ઓપરેશન અને તે પણ તાત્કાલિક! કેટકેટલી માનસિક યાતનાઓ, ચિંતા, અસલામતીની ભાવના અને બેચેની આ થોડા શબ્દોના ગર્ભમાં છુપાયાં હતાં.

'ચિંતા કરવાની જરૂર નથી.' ઓહ ! ડૉક્ટરને ક્યાં ખબર છે કે તેમણે તો મને ચિંતાના મહાસાગરમાં ઊંડે ઊંડે ધરબી દીધો છે. શું આ તેમના ઠાલા શબ્દો મને ચિંતાથી મુક્ત કરી શકે ? ના, કદી નહિ. ડૉક્ટર પણ એ જાણે છે. ઓપરેશનનું નામ સાંભળીને કઈ વ્યક્તિ ચિંતા કર્યા વગર રહે? મને પેલી કવિતાની પંક્તિ યાદ આવી ગઈ.

'ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, ગુણ જ્ઞાન,
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.'

ખરે જ, એ ચિંતાની ચિતાની જવાળાઓ મારી આસપાસ ફરી વળતી હતી. મને દઝાડતી હતી, બાળતી હતી. એ અભાગણી ચિંતાએ મારું નામ 'કમનસીબ અને બિચારા' ની યાદીમાં મૂકી દીધું હતું!

'ઓપરેશન બાદ બિલકુલ ઓલરાઈટ થઈ જશો.'

કેવી વાંઝણી આશા! ઓપરેશન બાદ.....જાણે ઓપરેશન તદ્દન સફળ થયું છે. જે ક્ષતિ હતી તેને સુધારી, સમારી લેવામાં આવી છે. બીજી

કોઈ ક્ષતિ માલૂમ પડી નથી. આ બધી બાબતોને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' તરીકે લેવાની. શંકાનું કોઈ જ સ્થાન નહિ. માણસ આટલો બધો આશાવાદી કદી પણ બની શકે ખરો? કદી નહિ. છતાંય જો, જેમ ડૉક્ટર આશા રાખે છે તેમ, તેનો જવાબ 'હા'માં આવતો હોય તો તેને માટે એક જ વસ્તુ કારણભૂત છે અને તે છે મનુષ્યની જિજીવિષા જેને કોઈ નક્કર આધાર નથી. ડૉક્ટરો પણ દરદીને આશ્વાસન, હિંમત આપવાનો ડોળ કરીને તેની જિજીવિષાનો કેવો ગેરલાભ ઉઠાવતા હોય છે. શબ્દો પણ કેવા વાપરે છે? બિલકુલ ઓલરાઈટ! જાણે દરદીનું આખું ભવિષ્ય જાણી બેઠા હોય!

'ડૉ. શ્રીકાન્ત શાહ, મારે તાકીદની એપોઈન્ટમેન્ટ જોઈએ.'

'તાકીદની?' હા. એવી તે શી તાકીદ ઊભી થઈ? આમ તો હું સાજો સમો છું. ઓફિસેથી સડસડાટ કારમાં આવ્યો. એકીશ્વાસે સહેજે હાંફ્યા વગર તો હું ક્લિનીકનાં પગથિયાં ચઢ્યો છું. ગયે અઠવાડિયે જ બેંગલોરની લાંબી ટ્રીપ કરીને આવ્યો છું. અને ડૉક્ટરનું નિદાન સાંભળ્યા છતાં તદ્દન સ્વસ્થાપૂર્વક, હસતે મુખે તેમની સામે બેઠો છું, તો પણ તાકીદની પરિસ્થિતિ? જો મારા જેવી સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ માટે ડૉ. શાહ તાકીદની પરિસ્થિતિ જાહેર કરતા હોય, તો જે દરદી બિચારો ગભરુ હોય તેને માટે તો હું ધારુ છું ત્યાં સુધી ડૉ. તાત્કાલિક કન્સલ્ટિંગ રૂમ પર જ એમ્બ્યુલન્સ બોલાવતા હશે. ફરી પાછા તાત્કાલિક ઓપરેશનના વિચારોએ મારો કબજો લેવા માંડયો. આ તનાવથી, આ જુગુપ્સાપ્રેરક વિચારધારાથી હું છૂટવા માગતો હતો, નાસી છૂટવા માગતો હતો પણ અફસોસ! તેઓ મારો કેડો છોડતા નહોતા. મને ડરાવતા હતા, જકડતા હતા, છિન્નભિન્ન કરતા હતા; પણ કોઈ આરો નહોતો. હું વિચ્છિન્નતા અને વિષાદના પૂરમાં ઘસડાયે જ જતો હતો.

ત્રીસમી સપ્ટેમ્બર ક્યારનીયે પૂરી થઈ ગઈ હતી. પહેલી ઓક્ટોબર આવી ગઈ હતી. આવી કોણ જાણે કેટલીય રાત્રિ આવશે? જોઈએ, પાંચમી ઓક્ટોબરે ડૉ. શ્રીકાન્ત શાહ શું કહે છે.

આજે સવારે રોજ કરતાં મોડો ઊઠ્યો. કારણકે છેક સવાર થતાં

એટલે કે લગભગ સાડા ચારે આંખ મળી હતી.

'ઊંઘ આવી'તી?' કુસુમે પૂછ્યું.

'હા, જો કે મોડી આવી હતી.'

'તમે મોડા ઊઠયા એટલે મને લાગ્યું જ.'

પ્રાતઃક્રિયા બાદ મેં તરત જ ઢેબર સાહેબને ફોન જોડયો.

'હલ્લો, ગુડમોર્નિંગ ઢેબરસાહેબ, આઈ એમ દેસાઈ, હીયર.'

'ઓહ, ગુડ મોર્નિંગ મિ. દેસાઈ, હાઉ આર યું?'

'સર, આઈ એમ નોટ કીપિંગ વેલ, સો આઈ નીડ લીવ ફોર અબાઉટ એ વીક.'

'ઓ.કે. ટેઈક રેસ્ટ.'

'થેન્ક યુ સર.'

'ઓહ, ઈટ્સ ઓલ રાઈટ.'

જનરલ મેનેજર ઢેબર સાહેબની રજાની મંજૂરી મળી ચૂકી, હવે હું તારીખ પાંચમી ઓક્ટોબરની પ્રતીક્ષા કરવા લાગ્યો.

આજે પાંચમી ઓક્ટોબર હતી. ગઈ રાતનો પણ લગભગ ઉજાગરો હતો. ત્રીસમી સપ્ટેમ્બરથી ઉજાગરાઓની શરૂઆત થઈ હતી અને વણથંભી ચાલુ રહી હતી. શરીર થોડું નિર્બળ હતું. અગાઉના ઉત્સાહ તરવરાટ હવે નહોતા.

પ્રાતઃક્રિયા બાદ મેં ડૉ. શ્રીકાન્ત શાહના કન્સલ્ટિંગ રૂમ પર જવા તૈયારી કરવા માંડી. આટલા દિવસ કારનો ઉપયોગ કર્યો નહોતો. એટેન્ડન્ટને કાર સાફ કરવાની સૂચના આપી. ડૉ. શાહનું ક્લિનીક મારી ઓફિસથી આશરે એકાદ ફર્લાંગ દૂર હતું. ડૉ. શાહની મુલાકાત બાદ ઓફિસની મુલાકાત લેવાનો વિચાર હતો. જેથી અગત્યની ટપાલ જોઈ લેવાય, વિશેષે કરીને ક્વોટેશન આપવાનાં હોય અને ફર્મ ઓર્ડર પ્રમાણે માલ મોકલવાની વ્યવસ્થા કરવાની હોય.

આશરે સાડા નવે કારમાં મેં મારું સ્થાન લીધું. કુસુમે સાથે આવવા ઈચ્છા દર્શાવી પણ મેં બાળકોને સ્કૂલે જવાનું કારણ આગળ ધરી ના પાડી. ધીરે ધીરે કાર હંકારી આશરે પોણા દશે હું ડૉક્ટરના કન્સલ્ટીંગ રૂમ

પર પહોંચી ગયો. તેમનું ક્લિનીક પણ પ્રથમ મજલે હતું. કોમન રૂમમાં કોઈ નહોતું. કદાચ પ્રથમ એપોઈન્ટમેન્ટ મારી જ હતી આથી એટેન્ડન્ટે મારું નામ પૂછીને ડૉક્ટર સાહેબને મળવા પરવાનગી આપી.

'મે આઈ કમ ઈન, સર?'

'યસ કમ ઈન મિ. દેસાઈ.'

'ગુડમોર્નિંગ સર!'

'ગુડમોર્નિંગ ટુ યુ.'

ડૉ. સાહેબ મારી પાસેથી ડૉ. કિરણ શાહનો રિપોર્ટ લઈ ધ્યાનપૂર્વક વાંચવા લાગ્યા. આ દરમ્યાન હું તેમના કન્સલ્ટિંગ રૂમનું અવલોકન કરવા લાગ્યો. વિઝિટ રૂમ પણ બહુ જ સ્વચ્છ અને શાંત હતો. વોલ્ટાસનું એરકન્ડીશનર રૂમમાં શીતળતા પાથરતું હતું. એ ઉપરાંત સિલિંગ ફેન પણ મંદ મંદ ચાલતો હતો. ડૉ. સાહેબનું ટેબલ બહુ જ વ્યવસ્થિત રીતે સજાવેલું હતું. બે ટેલિફોન હતા, આઠ દસ પેન, પેન્સિલ, બોલપેન હતી. બાજુમાં બે આલ્મીરામાં પુસ્તકો હતાં. નીચે ફ્લોર પર લાદી હતી. ટેબલની વચ્ચેની ફૂલદાનીમાં સુંદર, સુગંધી પુષ્પો કલાત્મક રીતે ગોઠવ્યાં હતાં, જેમની સુગંધ ઓરડામાં આછી માદકતા પ્રસારતી હતી. કોઈપણ દરદી તત્ક્ષણ પોતાનું દરદ ભૂલી જાય એવું વાતાવરણ હતું અને મને પણ એવી જ લાગણી થઈ.

'તો તમે મિ. અનિલ દેસાઈ.'

'જી હા.'

'જો કે ડૉ. કિરણ શાહનો રિપોર્ટ બરાબર લાગે છે, તો પણ મિ. દેસાઈ, મારે મારી રીતે તમને તપાસવા પડશે જેથી ડૉ. કિરણ શાહનું ડાયોગ્નોસિસ કે નિદાન પણ કન્ફર્મ થઈ જાય.'

'જેવી આપની ઈચ્છા સાહેબ.'

ડૉ. શાહ બાજુના રૂમમાં ગયા અને મેં ધારી લીધું કે ત્યાં પણ ડૉ. કિરણ શાહના ક્લિનીકની જેમ વૈદકીય ઉપકરણો હશે. ડૉ. શાહ મને હસમુખા અને સૌમ્ય લાગ્યા. એમને જોઈને જ કોઈ સહેજે કહી દે કે બહુ વિદ્વાન હશે. એમના નામના અક્ષરો કરતાં એમની ડિગ્રીના અક્ષરો વધારે

હતા, છતાંય ડૉક્ટર સાહેબ મિતભાષી અને વિનમ્ર લાગ્યા.

'મિ. દેસાઈ, પ્લીઝ કમ ઈન.'

'ઓહ ! યસ.'

અને અંદરના એ અંધારા ખંડમાં ડૉક્ટરે ૩ થી ૪ જાતનાં મશીનો દ્વારા મારી તપાસ કરી. આશરે પંદર મિનિટ તપાસ ચાલી. ત્યારબાદ અમે પાછાં બહાર આવ્યા. મેં મારી જગ્યા લીધી અને ડૉ. શાહ, ડૉ. કિરણ શાહની જેમ વૈદકીય થોથાં ઉથલાવવા લાગ્યાં.

'મિ. દેસાઈ,'

'જી હા!'

'એમ કરોને, તમે તમારો રિપોર્ટ આવતીકાલે દશ વાગે લેવા આવજો, ત્યાં સુધીમાં હું ક્લિનીકલ ટેસ્ટનો બરાબર અભ્યાસ અને સંશોધન કરી લઉં.'

'જેવી આપની ઈચ્છા ડૉ. સાહેબ, આવતીકાલે હું દશ વાગે આવી જઈશ. થેન્ક યુ સર.'

કાર સ્ટાર્ટ કરીને મેં સીધું ઘર તરફ હંકાર્યું. ડૉક્ટરે નિદાન મુલતવી રાખ્યું હતું એટલે ઓફિસે જવાનું માંડવાળ કર્યું. દિવસ તો પસાર થઈ ગયો પણ રાત્રિની મુશ્કેલી હતી. જો કે ડૉ. કિરણ શાહ જેવું નિદાન આજે નહોતું એટલે મન સહજ હળવું હતું; પણ આવતીકાલે શું નિદાન થશે એ અંગે અટકળો કરવા માંડી. બહુ બહુ તો ડૉ. કિરણ શાહનું નિદાન સાચું ઠેરવશે એથી વિશેષ શું કરવાના છે? આવા હળવા અને આશ્વાસન આપતા વિચારો કરતાં જલદી ઊંઘ આવી ગઈ.

છઠ્ઠી ઓક્ટોબરની સવાર થઈ. આજે તો રિપોર્ટ લેવા જવાનું હતું. સ્કૂલનો વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષાનું પરિણામ લેવા જતાં જે અનિશ્ચિતતાની લાગણી અનુભવે એવી લાગણી હું અનુભવતો હતો. પ્રાતઃક્રિયા બાદ તરત જ ડૉ. શ્રીકાન્ત શાહના કન્સલ્ટિંગ રૂમ તરફ કાર હંકારી મૂકી. આજે રિપોર્ટ લીધા બાદ ઓફિસની પણ એક ઉડતી મુલાકાત લેવી હતી.

ડૉ. કિરણ શાહના રિપોર્ટને હું કનિષ્ઠ માનતો હતો એટલે ડૉ. શ્રીકાન્ત શાહના રિપોર્ટની મને બહુ ચિંતા નહોતી. એથી ઊલટું જો ડૉ.

શ્રીકાન્ત શાહ, ડૉ. કિરણ શાહના રિપોર્ટને ખોટો ઠેરવે તો? એક આનંદની લાગણી અનુભવી. મને એમ લાગ્યું કે હું એક અગમ્ય આશા સહિત ડૉ. શ્રીકાન્ત શાહને મળવા જઈ રહ્યો હતો. આજે કાર હું અગાઉની સ્ફૂર્તિથી ચલાવતો હતો. ટૂંક સમયમાં હું મંઝિલ પર પહોંચી ગયો. એટેન્ડન્ટે મને તુર્ત જ ડૉ. સાહેબને મળવાની સગવડતા કરી આપી.

'મે આઈ કમ ઈન, ડૉ. સાહેબ?'

'યસ, કમ ઈન.'

'ગુડમોર્નિગ સર!'

'મિ. દેસાઈ, ડૉ. કિરણ શાહનો રિપોર્ટ સાચો છે.'

'હં....'

'મને લાગે છે કે ઓપરેશનથી ઠીક થઈ જશે.'

'એટલે સાહેબ?

'એટલે ઓપરેશનથી આપણે નુકસાનીનો ભાગ દૂર કરીશું, પછી કોઈ તકલીફ નહિ રહે.'

'એટલે ? સાહેબ કંઈ સમજાતું નથી.'

'તમને સામાન્ય અલ્સર નથી.'

'તો સાહેબ?'

'મિ. દેસાઈ, આઈ એમ સોરી, ઈટ ઈઝ કેન્સર.'

'કે ....ન્સ..... ર.....??'

'આપ ખોટા ગભરાશો નહિ, આંતરડાનું કેન્સર હવે સો ટકા મટી શકે છે.'

'મારી આંખે અંધારાં આવ્યાં. પગ નીચેથી ધરતી જાણે ખસતી હોય એવો આભાસ થયો. હું તદ્દન હાવભાવરહિત ને શૂન્યમનસ્ક થઈ ગયો. મારા શિર પર જાણે કોઈએ જોરથી ફટકો માર્યો હોય એમ લાગ્યું. હું ક્ષુબ્ધ થઈ ગયો. જાણે કે મારાં અવયવો ચૈતન્ય ગુમાવતા ના હોય! તદ્દન અકલ્પ્ય! મારી રહી સહી આશા ઉપર પાણી ફરી વળ્યું. ડૉ. શ્રીકાન્ત શાહનું નિદાન ડૉ. કિરણ શાહના નિદાન કરતાં વધારે કનિષ્ઠ હતું. કનિષ્ઠતમ! આનાથી વધુ કનિષ્ઠ નિદાન કયું હોઈ શકે?

'મિ. દેસાઈ, સહેજ પણ ગભરાતા નહિ, આપણે 'ટાટા હોસ્પિટલમાં ફોન કરીને રૂમ બુક કરી દઈએ, બરાબર? કારણ કે ઓપરેશન તાત્કાલિક કરવું પડશે.'

'સાહેબ તમને જે ઠીક લાગે તે કરો.'

ડૉ. સાહેબે 'ટાટા' હોસ્પિટલમાં રૂમ બૂક કરાવી દીધો અને તેમના કહેવા પ્રમાણે તારીખ દશમી ઓક્ટોબરે હોસ્પિટલમાં મારે ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થવાનું હતું. સવારે અગિયાર વાગે.

રિપોર્ટ લઈ, ડૉ. શાહની ફી ચૂકવી હું તરત જ નીચે ઊતર્યો. પગ લથડતા હતા. ગાત્રો શિથિલ થઈ ગયાં હતાં. હું જાણે દૂરથી મૃત્યુને જોઈ રહ્યો હતો. કારમાં બેસીને ધીમે ધીમે ઘર તરફ જવા માંડયું. ઓફિસે જવાના હોશ-કોશ રહ્યા નહોતા. ફરી પાછી ત્રીસમી સપ્ટેમ્બરની સાંજની અકળામણ મને પરેશાન કરવા લાગી. ચિંતા, બેચેની, અનિશ્ચિત્તતા, નિરાશાએ સામટો હુમલો કર્યો. આજનો હુમલો ખતરનાક હતો. આફતના ઓળા જાણે કે ઊતરી આવ્યા. ભાવિ ધૂંધળું થઈ ગયું. મારો આત્મા વિહ્વળ થઈ ગયો હતો.

પણ હજુય ડૉ. શાહ ઠાલી, વાંઝણી, ઠગારી આશા આપતા હતા.

'નુકસાનીનો ભાગ દૂર કરીશું, પછી કોઈ તકલીફ નહિ રહે.''

કદાચ, તેઓ પણ ડૉ. કિરણ શાહની જેમ મારી જિજીવિષાનો ગેરલાભ ઉઠાવવા માગતા હતા. શબ્દોમાં પણ કેવું સામ્ય!

'બિલકુલ ઓલરાઈટ!''

'પછી કોઈ તકલીફ નહિ રહે !''

હું એટલો બધો મૂંઝાઈ ગયો કે મગજ જાણે કે ખાલી ખાલી લાગતું હતું. વિચારી શકતો પણ નહોતો. એમ કરતાં હું ઘર પર આવી પહોંચ્યો. કાર પાર્ક કરી ઘરે ગયો. સમાચાર કેવી રીતે આપવાં ? એ પણ મોટી સમસ્યા બની ગઈ હતી. કુસુમ પ્રશ્નસૂચક દ્રષ્ટિએ મારી સમક્ષ જોઈ રહી હતી. ઘડિયાળમાં પોણા અગિયાર અને પાંચ થઈ હતી.

# પલટાયેલ પરિસ્થિતિ

શું કરવું એની કાંઈ સમજણ પડતી નહોતી. રજા લંબાવવી જ પડશે. આ મહિનો હોસ્પિટલમાં જશે તો આવતે મહિને મારે સંપૂર્ણ આરામ કરવો પડશે. અગિયારના ટકોરા થયા.

'હલ્લો ઢેબર સાહેબ, આઈ-એમ દેસાઈ હીયર, ગુડ મોર્નિંગ સર!'

'ઓહ દેસાઈ! ગુડમોર્નિંગ, હાઉ આર યુ નાવ?'

'સાહેબ, ડૉક્ટર ઓપરેશન કરવાનું કહે છે. મોટા આંતરડામાં અલ્સર છે એટલે.'

'ઓહ! આઈ એમ વેરી સોરી.'

'સાહેબ, મારે બે મહિનાની રજા જોઈએ એટલે આ ચાલુ રજા ત્રીસમી નવેમ્બર સુધી લંબાવવી પડશે.'

'ઓ.કે. અલાઉડ.'

'થેન્ક યુ સર.'

'ઈટ્સ ઓલરાઈટ.'

'કેમ, બે મહિનાની રજા લંબાવી દીધી?'

'ડૉ. શ્રીકાન્ત શાહનો રિપોર્ટ શું આવ્યો?'

નિઃસ્તબ્ધતા.

'ઓપરેશન કરાવવું પડશે?'

'હા,'

'કઈ હોસ્પિટલમાં?'

'ટાટામાં.'

'ટાટામાં?'

'હા, મોટા આંતરડાનું કેન્સર છે.

કુસુમ સોફામાં ફસડાઈ પડી. હું તરત જ તેની પાસે દોડી ગયો. કુસુમ ફાટી આંખે છત તરફ તાકી રહી હતી.

કુસુમ? કુસુમ?

એ અચેત થઈ ગઈ હતી. હું તાત્કાલિક પાણીનો ગ્લાસ લઈ

આવ્યો. થોડું પાણી એના ચહેરા પર છાંટ્યું. થોડીવારે તેને કળ વળતી હોય એવું લાગ્યું. ધીમે રહીને એને બેઠી કરી. પાણી પીવડાવ્યું. માથું થોડું ઝાટકીને કુસુમ રૂમમાં આમતેમ જોવા લાગી, જાણે શું બની ગયું એનો ક્યાસ કાઢતી હતી. પછી ધીમેથી સોફાના ખૂણામાં ઢગલો થઈને બેસી ગઈ. તદ્દન સૂનમૂન! એની આંખોમાં ભય અને વિહ્વળતા સ્પષ્ટ વાંચી શકાતાં હતાં. જાણે દૂર સુદૂરથી આવતું જોખમ તે નિહાળી રહી હોય! અને કદાચ એ જોખમનું નિવારણ કરવાનું કે એનો સામનો કરવાનું સામર્થ્ય તેની પાસે નહોતું. નિઃસહાય બનીને હોનહાર ભયાનકતાનો કુસુમ સાક્ષાત્કાર કરી રહી હતી. જાણે કે તેનું સર્વસ્વ લૂંટાઈ જવાનું ના હોય! આ પરિસ્થિતિમાં તેની સાથે વાતચીત કરવી તે મુનાસિબ નહોતું. સિવાય કે તે પોતે શરૂઆત કરે. મેં નહોતું ધાર્યું કે ડૉ. શ્રીકાન્ત શાહના નિદાનની તેની ઉપર આટલી ઘેરી અને કાતિલ અસર થશે.

નિઃશબ્દ, નિઃસ્તબ્ધ વાતાવરણ, કોઈક ઘેરો આતંક આવી ગયાની ચાડી ખાતું હતું.

'ઓપરેશન બાદ કોઈ તકલીફ રહેશે નહિ.' ડૉક્ટર શ્રીકાન્ત શાહનાં, એ ઠાલાં, ઔપચારિકતાથી ઉચ્ચારાયેલાં વચનોમાં કુસુમને શાંત, સ્વસ્થ કરવાનું શરણુ હું શોધવા લાગ્યો.

કેવી આત્મવંચના! કે પછી આત્મવિડંબના!

જે બાબતની હું ઠેકડી ઉડાવતો હતો. જેને હું દોષિત ઠરાવતો હતો, તે જ બાબતને હું ન્યાયી ઠરાવવા માંગતો હતો. મનુષ્ય કેવું સ્વાર્થી, સગવડિયું પ્રાણી છે! નીતિનિયમો ખરા, પણ બીજાને માટે, પોતાને નડતરરૂપ કશું સ્વીકારવા તૈયાર નહિ.

'તમે જમ્યા?'

'જમું છું. તું જમી?'

'ના.'

ઝડપથી અમે જમી લીધું. જમ્યા બાદ ડ્રોઈંગ રૂમમાં ફરી પાછાં આવ્યાં. કુસુમ રડતી હતી. થોડીવાર મેં એને રડવા દીધી જેથી એનો ડૂમો દૂર થાય અને મગજ તથા હૃદય થોડાં હળવાં થાય.

'ડૉક્ટરે કહ્યું છે કે ઓપરેશન બાદ કોઈ તકલીફ રહેશે નહિ. ગભરાવાની જરૂર નથી. આંતરડાનું કેન્સર સો ટકા મટી શકે છે.'

'એમ? સો ટકા મટી શકે છે?'

'હા.'

'સો એ સો ટકા?'

તેના પ્રશ્નમાં શંકા તરી આવતી હતી.

'હા, સો એ સો ટકા.' ડૉક્ટર સાહેબે જ 'ટાટા' હોસ્પિટલમાં રૂમ બૂક કરાવ્યો છે અને આ દશમીએ મારે ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થવાનું છે. સવારે અગિયાર વાગે–

'ટાટા હોસ્પિટલ' 'રૂમ બૂક કરાવ્યો છે.' 'ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થવાનું' 'આ દશમીએ' અને પછી 'ઓપરેશન' 'સો એ સા ટકા સફળ??'

કુસુમ ના મુખ પર ફરી વિષાદની લાગણી ફરી વળી. પણ આ વખતે કુસુમ સ્વસ્થ રહી, કેમ કે તે એક વખત કારી ઘા ખમી ચૂકી હતી. હવે કુસુમ પરિસ્થિતિને અનુકૂળ થઈ રહી હતી. ત્રીસમી સપ્ટેમ્બરથી પરિસ્થિતિ પલટાતી જતી હતી.

'ટાટા' અને 'કેન્સર' જાણે એકમેકનાં પર્યાય બની ગયાં હતાં.

'તે અત્યાર સુધી તમને ખબર જ પડી નહિ?'

'ના, મને એમ કે સામાન્ય ડાયોરિયા છે. પણ પછી જ્યારે પેથોલોજી લેબોરેટરીએ 'ડિસન્ટરી' અથવા 'કોલાઈટિસ' ની શક્યતા નકારી કાઢી ત્યારે મને લાગ્યું કે હવે ફેમિલી ડૉક્ટરને મળવું પડશે. તોયે આવું કશું અજુગતું થશે એં કદી ધાર્યું નહોતું. જો કે ડૉક્ટર સાહેબ સો એ સો ટકા સફળ ઓપરેશનનું કહે છે તો ખરા; પછી કોણ જાણે?'

'ના, ઓપરેશન સફળ થશે જ.'

'આપણે આશા રાખીએ એ બરાબર, પણ જો ના થાય તો કોણ શું કરી શકે છે?'

'કુસુમ, નકામા વિચારો મને બહુ હેરાન કરે છે. અત્યંત ત્રાસજનક! પણ હું લાચાર છું. આપણે જે કદી ધારીએ નહિ, એવી બાબતોના વિચારો

મારા મગજ પર ઘણ મારે છે.'

'શું કરવા એવું મન પર લો છો? ઈશ્વર સૌ સારાં વાનાં કરશે, વિચારો કરવાથી જ થોડું બધું થઈ જતું હોય છે?'

'પણ હું લાચાર છું. કદાચ ફરીથી ઓફિસ જઈ શકીશ કે કેમ એ એક પ્રશ્ન છે. અત્યારે તો મારી ચેમ્બર ખાલી હશે! મારું કામ પણ ઢબ્બર સાહેબ બીજા ઓફિસર પાસે કરાવી લેશે. સારું! પણ હું ફરીથી એ ચેમ્બરમાં બેસી શકીશ કે નહિ? ત્રીસમી સપ્ટેમ્બરે સાંજે સાડાપાંચે મારી રિવોલ્વિંગ ચેરમાંથી ઊઠયો ત્યારે ખબર નહોતી કે હવે બીજીવાર ક્યારે બેસીશ. હજુ આજે જ ડૉ. શાહના કન્સલ્ટિંગ રૂમ પર થઈ પાછા આવતાં ઓફિસની મુલાકાત લેવાનો હતો પણ ડૉ. સાહેબના નિદાને મને....'

'હવે એવું બધું ના વિચારો. એમ વિચારો કરવાથી તો તમે વધુ ક્ષીણ થશો, વધુ નબળાઈ આવશે.'

'હવે તો 'કેન્સર' શબ્દ મને કોઠે પડતો જાય છે. પ્રથમ તો તેના વિચાર માત્રથી હું ધ્રૂજી ઊઠતો હતો. કેવો ખતરનાક રોગ? ડૉ. શાહ કહે છે કે ઓપરેશન સો એ સો ટકા સફળ! પણ મોટા ભાગના ડૉક્ટરો કહે છે કે કેન્સર એ એક જ એવો રોગ છે કે જે સો એ સો ટકા જીવલેણ છે!'

'મહેરબાની કરી મારી ખાતર આવા શબ્દો ના બોલો.'

'કુસુમ, શબ્દો બોલવાથી કે ના બોલવાથી આપણે હકકીત બદલી શકતાં નથી. વાસ્તવિકતા હંમેશા વાસ્તવિકતા રહે છે, કડવી અને શબ્દોથી પર! ભલભલાં લાગણી, સ્નેહ અને પ્રેમના બંધનો તોડી માણસ મૃત્યુની વાટ પકડતો હોય છે. કોઈ એને કદી રોકી શક્યું નથી. આધુનિક વિજ્ઞાનની બધી જ તજજ્ઞતા અહીં નાકામિયાબ પુરવાર થાય છે, અને જનાર પોતે પણ અનિચ્છાએ, પરાણે જતો હોય છે ને? એને પણ ક્યાં આ દુનિયા છોડવી હોય છે? અને, અને......કેન્સર એ જાણે કે મૃત્યુની છડી પોકારે છે! કેન્સરનું નિદાન થયું, એટલે સમજી લેવાનું કે યમરાજની સવારી આવી પહોંચી. એ સવારી કદી ખાલી નથી ગઈ. કદાચ વરરાજા લીલાં તોરણે પાછો આવે, પણ યમરાજ? કામ સિદ્ધ કર્યા વગર એ કદી જ પાછો ફરતો નથી અને....'

'બસ, બંધ કરો હવે! મારો તો વિચાર કરો!'

'હા, તારા અને બાળકોના બહુ જ વિચારો આવે છે, કારણ કે ભાવિ કળી શકાતું નથી. કોણ જાણે કાળના ગર્ભમાં શું છુપાયું છે! માણસ કેવી અનિશ્ચિતતામાં જીવતો હોય છે! જ્યાં સુધી કશું વિઘ્ન નથી આવતું ત્યાં સુધી તે કેવો નચિંત રહે છે! પણ જ્યારે વિઘ્ન આવે છે ત્યારે બધી જ અનિશ્ચિતતાઓ સામટી ભૂખી ભૂતાવળની જેમ તેની સામે દાંતિયા કરવા લાગે છે. અને ત્યારે જ નહિ પણ આ નિઃસહાયતામાં તેને સહાય કરી શકે એવું કોઈ જ નથી. કોઈની પાસે એવી ક્ષમતા નથી કે માણસને અનિશ્ચિતતા વિરૂદ્ધ સહાય કરે, બળ આપે. માણસ બિચારો એકલો પડી જાય છે! આ જગતનું જ્ઞાન, વિજ્ઞાન, સગાસંબંધીઓનો પ્રેમ, લાગણીનાં અતૂટ(?) બંધનો, ધર્મ, ફિલસૂફી, પલાયનવાદ અહીં હાથ ઘસતાં રહી જાય છે અને તેથી-'

'બસ, બહુ થયું હવે.'

'બાળકોને ખબર નથી એટલું સારું છે અને...'

'પણ ખબર પડતાં વાર નહિ લાગે. કારણ કે દશમીએ તો આપણે હોસ્પિટલ જવાનું છે અને તે પણ ટાટાની હોસ્પિટલ એટલે ચોથે દિવસે તો ખબર પડશે જ. અને ખબર પડશે ત્યારે બધી જ ખબર પડી જશે.'

હું સડક થઈ ગયો. 'ટાટા' હોસ્પિટલ 'કેન્સર' નો પર્યાય છે અને પછી તો બધે જ ખબર પડી જશે.

'બાળકોની ચિંતા કેડો છોડતી નથી. તારે કદાચ વધારે જવાબદારી ઉઠાવવી પડશે.'

'એ બધું અત્યારથી શું કરવા બોલો છો? તમે નાહક હેરાન થાઓ છો; ઓપરેશન સો એ સો ટકા સફળ થવાનું છે, પછી શું કરવા આવા નકારાત્મક વિચારો કરો છો?'

'તારી વાત સો એ સો ટકા સાચી હોય તો પણ આવા વિચારો મારા મનમાં આવ્યે જ જાય છે. બાળકોને શિક્ષણ પૂરેપૂરું મળવું જોઈએ અને જ્યાં સુધી તું છે ત્યાં સુધી....'

'બાળકોની વાત ના કરશો.'

'કુસુમ, તું નહિ માને, પણ હું મૃત્યુને દૂર ઊભેલું જોઈ રહ્યો છું. તે શાંત, સ્વસ્થ ત્યાં ઊભું છે અને બહુ ધીમે પણ મક્કમતાપૂર્વક મારી પાસે આવી રહ્યું છે. કદાચ મારા સુધી પહોંચતા તેને મહીનાઓ લાગે, પણ તે આવી રહ્યું છે, પ્રગતિ કરી રહ્યું છે, એ એક હકીકત છે. અને તેથી જ બાળકોનો વિચાર કરું છું, કર્યા વગર રહી શકતો નથી. તેમને મારો પ્રેમ, હૂંફ, રક્ષણ, છત્રછાયા ગુમાવવાં પડે! તેમના કલ્યાણાર્થે હું પ્રત્યક્ષ રીતે કશું કરી શકું નહિ. તેઓ પણ ફક્ત મારું સ્મરણ કરી શકે, એથી વિશેષ કશું જ નહિ! કુસુમ તું અને બાળકો એક બાજુ, બીજુ બાજુ હું. એકબીજાથી વંચિત! વિરહિત!'

'બસ, હવે હું તમારી કોઈ વાત સાંભળવા માગતી નથી. આ વાતો બંધ કરો, અને હવે પછી કદી આવી વાતો કરશો નહિ,' એમ કહી કુસુમ ઠાલું આશ્વાસન આપતી રહી.

એટેન્ડન્ટે કોલબેલ વગાડયો.

'શું છે?'

'દેસાઈ સાહેબ, કંપનીનો ચપરાસી આવ્યો છે, મોકલું?'

'મોકલ'

'સાહેબ, અંદર આવું જી?'

'આવ, કોણ જશવંત છે?'

'હાજી સાહેબ.'

'શું લાવ્યો છે?'

'સાહેબ, મોટા સાહેબે કહ્યું છે કે આ ટપાલ દેસાઈ સાહેબ પાસે લઈ જા અને તે અંગે જરૂરી સૂચના લેતો આવ.'

'વારુ, ટપાલ મૂકી જા અને અડધો પોણા કલાકે લઈ જજે.'

'સારું સાહેબ.'

જશવંત બહાર જઈ એટેન્ડન્ટ કદમ સાથે વાતોએ વળગ્યો.

ઘડિયાળમાં બારના ટકોરા પડ્યા.

મેં ટપાલ જોવાનું શરૂ કર્યું. ઘણી બધી ટપાલ ઉપર ઢબર સાહેબે 'ફોર પર્સનલ એટેન્શન ઓફ શ્રી અનિલ દેસાઈ'નો શેરો માર્યો હતો. એક

પછી એક ટપાલના પત્રો જોવા માંડયા અને યોગ્ય નોંધ કરવા માંડી. બહુધા આ બધા પત્રવ્યવહાર માટે હું જવાબદાર હતો અને જુદી જુદી પાર્ટીઓ સાથે કેવા સંજોગોમાં કેવો વ્યવહાર થયો હતો; પાર્ટીઓને મેં કંપની તરફથી શું શું ખાતરી આપી છે વગેરે હું જ જાણતો હતો, તેથી મારી નોંધ કે માર્ગદર્શન વગર જો જવાબ આપવામાં આવે તો ગૂંચવાડો સર્જાય એવું હતું. વળી એકવાર જો કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે તો બીઝનેસ ગુમાવવો પડે, જે અમને પાલવે એવું નહોતું. એથી જ ઢેબર સાહેબે માર્ગદર્શન માટે આ બધી ટપાલ ચપરાસી દ્વારા મોકલી આપી હતી.

ટપાલના પત્રોમાં મુખ્યત્વે ક્વોટેશનની માગણી હતી. તથા કેટલાક ફર્મ ઓર્ડર્સ હતા. ત્રણેક ટપાલ કંપનીએ જે ટેન્ડર ભરેલાં તેની સ્વીકૃતિ હતી. દિલ્હી, અમદાવાદ, પૂના, હૈદરાબાદ, કલકત્તા, મદ્રાસ, બેંગલોર, વગેરે મોટા માટો શહેરની જે આ ટપાલો હતી. ટપાલ જોતાં જ મારું મન આ બધાં શહેરોની મારી મુલાકાતોમાં, શહેરની તાસીર, કંપનીનો જવાબદાર સાથીદાર, કંપનીનો આવકાર, ત્યાંની હોટલની ખાતર-બરદાસ્ત, વગેરેમાં ખોવાઈ ગયું.

ઈન્ડિયન એરલાઈન્સની જો સૌથી વધુ સર્વિસ કોઈ શહેરને માટે મળતી હોય; તો તે દિલ્હી, ભારતનું પાટનગર. ગમે ત્યારે તમે દિલ્હીની સેર કરી શકો. દિલ્હી જતાં આવતાં ઘણા બધા રાજકારણીઓની પણ મુલાકત, ઓળખાણ થઈ શકે. અમારી પાર્ટી 'પ્રીસીઝન મશીનરી લી.' નો ડેપ્યુટી સેલ્સ એક્ઝીક્યુટીવ શ્રી મલ્હોત્રા સસ્મિત આવકારે તેમજ તેની જ કારમાં હોટલ પર છોડી જાય. ઘણો હસમુખો, કાર્યનિષ્ઠ આદમી! કદી મને એકલું લાગવા ન દે. અને કામ પણ ત્વરાથી કરે. મારે તો ફક્ત કંપનીની ઓફિસમાં દોઢથી બે કલાક જ રહેવાનું અને થોડી સહી કરવાની. એ સિવાયનું બધું જ કામ, બધી જ વિધિઓ મલ્હોત્રા આટોપી દે. એથી મને દિલ્હીમાં ફરવાનું ખાસ્સું મળતું. હોટલ તો હું 'અશોક' જ પસંદ કરતો. તેની શાહી ભવ્યતા, ઠાઠમાઠ, સ્ટાફની સભ્યતા, ચપળતા, બધું જ લાજવાબ! દિલ્હીની મુલાકાત હંમેશા યાદગાર રહેતી.

અમદાવાદ જવાનું પણ મને બહુ ગમતું. કયા ગુજરાતીને ના ગમે? ગુજરાતનું પાટનગર ભલે ગાંધીનગર રહ્યું. પણ ખરું જોતાં ધંધો, વ્યાપાર-ઉદ્યોગની દ્રષ્ટિએ તો અમદાવાદ જ ગુજરાતનું પાટનગર છે. જો કે બહુ સારી હોટલો, એટલે કે દિલ્હી કે મુંબઈ જેવી અને જેટલી હોટલો ત્યાં નથી પણ કામા તેમજ નટરાજ બંને સરસ હોટલો છે. મુંબઈથી બેઠા કે થોડી જ વારમાં તમને વિમાન અમદાવાદ ઉતારી દે. અહીં અમારા ક્લાયન્ટ મે. પટેલ એન્જિનિયર્સ એન્ડ ફાઉન્ડર્સ પ્રા. લી. છે. કંપનીના પાર્ટનર શ્રી સુમન પટેલ પોતે જ લેવા આવતા. અમે બે ગુજરાતી મળતા ત્યારે ધંધા ઉપરાતં બીજી પણ ઘણી વાતો કરતા. કંપનીના કામ ઉપરાંત અમદાવાદમાં ફરવામાં પણ મને સાથ આપતા. દરેક વખતે અમારી એક મુલાકાત 'પતંગ'ની તો અચૂક હોય જ. પતંગમાં બેઠા બેઠા નીચે નહેરૂ બ્રીજનો વાહન વ્યવહાર, સામે વિક્ટોરિયા ગાર્ડનનો વિશાળ પાર્ક, બેંકોનાં તોતિંગ મકાનો, અપનાબજારની ગંજાવર ઈમારત તથા આ બાજુ પશ્ચિમમાં આશ્રમરોડ તથા અમદાવાદનો શ્રીમંત સમૃદ્ધ વિસ્તાર, તે ઉપરાંત મિલોની અસંખ્ય ચીમનીઓ - એક અજાયબ દ્રશ્ય હતું. 'પતંગ' રિવોલ્વિંગ રેસ્ટોરાં હોઈને સમગ્ર અમદાવાદનું દર્શન થઈ શકતું હતું. અમદાવાદથી ખરીદી કરવાનું હું અને કુસુમ વિશેષ પસંદ કરતાં, કેમ કે સારી વસ્તુ સસ્તી મળી રહેતી.

પૂના તો મુંબઈની પાસે જ અને પાછું મહારાષ્ટ્રમાં જ. પૂનામાં હોટલમાં રહેવાનો પ્રસંગ આવતો નહિ. બહુધા સવારે વિમાનમાં જતો અને સાંજે ઘણીવાર તો ટ્રેઈનમાં જ મુંબઈ જતો. સરસ રૂપકડું શહેર છે. વસ્તી ગીચ નથી. વાતચીતની ભાષા મરાઠી એટલે બોમ્બેમાં જ હોઈએ એવું લાગે. અહીં અમારા ક્લાયન્ટ છે મે. પાટીલ એન્જિનીયરીંગ વર્કસ પ્રા. લી. ચીંચવડમાં તેમની ફેક્ટરી છે; પણ ઓફિસ બુધવાર પેઠમાં છે એટલે મારે તો કામ શહેરમાં જ પતી જતું. અહીં કંપનીનો મેનેજર શ્રી સોનાર મારી તહેનાતમાં રહેતો. ખાનગી પાર્ટી અને પાછી 'પ્રાઈવેટ લિમિટેડ' ફર્મ એટલે બહુ જ ઝડપથી કામ થઈ જતું. કામ પૂરું થયે ગમે તે સારી હોટલમાં હું અને મેનેજર શ્રી સોનાર લંચ માટે જતાં. ત્યારબાદ

અનુકૂળતાએ હું મુંબઈ આવતો. પૂના પાસે હોઈ થાક વર્તાતો નહિ. સવારે ઓફિસ ગયો હોઉં અને સાંજે ઘરે જતો હોઉં એવું લાગતું.

બેંગલોર! બે અઠવાડિયા ઉપર જ જઈ આવ્યો. ભારતનું અત્યંત રમણીય શહેર! શહેર બગીચામાં વસાવ્યું છે કે પછી શહેરમાં બગીચાઓ બનાવ્યા છે એ કહેવું મુશ્કેલ છે. સ્વચ્છ! સુંદર! કર્ણાટકનું પાટનગર. વિમાની સર્વિસ ઘણી ઉપલબ્ધ છે. હોટલ અશોક કે પછી વિંડસરમાં ઊતરવાનું હું પસંદ કરતો. અશોક ગ્રુપની હોટલોની આગતાસ્વાગતાની એક આગવી, અનોખી રીત હોય છે. જે ધ્યાન બહાર જાય જ નહિ. અમારા ક્લાયન્ટ 'એક્યુરેટ મશીનરિઝ લિ.' છે. તેમની ઓફિસ બેંગલોરના મુખ્ય વિસ્તારમાં 'યુટિલીટી હાઉસ' ની પાસે આવેલી છે. અહીં પણ દિલ્હીની જેમ કંપનીનો જુનિયર સેલ્સ એક્ઝિક્યુટીવ હંમેશા મને સસ્મિત આવકારતો. હસમુખો અને કાબેલ માણસ હતો. કંપનીનું નામ સાર્થક કરતો હોય તેમ બધી જ બાબતોમાં એક્યુરેટ હતો. ક્રિશ્ચિયન હતો, નામ હતું આબશાલોમ ક્રિશ્ચિયન. દિલ્હીની જેમજ કંપનીની ઓફિસમાં મારું કામ દોઢથી બે કલાકનું રહેતું. થોડી સહીઓ કરવાની ઉપરાંત કંપનીનાં અન્ય ઉચ્ચ અધિકારીઓની કર્ટસી વિઝિટ બસ એટલું જ મારું કામ. એ સિવાયની બધી વિધિઓ આબશાલોમ ક્રિશ્ચિયન દ્વારા થતી. નાઈટ હોલ્ટ કરીને હું બીજે દિવસે સવારે બોમ્બે જવા પ્લેન પકડતો. બેંગલોરની મુલાકાત હંમેશા આહલાદક રહેતી. બેંગલોર જવા ક્યારેય કંટાળો આવતો નહિ.

એ ઉપરાંત હૈદરાબાદ, ચેન્નઈ, કોલકાત્તા વગેરે શહેરોની મુલાકાતો પણ અદભુત હતી. દરેક શહેરની તેની પોતાની આગવી અનોખી છટા હોય છે, એથી તેઓની એકબીજા પાસે સરખામણી ના કરી શકાય. ત્યાંનું લોકજીવન, આચારવિચાર, બોલી, હાવભાવ, લઢણ, વગેરે દરેક પ્રજાનું પોતાનું આગવું હોય છે. અને ભારતનાં આ દરેક શહેરમાં લોકો એકબીજાથી ક્યાંય જુદા પડે છે. ખરેખર ભારત દેશ તો અનેક સંસ્કૃતિઓનું સંમિશ્રણ છે. આવું સંમિશ્રણ અને અનોખાપણું તો દુનિયાના બીજા કોઈ દેશમાં ભાગ્યે જ જોવા મળે!

આવા વિચારો કરતાં કરતાં બધી જ ટપાલની યોગ્ય નોંધ કરી મેં ચપરાસીને બોલાવ્યો. જશવંત આવ્યો.

'જશવંત, આ બધી ટપાલ ઢેબર સાહેબનાં હાથમાં જ આપજે.'

'હાજી, સાહેબ.'

'કેમ, ઓફિસમાં શું ચાલે છે?'

'ઠીક ચાલે છે, સાહેબ તમે ક્યારે આવવાનાં?'

'મને હજુ વાર છે.'

'ચાલો સાહેબ, ત્યારે જઉ?'

'હા, જા ત્યારે, આવજે!'

'આવજો સાહેબ!'

જશવંત ગયો. ઘડિયાળમાં એકનો ટકોરો થયો. ફરી પાછાં હું અને કુસુમ એકલાં પડ્યાં. બપોરનો સમય હોવાથી હું જરા આડે પડખે થયો. કુસુમ સાથે પૂરતી વાત કરી હતી. તેથી બપોરનાં વાત કરવાનું ટાળ્યું.

હજુ પણ મને મારુ મુસાફરી જીવન સાંભરતું હતું. મુસાફરી જીવનની કેટલી બધી ઔપચારિકતાઓથી કુસુમ અજાણ હતી. તે બાબતો તેને કહેવામાં કંઈ સાર નહોતો, ઊલટાનું જોખમ હતું. કદાચ તેના હૃદયમાં હું મારું સ્થાન ગુમાવી દઉ! કદાચ તેને મારા પ્રત્યે પૂર્વગ્રહ પેદા થાય. અને પૂર્વગ્રહ દૂર કરવો ઘણો મુશ્કેલ હોય છે. બીજી બાજુ આ ઔપચારિકતાઓ એટલી બધી સાહજિક અને અનિવાર્ય બની ગઈ હતી કે તેઓથી છુટકારો મેળવવો કે તેઓનો ત્યાગ કરવો આસાન નહોતું. ઔપચારિકતાઓ, જેને કદાચ સામાન્ય માણસ કુટેવો કહે, બિઝનેસ માટે અનિવાર્ય હતી. વિદગ્ધ અને શ્રીમંત વર્ગની એ સામાન્ય રહેણીકરણી હતી. સૂગ ચઢતી હોય છતાં તેઓ પ્રત્યે આશક્તિ બતાવવાની હતી. તેઓને પરહરીને મારે વેદિયામાં ખપવું નહોતું.

તેની શરૂઆત ખોરાકથી થતી. કોઈપણ લંચ અથવા ડિનરનું આમંત્રણ આવે તો સમજવાનું કે અનિવાર્યપણે નોનવેજીટેરિયન વાનગીઓ જ પીરસાવાની. મટન કે ચીકન તેમની જુદી જુદી બનાવટોમાં ખાવું તો સહજ વાત હતી. ઉપરાંત કોઈ વખત બીજું માસ પણ ખાવું

પડતું. હું બ્રાહ્મણ છતાં આ બધું આરોગતો અને ખરેખર ખાવામાં ઘણું મીઠું! હમણાં હમણાં તો પોર્કનો પણ ચીલો પડયો છે. પણ આ બધું હું પ્રેમથી કશા પણ ખચવાટ વગર, કોઈપણ ગ્લાનિ કે ગુનાહિત લાગણી અનુભવ્યા વગર આરોગતો અને હવે અઠવાડિયામાં આવી ડીશ એક બે વાર ના મળે તો ના ચાલે એવું થઈ ગયું હતું. મતલબ કે માંસ ખાવાની મને ટેવ પડી ગઈ હતી.

આવી ભારે અને મોંઘી વાનગીઓ સાથે શરાબનું સેવન બહુ જ સ્વાભાવિક હતું. ફક્ત ઓવરડોઝ ના લેવાય એટલી હું કાળજી રાખતો. બાકી બીજા બધાં તો એટલું બધું પીતા કે તેમને ઘેર મોકલવાની વ્યવસ્થા કરવી પડે. જાતજાતના અને ભાતભાતના શરાબનો ટેસ્ટ હું કરી ચૂક્યો હતો. મોંઘો અને વિદેશી શરાબ પીરસવો એ યજમાન કંપનીનું મુખ્ય જમા પાસું રહેતું અને તેથી તેમના બીઝનેસમાં કદી ઓટ આવતી નહિ. બલ્કે વૃદ્ધિ થતી. શરાબના દૂષણે તો એટલી માઝા મૂકી હતી કે મોટા ભાગના અધિકારીઓ તેના વ્યસની બની ગયા હતા. જેને લીધે ભ્રષ્ટાચાર પણ વ્યાપક પ્રમાણમાં ફેલાયો હતો. આમ ખાણીપીણી કંપનીઓના અધિકારીવર્ગનું એક અવિભાજ્ય અંગ બની ગઈ હતી. મોટાભાગના સોદાઓ, કરારો આવી અવિધિસરની મહેફિલોમાં થતા. જ્યારે પત્રવ્યવહાર દ્વારા ક્વોટેશન માંગવાં, ટેન્ડર સ્વીકારવાં એ બધું ઔપચારિક રહેતું. આવી મહેફીલોમાં ખાણીપીણીથી અળગા રહેવું એ આચારસંહિતાના ભંગસમાન ગણાતું, એટલે હુંય પેલી કહેવત અનુસાર 'વ્હેન યુ આર ઈન રોમ બી રોમન' પૂરા ઉમળકાથી ભાગ લેતો.

જુગાર એ બીજી એક જળો જેવી બદી હતી. જેના મોહપાશમાંથી છૂટવું અશક્ય હતું. જો કે આ ક્ષેત્રથી હું અત્યાર સુધી બચી શક્યો હતો પરંતુ મારા બધા જ મિત્રો આ દુર્વ્યસનના બંધાણી હતા અને રેસ કોર્સ કે પછી 'કેસિનો'માં પોતાનું નસીબ અજમાવતા રહેતા.

કલબ હાઉસના મેમ્બર હોવું અનિવાર્ય ગણાતું હતું. કલબ હાઉસ ગમે તેટલું સાદું અને સામાન્ય દેખાતું પણ તેમાં પણ પત્તાનો જુગાર અવશ્ય ચાલતો. કલબમાં રેસ્ટોરાં અથવા ઓછામાં ઓછું કેન્ટીન તો

હોય જ તેથી નાસ્તાઓ અવારનવાર થયા કરતાં. કલબમાં પણ રાત્રિ દરમ્યાન દારૂ પીવાતો. આ ઉપરાંત કેટલાક છેલબટાઉ અને પોતાને અત્યાધુનિકમાં ખપાવતા અધિકારીઓ પોતાની પત્નીઓ સાથે આવતા, જેમની પત્નીઓ ગમે તેની સાથે બહુ જ છૂટથી, વિના સંકોચે મળતી, હળતી, ભળતી, કોઈને સહેજે લાગે કે તેઓ જાણે પશ્ચિમની 'પરમીસીવ સોસાયટી'ની હરીફાઈ કરી રહ્યાં હોય ! હુંપણ અધિકારીને નાતે કલબનો સભ્ય હતો, પરંતુ અઠવાડિયે એક-બે વાર જઈ આવતો અને કુસુમને તો કદી લઈ જતો નહિ.

આ ઉપરાંત બીજાં પણ કેટલાંક અનિષ્ટો હતાં. જેઓ વિલાસી અને પ્રમાદી જીવન માટે ઉદ્દીપકની ગરજ સારતાં હતાં. જેમાંથી મેં મારી જાતને સંપૂર્ણપણ બાકાત રાખી હતી. તેઓની ચર્ચા કરવી પણ વર્જ્ય છે.

આ સર્વ અનિષ્ટોના ધૃતરાષ્ટ્ર સમું એક અનિષ્ઠ હતું, જે ઉપરનાં સર્વ અનિષ્ટોને પોષતું અને પંપાળતું. હકીકતે આ અનિષ્ટ જ બીજાં સર્વ અનિષ્ઠોનું મૂળ હતું. અર્થાત આ ધૃતરાષ્ટ્ર કહેવાતા અનિષ્ઠને સ્વીકાર્યા કે તાબે થયા સિવાય બીજું કોઈ અનિષ્ટ આસ્વાદી ન શકાય અને એ અનિષ્ઠ હતું; ભ્રષ્ટાચાર યાને લાંચરૂશ્વત. અમારી ભાષામાં તેને 'કમિશન' અથવા 'પરસન્ટેજ' કહેવાતું. આ અનિષ્ટનાં અમે સર્વ કેવળ ગુલામ જ નહોતા, બલકે વધારે અને વધારે ગુલામ બનવાં ફાંફાં મારતા હતા. આ એક જ અનિષ્ટ અમને ખાનગીમાં છાની રીતે કાળાં નાણાં રોકડમાં આપતું, જે કાળાંનાણાંનો ઉપયોગ(?) અમે અમારા કાળાં કરતૂતો માટે ભરપટ્ટે કરતાં થાકતા નહિ. હું પણ આ અનિષ્ટિનો તો ગુલામ હતો અને તેય જેવો તેવો નહિ!

બીજા શબ્દમાં કહું તો આ અનિષ્ટો અમારી અનિવાર્ય ઔપચારકિતાઓ વિષે હું કુસુમને કશું કહેતો નહિ, બીજાને દોષિત ઠરાવવા માટે પણ નહિ; કારણ કે કેટલાંક અનિષ્ટોમાં મેં મારી જાતને પૂરેપૂરી સંડોવી હતી તેથી હું પોતે પણ દોષપાત્ર હતો.

આ અનિષ્ટોનો, બદીઓનો સિલસિલો તોડવાનું કોઈનું ગજુ નહોતું. બલકે, જેમ સમય જતો તેમ પ્રામાણિક માણસો પણ અમારી

નાતમાં ભળતા અને પછી વટલાતાં.

આવા વિચારોને ચકડોળે ચઢતાં હું ક્યારે તંદ્રામાં સરી પડ્યો તેની ખબર પડી નહિ. એટલામાં ટેલિફોનની ઘંટડી વાગી.

ટ્રીન ટ્રીન....ટ્રીન ટ્રીન

'હલ્લો, કોણ છો જી?'

'મિ. દેસાઈ, આઈ એમ ઢેબર સ્પીકીંગ.'

'ગુડ આફ્ટરનુન સર, બોલો સાહેબ?'

'મિ. દેસાઈ, તમારી નોંધ સાથેની ટપાલ જોઈ, આભાર! માંદગીમાં પણ તમને તસ્દી આપવી પડે છે.'

'કશો વાંધો નહિ સાહેબ.'

'જુઓને મિ. દેસાઈ, ટપાલ જોતાં એમ લાગે છે કે પાર્ટીઓની મુલાકાત તાત્કાલિક લેવી પડશે.'

'જી સાહેબ.'

'તો એ અંગે અમે એવો વિચાર કર્યો છે કે તમારી જગ્યાએ ડેપ્યુટી સેલ્સ એક્ઝીક્યુટીવ શ્રી જયન્ત ચૌહાણને મોકલવા.'

'તમારો અભિપ્રાય શો છે?'

'બરાબર સાહેબ, શ્રી ચૌહાણ કામથી અને કંપનીઓથી પરિચિત છે. વળી અહીં મારા બિલ્ડિંગમાં જ રહે છે એટલે એમને જરૂરી માર્ગદર્શન પણ હું આપી શકીશ. સાહેબ, તમારો નિર્ણય બિલકુલ વાજબી છે.'

'હં, તો તમે શ્રી ચૌહાણને તૈયાર કરી દેજો.'

'ચોક્કસ સાહેબ.'

'તમારી તબિયત કેમ છે? ક્યારે ઓપરેશન કરવાનું છે?'

'સાહેબ, એક ચોખવટ કરવાની કે આ તા. દશમીએ મારે હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થવાનું છે. અને 'ટાટા' હોસ્પિટલમાં દાખલ થવાનું છે, સવારે અગિયાર વાગે.'

'ટાટામાં??'

'હા સાહેબ.'

નિઃશબ્દતા

'મિ. દેસાઈ... ગભરાશો નહિ, સૌ સારું થશે. આરામ કરશો અને ઓફિસની કોઈજ ચિંતા કરશો નહિ.'

'થેન્ક યુ સર.'

'બસ ત્યારે, વીશ યુ અ સક્સેસફુલ ઓપરેશન.' ઢેબર સાહેબે ફોન મૂકી દીધો. ઘડિયાળમાં બેના ટકોરા થયા.

ડેપ્યુટી સેલ્સ એક્ઝિક્યુટીવ શ્રી જયંત ચૌહાણ મારી જગ્યા લેનાર છે એ મારા માટે સારી વાત હતી; કારણકે મારી સાથે જ કામ કરતા હોઈ અમારી વચ્ચે આત્મિયતા હતી. પણ એક વાત મને ખટકતી હતી. શ્રી ચૌહાણ 'ક્લીન' માણસ હતા એટલે તેમની સાથે 'કમિશન'ની વાત કેમ કરવી એ એક પ્રશ્ન હતો. કાંઈ નહિ, જોયું જશે. સાંજે આવે એટલે વાત, કહી મેં ફરી લંબાવ્યું.

સાંજના સાડા પાંચ થયા. બાળકો સ્કૂલેથી આવી ગયાં હતાં. જો કે આજે તેમનો 'સ્પોર્ટસ ડે' હતો. ઘરે આવી ચા નાસ્તો કરી ફરી પાછાં કમ્પાઉન્ડમાં રમવા ગયાં હતાં. હું શ્રી જયંત ચૌહાણની પ્રતીક્ષા કરતો બેઠો હતો. જો કે આજે રવિવાર હતો, છતાં પણ આજે અધિકારીઓએ ઓફિસે જવાનું હતું. કામનું દબાણ આ દિવસોમાં ઘણું રહેતું.

એટેન્ડન્ટે કોલબેલ વગાડયો.

'કેમ શું છે?'

'સાહેબ, ચૌહાણ સાહેબ મળવા માગે છે.'

'વારુ, મોકલ એમને.'

'ગુડ ઈવનિંગ, દેસાઈ સાહેબ!'

'ગુડ ઈવનિંગ ટુ યુ, આવો ચૌહાણ.'

'સાહેબ, આપની તબિયત કેમ છે?'

'ઠીક છે આમ તો. તમને ખબર પડી હશે, આંતરડાનું અલ્સર છે અને ઓપરેશન 'ટાટા'માં કરાવવાનું છે.'

'અલ્સરનું ઓપરેશન 'ટાટા'માં?'

'હં...'

મને લાગ્યું કે ચૌહાણ કશુંક કહેવા માગતા હતા પણ કહી શકતા

નહોતા. સમજી શકાય તેવું હતું. તેથી વાતનો દોર હાથમાં લેતા મેં વિષય બદલ્યો.

'કેમ, બહુ કામ રહે છે?'

'હા સાહેબ.'

'હં...ખરે વખતે મારાથી અવાતું નથી.? સ્ટાફ શું કહે છે?'

'સાહેબ, તમારી ખોટ અત્યંત સાલે છે પણ એનો કોઈ ઈલાજ નથી.'

'ઢબ્બર સાહેબ શું કહે છે?'

'એમને પણ ઘણું કામ રહે છે. કહેતા'તા કે તમે હોત તો ઘણો ફરક પડી જાત.'

'ચાલો ત્યારે મારે બદલે તમારે જવાનું આવ્યું છે.'

'હા સાહેબ.'

પછી તો જુદા જુદા શહેરમાં કંપનીઓને કેવી રીતે 'એપ્રોચ' કરવો. ત્યાંના અધિકારીઓ, તેમની કામ કરવાની રીત, તેઓનો આવકાર, કરાર, સહી કરતાં શી સાવચેતી રાખવાની, વગેરે માહિતી આપ્યા ઉપરાંત કઈ હોટલમાં ઊતરવું, શોપિંગ સેન્ટર ક્યાં છે, વગેરેની વિગતવાર માહિતી મેં શ્રી ચૌહાણને આપી. છેલ્લે વાત પૂરી કરતાં મેં તેમને 'કમીશન' ની વાત ખચકાતાં ખચકાતાં કરી, પણ શ્રી ચૌહાણે આ અંગે કોઈ જ પ્રતિભાવ પાડ્યો નહિ. હું જરા છોભીલો પડયો. હવે મારે માટે મારી 'ઈમેજ' જાળવવાનો સવાલ હતો. એટલે વાત ફેરવી તોળીને હું જાણે કે ચોખવટ કરતો હોઉં એમ કરતાં ફોડ પાડ્યો કે આ તો આપણા બીઝનેસની રસમ, શિરસ્તો છે અને આ સિલસિલો તો બાવાઆદમના વખતથી ચાલતો આવ્યો છે અને તેથી એમાં કશું ખોટું કે અજુગતું નથી. આપણે લાચારીથી પણ આું કરવું પડતું હોય છે. પણ જ્યંત ચૌહાણ જેનુ નામ, એકના બે ના થયા. આખરે મારે આ વાત પર પરદો પાડવો પડયો અને જે તે કંપનીના સંબંધિત અધિકારીને ખાનગીમાં ફોન કરવા વિચાર્યું.

'દેસાઈ સાહેબ, હું જઉં ત્યારે, માહિતી બદલ આભાર, ગુડનાઈટ.'

'ગુડનાઈટ શ્રી ચૌહાણ.'

મનોમન હું શ્રી ચૌહાણની પ્રામાણિકતાની, અડગતાની પ્રશંસા કરતો રહ્યો. મને મારી પોતાની જાત ઉપર પુષ્કળ તિરસ્કાર આવ્યો. આજે હું મારા એક જુનિયર ઓફિસરની આગળ ઉઘાડો પડી ગયો હતો. મારું વામણાપણું જાહેર થઈ ચૂક્યું હતું.

રાત્રે વાળુ કર્યા બાદ હું અને કુસુમ થોડીએક વાત કર્યા બાદ શયનખંડમાં ગયાં. રોજની જેમ ઉજાગરો કરવાનો હતો. આજે ફરી પાછા એ ને એ જ બિહામણા વિચારો મારી નિંદ્રા હરામ કરતા રહ્યા, પણ આજના વિચારોનો 'હીરો' જયંત ચૌહાણ હતો. તેણે મારી અનિદ્રામાં પણ મને ભયાનક વિચારોથી બચાવવાનો સફળ, પ્રામાણિક પ્રયત્ન કર્યો. હું તેને વંદી રહ્યો!

## મુકાબલા હોને દો!

છઠ્ઠી તારીખ ગઈ કાલે પૂરી થઈ. આજે સાતમી તારીખ હતી. પછી આઠમી, નવમી અને દશમી! આ ત્રણ દિવસ અને ત્રણ રાત મારે ભારે વેદના અને બેચેનીમાં ગુજારવાના હતાં. ત્રાસ ત્રાસ છૂટતો હતો. મનુષ્યના માનસમાં, તેના આત્મામાં, જેને 'હું' કહેવાય છે તેમાં કેવું ઠંડુ છતાં ભીષણ યુદ્ધ ચાલતું હોય છે!. બહારથી હસમુખો, આનંદી, રમતિયાળ દેખાતો માણસ ક્યારેક માંહે, ભીતરમાં દુઃખી હોય છે, ગંભીર હોય છે, આક્રંદતો હોય છે અને છતાંય બહારનું, ઉપરનું તેનું મહોરું અકબંધ હોય છે. કોઈને અણસાર સુદ્ધાં ના આવે. વળી એ જ પરિસ્થિતિમાં બીજાના આનંદમાં ઊલટભેર ભાગ લેવો, પોતે પણ આનંદનો પ્રસંગ ઊભો કરવો; કેવી અસમંજસતા? માણસ ખરેખર, દુઃખી હોવા છતાંય કેવો દંભી હોય છે! મારે પણ ઓપરેશનના, હોસ્પિટલના સમાચાર આપતાં હસતું મુખ નથી રાખવું પડતું? હૃદયમાં વડવાનલ અને મુખ પર? ચંદ્રની શીતળતા, સૌમ્યતા ભીંજવતી પ્રથમ વર્ષા! મને પોતાને જ મારી મશ્કરી કરવાનું મન થતું હતું. જે છે તે અવ્યક્ત જે નથી તે વ્યક્તં. કેવી આત્મવંચના! કેવી આત્મવિડંબના! મનની આવી મુશ્કેલ પરિસ્થિતિમાં દિવસ તો જેમતેમ પસાર થતો પરંતુ રાત્રિ કાતિલ બનીને આવતી. અનિંદ્રાના મોકળા મેદનામાં જુગુપ્સાપ્રેરક, ભયાનક વિચારોની ભૂતાવળ ઉન્મત થઈને રાસલીલા ખેલતી.

હવે મારે કંઈ કરવું પડશે. કંઈક તો કરવું જ પડશે. નહિ તો આ ત્રણ રાત ગુજરશે કેમ કરીને? સામે દશમી તારીખ આવીને ઊભી છે. એને પેલે પાર ઓપરેશન છે. ઓપરેશનની પેલી પાર? જીવન છે કે નહિ? કોણ જાણે? કોઈ ઉત્તર આપી શકે તેમ નથી. મારે મારી જાતને, મારા આત્માને, હોસ્પિટલ, ઓપરેશન, વગેરે માટે તૈયાર કર્યા સિવાય છૂટકો જ નથી. એમ કરવાથી ચાલુ વિચારધારા પણ કદાચ બદલી શકાશે. મૃત્યુની બીક મને પીડી રહી હતી. ઓપરેશન પછી શું એ મારે માટે પ્રશ્નાર્થ જ હતો. મૃત્યુની, તેની સંભાવનાની, ત્રાસજનક વિચારધારાની ટક્કર લેવા

મેં હામ ભીડી. કમ્મર કસીને એક એવો મુક્કો આ બધાનાં જડબામાં ઝીંકી દઉં કે ફરી મારું નામ ન લે!. મારા જેવા સ્થિતપ્રજ્ઞ અને નિરપેક્ષ માણસને આ બધાંથી ડરવાની કોઈ જરૂર નથી. મૃત્યુ પછી વળી છે શું? મૃત્યુ પછીનું જીવન, ન્યાય એ તો બધાં ટાઢાં પહોરનાં ગપ્પાં છે. ધર્મ પણ અહીં અટકી નથી જતો?

'ધર્મ' એ શબ્દ ઉપર હું અટકી ગયો. ધર્મ છે શું આખરે? નીતિમય જીવન? પ્રેમ-દયા દર્શાવવાં? હા હા એથી વિશેષ? મદદ માટે હાથ લંબાવવો? હા. એવું તો ઘણું બધું કહી શકાય અને કદાચ કરી શકાય. શું આ જ ધર્મ? આટલો સીમિત? જો કે આ સીમિત ધર્મ પાળવો પણ કેટલો મુશ્કેલ છે તે હું જાણતો હતો.

હું નાસ્તિક હતો અને નાસ્તિક નહિ તો અજ્ઞેયવાદી તો હતો જ. ઈશ્વર છે કે નહિ? એવી પળોજણમાં પડવાથી હું દૂર રહેતો. નાના હતો ત્યારે મંદિરે, દેવદર્શને મારી બાની આંગળી પકડીને જતો. પણ એકલો ક્યારેય ગયાનું યાદ નથી. મેં કદી ધર્મશાસ્ત્રો વાંચવાની ચેષ્ટા કરી નહોતી. આમતેમ કોઈનું કહેલું સાંભળેલું ઉપલક્યિું જ્ઞાન હતું. કદાચ ઘરમાં કે સમાજમાં ધર્મના શિક્ષણની કોઈજ વ્યવસ્થા નહોતી. તેથી હું એમ માનતો કે ધર્મ ફક્ત સ્ત્રીઓ માટે છે કેમ કે બહુધા સ્ત્રીઓ જ ક્રિયાકાંડો કરતી. અથવા તો પછી વૃદ્ધો માટે અને જેઓ જીવનથી પરવારી ગયાં છે, તેમને માટે છે.

હું અજ્ઞેયવાદી હતો અને તેથી પલાયનવાદી હતો. પલાયનવાદ જાણે કશું છે જ નહિ. કશું હોય એવું માનીએ તો જવાબદારીની કે ફરજની જરૂરિયાત ઊભી થાય ને? કશું છે જ નહિ. કશું જાણતા જ નથી. બસ, બિલાડીની જેમ આંખ બંધ કરીને દૂધ પીધે રાખવાનું, અને સંભવિત પરિણામોથી નાસી છૂટવાનું. જેમ ફાવે તેમ વર્તવાનું, જે કરવું હોય તે કરવાનું. કોઈ વસ્તુ ખરાબ નથી. જે થાય છે તે માણસ પરવશ બનીને કરે છે. (એની એ લાચારી છે.) ખોટું કરતો હોય તો. માટે એને તકસીરવાર ઠરાવી શકાય નહિ અને બધાં જ એવું કરે છે ને? આ પૃથ્વીની પીઠ પર કોણ હરિશ્ચંદ્ર છે? હું અજ્ઞેયવાદી થયો હતો. હું પલાયનવાદી બન્યો હતો.

કારણ કે હું મારાં ખોટાં કામોની મારા દુષ્કૃત્યોની જવાબદારી ઉઠાવવા માગતો નહોતો. જો ઉઠાવવા માંગુ, તો મારે તેમનાં પરિણામોની અપેક્ષા રાખવી પડે અને મારે ઈશ્વર નામના તત્વનો, તેના ન્યાયનો અને ન્યાયચુકાદાનો એટલે શિક્ષાનો મુકાબલો કરવો પડે, જે માટે હું તૈયાર નહોતો. મારા કાળાં કરતુતોનું પલ્લું નીચું નમેલું હતું, પુણ્યના પલ્લામા કશું નહોતું, અને એ જ મારા અજ્ઞેયવાદ માટે, મારી નાસ્તિકતા માટે કારણભૂત હતું - અને એટલે જ હું ઈશ્વરની શક્યતાનો સિફતથી છેદ ઉડાડતો હતો - અને નાસ્તિકમાં ના ખપાવાય માટે અજ્ઞેયવાદી હતો.

મારી આ વિચારસરણની પુષ્ટિ મળે માટે હું વિતંડાવાદ અને ફિલસૂફીઓનો આશરો લેતો. વિતંડાવાદ અને ફિલસૂફીની ચર્ચાઓમાં હારવું કે હરાવવું અસંભવ હતુ એથી હું મારી વિચારસરણીના એકદંડિયા મહેલમાં નિરાંતે રહી શકતો.

'થીયરી ઓફ ચાન્સ' યાને સંભાવનાની શક્યતાની ફિલસૂફી ઈશ્વરના અસ્તિત્વ પર સીધો પ્રહાર કરતી. થીયરી ઓફ ચાન્સ પછી એવી અને એટલી જ રસપ્રદ બીજી ફિલસૂફી ઉત્ક્રાંતિવાદની છે. ચાર્લ્સ ડાર્વિને સૌ પ્રથમ એવું તારણ કાઢ્યું કે માણસ વાંદરામાંથી આવ્યો છે. અર્થાત્ મનુષ્યનાં પૂર્વજો વાનર છે. પ્રિ-સાયન્સમાં ભણતો ત્યારે આ ઉત્ક્રાંતિવાદ ભણવો પડેલો. ખરું સંશોધન કર્યું છે ડાર્વિને તો! એકકોષી જીવ અમીબાથી માંડીને તે છેક મનુષ્ય સુધી પહોંચતી કેવી અજબ શૃંખલા શોધી કાઢી છે. અને પાછું મનમાં બરાબર બેસી જાય તેવું છે. થીયરી ઓફ ચાન્સ કરતાં વધારે તાર્કિક, સ્વીકાર્ય અને ગમ્ય.

'થીયરી ઓફ ચાન્સ' અને ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ એ બંને નિરીશ્વરવાદને અને સાથે સાથે મારા પલાયનવાદ તેમજ અજ્ઞેયવાદને પોષતી હતી, રક્ષણ કરતી હતી.

ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ વિજ્ઞાનની સર્વોપરિતા તરફ આંગળી ચીધે છે. આ પૃથ્વીનાં અકળ રહસ્યોના ખુલાસા પ્રતિ જો કોઈએ અંગુલિનિર્દેશ કર્યો હોય, તો તે વિજ્ઞાન! પૃથ્વીની રચનાની સંભાવનાની ફિલસૂફીથી માંડીને જીવસૃષ્ટિ સુધીનું પ્રકટીકરણ આપનાર વિજ્ઞાન. કોઈ ધર્મ નહિ, કે

પછી નહિ કોઈ ઈશ્વર! કેટકેટલી શોધ વિજ્ઞાને જગતનાં ચરણોમાં ધરી દીધી છે! અસંખ્ય! અને શોધોના વ્યવહારુ ઉપયોગે મનુષ્યજીવન ને સમાજ જીવનને કેટલું ધનવાન બનાવ્યું છે અને સુખ સગવડોથી ભરી દીધું છે!

અણુવિજ્ઞાને વળી નવી જ દિશા ઉઘાડી છે. વિજ્ઞાન સર્વોપરી ઠરી ચૂક્યું છે. એને કોઈના પ્રમાણપત્રની જરૂર નથી. આ બધી જ સગવડો, સુવિધાઓ, ઐયાશ વિજ્ઞાને મનુષ્યના ચરણોમાં ખડકી છે. કોઈ ભગવાને મનુષ્યનું ભલું કર્યું નથી. ઊડીને આંખે વળગનારાં આ સત્યોની શા માટે આસ્તિકો ઉપેક્ષા કરતા હશે? કારણકે, આ માત્ર ફિલસૂફી નથી, તેઓને સ્પર્શી શકાય છે, ઉપભોગી શકાય છે. સાબિતી આપવાની કે દલીલ કરવાની હવે કોઈ જરૂર ખરી? મારો પલાયનવાદ પુષ્ટિ પામતો હતો.

પલાયનવાદ તથા અજ્ઞેયવાદને પોષવા, પુરસ્કારવા વિજ્ઞાનની સર્વોપરિતા બહુ જ આસ્વાદ્ય રહી! પણ આંખરે આ વિજ્ઞાનને, તેની શોધોને, શોધોની ઉપયોગિતાને પ્રકાશમાં લાવનાર કોણ? માણસ, નહિ? પણ આટલો બધો બુદ્ધિશાળી, હોશિયાર, વૈજ્ઞાનિક સૂઝ ધરાવતો માણસ કુટિલ પણ કેટલો બધો! કેટકેટલા દુર્ગુણોથી ભરપૂર ઊંડા અને વમળાતાં કળણમાંથી બહાર ખેંચી કાઢી શકે. કોઈ ભગવાને હિમ્મત કર્યાનું જાણમાં નથી. વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણું, વેરભાવ, કજિયાકંકાસ, ઈર્ષા, ક્રોધ, ઝનૂન, ખટપટ, કુસંપ, પક્ષાંપક્ષી, ચડસાચડસી, અદેખાઈ, છાકટાઈ, વિલાસ, સ્વાર્થ, અહંકાર, હિંસકતા, પાશવતા... આ બધા દુર્ગુણોની અભિવ્યક્તિનો સરવાળો એટલે માણસ. કેટલો સ્વાર્થી અને લોભિયો! પોતાનો સ્વાર્થ સધાતો હોય તો ગમે તે ઊંધુચત્તુ કરી નાખે. ન્યાય અને સમભાવનામાં તો સમજે જ નહિ. બસ એને એનો 'હું' જ દેખાયા કરે. સગાંવહાલાંના કામ કરવાનાં હોય તો નીતિનિયમોને નેવે મૂકી દે અને સહેજ માન ખાટવાનું હોય કે થોડી વાહ! વાહ! બોલાવવાની હોય (થ્રી ચીયર્સ ફોર....) તો આખો ઈન્ડિયન પીનલ કોડ અભરાઈએ ચઢાવી દે.

મારો પોતાનો અભ્યાસ આ બધી વાતો માનતાં મને અટકાવતો

હતો. વિજ્ઞાનની સર્વોપરિતા, મનુષ્યની પતિતાવસ્થા અને અવનતિ મને મારા પલાયનવાદમાં, અજ્ઞેયવાદમાં દ્રઢ રાખતા હતા. માણસ જ સર્વ કાંઈ છે એવા અનુમાન પર હું આવ્યો હતો અને એ સિવાય હું બીજું કશું સાંભળવા કે જાણવા માગતો નહોતો.

મારા એક ખ્રિસ્તી મિત્રે મને એમ કહ્યું હતું કે, માણસે તો એક જ વાર જન્મવાનું, એક જ વાર મરવાનું અને પછી તેનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે. આ વિચારે હું હચમચી ઊઠયો હતો, ચોંકી ઊઠયો હતો પણ એ સિવાયની મારી બધી જ વિચારસરણી, દલીલો પલાયનવાદને પોષતી હતી. એથી મારું મન હવે દ્રઢ થયું હતું. હું નિર્ભીક બન્યો હતો. ઓપરેશન અને મૃત્યુ સુદ્ધાંની ટક્કર લેવા મેં બાંયો ચઢાવી હતી.

કેટલાક સમય પહેલાં, મારી દીકરી પ્રીતિ કહેતી હતી કે 'પપ્પા, મારા ક્લાસમાં એક છોકરાના પપ્પાને કેન્સર થયેલું ને તો તે કેન્સલ, કેન્સલ બોલતો હતો બિચારો, પણ ચોથા ધોરણામાં રાજેશ ભણે છે તે તો બહુ તોફાની છે અને બધાંને હેરાન કરે અને મશ્કરી ઉડાવે, તે એને કહેવા લાગ્યો કે હવે તારા પપ્પા કેન્સલ. તો પપ્પા કેન્સલ એટલે શું?' 'બેટા કેન્સલ એટલે રદબાતલ'. પ્રીતિએ પાછું પૂછ્યું, 'પપ્પા રદબાતલ એટલે શું?' 'બેટા' ખલાસ! 'પણ પપ્પા એટલે શું?' 'બેટા એટલે માણસ મરી જાય. દાદી નહોતાં મરી ગયેલા?' હેં? પેલા છોકરાના પપ્પા પછી મરી ગયેલા. પ્રસંગની સ્મૃતિથી ફરી કેન્સર શબ્દે ફટકારેલો ઘા તાજો થયો. પેલા છોકરાનો પપ્પા મરી ગયેલા પછી. હું ખિન્ન થયો. વળી પાછી અજ્ઞેયવાદ, પલાયનવાદને પોષતી દલીલોનું આત્મસંભાષણ અને એમ ફરી એકવાર ઓપરેશન, મૃત્યુની મેં અવગણના કરી.

# હોસ્પિટલ

આજે ઓક્ટોબરની દશમી તારીખ હતી. વર્ષ ઓગણીસો પંચ્યાસી. આજે મારે ડૉ. શ્રીકાન્ત શાહના આદેશનો અમલ કરવાનો હતો. આજે હોસ્પિટલમાં દાખલ થવાનું હતું. ઈન્ડોર પેશન્ટ તરીકે! ઓપરેશન કરાવવાનું હતું. મોટા આંતરડાના અલ્સરનું. જે ઓપરેશન સો એ સો ટકા સફળ થવાનું હતું. અને એટલે જ કેન્સર શબ્દપ્રયોગ કરતાં 'અલ્સર' શબ્દપ્રયોગ મને વધુ આશાજનક લાગતો હતો.

આજે ગુરુવાર હતો. મુહૂર્ત જોવાનું નહોતું પણ અગિયાર વાગે હોસ્પિટલમાં હાજર થવાનુ હતું. ગુરુવાર! મારો લગ્નદિન! લગ્નદિને ગોર મહારાજે મુહૂર્ત અગિયાર વાગ્યાનું કાઢેલું. આજે ગુરુવારે જ મુહૂર્ત જોયા વિના જ અગિયાર વાગે જવાનું હતું હોસ્પિટલમાં! કેવો યોગાનુયોગ!

બાળકોને ખબર પડી ગયેલી જણાતી હતી, 'ટાટા' હોસ્પિટલ! 'ટાટા' કેન્સરનો પર્યાય. બાળકો ગભરાઈ ગયેલાં જણાતાં હતાં. હું તેમની સામે જોઈ શકતો નહોતો. પ્રીતિને લીધે હું વ્યથિત હતો. તે જાણતી હતી કે કેન્સર = કેન્સલ = મરી ગયેલા હોવું, દાદીમાની જેમ! કદાચ ટોનીને (અમારું લાડમાં આપેલું નામ) પણ તેણે આ વાત કરી હતી.

સવારના નવ વાગ્યા હતા. કુસુમે ગંભીર મુખે તૈયારી કરવા માંડી હતી. મારી એક નાની બેગ તૈયાર કરી દીધી. કપડાં, બનિયન, દાઢી કરવાનો સામાન, કાંસકી, પાવડર.... બધું વીણીવીણીને લીધું. જાણે કે હું મુસાફરીએ ચાલ્યો. મંઝિલ? હોસ્પિટલ! ટાટાની! કંપનીનો સ્ટાફ પણ આવી ગયો હતો. મારો એટેન્ડન્ટ કદમ, જશવંત, જયંત ચૌહાણ, વગેરે. ઢબ્બર સાહેબે કાળજી રાખીને ઓફિસમાં બધાંને સમાચાર આપ્યા હતા. પરમ દિવસે જ ફોનથી સગાંવહાલાંઓને ખબર આપી હતી. તેઓ પણ બધાં ગઈકાલથી આવવા માંડયા હતા. અમદાવાદથી અનંત, નિર્મલ, મણિલાલમામા, સૂરતથી બા, કમળામાસી, દેવદત્ત, મીનાભાભી,

જયવંતીકાકી. પ્રસંગ ગંભીર બનતો જતો હતો. ચહલપહલ ઘણી હતી પણ તે તદ્દન શુષ્ક! નીરસ! વાતાવરણમાં એક ઘેરી નિરાશા વ્યાપી ગઈ હતી. કોઈ કોઈની સાથે ફાલતુ વાત કરતું નહિ. ફક્ત કામ પૂરતી જ વાત. હાસ્ય ક્યાં લોપાઈ ગયું હતું તેની ખબર નહિ! બાળકો પણ મૂંગા મૂંગા ફર્યા કરતાં હતા. ઘરમાં માતમ છવાઈ ગયો હતો! બધાં જ જાણે કે પડદાં પરનાં નિર્જીવ, ભાવશૂન્ય પાત્રો! જાણે કે યાંત્રિક માનવો! વાત કરતાં, તોય ધીમેથી, બને ત્યાં સુધી એકબીજા કાનમાં બોલતાં, કેવું નિઃશબ્દ, ગંભીર વાતાવરણ સર્જાયું હતું. કેન્સર શબ્દ એટલો બધો ખતરનાક છે? એટલો બધો ખતરનાક કે માણસના તદ્દન સામાન્ય ભાવોની અભિવ્યક્તિ પણ હરી લે? હું પોતે તો હસમુખો છું, વાતોડિયો છું. જેને ના બોલવું હોય તેનેય બોલાવું એવો છું. અને આ બધાં જ સગાંવહાલાં આ પ્રસંગ અગાઉ જેટલી વાર આવ્યાં છે એટલી વાર મારી સાથે મન મૂકીને વાતો કરી છે. ટીકાઓ મશ્કરીઓ કરી છે, હસ્યાં છે અને આજે? હું કાંઈ મુખમુદ્રા ગંભીર કરીને બેઠો નથી, નથી હું કોઈને જવાબ આપવાનું ટાળતો. મારો અભિગમ તો પહેલાં જેવો જ છે. તો પછી આમ કેમ? ચૌહાણ સાથે તો મેં હજુ છઠ્ઠી તારીખે જ વાતો કરી છે. પુષ્કળ વાતો કરી છે; એટલે સુધી કે મારી વાતોથી, વાતોના વિષયોથી તેમને પ્રતીતિ થાય કે હું કેન્સરથી ડરતો નથી તો પણ કેમ શાંત છે? મારો એટેન્ડન્ટ કદમ અને ચપરાસી જશવંત જેઓ મને છાશવારે, અમથાઅમથા પણ સલામ ભરતા, વટાળવાનો પ્રયત્ન કરતાં તેઓ સુદ્ધાં શાંત છે! કુસુમનું તો સમજ્યા કેમ કે મેં તેની સમક્ષ હૃદયનો બોજ ઠાલવાતા ઘણી અશુભ શંકા, આશંકાઓ વ્યક્ત કરી છે, પણ આ બીજાં બધાંનું શું? શા માટે હોસ્પિટલ જવાને તેઓ આટલું બધું ખોટું મહત્ત્વ આપી રહ્યાં છે? હોસ્પિટલ 'ટાટા' છે, એટલે? કદાચ એટલે જ. કેન્સર શબ્દ માત્રનો આટલો બધો પ્રભાવ! જ્યારે ઓપરેશન સો એ સો ટકા સફળ થવાનું હોય ત્યારે પણ! હું મનમાં હાલી ઉઠ્યો. મારી હિમ્મત-નીડરતાના ગઢમાં ગાબડાં પડવા માંડયાં. મારી આશાના મહેલની કાંગરીઓ ખરવા માંડી. મારા સમગ્ર વ્યક્તિત્વમાં ધરતીકંપના આછા આંચકા હું અનુભવવા માંડયો. આશા, હિંમત,

નિરપેક્ષતા, અજ્ઞેયવાદ, પલાયનવાદ, નીડરતા.... વગેરે ગંજીપાનો મહેલ ક્યારે ગગડી જશે, એની આગાહી કરવી મુશ્કેલ હતી. નિઃશબ્દતા, ગંભીરતા, ભાવશૂન્યતા મને ગૂંગળાવી રહ્યાં હતાં. જાણે કે ઓપરેશન નિષ્ફળ જવાનું છે. હું કદી હોસ્પિટલમાંથી જીવિત પાછો આવવાનો નથી! કેવું નકારાત્મક વલણ! કેવો દુર્વ્યવહાર! જો મને, જેણે કેટલીય રાત્રિઓ ઉજાગરા કરીને, અંતિમ અશુભ સ્વીકારી લઈને, તેને વિફળ બનાવવાં જાતજાતની અને ભાતભાતની વિચારસરણીઓ, ફિલસૂફીઓનો આશરો લીધો છે, તેને આ વાતાવરણ વિહ્વળ બનાવતું હો; તો જે વ્યક્તિ લાગણીશીલ છે, ગભરુ છે, જેને ફિલસૂફીઓનું પીઠબળ નથી, તેની શું ગતિ થાય એ સંબંધી હું મનોમન ત્રિરાશિ માંડવા લાગ્યો. બિચારો, કદાચ ઓપરેશન ટેબલ સુધી પણ પહોંચી નહિ શકે. કેવો દુર્વર્તાવ! જાણે કે મને સ્મશાનભૂમિની જેમ, હોસ્પિટલમાં કાયમ ખાતે મૂકીને ચાલી આવવાનાં હોય!

ઘડિયાળમાં દશના ટકોરા પડયા. કુસુમ તથા નિર્મલ અને મણિલાલમામાએ એકબીજાની સામે પ્રશ્નસૂચક દ્રષ્ટિથી જોયું અને હકારમાં ડોકું હલાવ્યું. હવે હોસ્પિટલ જવાનું હતું. નીચે મારી કાર તો હતી જ, ઉપરાંત ઢેબર સાહેબે કંપનીની ત્રણેક કાર મોકલી આપી હતી જેથી સગાંસંબંધીઓને હોસ્પિટલ જવાનું સુગમ રહે. આજે પ્રથમ જ વાર મારી કાર હું હંકારનાર નહોતો. કેમ? હજી હું એટલો બધો નિર્બળ થઈ ગયો નહોતો. તોય નહિ. નિર્મલે હોસ્પિટલ પર ફોન જોડયો.

'હલ્લો, ટાટા હોસ્પિટલ?'

'યસ, ટાટા હોસ્પિટલ.'

'સ્પિકીંગ ઓન બીહાફ ઓફ મિ. અનિલ દેસાઈ, હુ ઈઝ ટુ બી એડમિટેડ ટુડે એઝ ઈન્ડોર પેશન્ટ.'

'યસ, પ્લીઝ કમ ડાઉન.'

'થેન્ક યુ સર.'

બધાં બહાર નીકળવા માંડયાં. મેં જોયું તો ખૂણામાં કુસુમ, બા, ભાભી, માસી અને કાકી રડતાં હતાં, મને ખબર ન પડે એ રીતે. મારું મન

તૂટી રહ્યું હતું. હું ખુદ બેબાકળો બની ગયો! મને લાગ્યું કે મારાથી મોટેથી રડી પડાશે. સંયમ રાખવો અશક્ય લાગતું હતું. હું ગળગળો થઈ ગયો હતો. આમતેમ બીજી દિશામાં મેં જોવા માંડયું. અત્યાર સુધી કરેલા, વાગોળેલા, મમળાવેલા બધા જ વિચારો, વિચારસરણીઓ, ફિલસૂફીઓનું શરણું મેં અનાયાસે શોધવા માંડયું. કાંઈ ચેન પડતું નહોતું. મારી બેચેની વધતી ચાલી. આટલી બધી રાત્રિઓના ઉજાગરા વેઠીને જે હિમ્મત, નિર્ભયતા, અડગતા, વીતરાગ, વગેરેને કાળજીપૂર્વક ગોઠવીને ગંજીપાનો જે મહેલ મેં બનાવ્યો હતો તે જમીનદોસ્ત થઈ રહ્યો હતો. મારી બધી જ મહેનત જાણે કે પાણીમાં ગઈ. શંકા, ભય, ચિંતા, વગેરે ફરીથી મારી આસપાસ અજગરની જેમ ભરડો લેવાં લાગ્યાં. સમય જતો હતો. એટલામાં નીચે કારનું હોર્ન વાગ્યું. મારી જ કારનું હોર્ન કોઈ બીજાએ વગાડયું.

'અનિલ, ચાલો હવે આપણે જવું પડશે.'

'હા, ચાલો નિર્મલ.'

બાળકો શાંત ચિત્તે ઘરમાં જ બેસી રહ્યાં હતાં. તેઓ સ્કૂલે જવાનાં નહોતાં. તેમજ તેઓએ હોસ્પિટલ પર પણ આવવાનું નહોતું.

અમે ઘરની બહાર નીકળ્યાં. ડ્રાયવરની સીટ અનંતે લઈ લીધી હતી. એપાર્ટમેન્ટનાં અમારા સર્વ સંબંધીઓ બહાર ઊભાં હતાં. પુરુષો, બાળકો શાંત હતાં, જ્યારે બધી જ સ્ત્રીઓની આંખ ભીની હતી. આશાના શબ્દો ઉચ્ચારવાનું કે આશ્વાસન આપવાનું કોઈ વિચારી શકતું નહોતું. જે માતમ ઘરની બહાર ખુલ્લામાં આવ્યો હતો. હવે તેનું કદ વિસ્તર્યું હતું, સ્વરૂપ વધારે જરઠ થયું હતું. તે અમારી સાથે આવતો હતો, પડછાયાની જેમ; ફક્ત મારે લીધે. હું કોઈની આંખો સામે જોઈ શકતો નહોતો, ન તો કોઈ મારી સાથે આંખ મિલાવી શકતું. મેં કારમાં આજે પાછલી સીટ પર મારું સ્થાન લીધું. મારી સાથે કુસુમ અને બા બેઠાં. આગળ અનંત સાથે નિર્મલ તથા મણિલાલમામા હતા. બીજી ત્રણે ત્રણ કારમાં સંબંધીઓ ભીડ કરતાં બેઠાં, અનંતે એન્જિન સ્ટાર્ટ કર્યું. મેં જોયું તો બાળકો બારીમાં ઊભા હતાં. એમની આંખોમાં આંસુ નહોતાં, પણ એ નિર્જળ નયનોનાં

અકળ, અગમ્ય ભાવ ઘણી આંખોમાં આંસુ લાવી શકતાં હતાં. મારુ હૃદય રડી રહ્યું. મિસિસ ચૌહાણે બાળકોની સંભાળની જવાબદારી લીધી હતી. આ શું થઈ રહ્યું છે? હું 'હું'ને પૂછતો હતો, હું ક્યાં જઈ રહ્યો છું?

અમારી કારે હોસ્પિટલની વાટ પકડી, સાથે સાથે ત્રણે ત્રણ કાર અમારી પૂંઠે દોડતી હતી. કારની ઘડિયાળમાં સાડા દશનો સમય થયો હતો. અમે થોડાં વહેલાં હતાં. પંદરેક મિનિટોમાં એટલે આશરે પોણા અગિયાર વાગે અમે 'ટાટા' હોસ્પિટલના પ્રાંગણમાં પ્રવેશ કર્યો. હોસ્પિટલમાં ઘણી જ ચહલપહલ હતી. સેંકડો માણસની અવરજવર હતી. બધાં જ જાણે કોઈક ઉતાવળમાં હતાં. કોઈ વાત કરતું જણાતું નહિ. હોસ્પિટલનાં પ્રાંગણમાં દરવાજા ઉપર એક બોર્ડ ઝૂલતું હતું. સાઈલન્સ ઈઝ રીક્વેસ્ટેડ . જાણે કે આ વિનંતીનું અક્ષરશઃ પાલન થઈ રહ્યું હોય! આમ તો આપણે ભારતીયો વિનંતી તો શું, પણ ગમે તેવા કડક, જડબેસલાક અને શિક્ષાની સંભાવનાવાળા કાયદાઓનું છડેચોક ઉલ્લંઘન કરતા હોઈએ છીએ; પણ આજે અહીં કાંઈક જુદું જ ચિત્ર જોવા મળ્યું. જાણે યંત્રમાનવો! આ જ્ઞાન તેમને કોણે બક્ષ્યું? નિયમનો સરિયામ ભંગ કરનાર માણસ વિનંતીનો સ્વીકાર કરે? જો કે આ જ મનુષ્યો હોસ્પિટલનું પ્રાંગણ છોડતાં જ પોતાની અસલિયતનું પ્રદર્શન કરનાર હતાં, તે પણ સાવ નફ્ફટાઈપૂર્વક. કયું તત્ત્વ તેમને વશમાં રાખતું હતું? કઈ વિભીષિકાનાં અંકુશ હેઠળ તેઓ હતાં? આટલાં બધાં માણસો! ભારતદેશ! અને ઘોંઘાટનો અભાવ! સુખદ આશ્ચર્ય! હોસ્પિટલ છે તેથી? બીજી બધી હોસ્પિટલોમાં તો ઘણી ગરબડ હોય છે. તો પછી અહીં જ કેમ શાંતિ? ટાટાની હોસ્ટિલ છે! ટાટાની હોસ્પિટલ! ટાટાની!! ટાટા શબ્દ કેટલી હદે 'કેન્સર', શબ્દનો પર્યાય બની ચૂક્યો હતો તે હકીકતની, આ શાંતિ, આ નિરવતા ખાત્રી કરાવતી હતી. હા, આ શાંતિ હતી, પણ માતમની! શાંત હૃદય આનંદે છે, ગરબડ કરે છે, મશ્કરી કરે છે, હસે છે! માણસ (શાંત હૃદયનો) વાણીસ્વાતંત્ર્યનો હક બરોબર ભોગવે છે. એનો વાણીવિલાસ ટીકાને પાત્ર થતાં સુધી વકરે છે. એ નચિંત અને બેપરવા હોય છે. જ્યારે અશાંત હૃદય? માણસને શાંત કરે છે. એના મુખ પર તાળાં લાગી જાય

છે. પોતાના હકો તેને યાદ નથી આવતા. કોઈપણ સૂચના, વિનંતી તેને શિરોમાન્ય હોય છે. આંખના ઈશારાને પણ તે હુકમનામું સમજે છે. ટાટાનો પર્યાય જાણે મૃત્યુનો બૂંગિયો પોકારતો હતો!

ઓફિસના કાઉન્ટર પર જરૂરી વિધિ પતાવી અમે હોસ્પિટલની મુખ્ય ઈમારતમાં દાખલ થયાં. ડૉ. શ્રીકાન્ત શાહે સ્પેશિયલ રૂમ બૂક કરાવ્યો હતો એટલે કોઈ તકલીફ પડવાની નહોતી. કેન્સર વૉર્ડ વટાવીને અમારે જવાનું હતું. કેન્સર વૉર્ડ, પલંગ પર સૂતેલાં દરદીઓ, વિહવળ બનાવતી શાંતિ, સ્થગિતતા! મારી ઉપર આક્રમણ કરવા માંડયાં. મારી રહી સહી જિજીવિષાને નામશેષ કરવા, તેનું નિકંદન કાઢવા મથી રહ્યાં. આ શાંતિ અકળાવતી હતી. બેચેન, બેકરાર બનાવતી હતી. જો આનું નામ જ શાંતિ હોય તો તે મને ખપતી નહોતી. કારણ કે તે ભારેખમ હતી. તેનું મૂળ શોક, દુઃખ અને ચિંતામાં હતું. તે જાણે કે મરણ પછીની શાંતિની ઝાંખી કરાવતી હતી. એના કરતાં તો શાકમાર્કેટની ક્ચકચ કે પછી પીક અવર્સ માં ચારરસ્તાની ગરબડ કે ઘોંઘાટ સારો! તેમાં હળવાશ છે! શોક કે દુઃખની વિભાવના નથી. ચિંતાનું તો ત્યાં નામોનિશાન નથી. કેવું બેહૂદું! ઘોંઘાટિયા, ગરબડિયા વાતાવરણમાં માણસ શાંતિ ઝંખે! શાંતિની તરફદારી કરતી વ્યથા ઠાલવે, ભાષણ કરે! અને જ્યારે ખરેખર શાંતિનો સાક્ષાત્કાર કરે ત્યારે?

આખરે અમે જે સ્પેશિયલ રૂમ મને ફાળવ્યો હતો ત્યાં આવી પહોંચ્યાં. સ્વચ્છ, સુઘડ, ઘણી સગવડો, વિશાળ સૂર્યપ્રકાશ અને પૂરી મોકળાશ હતી. પવન મુક્તપણે આવતો. છતાંય હું જાણે કે ચાર દીવાલો વચ્ચે કેદ હતો. બધાં જ સગાંસંબંધીઓ રૂમમાં હતાં છતાં હવે મને એકલું લાગવા માંડયું હતું. એટલું સારું હતું કે કુસુમ મારી સાથે રહેવાની હતી. ઓફિસે જણાવ્યું કે ઓપરેશન પંદરમી તારીખે સવારે નવ વાગે થશે.

'તો, હું તમારી સાથે રહું?'

'થેન્ક યુ નિર્મલ, કુસુમ રહેવાની છે.'

'પણ તમને કાંઈ જરૂર પડી તો? બહારથી કશું લાવવાનું હોય?'

'કશો વાંધો નહિ, કુસુમ આવતાં જતાં લેતી આવશે.'

વારુ, જરૂર પડ્યે જણાવજો. અમે છીએ જ.

તમારો આભાર.

ઓપરેશનની તારીખ પાંચ દિવસ પછી એટલે પંદરમીએ મુકરર કરી હતી. પાંચ પાંચ દિવસો પ્રતીક્ષાના હતા. ત્રીસમી સપ્ટેમ્બરથી પાંચમી ઓક્ટોબર સુધીનો અંતરાલ દરમ્યાન ઓપરેશનને ઠેલતો રહ્યો. ડૉ. કિરણ શાહનું નિદાન ખોટું ઠરે એવી આકાંક્ષા રાખી રહ્યો. છઠ્ઠી ઓક્ટોબરથી નવમી ઓક્ટોબર સુધીના અતંરાલ દરમ્યાન મૃત્યુનો સાક્ષાત્કાર કરતો રહ્યો. સો એ સો ટકા ઓપરેશન સફળ થાય એવી આકાંક્ષા રાખી રહ્યો અને હવે અંતરાલ હતો આજથી એટલે ઓક્ટોબરની દશમીથી માંડીને તે ઠેઠ પંદરમી ઓક્ટોબર સુધીનો. આ અંતરાલ કેવો હશે? પ્રથમ બંને અંતરાલ ચિંતા, નિરાશા, ઉદ્વેગ, વીતરાગ, ભયના સંદર્ભમાં ચઢતી ભાંજણીમાં હતાં અને હવે આ ત્રીજો તબક્કો આજથી શરૂ થતો હતો. અભિગમ, રૂખ, ચઢતી ભાંજણીનાં હતાં! પ્રથમ સોપાન, પછી દ્વિતીય સોપાન, પછી તૃતીય સોપાન. એ પણ ઊર્ધ્વગામી જ હોય ને! તો હવે?!

એક પછી એક, પછી એક સંબંધી સ્પેશ્યલ રૂમ છોડી જઈ રહ્યાં હતાં. ઠાલી આશા, આશ્વાસનના ઠાલા ચીલાચાલુ શબ્દો. પણ બીજું તેઓ શું કરી શકતાં હતાં? તેઓની જગ્યાએ હું પોતે હોઉં તો એથી વિશેષ કશું કરી શકું? કોઈનો કે મારો પણ કશો જ વાંક ગુન્હો નહોતો. આ એક વિષમ પરિસ્થિતિ આવી પડી હતી, જેનું નિશાન હું બન્યો હતો. બધાંજ ગયાં. હું અને કુસુમ એકલાં પડ્યાં. આશરે પોણાબાર થયા હતા.

હું અને કુસુમ મૌન હતાં. શું વાત કરવી એ સંબંધી વિચારતાં હતાં. એટલામાં કોલબેલ વાગ્યો.

'કોણ? અંદર આવશો.'

'હલ્લો, હું સિસ્ટર મીનાક્ષી. આવતીકાલે આપની 'બાયોપ્સી' ટેસ્ટ લેવાની છે એટલે આજથી જ ખોરાક બંધ કરવો પડશે.'

'આજથી જ?'

'જી હા, આજથી જ. આવતીકાલે બપોરે ચાર વાગે ટેસ્ટ લેવામાં આવશે.'

'વારુ!'

હું અને કુસુમ એકબીજાનાં મોં જોવા લાગ્યાં. બાયોપ્સી! ડૉ. શ્રીકાન્ત શાહે મને કહ્યું હતું કે જો કે મેં કેન્સરનું નિદાન કર્યું છે, તો પણ હોસ્પિટલમાં તેઓ બાયોપ્સી ટેસ્ટ લેશે જ, જેથી ચોક્કસ થઈ જાય. એટલે મને કશું અજુગતું લાગ્યું નહિ. ઊલટું, ધાર્યા પ્રમાણેનું હતું. બધો જ ખોરાક બંધ કરી દીધો.

રાત્રે હું અને કુસુમ વાતોએ વળગ્યાં. ઘણી બધી વાતો કરવાની હતી. પણ હવે મારે એ ધ્યાન રાખવાનું હતું કે અશુભનો અતિરેક ન થઈ જાય. છઠ્ઠી તારીખે જ્યારે ડૉ. શાહે કેન્સર હોવાનું કનિષ્ઠતમ નિદાન કર્યું હતું ત્યારે હું ભાંગી પડયો હતો. જાણે કે સંસાર હમણાં જ તજીને દિગંતની વાટ પકડનાર હોઉં એ રીતની મારી રજૂઆત હતી. પણ એ રજૂઆત કુસુમની લાગણીઓને કેટલી વ્યથા પહોંચાડી શકતી હતી, કેટલી ઘાયલ કરી શકતી હતી તે મેં વિચાર્યું જ નહોતું. મને સનેપાત થયો હતો. હું જાણ્યે અજાણ્યે બસ મારા મનનો ઊભરો ઢાલવ્યે જતો હતો. પણ હવે હું એમ કરનાર નહોતો. લાચારી હવે મને જચી ગઈ હતી. જેમ જેમ સમય જતો હતો તેમ તેમ હું વધારે અને વધારે નિર્લેપ બનતો જતો હતો. પરિસ્થિતિને વાસ્તવિકતાના સ્વરૂપમાં સ્વીકાર્યા સિવાય, અનુકૂળ થયા સિવાય છૂટકો નહોતો. બીજી તરફ કુસુમ પણ જાણે તૈયારી કરી રહી હતી. જો અશુભ અનિવાર્યપણે આવી પડે તો તેનો કેવી રીતે મુકાબલો કરવો તે દિશામાં વિચારી રહી હતી. છઠ્ઠી ઓક્ટોબરનું એ મારું નિવદેન, સનેપાત, અરણ્યરૂદન જાણે કે મરણોન્મુખ નહિ હોય! હું પણ ત્યાર પછી મારી જાતને મારામાં સમેટી રહ્યો હતો, વધુ અને વધુ અંતર્ગત બનતો જતો હતો. સાતમી, આઠમી અને નવમી ઓક્ટોબર, એ ત્રણે ત્રણ દિવસ રાત મેં મારા પલાયનવાદને પોષ્યો હતો. હું વીતરાગી બનીને બેપરવા બનવા માંગતો હતો પણ એમ શક્ય નહોતું. આજે દશામીની રાત! હોસ્પિટલની પ્રથમ રાત્રિ! અમે થોડી જ વાત કરી શક્યાં, તેય સાવ સામાન્ય. મારો ઉજાગરાનો સિલસિલો અહીં પણ ચાલુ રહ્યો.

આજે અગિયારમી તારીખ હતી. રાત્રિના ઉજાગરાને લીધે રોજની

જેમજ મોડો ઊઠયો. પ્રાતઃક્રિયા પતાવી વર્તમાનપત્ર પર આંખ ફેરવવા માંડી. કુસુમ નિત્યક્રમ મુજબ પૂજાપાઠ કરી રહી હતી. વિઘ્નહર્તાને વિનવણી કરતી હતી, મારા સ્વાસ્થ્ય માટે, સફળ ઓપરેશન માટે, સો એ સો ટકા સફળ ઓપરેશન માટે. હું મનોમન વિચારતો હતો; ક્યો વિઘ્નહર્તા વિઘ્નનું હરણ કરવાનો હતો? મારી વિચારસરણી નાસ્તિક હતી; પણ હું કોઈની લાગણી દુભાવવા માંગતો નહોતો. કુસુમની તો નહિ જ. મારે તો જમવાનું નહોતું. ગઈકાલ બપોરનો ભૂખ્યો હતો. ભૂખને લીધે બપોરે ઊંઘ ન આવી. ઉપવાસનો મહાવરો નહોતો તેથી મારે માટે પરિસ્થિતિ મુશ્કેલ હતી.

બપોર પછી ચાર વાગે બાયોપ્સી ટેસ્ટ થઈ ગયો. મોટા આંતરડામાં અલ્સર છે તે પુરવાર થઈ ગયું. એટલું જ નહિ પણ અલ્સર વધારે ઘાતક બન્યું હતું. અલ્સર ફક્ત અલ્સર રહ્યું નહોતું. હવે તે કેન્સર હતું. જો કે આ સમાચારો મારા માટે હવે ખતરનાક નહોતા. કેન્સર શબ્દથી મારા કાન, મન ટેવાવા માંડયા હતાં. હવે ફક્ત એક જ સવાલ હતો, ઓપરેશન સો એ સો ટકા સફળ થાય છે કે નહિ? આ એક જ આશા પ્રત્યે મેં હવે મીટ માંડી હતી. આ એક જ આશાને તાંતણે મારું ભાવિ બંધાયું હતું. જો ઓપરેશન કદાચ નવ્વાણું ટકા સફળ થાય તો? એનો અર્થ એ કે ઓપરેશન એક ટકા નિષ્ફળ જાય. આ એક ટકા નિષ્ફળતાની મારી જીવાદોરી પર શી અસર પડે? કશું ભાખી શકતો નહોતો. આવી ઓછીવત્તી ટકાવારીની ડૉ. શ્રીકાન્ત શાહે વાત કરી નહોતી. પણ મારે મન એનું મહત્ત્વ, મૂલ્ય અનોખાં હતાં. અઠ્ઠાણું ટકા સફળ થાય તો? સત્તાણું ટકા સફળ થાય તો? મારી જિજીવિષા, મારી જીવાદોરી ક્યાં સુધી અકબંધ રહે, ક્યાં સુધી તેને આંચ ન આવે તેની ચિંતા થવા લાગી.

બાયોપ્સી થઈ ગયા બાદ સિસ્ટર મીનાક્ષીએ એક બહુ જ વિચિત્ર વાત કરી. અગાઉ કદી મેં આ સાંભળ્યું નહોતું. એમણે કહ્યું કે 'કોલોસ્ટોમી' કરવી પડશે અને કોલોસ્ટોમી બેગ જોડવી પડશે. એટલે એમના સમજાવ્યા પ્રમાણે મોટા આંતરડાની વાઢકાપ કરીને તેને છેડો બંધ કરી દેવાનો. ત્યાબાદ પેટની નીચેના ભાગમાં એક બાજુએ કૃત્રિમ

રીતે છિદ્ર પાડી ત્યાં એક પ્લાસ્ટીકની કોથળી જોડી દેવી અને એમ શરીરનો કચરો, મળ, વગેરે કુદરતી માર્ગે ન જતાં આ પ્લાસ્ટિકની બેગમાં એકત્ર કરવો જેનો નિકાલ કરતાં રહેવાનું. બહુ જ વિચિત્ર અને ચીતરી ચઢે એવું! કેવું ગંદુ અને જુગુપ્સિત!

આ પ્લાસ્ટીકની કોથળી જે 'કોલોસ્ટોમી બેગ' તરીકે ઓળખાય છે તે હવે મારા શરીરનું એક અંગ બની રહેશે?! કૃત્રિમ અંગ! જ્યાં જાઉં ત્યાં તે તો હશેજ! ઓપરેશન સો એ સો ટકા સફળ થાય, અને હું હોસ્પિટલેથી ઘરે જાઉં પછી પણ આ 'કોલોસ્ટોમી બેગ' ઓપરેશનના એક અવશેષ તરીકે, સ્મૃતિ તરીકે મારું કૃત્રિમ અંગ બની રહેશે. મારા પોતાને ઘેર તો કોઈ વાંધો નહિ આવશે, પણ જ્યારે હું મુસાફરીમાં હોઉં અથવા કોઈ બીજાના ઘરે ગયો હોઉં અથવો તો 'બોસ'ની ચેમ્બરમાં હોઉં ત્યારે? એને સાથે લઈને ફરવું કેટલું બધું અરૂચિકર, અપમાનજનક અને ક્ષોભકારક! જો કે મને કહેવામાં આવ્યું કે પછી તો તમે બહુ સારી રીતે ટેવાઈ જશો અને તમને કાંઈ જ અજુગતું કે અગવડકારક લાગશે નહિ. પણ આ વાત સ્વીકારવી મારે માટે દુષ્કર હતી. આ 'કોલોસ્ટોમી બેગ'ની કેવી રીતે સાફસફાઈ રાખવી તે અંગે મને તથા કુસુમને સુદ્ધાં સિસ્ટરે ઘણી બધી સૂચનાઓ આપી.

આ આવી પડનાર વિચિત્રતાથી હું ક્ષુબ્ધ થઈ ગયો. કુસુમ પણ ડઘાઈ ગઈ હતી. ઓપરેશન શરીર પર આવો ડાઘ છોડી જશે એ વિચાર અસહ્ય હતો. પરંતુ એ બાબત એક વાસ્તવિકતા બનનાર હતી. માટે મારે એ સ્વીકાર્યે જ છૂટકો. અને હું એ 'કોલોસ્ટોમી બેગ' યાને કૃત્રિમ અંગ સ્વીકારી લેવા માટે માનસિક તૈયારી કરવા લાગ્યો.

ઓપરેશન જો સો એ સો ટકા સફળ થતું હોય તો ભલેને આવી નિશાની છોડી જતું! સો એ સો ટકા તો સમજ્યા પણ જો તેથી ઓછી સફળતાએ પણ મારી જીંવાદોરી અકબંધ રહેતી હોય, તેને કોઈ જ આંચ ના આવતી હોય તો ભયો ભયો! આમ જોવા જઈએ તો તે કૃત્રિમ અંગ તો નહિ જ. આ તો જે કુદરતી દ્વાર છે, શરીરનો કચરો, મળ, વગેરેનાં નિકાસ માટેનું, તેને આ ડૉક્ટરો બંધ કરી દે છે માટે બીજી કોઈ વ્યવસ્થા તો કરવી

જ પડેને! માટે પેટની નીચે બાજુમાં કૃત્રિમ દ્વાર અને તેને છેડે પ્લાસ્ટીકની કોથળી! કૃત્રિમ અંગ તો જ્યારે 'કીડની ટ્રાન્સપ્લાન્ટ' કરવાની હોય કે પછી હૃદયમાં બહારથી વાલ્વ મૂકવાનો હોય કે એવી બીજી કોઈ વ્યવસ્થા કરવાની હોય તેને કહેવાય. તેમાં તો શરીર ઘણીવાર આવી વ્યવસ્થાનો, આવાં નકલી અંગોનો પ્રતિકાર કરતું હોય છે. જે મનુષ્યનાં જીવન માટે પ્રશ્નો સર્જી શકે, પણ આ વ્યવસ્થા તો પાછી વળી બહિર્ગત છે, અંતર્ગત પણ નથી. ચાલશે, ચલાવી લઈશું! જાન બચી તો લાખો પાયે!!

અગિયારમી તારીખનો દિવસ પૂરો થયો. હવે રાત્રિ પોતાનું સામ્રાજ્ય જમાવતી જતી હતી. આજે હોસ્પિટલમાં બીજી રાત્રિ હતી. ઓપરેશન પંદરમીએ હતું એટલે આજની રાત્રિ સહિત કુલ ચાર રાત્રિઓ હોસ્પિટલમાં! યાને ચાર ઉજાગરા! થોડી ઘણી ઊંઘ. હોસ્પિટલમાં સમય કાઢવો અસહ્ય હતો. આશા આકાશકુસુમવત્ દીસતી હતી. મનમાં, આત્મામાં અને હવે તો શરીરમાં પણ બેચેની હતી. 'શું થશે?' નો પ્રશ્ન સતત મુંઝવતો હતો. આશ્વાસનના કે ઉત્તેજનનાં કોઈ શબ્દો કામિયાબ નીવડે એમ નહોતું. કુસુમ સાથે વાત કરવી પણ બેકાર લાગતું હતું. હું સાવ એકલો પડી ગયો હતો. ધસમસતી સરિતાનાં એક કાંઠે હું હોઉં અને બીજાં સર્વ સામે કાંઠે હોય એવી પ્રતીતિ થતી જતી હતી. હવે હું કોઈ સંબોધન કરવા માગતો નહોતો. બાહ્ય દ્રષ્ટિએ હું હજુય શાંત, સ્વસ્થ અને મક્કમ જણાતો પણ મારો માંહ્યલો છિન્નભિન્ન થઈ ગયો હતો. ચૂરેચૂરા થઈ ગયો હતો. એટલે સુધી કે પાટા પિંડીનો કોઈ અવકાશ નહોતો રહ્યો. કોઈ વસ્તુના અનેક ટુકડા કર્યા પછી એ બધા ટુકડાઓને એકમેકની સાથે યોગ્ય રીતે જોડીને અસલ વસ્તુ બનાવવામાં આવે એવો હું હતો. એક જ ધબકાર વેરણછેરણ કરી નાખવા પૂરતો હતો. બાળકો અને કુસુમના વિચારો મને અસહ્ય લાગતા હતા, તેઓનો સામનો કરવાનું મારું ગજુ નહોતું. સ્પેશ્યલ રૂમની ચાર દીવાલો અને છતાં મને જાણે કે ખાવા ધાતાં હતાં. ઢગલાબંધ પુસ્તકો, નવલકથાઓ, સામયિકો હતાં છતાં કશું જ વાંચી શકતો નહોતો. વાચન પ્રત્યે સૂગ ચઢી હતી. હવે સફળ ઓપરેશન એ જ મારું લક્ષ્યાંક બની ગયું હતું. સફળતા સંબંધી મને હવે શંકાઓ

આવવા માંડી. સફળતા? વાસ્તવિક બનશે? કે પછી??

ભારતમાં પણ ડૉક્ટરો તો હોંશિયાર હોય છે. વૈદકીય તજજ્ઞતા તો હવે અહીં પણ છે. અને અહીં 'ટાટા' ના બધા જ ડૉક્ટરો અનેકવાર પરદેશ જઈ આવ્યા છે. તેઓએ પરદેશની ઉપાધિઓ પણ મેળવી છે. અને મારું ઓપરેશન ક્યાંય જટિલ નથી. ફક્ત નુકસાનીનો ભાગ કાઢી નાખી, કુદરતી દ્વાર બંધ કરી દઈ, પડખામાં કૃત્રિમ, નકલી નિકાલમાર્ગ બનાવવાનો છે એટલું જ ને! સરળ છે. પણ વધારે ભાગ વાઢકાપ કરીને કાઢી નાંખે, અથવા નુકસાનીનો ભાગ પૂરેપૂરો કાઢે નહિ તો? નુકસાનીનો ભાગ પૂરેપૂરો - સો એ સો ટકા - કાઢી નાંખે નહિ તો? મગજ ચકરાવા લાગ્યું. ભારતના ડૉક્ટરોની નિપુણતા હવે મારે મન શંકાસ્પદ હતી, ઓપરેશન કરનાર ડૉ. કાપડિયા જો કે નિષ્ણાત હતા. જટિલ ઓપરેશનના કિસ્સામાં બીજા દેશોમાં પણ તેમની મદદ લેવાતી. પણ મારા મનમાં શંકાનો કીડો જાગી ઊઠયો હતો. હવે ઓપરેશનની સો એ સો ટકા સફળતા માટે મનમાં સમાધાન પામવું, શાંતિ અનુભવવી, ખાતરી રાખવી અઘરૂં હતું. આ વળી નવી ઉપાધિ આવી! ડૉ. શ્રીકાન્તે આપેલી ખાતરી, સધિયારો મીણની પેઠે પીગળતાં જતાં હતાં. તેઓ તેમનું અસલ સ્વરૂપ ગુમાવી ચૂક્યાં હતાં.

ડૉક્ટરની નિપુણતા સામે પ્રશ્નાર્થચિન્હ મૂકીને હું હજી આગળ વધવા માગતો હતો. હજુ હું મંથન કરવા માગતો હતો. હું વધારે સંશયી બનતો જતો હતો. ઓપરેશન થિએટરમાં જે સાધનો, ઓજારો, વૈદકીય ઉપકરણો વપરાય છે. તેઓ વડે ચોક્સાઈપૂર્વક નિદાન કરી શકાય? શું આ ઉપરકરણો પરદેશથી આયાત કરેલા છે. કે પછી દેશી? 'દેશી' શબ્દ મને કઠતો હતો. ભારતની ચીજ, બનાવટને મેં હંમેશા શંકાની દ્રષ્ટિથી જોઈ છે. તેઓ ઊતરતી કક્ષાની જ હોય, ધોરણો જળવાયાં જ ન હોય એવી દ્રઢ માન્યતા હું ધરાવતો હતો. અહીં પરિસ્થિતિ શી છે તે જાણતો નહોતો તો પણ શંકાનું વાદળ વધુ ઘટ્ટ થતું ગયું.

ડૉક્ટરોની નિપુણતા ? વૈદકીય ઉપકરણોની ચોક્સાઈનું ધોરણ?? હવે વારો હતો એનેસ્થેટીસ્ટનો! એકવાર ફેમિલી ડૉક્ટર શ્રી કિરણ શાહના

ક્લિનીક પર ગયેલો ત્યારે ડૉ. શાહે એનેસ્થેટીક ડ્રગની વાત કાઢેલી. બહુ જ અલ્પ માત્રામાં આપવાનું. જો અલ્પ માત્રામાં અલ્પતમ ક્ષતિ થાય, ઓછું અપાય તો? દરદી ઓપરેશન દરમ્યાન ભાનમાં આવી જાય. કેટલું ભયંકર! પણ જો એ અલ્પ માત્રા અલ્પતમ વધી ગઈ તો? દરદી ઓપરેશન ટેબલ પર જ ખલાસ થઈ જાય. ફરી કદી ભાનમાં ન આવે. હું સમસમી ગયો. 'ફરી કદી ભાનમાં ન આવે.' ચિરનિંદ્રામાં પોઢી જાય. ખલાસ થઈ જાય. અને એ અત્યંત નાજુક અને બારીક પરિસ્થિતિમાંથી મારે પસાર થવાનું હતું. જો એનેસ્થેટીસ્ટની ભૂલ થઈ તો? સો એ સો ટકા સફળ ઓપરેશન સંપૂર્ણ નિષ્ફળ! ઠંડીનું એક લખલખું મારા શરીરમાંથી પસાર થઈ ગયું. વાઢ કાપ સિવાય તો મેં બીજું કશું જ વિચાર્યું નહોતું. મારી મનોવ્યથા વધતી જતી હતી.

ડૉક્ટરોની નિપુણતા કંઈક અંશે નર્સોની કુશળતા સાથે સંબંધ ધરાવતી હતી. નર્સ જેટલી કુશળ અને કાર્યક્ષમ એટલી ડૉક્ટરને મોકળાશ વધારે. ઓપરેશન દરમ્યાન દવા, દ્રવ્ય તો નર્સે જ આપવાનાં. ડૉક્ટર સાહેબ કંઈ બધું જ ધ્યાનપૂર્વક જોતા નથી, જોઈ શકે પણ નહિ. એકાદ વસ્તુ ખોટી અપાઈ ગઈ તો? 'તોતેર' મણનો 'તો?' તો એનેસ્થેટીક ડ્રગ આપવામાં ક્ષતિ થાય, તેના જેવું. એટલે મારે ઓપરેશન ટેબલ પર જ સૂઈ જવાનું. કાયમને માટે. ઓપરેશન ટેબલ મારી મૃત્યુ શય્યા બની જાય! ઓપરેશનટેબલ પરથી બારોબાર જવાનું અવ્વલ મંઝિલે! હું છળી ઊઠયો. ઓપરેશનની સાથે આટઆટલી વિષમતા જોડાએલી હતી, જડાએલી હતી. આ બધી જ વિષમતાના ક્ષેત્રે સો એ સો ટકા સફળતા મળવી જોઈએ તો જ ડૉ. શ્રીકાન્ત શાહનો આશાવાદ વાસ્તવિક બને. નહિ તો? મારી હાલત કટોકટ હતી. મારી આશાનો, મારી આકાંક્ષાઓનો, મારી જિજીવિષાનો મકબરો ચણાતો હતો, મારી આંખો સામે જ.

'કરતાં જાળ કરોળિયા' ની જેમ ફરી એકવાર મેં પ્રયત્ન કર્યો. ફરી જાણે કે આ વિષમતાઓના સાત સમંદર પાર કર્યા છે એમ વિશ્વાસપૂર્વક મેં માની લીધું. મન મનાવી લીધું. પણ એક વિઘાતક વિકૃતિ મારા સ્મરણ પટ પર ઉપસી આવી. ફેમિલિ ડૉક્ટર શ્રી કિરણ શાહ એક વખત મને

કહેતા હતા કે માનવીય રીતે ઓપરેશન સો એ સો ટકા સંપૂર્ણ હોય તો પણ અગમ્ય કારણોસર તે નિષ્ફળ જઈ શકે છે. 'અગમ્ય કારણો?' હા, અગમ્ય કારણો. જે કારણો માણસે, વિજ્ઞાને કદી જાણ્યાં નથી, જાણતો નથી અને કદાચ જાણશે પણ નહિ. જેમ કુદરતી પરિબળો સમક્ષ વિજ્ઞાનની સર્વોપરીતા ઝંખવાઈ જાય છે. નમતું જોખે છે, ક્ષુલ્લક પૂરવાર થાય છે તેમજ આ અગમ્ય કારણોનો દોરીસંચાર કોણ કરે છે? એની લગામ કોના હાથમાં છે? શું ખરેખર કોઈ છે ત્યાં? શું અદ્રશ્ય અને અભૌતિક દુનિયાની હસ્તી છે? આ અગમ્ય કારણો એ અભૌતિક, દ્રવ્યથી પર એવા, જગતની હસ્તી પૂરવાર કરે છે અને વારંવાર પોતાનો પરચો બતાવે છે. મારો પલાયનવાદ? અજ્ઞેયવાદ? શું એ અભૌતિક જગતનો કોઈ રાજવી છે, અને એનું નામ ઈશ્વર છે? શું આ અગમ્ય, અકળ કારણો માટે ઈશ્વર જવાબદાર છે? શું દોરીસંચાર ઈશ્વરનાં હાથમાં છે? ઈશ્વર? ઈશ્વર! ખરેખર!!

હું આશા રાખું છું કે .... ઈશ્વર હોય!

આજે પંદરમી ઓક્ટોબર હતી. ઓપરેશન સવારે નવ વાગ્યે હતું. સંગાંસબંધીઓ હાજર થઈ ગયાં હતાં. પોણા નવ વાગે વ્હીલ ચેર આવી, મને તેમાં બેસાડીને લઈ ચાલી. હું ઓપરેશન થીએટરમાં દાખલ થયો. બધાં જ થીએટરની બહાર રહી ગયાં. કુસુમનું ડૂસકું સંભળાયું.

# હોસ્પિટલ

કુસુમે કહ્યું, 'ઓપરેશન સફળ થયું છે.'

હેં! અચાનક હું જાગી ઉઠયો. હવે તો હું મારા રૂમમાં હતો. ઓપરેશન થીએટરમાંથી મને ક્યારે મારા સ્પેશ્યલ રૂમમાં લાવવામાં આવ્યો તેની ખબર જ નહિ પડી.

'ઓપરેશન સફળ! સો એ સો ટકા?'

'હા, ડૉક્ટરસાહેબ કહેતા હતા કે સફળ થયું છે.' કુસુમ બોલી.

મને લાગ્યું કે હું એકાએક નબળો થઈ ગયો છું.

'ત્રણ કલાક ચાલ્યું હતું.'

'એમ ! ત્રણ ત્રણ કલાક?!'

હું વિચારવા લાગ્યો. પોણા નવ વાગે ઓપરેશન થીએટરમાં મને દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાબાદ? કશું જ યાદ નહિ.

અચાનક મેં મારા પેટ પર હાથ ફેરવ્યો. ના, કોલોસ્ટોમીબેગ નહોતી. કેમ? સિસ્ટરે તો મને માનસિક રીતે બરાબર તૈયાર કર્યો હતો! છતાંય નથી. 'કોલોસ્ટોમી બેગ' નહોતી. મને આશ્ચર્ય થયું, સાથે આનંદ પણ થયો. કેવા કેવા વિચારો કર્યા હતા મેં. કૃત્રિમ અંગ! નકલી અંગ! શરીરના કચરા, મળના નિકાલનું દ્વાર! મારે તેની સાથે ફરવું પડશે, મારા પોતાના ઘરે, મુસાફરીમાં, બીજાનાં ઘરોમાં કે પછી ઢબ્બર સાહેબની ચેમ્બરમાં, જ્યાં જાઉં ત્યાં મારી સાથે રહેનાર હતી. મેં મને માનસિક રીતે તૈયાર કર્યો હતો. પણ કોણ જાણે કેમ પણ 'કોલોસ્ટોમી બેગ' નહોતી. કુસુમ પણ જાણતી નહોતી.

મારી જીવાદોરી લંબાઈ હતી. આખરે મારી જિજીવિષાનો વિજય થયો હતો. એક મહાપાતકમાંથી ઉગરી ગયો હતો. હાશ થઈ ગઈ! શરીરમાં જો કે ઘણી નિર્બળતા અનુભવતો હતો. પણ એક ઘાત ગઈ તેનો આનંદ હતો. હવે થોડા દિવસ હોસ્પિટલમાં. થોડા દિવસ ઘરે આરામ. પછી પાછો ઓફિસમાં મારી ચેમ્બરમાં. પછી પાછો મુસાફરીએ! ચાલો, જે ઘડીની રાહ જોતો હતો તે કાળઝાળ આવી અને ગઈ પણ! હું મનમાં ગૌરવની લાગણી અનુભવી રહ્યો. જાણે ઈડરિયો ગઢ જીત્યો હોઉં! મારા મુખ પર

સંતોષ, ગર્વ, ગૌરવ, હિંમત, આનંદના ભાવો તરવરી રહ્યા. આશરે એક થવા આવ્યો હતો. મને હવે ખોરાક લેવાની છૂટ હતી. થોડો ખોરાક લીધો. આરામ કરવાનો વિચાર કરતો હતો ત્યાં જ. ટ્રીન ટ્રીન....ટ્રીન ટ્રીન..... ફોનની ઘંટડી વાગી. મને અહીં હોસ્પિટલમાં ટેલિફોનનું એક્ષટેન્શન આપ્યું હતું.

'હેલ્લો, કોણ?'

'આઈ એમ ઢબ્બર સ્પીકીંગ.'

'ઓહ, ઢબ્બર સાહેબ!'

'હાઉ આર યુ, દેસાઈ?'

'સર, કમપ્લીટલી વેલ.'

'હાઉ અબાઉટ ધ ઓપરેશન?'

'ઈટ ઈઝ સકેસસફૂલ, સર.'

'સર, હાઉ આર યૂ એન્ડ ધ ઓફિસ સ્ટાફ?'

'વી આર ઓલ ફાઈન હીયર, પ્લીઝ ટેઈક નો થોટ ફોર અસ, રાધર ટેઈક રેસ્ટ.'

'થેન્ક યુ સર.'

'વીશ યુ અર્લી રીકવરી.'

'ઓહ થેન્કસ અ લોટ, ઢબ્બર સાહેબ.'

ઢબ્બર સાહેબે ફોન મૂકી દીધો. મનોમન હું ઢબ્બર સાહેબને વંદી રહ્યો. ઓફિસના સ્ટાફના પ્રત્યેક સભ્ય માટે તેમની કાળજી, પ્રેમ, પોતાના ક્ષેત્રમાં કાર્યદક્ષતા, કાર્યસાધકતા તેમજ નિજી વ્યવહારુતાએ તેમને 'મુઠી ઊંચેરો' માનવી બનાવ્યાં હતાં. કંપનીની પ્રગતિ બહુધા તેમના આ ઉમદા ગુણોની નીપજ હતી. ઓફિસનું નામ (પરફેક્ટ) સાર્થક કરવાની તેમની ધગશ અને નેમ, સ્ટાફના પ્રત્યેક સભ્યમાં નિત્ય નવા પ્રાણ પૂરતી. અને તેથી કંપનીની પ્રગતિનો આલેખ થાક ખાધા વિના બસ ઊંચે અને ઊંચે ચઢતો જતો હતો. અને તેથી જ વ્યાપાર ઉદ્યોગની દુનિયામાં કહેવાતું કે પરફેક્ટ એન્જિનિયર્સ લિમિટેડમાંથી ઢબ્બર સાહેબની બાદબાકી થાય, તો માંડ શેષ રહે. અને આથી તેમને ઘણી સારી સારી ઓફરો પણ મળતી,

પણ ઢેબર સાહેબ એ સર્વ ઓફરો, આમંત્રણો ઠુકરાવતા અને કંપની પ્રત્યે પોતાની વફાદારી જાહેર કરતા. આવી વ્યક્તિના વડપણ હેઠળ નોકરી કરવી એ પણ એક લ્હાવો હતો - ગૌરવપ્રદ હતું. કંપનીના 'બોસ', ગમે ત્યારે, ગમે તે સંજોગોમાં સ્ટાફની પડખે! આવા ઉદાત્ત વિચાર કરતાં આંખ ક્યારે મળી તેની ખબર ના પડી.

સાંજે પાછાં બધાં સગાંસંબંધીઓ મુલાકાતે આવ્યાં. સફળ ઓપરેશનનાં સમાચારે બધાંએ રાહત અનુભવી. અચાનક જ જાણે બધાંને એક સાથે વાચા ફૂટી! બધાં જ કંઈને કંઈ બોલવા લાગ્યાં, વિનોદ કરવા લાગ્યાં. મૌનનાં બંધ તૂટી ગયા હતા. હાસ્ય પરથી મનાઈહુકમ ઉઠાવી લેવામાં આવ્યો હતો. હળવાશનું વાતાવરણ નિરાંત બક્ષતું હતું. ઔપચારિક વાતો બાદ બધાં આનંદથી વિખૂટાં પડયાં. રાત્રિનું ભોજન મેં અને કુસુમે સાથે લીધું અને પછી વાતો એ વળગ્યાં. ઓપરેશનના ત્રણ કલાક દરમિયાન શું થયું તેનો હેવાલ કુસુમે આપ્યો. પછી સૂવાની તૈયારી કરી.

અત્યાર સુધી હું નહોતો માનતો, પણ હવે માનવું પડે છે. આપણા ભારતમાં પણ કુશળ ડૉક્ટરો ખરા. તજજ્ઞતા, કુશળતાના ક્ષેત્રમાં પશ્ચિમના દેશોનો ઈજારો થોડો છે?

અને આમ હવે આપણા અહીંના ડૉક્ટરો, તજજ્ઞો, વૈજ્ઞાનિકો કૂપમંડૂક ક્યાં રહ્યાં છે! અવારનવાર પરદેશની મુલાકાતો લે છે ને! તજજ્ઞતાના ક્ષેત્રે તો સંપન્ન છે જ , એટલું જ કે પરદેશમાં ઉપલબ્ધ ઉપકરણો વસાવવાં પડે. સરકારની નીતિ પણ હવે પ્રોત્સાહક અને સહાયક થઈ છે, તેથી આવાં. ક્ષેત્રોમાં કૌશલ્ય અને સગવડો વધવાનાં અને ભારતની પ્રજાને ફાયદો થવાનો, સગવડો મળવાની.

જો કે વૈદકીય ઉપકરણો અને એવાં ઘણાં બીજાં ઉપકરણો અને યંત્રો ભારતમાં બને છે પણ અહીં 'ટાટા' માં ઉપયોગમાં લેવાતાં બધાં જ ઉપકરણો, સાધનો પરદેશનાં છે. તેથી તેમની કાર્યક્ષમતા કે ચોકસાઈ વિષે બેમત ન હોઈ શકે. વળી ડૉ. કાપડિયા સાહેબ જેવા તબીબ, જેમને પરદેશમાં આવાં અટપટાં અને જટિલ ઉપકરણોનો ઉપયોગ કરવાનો બહોળો અનુભવ છે, તે જો ઓપરેશન કરતા હોય તો પછી શંકા લાવવાનું

કારણ જ ક્યાં રહ્યું? હું નકામો ચિંતા કરતો હતો, અને શંકા લાવતો હતો.

'એનેસ્થેસીયા'ના ક્ષેત્રમાં પણ મારી શંકાઓ તદ્દન બિનપાયાદાર હતી. એનેસ્થેટીસ્ટ તબીબ અનુભવી હોય છે અને ઓપરેશન થીયેરમાં કંઈ કેટલીયવાર ફરજ બજાવી હશે અને તે પણ પાછી આ તો ટાટાની હોસ્પિટલ. કંઈ જેવો તેવો, અણઆવડતવાળો તબીબ અહીં પ્રવેશ પામી શકતો હશે! 'એનેસ્થેટીક' ડ્રગની અલ્પ માત્રા કેટલી તેની તો એને ખબર જ હોય ને! વળી એ અલ્પ પ્રમાણ નક્કી કરવાનાં સાધનો પણ કેટલાં સંવેદનશીલ હોય છે. ભાગ્યે જ ભૂલથાય. એણે પોતે પણ એની કારકિર્દીનો વિચાર કરવાનો હોય ને? અને હોસ્પિટલની પ્રતિષ્ઠાને આંચ નહિ આવવી જોઈએ. કેવા કેવા વિચારો હું કરતો હતો. જેને કોઈ જ આધાર નહોતો તેની ઉપર હું મારી શંકાઓનો, વહેમની બુનિયાદ ચણતો હતો!

હોસ્પિટલ, ઓપરેશન, તબીબની નિપણુતા, વૈદકીય ઉપકરણોની સંવેદનશીલતા, ચોક્સાઈ વિરુદ્ધ શરસંધાન કરતાં મેં નર્સોને પણ બાકાત રાખી નહોતી. મેં એવું માની લીધું હતું કે નર્સો પણ સાવ રેઢિયાળ, બેદરકાર અને મૂર્ખી હોય છે. ડૉક્ટર માગે શું એ આપે શું? દર્દીના જીવનની તેને મન કાંઈ કિંમત હોતી નથી. તેને તો બસ પગાર સાથે, બક્ષિસ સાથે લેવાદેવા. હોસ્પિટલના સત્તાવાળાઓ પાસે પગારના રૂપમાં પૈસા લેવાનાં અને દર્દીઓ પાસે અનાધિકૃત રીતે, નફટાઈપૂર્વક, હિંમતથી બક્ષિસના રૂપમાં પૈસા લેવાના. જવાબદારી, ફરજ તો ઠીક પણ અહીં પણ મારે હાર કબૂલ કરવી પડી. અહીંની નર્સો બહુજ કાબેલ, ઝડપી અને સાથે વિનયી હતી. બક્ષિસ લેવાનું કલંક તેઓને લાગ્યું નહોતું. તેઓની સેવાની, નિષ્ઠાની કદર નહિ કરીને મેં તેઓની બદનક્ષી કરી હતી. ભલે એ બદનક્ષીનું સ્થાન ફક્ત મારા આત્મસંભાષણમાં હતું; પણ તે બદલ મારું મન મને ગુનેગાર ઠરાવતું હતું.

શાબાશ! વિષમતાઓના સાતે સાત સમદંર પાર થઈ ચૂક્યાં હતાં. એ યાતનાસભર, જુગુપ્સિત, ભયાનક, શંકાકુશંકાઓથી ભરપૂર એવી મુસાફરી મેં પૂરી કરી હતી. કોઈ રાક્ષસે અથવા યક્ષે મને હેરાન કર્યો નહોતો, પીછો પકડ્યો નહોતો. પેલાં કહેવાતાં 'અગમ્ય કારણો' એ પણ નહિ.

ઈશ્વરે (?) પણ મને યારી આપી હતી! કોઈ બાધ કે બંધન નડયાં નહિ. જે મહોરું મેં પહેરી રાખ્યું હતું તે અકબંધ હતું. હિંમતવાન હોવાનો, નીડર હોવાનો, નિરપેક્ષ હોવાનો, નિર્લેપ હોવાનો મારો સંનિવેશ વાસ્તવિક પૂરવાર થયો હતો. સાચુકલો પૂરવાર થયો હતો. મારું ગૌરવ અખંડિત રહ્યું હતું. જાણે કે યમરાજના જડબામાં મેં એક મજબૂત મુક્કો લગાવી દીધો હતો; તેની સવારી મેં મારા બારણેથી લીલાં તોરણે પાછી કાઢી હતી. હવે ફરી એ આવવાનું નામ નહિ લે. આવશે મારી વૃદ્ધાવસ્થામાં અને ત્યારે તો હું તેને સામે આવકારવા જઈશ. કેટકેટલા ઉજાગરા કરાવ્યા, કેટલાં પાસાં પલટયાં પથારી પર! પણ હવે એ પરિસ્થિતિને મૃત્યુઘંટ વાગી ગયો છે. હવે હું શાંતિથી, નચિંત ઊંઘીશ. મારું બળ, શક્તિ, તંદુરસ્તી પુનઃ પાછાં મેળવી લઈશ. વાર કેટલી? ચિરનિંદ્રા, અવ્વલ મંઝિલ, નિર્વાણ....મારો તેજોવધ કરવા માંગતા હતા. હવામાં ઓગળી ગયાં. વિજ્ઞાનની સર્વોપરિતાએ ફરી એકવાર પોતાનો પરિચય આપ્યો છે. પોતાનો પરચો બતાવ્યો છે. મૃત્યની છડી પોકારતાં, એ કહેવાતાં જીવલેણ 'કેન્સર'ને પડકાર્યું છે, પોતાની ઓળખ કરાવી છે અને ધરપકડ કરી છે. થોડા દિવસોના ભૂતકાળનો એ અગનખેલ શમી ગયો છે. વિજ્ઞાનની અગ્નિશામકતા યથાર્થ ઠરી છે! ચિંતાની ચિતાની એ જવાળાઓ હોલવાઈ ગઈ છે! અસંમજસતાનું ધુમ્મસ વિખેરાઈ ગયું છે. મનનું ગગન ફરીથી નિરભ્ર થયું છે. રહ્યાં છે ત્યાં અકબંધ, અજ્ઞેયવાદ! પલાયનવાદ!

આજે સોળમી ઓક્ટોબર હતી. તન, મન હળવાશ અનુભવતાં હતાં. કતલની રાત તો ક્યારની પૂરી થઈ ગઈ હતી. આનંદ, ઉલ્લાસથી મન પ્રફુલ્લિત હતું. તાજગી અનુભવતું હતું. પ્રાતઃક્રિયા બાદ હું વર્તમાનપત્ર ઉથલાવી રહ્યો હતો તેવામાં સિસ્ટર મીનાક્ષીએ આવીને કહ્યું કે ડૉ. કાપડિયા સાહેબ વિઝિટ પર આવી રહ્યા છે.

'ગુડ મોર્નિંગ, મી. અનિલ દેસાઈ!'

'ગુડમોર્નિંગ, ડૉક્ટર સાહેબ.'

'હાઉ આર યુ? હાઉ ડુ યુ ફીલ?'

'સર, આઈ એમ ફાઈન, બટ ફીલ અ લીટલ વીક.'

'ઈટ વીલ બી ઓલરાઈટ વિધિન અ ફ્યુ ડેઝ.'

'થેન્ક યુ સર.'

'એની અધર ટ્રબલ?'

'નથિંગ સર.'

ડૉક્ટર સાહેબે થોભીને મારી સામે જોયું. પછી કુસુમ સામે જોયું. જાણે કશું કહેવા માગતા હોય; પણ પછી પોતના વિઝિટિંગ સ્ટાફ સાથે રૂમ છોડી ગયા. મને સહેજ આશ્ચર્ય લાગ્યું. પાછું મેં વર્તમાનપત્ર વાંચવા માંડયું. બપોર થયા હતા. જમીને બસ ઊંઘવું હતું. આરામ કરવો હતો, તેથી મેં અને કુસુમે જમી લીધું, પછી થોડી ઔપચારિક વાતો કર્યા બાદ મેં પલંગમાં લંબાવ્યું.

# નવીન અનુભવ

ઊંઘીને ઊઠયા બાદ વિશેષ તાજગી અનુભવી. આશરે ચાર વાગ્યા હતા, એટલામાં સિસ્ટર મીનાક્ષીનો ટેલિફોન આવ્યો.

'મિ. દેસાઈ, હું સિસ્ટર મીનાક્ષી બોલું છું.'

'હાજી, બોલો બેન.'

'મિ. દેસાઈ, આપને કોઈ ભાઈ મળવા માગે છે મોકલું?'

'જી હા, મોકલી આપો.'

એટલામાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ એવો એક જુવાન દાખલ થયો. અગાઉ કશે જોયો હોવાનું યાદ નથી. નવો જ ચહેરો, નવી જ વ્યક્તિ.

'ગુડ આફ્ટરનુન, મિ. દેસાઈ.'

'ગુડ આફ્ટરનુન ટુ યુ.'

'મારું નામ ટોમસ પૉલ છે. આમ તો હું કેરાલાનો વતની છું. પણ ઘણા વખતથી મુંબઈમાં રહું છું. એટલે મરાઠીની સાથે સાથે ગુજરાતી પણ આવડી ગયું છે.

'સરસ!' આપના આવવાનો ઈરાદો?

'હું હોસ્પિટલમાં દરદીઓની મુલાકાત લઉં છું, તેમને આશ્વાસન, હિંમત આપવાનો પ્રયત્ન કરું છું, અને વિશેષ કરીને મારા પોતાના જીવનમાં જે શાંતિ છે તેની સાક્ષી હું આપું છું.'

'એમ!'

'જી હા, હું ગિડિયન ઈન્ટરનેશલન નામની સંસ્થા સાથે સંકળાયેલો છું. હું પોતે નોકરી કરું છું. પરંતુ આ સંસ્થાનાં ધ્યેય મુંજબ હોસ્પિટલ, હોટલ, કેદખાનું, સૈન્ય, સ્કૂલ, વગેરે સંસ્થામાં જઈ મારી સાક્ષી આપું છું અને આ પુસ્તક મફત આપું છું' એમ કહીને એણે એની થેલીમાંથી એક નાનું સફેદ રંગના ચામડાની બાંધણીવાળું પુસ્તક કાઢી ટીપોય પર મૂક્યું. પુસ્તકના કવર પર લખ્યું હતું. 'ન્યુ ટેસ્ટામેન્ટ' અને પુસ્તકની ભાષા ઈંગ્લીશ હતી. મને તરત જ ખ્યાલ આવી ગયો કે આ કોઈ ખ્રિસ્તી વ્યકિત છે અને અહીં પ્રચારાર્થે આવી છે.

'ત્યારે તમે ખ્રિસ્તી છો.'

'જી હા.'

'તમે કહ્યું કે હું દરદીઓને હિંમત, આશ્વાસન આપું છું. પણ વિશેષ કરીને મારા જીવનમાં જે શાંતિ છે તેની સાક્ષી આપું છું.'

'જી હા.'

'તો તમારા જીવનમાં કઈ શાંતિ છે, અને તેની સાક્ષી શી છે?'

'મિ. દેસાઈ, જે કોઈ વ્યકિત પોતાનાં પાપોનો પસ્તાવો કરે છે અને ઈસુ ખ્રિસ્તને પોતાના અંગત, વ્યક્તિગત તારનાર તથા પ્રભુ તરીકે સ્વીકારે છે તેને આ શાંતિ મળે છે અને એ જ મારી સાક્ષી છે.'

'અમે, ત્યારે તમે પાપ એટલે ખોટાં કામ કરેલાં તેનો પસ્તાવો કર્યો છે?'

'જી હા, બાઈબલમાં તમને આ જે પુસ્તક આપ્યું છે તેમાં પણ લખેલું છે, એમ કહીને એણે એનું મોટું પુસ્તક જે એના કહેવા પ્રમાણે 'બાઈબલ' હતું તે ઉઘાડયું અને અમુક જગ્યાએ મને વાક્યો વંચાવવા લાગ્યો.

'મિ. પોલ મને વંચાવવાની કોઈ જરૂર નથી. તમે જ વાંચો. હું માની લઈશ કે એવું પુસ્તકમાં લખ્યું છે.'

'મિ. દેસાઈ, અહીં લખ્યું છે કે કોઈ ન્યાયી નથી એકે નહિ એટલે આપણે બધાં પાપી છીએ. એટલે કેવળ મેં એકલાઓ ખોટાં કામો કર્યાં છે એમ નહિ, પણ જગતની દરેક વ્યક્તિએ.....'

'એમ તમે કેવી રીતે કહી શકો? તમે બહુ બહુ તો તમારી જાતને દોષિત ઠરાવી શકો, પણ બીજી કોઈપણ વ્યક્તિને, દોષિત ઠરાવવી એ વાજબી નથી. તમે કોઈનો ન્યાય ન કરી શકો.'

'નહિ મિ. દેસાઈ, હું કોઈનો ન્યાય કરવા માંગતો નથી. પણ મેં જે કહ્યું તે સનાતન સત્ય છે.'

'સનાતન સત્ય?'

'જી હા, સનાતન સત્ય.'

'એવું કેમ બની શકે? જે બાબત તમારા માટે સનાતન સત્ય હો તે

બધાં માટે ના પણ હોય. મેં ખોટા કામ કર્યા છે એવું હું માનતો જ નથી.

'મિ. દેસાઈ, એ બરાબર નહિ. કામ, ક્રોધ, ઈર્ષા, નિંદા, વેરઝેર, કુસંપ, પૂર્વગ્રહ, અભિમાન, ઝઘડા, કડવાશ, રીસ, ઝનૂન..... એવાં તો કેટલાય ખોટાં કામ દરેક માણસ દરરોજ કરે છે.'

'હું એટલે જ કહું છું ને ! દરેક માણસ એવું કરતો હોય અર્થાત્ બધાં જ માણસો એવાં કામ કરતાં હોય તો એમ કરવું સ્વાભાવિક છે. મનુષ્ય સ્વભાવ છે. તે એ પ્રમાણે જ કરવાનો; તો પછી ખરાંખોટાનો સવાલ જ ક્યાં આવ્યો?'

'મિ. દેસાઈ, મનુષ્ય મૂળભૂત રીતે પાપી છે. એટલે કે આવાં પાપ કરવાથી તે પાપી બનતો નથી પણ તે પાપી છે જ, જન્મથી અને આ બધાં પાપો તેની પાપી અવસ્થાનાં ફળ છે, પરિણામ છે, અસર છે.'

'જો મનુષ્ય જન્મથી જ પાપી છે એમ તમારે કહેવું હોય તો આ ચર્ચા બંધ કરો. નવા જન્મેલા બાળકને કોઈ વ્યક્તિ, કોઈ ધર્મ કે કોઈ ઈશ્વર પાપી કહી શકે નહિ.'

'મિ. દેસાઈ, તેમ નહિ માંનો, એ જુદી વાત છે.'

'મિ. દેસાઈ, અહીં એમ પણ લખ્યું છે કે સમજનાર કોઈ નથી. દેવને શોધનાર કોઈ નથી.'

'એટલે ? આ જગતમાં બધાં અબુધ વસે છે? બધાં મૂર્ખ છે? તેઓને કશી ગતાગમ પડતી નથી? મિ. પોલ, મનુષ્યમાં સમજશક્તિ છે એનો એક જીવતોજાગતો, જડબેસલાક પુરાવો આ હોસ્પિટલ પોતે પૂરો પાડે છે માણસમાં સમજશક્તિ છે એ કાંઈ હવે સાબિત કરવાની બાબત રહી નથી એ તો ઊડીને આંખે વળગે એવું સ્વીકારાયેલું સત્ય છે. હું તમને સામો પ્રશ્ન કરું કે માણસમાં સમજશકિત નથી એવું તમારું સનાતન સત્ય તમે સાબિત કરી શકો છો?'

'અને તમે કહો છો કે દેવને શોધનાર કોઈ નથી. તો જગતમાં આ બધા ધર્મો, તેમના ફાંટાઓ, તેમનાં ધાર્મિક શિક્ષણની વ્યવસ્થાઓ, કથાઓ, પારાયણો..... એ બધું અહેતુક છે? તેઓ દેવને એટલે ઈશ્વરને, જો હોય તો, શોધવાનો પ્રયત્ન નથી કરતાં ?'

'મિ. દેસાઈ, ઈશ્વરને સાચી રીતે કોઈ સમજતું કે શોધતું નથી...

'એટલે ઈશ્વરને સાચી રીતે સમજવાનો, શોધવાનો ઈજારો તમે ખ્રિસ્તીઓએ રાખ્યો છે, એમ?'

'મિ. દેસાઈ, હું કોઈ એવો ઈજારો રાખ્યાનો દાવો કરતો નથી, પણ ઈશ્વરનું વચન જે કહે છે તે કહું છું. અહીં એમ પણ લખ્યું છે કે સઘળા ભટકી ગયા છે, 'સત્કર્મ કરનાર કોઈ નથી.'

'અરે મિ. પૉલ, કોઈ ભટકી ગયું નથી.બધાં પોતાને ઠેકાણે જ છે. દરેકને પોતાનું ઘર અને સરનામું છે અને જો સત્કર્મો થતાં ના હોય તો આ દુનિયા ચાલે કેવી રીતે? આ હોસ્પિટલ પોતે એનો પુરાવો નથી શું?

એકે એક દલીલમાં મારો વિજય થતો હતો. મિ. પોલ બિચારો ઝંખવાઈ ગયો હતો પણ બહુ જ વિનમ્રતાથી અપમાન ગળી જતો હતો. મને ઘણી નવાઈ લાગી કે વ્યક્તિ આટલી હદ સુધી નમ્ર અને રાંક હોઈ શકે? હજુ પણ તે તેનું ધર્મપુસ્તક ઉથલાવતો હતો.

'મિ. દેસાઈ, બીજાં વચનો હું વાંચી શકું?'

'વાંચી શકો છો.' મેં વિજયી અદાથી કહ્યું.

'મિ. દેસાઈ, જો કે તમે અજૂગતું લાગશે, પણ અહીં લખે છે કે સઘળાંએ પાપ કર્યું છે અને દેવના મહિમા વિષે સઘળાં અધૂરાં રહે છે એટલે મિ. દેસાઈ મેં જે તમને કહ્યું તે અહીં દોહરાવ્યું છે અને....'

'મિ. પોલ, તમે પાછી એકની એક વાત જ કરો છો. તમે જેને પાપ કહો છો તે તો મનુષ્ય સ્વભાવ છે. એનો કોઈ ઈલાજ છે?'

'હા છે, મિ. દેસાઈ'

'એટલે તમે હવે એક પણ પાપ કરતા નથી, મિ. પૉલ?'

'એમ તો નહિ, પણ જાણી જોઈને સ્વેચ્છાએ હું પાપ કરતો નથી.'

'એટલે તમારો મનુષ્ય સ્વભાવ તો ખરો જ, પાપ કરવાનો, કેમ?'

'મિ. દેસાઈ,મારો જીવનનો અભિગમ બદલાયો છે, પણ.....

'મિ. પોલ, તમે બે મોઢાંની વાત કરો છો, એ કેવી રીતે માની શકાય?'

'મિ. દેસાઈ, તમારી શંકાઓનું-પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે માટે

હું બીજી એક કલમ વાંચવા માગું છું.'

'વાંચો ત્યારે.'

'કેમ કે પાપનું વેતન કે પગાર તે મરણ છે, પણ...'

'બસ, બસ મિ. પોલ, તમે શું કહ્યું? પાપનું વેતન મરણ છે?'

'જી હા.'

'કેવી રીતે? શું તરતનું જન્મેલું બાળક મરી જાય તો તેણે કરેલાં પાપોને લીધે મરી જાય? કેવી ઉટપટાંગ વાત કરો છો! બંધ કરો હવે, આગળ મારે કાંઈ સાંભળવું નથી. કોઈ બુદ્ધિશાળી તમારી વાત સ્વીકારી શકે નહિ, તદ્દન વાહિયાત!

'મિ. દેસાઈ તમે નથી પૂરી વાત સાંભળતા કે નથી તમે મને તેનું અર્થઘટન કરવા દેતા'

'મિ. પૉલ, તમારી વાતોનું જો હું પોતે જ અર્થઘટન કરી શકતો હોઉં તો પછી મારે તમને પૂછવાની કોઈ જરૂર ખરી?'

ટોમસ પોલ બિચારો નિરુત્તર રહ્યો. મારી દલીલોનો સામનો કરવાની તેનામાં તાકાત નહોતી. છતાંય બાઈબલમાંથી વાંચવાનો તેનો આગ્રહ, કહો કે જિદ, ઘટયાં નહોતાં. તેણે બાઈબલમાંથી વાંચ્યે જ રાખ્યું. હું કાંઈ ખાસ ધ્યાન આપતો નહોતો પણ મુખ્ય વિચાર જાણી લેવા માંગતો હતો જેથી તેને સંપૂર્ણ શિકસ્ત આપી શકાય, એટલે બીજીવાર તે અહીં આવે જ નહિ પણ તેનો ઉત્સાહ તૂટી જાય તો બીજે જતાં પણ અટકે. આખરે તેનો મુખ્ય અને અંતિમ આશય તો ધર્માંતરનો એટલે વટલાવવાનો જ રહેવાનો ને!

પોલ ઘણું બધું વાંચી ગયો, જેના મુખ્ય મુદ્દાઓ હતા - પાપની કબૂલાત થતાં મળતી માફી - લોહીથી શુદ્ધિકરણ અને એ લોહી, ઈસુખ્રિસ્તે વહેવડાવ્યું તે, વધસ્તંભ ઉપર - ઈસુખ્રિસ્તે જ, તેણે એકલાએ જ માણસજાત પર પ્રેમ કર્યો અને વળી ઈશ્વર (?) ના કોપથી બચાવે છે - ઈસુ ખ્રિસ્તે મારી શિક્ષા ભોગવી, મારા બદલે - હું મુખ્ય પાપી છું - ઈસુ ખ્રિસ્ત એકલો જ તારણ આપે છે - હમણાં જ તારણ પામવાનો સમય, વગેરે વગેરે.

'મિ. પૉલ તમે તો તમારા ધર્મની વકીલાત કરો છો, જાણે કે ખ્રિસ્તી ધર્મ એકલો જ સાચો હોય, અને બીજા બધા ધર્મો નકામા! એવું તે હોતું હશે! બધા જ ધર્મોમાં સારી વાતો આપેલી છે અને મારા મત પ્રમાણે બધા જ ધર્મો લગભગ સરખા છે. બધા જ ધર્મો સદ્‌ગુણોની હિમાયત કરતા હોય છે. એ સિવાય બીજું જોઈએ પણ શું? આ તમે જ, ફક્ત તમારો જ ધર્મ, મનુષ્યને પાપી કહીને, ઠેરવીને તેને દોષિત ઠરાવે છે. માણસને ઉત્તેજન આપવાને બદલે બિચારાને નાહિંમત કરે છે. ખ્રિસ્તી ધર્મ એકલો જ કાંઈ સાચો નથી. જો કે સાચો હોય તો પણ બીજા બધા ધર્મો પણ સાચા છે નહિ તો સમયના વ્હેણમાં ટકી શકે નહિ.

'પાપની કબૂલાત કરવાથી માફી મળે, એ તો સમજ્યા પણ આવી માફી ફક્ત ઈસુખ્રિસ્ત જ આપી શકે? તેણે એકલા એ જ માફી આપવાનો ઈજારો રાખ્યો છે? કેવી પક્ષપાતી વાત કરો છો? આ તમે જે લોહીથી શુદ્ધિકરણની વાત કરી, એ તો બહુ ભયંકર અને ઘાતકી વિચાર છે. લોહી વહેવડાવવાની વાત કરનારની સામે ધિક્કાર જ છૂટે. એક બાજુ તમે માફી આપવાની વાત કરો છો અને બીજી બાજુ તમે કડીતોડ શિક્ષા કરવા માગો છો. એવી શિક્ષા કે તે તમારા ઈસુખ્રિસ્તનો જાન લે અને તેનું લોહી વહેવડાવે! એમાં તર્કસંગતતા સુદ્ધાં રહેલી નથી. પાછા આ બધાની સાથે તમે પ્રેમને સાંકળો છો. વિચિત્ર! ઈસુખ્રિસ્ત માણસજાતને પ્રેમ કરે માટે તેનાં પાપોની શિક્ષા ભોગવે, શિક્ષા ભોગવતાં લોહી વહેવડાવી મરી જાય અને ઈશ્વરના કોપથી બચાવે! ઈશ્વરનું અસ્તિત્વ જ સાબિત થયુ નથી ત્યાં કોપની વાત વળી ક્યાં આવી? અને તમે કહ્યા પ્રમાણે ઈસુખ્રિસ્ત પાછો જીવતો થયો છે? કોઈ માણસ કદી મરણ બાદ જીવતું થયું છે ખરું? મરણનો સિલસિલો આજદિન સુધી અતૂટ છે ને રહેશે, તો પછી આવા ગપગોળા હાંકવાનો કોઈ અર્થ ખરો? વાહિયાત અને ઉટપટાંગ વાતો હોય તો સાંભળનાર તેને લેખામાં લે નહિ, અને એક કાનેથી સાંભળી બીજે કાનેથી બહાર કાઢી નાખે, પણ આવી તદ્દન અશક્ય વાત તમે કેવી રીતે કહી શકો છો? ઉદ્ધાર તમારા ધરમમાં જ કેમ ? બીજે તો મોક્ષ મળતો જ નહિ હોય!'

'મિ. દેસાઈ, માનવું ન માનવું તમારા હાથમાં છે. આ નવો કરાર તમે રાખો, તેમાં જે બધાં વાક્યો મેં વાંચ્યા છે તેના સંદર્ભોની ચિઠ્ઠી છે, સમય મળ્યે વાંચજો. આપનો આભાર!'

હું એને જતાં જોઈ રહ્યો! તેની નમ્રતા, અહમનો અભાવ મને સ્પર્શી ગયાં. 'મોક્ષ' સંબંધીના વિચારની એક નવી દિશા તેણે ચીંધી હતી. મોક્ષની તેણે કરેલી વાત મને ગમી, પણ બીજી જ ક્ષણે એ વિચારને મેં ફગાવી દીધો. મોક્ષ ઈસુખ્રિસ્તથી જ! એટલે મારે ધર્માંતર કરવાનું, વટલાવવાનું અને આ પરદેશી ધરમ સ્વીકારવાનો? છટ્! લાલચ, પરીક્ષણ આપીને તો ખ્રિસ્તી બનાવે છે. વટલાનારને નોકરી તો આપે પણ પાછું છોકરી પણ આપે! સરકાર કશું કરતી નથી! મહોલ્લાઓમાં અને શેરીઓમાં તેઓ કેવી રીતે ઊભા રહી, ગીતો ગાઈ, પ્રચાર કરી શકે છે? સહેજે શરમ નહિ? સ્વમાન જેવું પણ નહિ ગમે તે કહો, સાંભળી લે. હશે હવે, એમનો પાદરી કે ફાધર જેમ શીખવાડીને મોકલતો હશે તેમ બોલતા હશે. પૈસાય મળતા હશે. જવા દો એ વાત! મારે વળી શું કામ છે એવા પરદેશી ધર્મનું? એવા નવરા તો બહુ આવે - રાતે જમીને કુસુમ સાથે વાત કરતાં ખ્રિસ્તીધર્મ પરના રોષનો ઊભરો ઠાલવી હું સૂવા પડ્યો.

# દેહાંતદંડ

આજે સત્તરમી ઓક્ટોબર હતી. ઓપરેશન પછીનો ત્રીજો દિવસ હતો. દશમી તારીખે દાખલ થયો હતો. આજે સત્તરમી હતી. જોતજોતામાં એક અઠવાડિયું ક્યાં પસાર થઈ ગયું તેનો ખ્યાલ પણ ન રહ્યો. હવે થોડા દિવસ હોસ્પિટલમાં રહેવાનું હતું; પછી ઘેર!

પ્રાતઃક્રિયા આટોપી હું વર્તમાનપત્ર વાંચતો બેઠો હતો. તેવામાં સિસ્ટર મીનાક્ષીનો ફોન આવ્યો.

'મિ. દેસાઈ, ગુડમોર્નીંગ, હું સિસ્ટર બોલું છું.'

'જી, બોલો સિસ્ટર.'

'કુસુમબેન છે?'

'ના જી, તે ફ્લેટ પર ગયાં છે.'

'એમ? ક્યારે આવશે?'

'લગભગ એકાદ કલાક બાદ, કેમ? કાંઈ કામ છે?'

'ના, અમસ્તું જ. ડૉ. સાહેબ વિઝિટ પર આવે છે.'

'વારું, થેન્ક યું.'

મેં ફોન મૂકી દીધો, અને ડૉ. કાપડીયા સાહેબની વિઝિટ માટે સાબદો થઈ ગયો. જો કે આમ સાબદા થવાની કોઈ જરૂર નહોતી. ઓપરેશન થયાનો આજે ત્રીજો દિવસ હતો. ગઈકાલે પણ ડૉ. સાહેબ વિઝિટ પર આવી ગયા હતા અને એમની વિઝિટ બહુ જ સામાન્ય રહી હતી. થોડા દિવસોમાં બધી અશક્તિ દૂર થવાનો સધ્યારો, હિંમત પણ તેમણે આપ્યાં હતાં. ડૉ. સાહેબનું વ્યકિત્વ પણ અદ્ભૂત હતું. ઊંચા, શરીરનો બાંધો મજબૂત, દમામદાર ચાલ! તેમને જોતાં જ કોઈને સહેજે લાગે કે વ્યક્તિ બુદ્ધિશાળી અને બાહોશ હોવી જોઈએ. વાઢકાપના ક્ષેત્રે તેમની હાક વાગતી હતી. વારંવાર પરદેશ જતા, સેમિનારો, કોન્ફરન્સમાં ભાગ લેવા ઉરાંત પોતાની સેવા પણ આપતા. તેમની સાથે તેમના હાથ નીચેનાં ડૉક્ટરો, નર્સો તેમજ અન્ય સ્ટાફ કાયમ રહેતાં. આટલી મહાન વિભૂતિ હોવા છતાં તદ્દન નિરભિમાની અને વિનયી હતા.

'ગુડમોર્નિંગ, મિ. દેસાઈ' કહેતા ડૉ. કાપડિયા સાહેબ તથા તેમનો સ્ટાફ પ્રવેશ્યો.

'ગુડમોર્નિંગ, ડૉ. સાહેબ.'

'હાઉ આર યુ?'

'સાહેબ હવે સારુ છે. ખોરાક પણ લેવાય છે, રાતે ઊંઘ પણ સારી આવે છે અને શક્તિ આવતી જણાય છે, પણ સાહેબ કુદરતી હાજતની થોડી તકલીફ છે.'

'એમ! કુસુમબેન નથી?'

'ના સાહેબ, ફ્લેટ પર ગઈ છે.'

'એમ ? ક્યારે આવવાનાં? હજુ વાર છે ને?'

'હા સાહેબ, કલાકેક પછી આવશે.'

'ડૉ.સાહેબ, કોલોસ્ટોમી બેગની વાતનું શું થયું?'

'હા.....હા....હા....'

'ત્યારે તમને આશ્ચર્ય લાગે છે કેમ?'

'હા સાહેબ, મને તો કહેવામાં આવેલું કે 'કોલોસ્ટોમી બેગ' એક અનિવાર્યતા છે, માટે તમારે તેને માટે માનસિક રીતે તૈયાર રહેવું પડશે અને સાહેબ મેં તો તે માટે તૈયારી પણ કરી હતી.'

'મિ. દેસાઈ, તમારી વાત બરાબર છે. આવા ઓપરેશનના કિસ્સામાં તે એક અનિવાર્યતા હોય છે. અને તમારે માટે પણ તે તૈયાર રાખવામાં આવી હતી. પણ તમારુ ઓપરેશન કરતાં અમને લાગ્યું કે કોલોસ્ટોમી બેગ નિવારી શકાશે. મોટા આંતરડાનું ઓપરેશન કરતાં નુકસાન પામેલો ભાગ કાઢી લઈ ચાઈનિઝ સ્ટેપલગનની મદદથી અમે તેને સાંધી દીધું છે. એટલે તમે કહ્યું તેમ થોડા વખત તમને કુદરતી હાજત માટે વધારે સમય લાગશે અને દુઃખાવો પણ રહેશે પણ વખત જતાં સારું થઈ જશે.'

ડૉ. સાહેબ અચાનક અટકી ગયા. થોડા ગૂંચવાયા હોય એમ લાગ્યું. મને ગઈકાલનો પ્રસંગ યાદ આવ્યો.

'મિ. દેસાઈ...ઓપરેશન કરતાં અમને લાગ્યું છે કે....કેન્સરનો

થોડો પ્રસાર કલેજામાં પણ થયોછે....અને તેનું ઓપરેશન શક્ય નથી. મિ. દેસાઈ, હું દિલગીર છું.'

મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું. મારા શરીરમાંથી એક ધ્રુજારી અતિ તીવ્રતાપૂર્વક પસાર થઈ ગઈ. હું ક્ષુબ્ધ થઈ ગયો. મને પગ નીચે ધરતી ખસતી જણાઈ. મારું મગજ જાણે કે બ્હેર મારી ગયું. મારો મૃત્યુઘંટ વાગી ચૂક્યો હતો. તેનો પ્રથમ રણકાર મારાં કાન, હૃદય, સમસ્ત વ્યક્તિત્વને ભેદી રહ્યો હતો, છેદી રહ્યો હતો. સ્વર્ગના ફિરસ્તાના રૂપમાં ઓળખેલા ડૉ. કાપડિયા સાહેબ મૃત્યુના દેવતામાં ફેરવાઈ ગયા હતા. મૃત્યુઘંટ વગાડવાની શરૂઆત તેમણે કરી હતી. મારી આંખે અંધારાં આવી રહ્યાં હતાં. મારો જાણે કે દેહોત્સર્ગ થયો હતો અને ઓરડો ડાઘુઓથી ભરાઈ ગયો હતો!

કળ વળતાં મેં ડૉ. સાહેબને પૂછ્યું.

'ડૉ. સાહેબ! તો મારે માટે કેટલો સમય છે, આ પૃથ્વી પર!'

નિઃશબ્દતા.

'ડૉ. સાહેબ, મારે હવે કેટલું જીવવાનું?'

નિઃશબ્દતા.

'ડૉ. પ્લીઝ, મને કહો!'

'તમે પહેલાં સશક્ત થઈ જાવ. હું નિષ્ણાતોની સલાહ લઈશ.'

સિસ્ટર મીનાક્ષીને મેં દબાયેલા અવાજે એવું કહેતાં સાંભળી કે મિ. દેસાઈ હવે એકાદ વર્ષના મહેમાન છે.

હું પલંગ પર ફસડાઈ પડયો. મારા હૃદયના ધબકારા વધી ગયા હતા. કોઈએ બળજબરીથી મને મૃત્યુશય્યા પર સુવાડી દીધો હતો. ઘાતક વિચારોની ભૂંડી ભૂતાવળ ફરી મારી સમક્ષ ખડી થઈ ગઈ હતી એ હવે તે ખસવાની નહોતી-જવાની નહોતી. મારી જિજીવિષા તથા જિગીષાનો ઘોર પરાજય થયો હતો. 'જીવન' શબ્દ પર મેં ચોકડી મારી દીધી. મારી વિચારસરણીઓ, ફિલસૂફીઓનો કિલ્લો જમીનદોસ્ત થયો હતો. વિજ્ઞાનની સર્વોપરિતા ફૂટેલાં મોતી સમાન પૂરવાર થઈ હતી. ડૉ. સાહેબની નિપણુતા, વૈદકીય ઉપકરણોની ચોકસાઈ અને સંવેદનશીલતા, મિથ્યા શ્રમ પુરવાર

થયાં હતાં. ઓપરેશન આમ સો એ સો ટકા સફળ હતું છતાં એટલું જ નિષ્ફળ પણ હતું. અકળ, અગમ્ય કારણો મેદાન મારી ગયાં હતાં. ડૉ. કિરણ શાહ કે ડૉ. શ્રીકાન્ત શાહની જેમ કોઈ ઠાલી આશા કે આશ્વાસન આપી શકે એમ નહોતું. આશાની સંભાવનાનો લોપ થયો હતો. યમરાજ હવે લીલાં તોરણ નિહાળી રહ્યા હતા. ચિત્રગુપ્ત પોતાનાં ચોપડામાં મારું નામ શોધતો હતો. મને લેવા આવવાની, લઈ જવાની તૈયારી થઈ રહી હતી. મારી શંકા, ચિંતા હવે એક વાસ્તવિકતા હતી. મારો કાળ થોડીક વેંત છેટે હતો.

'ઓપરેશન કરતાં અમને લાગ્યું છે કે કેન્સરનો થોડો પ્રસાર લીવરમાં થયો છે.... તેનું ઓપરેશન શક્ય નથી....હું દિલગીર છું.'

કેન્સરનો પ્રસાર કલેજામાં! તેનું ઓપરેશન અશક્ય! અશક્ય!! ડૉ. કાપડિયા સાહેબ આ કહે છે? જેમને પશ્ચિમના દેશોનો અનુભવ છે, જે પોતે જટિલ તજજ્ઞતાના મેધાવી છે, તે આ મૃત્યુદંડ ઉચ્ચારે છે! .... 'હું દિલગીર છું.'

કેન્સરનો પ્રસાર કલેજામાં થઈ ચૂક્યો હતો. થોડો જ પ્રસાર હતો, પણ હવે તે રોકી શકાય તેમ નહોતું. ઘોડો તબેલામાંથી નાસી છૂટ્યો હતો, દરવાજા બંધ કરવાનો કોઈ અર્થ નહોતો. હું થોડો મોડો પડયો હતો. મેં સહેજ વિલંબ કર્યો હતો. એ નજીવા વિલંબે મારો મૃત્યુ ચુકાદો લખી દીધો હતો. કેટલો બધો સમય મેં વિલંબ કર્યો! એક વર્ષ!? ચોકસાઈ અને નિયમિતતાનો દાવો કરતાં હું મૂર્ખ બન્યો હતો. મારી ચોકસાઈ, નિયમિતતા, સમયસૂચકતાનો લાભ કંપનીને તથા બીજા ઘણા, જેઓના સંપર્કમાં આવ્યો હતો, તેઓને મળ્યો પરંતુ તે મને ખપ ન આવ્યો! એવો તે કેવો વિનાશકાળ આવ્યો કે મને વિપરીત બુદ્ધિ સૂઝી! ઘરનો ડૉક્ટર હતો. ડૉક્ટર વારંવાર કહેતા કે અમસ્તી પણ મુલાકાત લો; પણ મને તંદુરસ્ત હોવાનો વહેમ હતો. હવે કોઈ ઓસડ રહ્યું નહોતું.

હવે ઓપરેશન અશક્ય હતું. ગમે તેવા સંવેદનશીલ સાધનો, ઉપકરણો કામિયાબ નીવડી શકે એમ નહોતું. અશક્યતાની મોટી દીવાલ ચણાઈ ગઈ હતી. એ દીવાલમાં કોઈ દ્વાર નહોતું – કોઈ બાકોરું નહોતું.

ડૉક્ટર સાહેબે દિલગીરી દર્શાવી દીધી. હાથ ધોઈ નાખ્યા. કોઈ જ આશ્વાસન નહિ! કોઈ આશાના શબ્દો નહિ! કશો આધાર રાખ્યો નહિ. તદ્દન નિરાધાર કરી મૂક્યો! મને દેહાંતદંડની સજા ફરમાવી દીધી! છૂટકારાને બદલે સજા!

મારી જીવાદોરી લંબાવી લંબાવીને એકાદ વર્ષની કરી. એક વર્ષ, થોડું વધારે કે થોડું ઓછું. સજાનું અમલીકરણ આશરે એક વર્ષ બાદ કદાચ થોડું મોડું અથવા થોડું વહેલું. મારે હવે દિવસ ગણવાના! આજથી જ! વર્ષનાં દિવસો ત્રણસો પાંસઠ. એ ત્રણસો પાંસઠ દિવસોમાંનો આજે પહેલો દિવસ હતો. અથવા આજે ત્રણસો ત્રેસઠમો.... એમ ચાલ્યા જ કરે જ્યાં સુધી પહેલો દિવસ રહે ત્યાં સુધી. પછી? પછી અનિલ દેસાઈનો આ નશ્વર દેહ પંચમહાભૂતમાં મળી જાય! અનિલ દેસાઈના નામ પર ચોકડી લાગી જાય. ઘણી બધી જગ્યાએ એ નામ છેકી નાંખવું પડે. મારા નામનું સ્થાન કુસુમે લેવું પડે - અનિચ્છાએ પણ અનિવાર્યપણે.

મારી જીવાદોરીનું માપ કેટલું છે તે નક્કી કરવા ડૉ. કાપડિયા સાહેબ હજુ તો નિષ્ણાતોની સલાહ લેવાના છે. નિષ્ણાતોની સલાહ! પોતા કરતાં ઊતરતી કોટિનાં નિષ્ણાતોની સલાહ! કેવો ફરેબ! જાણે દશ, બાર દિવસો જીવનમાં વધતાં હું લાભી જવાનો! કેવી મધલાળ! 'તમે પહેલાં સશક્ત થઈ જાવ.' મરવા માટે પણ સશક્ત થવાનું?!

'હાશ! ફ્લેટ પર જઈ આવી.'

'ચાલો સારું થયું.'

'કાંઈ તકલીફ તો પડી નથી ને?'

'ના, બધી તકલીફો જ છે ને!'

'કેમ? ડૉક્ટર સાહેબ આવી ગયા?'

'હા, આવી ગયા.'

'શું કહેતા હતા?'

નિઃશબ્દતા.

'કેમ, અટકી ગયા?'

'અટકી જવું પડે એવું છે.'

'એટલે?'

'એટલે ડૉક્ટર એવું કહી ગયા છે.'

'ઓપરેશન સફળ થયું નથી?'

'ઓપરેશન જ્યાં કરવાનું હતું ત્યાં સો એ સો ટકા સફળ છે.'

'તો પછી છે શું?'

'કેન્સર બીજે પણ વિસ્તર્યું છે, કલેજામાં.'

'તો પછી એનું પણ ઓપરેશન કરવાનું હતું.'

'એનું ઓપરેશન અશક્ય છે.'

'હેં! અશક્ય!'

'હા, અશક્ય.'

તો હવે?'

'હવે કશું નહિ. એક વર્ષની મહેતલ.'

'કશી સમજ નથી પડતી.'

'એટલે મારે એકાદ વર્ષ જીવવાનું.'

અને બીજીવાર કુસુમ પલંગ પર ફસડાઈ પડી. ઝડપથી હું પાણીનો ગ્લાસ લઈ આવ્યો. પાણી છાંટ્યું, ઢંઢોળી. હજુ તે અચેત હતી. આઘાત જીરવવો તેને માટે અઘરૂં હતું. હજી તે ભાનમાં આવી નહોતી. સિસ્ટર મીનાક્ષીને ટેલિફોન કરવા વિચાર્યું. પણ હજુ થોડીવાર, પાંચ-સાત મિનિટ રાહ જોવાનું ઠરાવ્યું. એટલામાં એણે આંખો ખોલી. વિસ્ફારિત! એ આંખોમાં ભીતિ, અનિશ્ચિતતા, ચિંતા, વિષાદના ભાવો ડોકાતા હતા. જાણે કે સાવ અસ્થિર ભાવે નિહાળતી હોય! તેની જીવનનાવ મધદરિયે ડામાડોળ થતી હોય! કોઈ જ તારણહાર નહિ હોય. એકલી, અટુલી, વિખૂટી પડી ગઈ હોય. માંડ થોડું પાણી પીધું. મારી સામે વિહ્વળતાથી જોયું અને પછી પાછી આંખ મીંચી ગઈ.

મેં ગુનેગાર હોવાની લાગણી અનુભવી. હકીકત છુપાવી હોત તો સારું થાત! પણ છુપાવું કેવી રીતે? એ એક કઠોર વાસ્તવિકતા હતી. આજે અથવા કાલે એનો પર્દાફાશ થનાર હતો. જીવનમાં ઘણી પળો કઠોર અને ક્રૂર આવતી હોય છે. જેમાંથી પસાર થયે જ છૂટકો. એ પળો મનુષ્યોમાં

ભેદ પાડતી નથી. એને માટે સર્વ મનુષ્યો સરખાં જ હોય છે. ચાહે સ્ત્રી યા પુરુષ, બાળક યા વડીલ. એ કોઈની લાગણીનો વિચાર કરતી નથી. એ કોઈને અનુરૂપ થતી નથી. બધાંને એને અનુરૂપ થવું પડે છે. અને એવી જ પળોમાંથી મારી સમક્ષ કુસુમ પસાર થઈ રહી હતી.

હવે મને ખ્યાલ આવ્યો કે સિસ્ટર મીનાક્ષીએ શા માટે મને ફોન કરીને કુસુમની હાજરી વિષે પૂછ્યું હતું. શા માટે? ડૉ. કાપડિયા સાહેબે સુદ્ધાં કુસુમની ગેરહાજરી અને તે ક્યાં સુધી ગેરહાજર રહેનાર છે તેની ખાતરી કરી લીધી હતી. હવે મને સમજ પડવા માંડી કે શા માટે ડૉ. સાહેબે ઓપરેશનના બીજા જ દિવસે આ માઠા અને કઠોર સમાચાર મને આપ્યા નહોતા. શા માટે એ દિવસે મારી સમક્ષ તેમજ કુસુમ સમક્ષ કોઈ અકળ પણ ચોક્કસ હેતુસર જોયું હતું. ગઈ કાલે એ ભેદી મૌન હતું. આજે એ ભેદ ખુલ્લો પડી ગયો હતો. આજે એ રહસ્ય છતુ થયું હતું, કરવું પડયું હતું. ડૉ. સાહેબે કુસુમને એ માઠા સમાચાર આપવાનું ટાળ્યું, પરંતુ મને એ સમાચાર આપવા પરવશ કર્યો હતો. મારા ઝળુંબી રહેલા મોતના સમાચાર, મારા જ મુખે, મારી પત્નીને! કેવું બેહૂદું!

કુસુમે આંખ ખોલી તે બેઠી થઈ. ઓરડામાં ચોપાસ ચકળવકળ જોવા લાગી. તેની દ્રષ્ટિ, મુખ પરના ભાવ, એના જીવનમાં ઉલ્કાપાત સર્જાયાની સાક્ષી પૂરતાં હતાં. પ્રથમવાર 'કેન્સર' શબ્દે જે હોનારત સર્જી હતી એનાથી વિશેષ નુકસાનકારક અને ગંભીર હોનારત આજે સર્જાઈ હતી. તે વખતે ઠાલાં આશ્વાસનનો આધાર હતો. આજે નહોતો. તે વખતે સો એ સો ટકા સફળ ઓપરેશનની ખાતરી હતી, આજે બીજું કો ઓપરેશન બાકી રહેતું નહોતું. તે સમયે મોટા આંતરડાનું અલ્સર, કેન્સર હતું જે સાધ્ય હતું. આજે કેન્સરના વિષાણુઓ કલેજામાં પ્રવેશ કરી ચૂક્યાં હતાં, જ્યાં તેઓ સલામત હતાં. કોઈ ડૉક્ટર તેમને સ્પર્શી શકતો નથી. તેમની સલામતી મારે માટે જીવલેણ હતી, મને કુસુમ પાસેથી છીનવી લેતી હતી. સમયનો જ સવાલ હતો. એકાદ વર્ષની સમય મર્યાદા! બસ, આવી જ વિચારધારાઓ કુસુમના મનમાં દોડી રહી હશે! કુસુમ સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતી હતી.

કોઈની અવરજવરની શક્યતા નહોતી. મેં રૂમ અંદરથી બંધ કર્યો. આમ પણ સિસ્ટર મીનાક્ષી ફોન કર્યા પછી જ આવે એટલું સારું હતું.

કુસુમ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. હું થોડો ખિન્ન થયો. પણ તેને રડવા દેવામાં સાર હતો, જેથી હૃદયનો ડૂમો હળવો થાય અને તેની તંદુરસ્તી પર કોઈ વિપરીત અસર ના થાય. અગર કોઈ માનસિક અસર થઈ જાય અને મગજની સમતુલા ગુમાવી બેસે તો વળી ઓર ઉપાધિ. મેં તો દિગંતની વાટ પકડી છે અને મારુ સ્થાન જો કુસુમ યોગ્ય રીતે લઈ ન શકે તો બાળકો સાવ ઓશિયાળાં થઈ જાય. કુસુમની સંભાળ રાખવાની તે પાછી વધારાની જફા.

'કેન્સર કલેજામાં પ્રવેશે, તો ઓપરેશન નહિ થઈ શકે?'

'ડૉક્ટરે લાચારી બતાવી છે.'

'પરદેશમાં પણ નહિ થઈ શકે?'

'ડૉક્ટર બરાબર જાણે છે.'

નિઃશબ્દતા.

'હવે એ વાસ્તવિકતા સ્વીકારી લેવાની છે. દુઃખી થવાથી કે વિચારો કરવાથી કાંઈ વળવાનું નથી. માટે હવે તું સ્વસ્થ થા. તારે હવે બાળકોનો પણ વિચાર કરવાનો છે.'

'બાળકોનો? ઓહ....'

ગમે તેવા પત્થર દિલના આદમીને પણ પીગળાવે એવું કરુણ આક્રંદ કુસુમ કરતી હતી. બાળકોનો વિચાર તેને માટે અસહ્ય હતો. અનરાધાર અશ્રુધારા! મેં કદી તેને આવું રડતાં જોઈ નથી. કુટુંબમાં, સગાંસંબંધીઓમાં મરણના પ્રસંગો આવતા. અમે જતાં. કુસુમ રડતી પણ આજનું તેનું રૂદન શમે તેમ નહોતું. જાણે જિંદગીથી તે હાથ ધોઈ બેઠી હોય! સુખનો સૂરજ ઊગતાં ઊગતાં આથમી ગયો. જીવનની ઉષા આમ એકાએક જ સંધ્યામાં પલટાઈ ગઈ! આજ પછી કદી જ રડવાની ના હોય એમ તે રડતી હતી. તેને માટે મારું મૃત્યુ આજે થયું હતું. બાળકોનો વિચાર મારા માટે પણ અસહ્ય હતો. તેર વર્ષની પ્રીતિ અને ફક્ત આઠ વર્ષનો ટોની. એકાદ વર્ષમાં નબાપાં થઈ જશે. તેમના મુખ પરથી હાસ્ય

વિલાઈ જશે. આનંદના દિવસો તેમને માટે શાંત, ગંભીર બની જશે. વિનોદ, સાહસ અને બેફિકરાઈના સ્થાને ખિન્નતા, નિર્લેપતા અને શાણપણ રાજ કરશે. ગદ્ધાપચ્ચીશીના સુવર્ણકાળનો એકાએક અંત આવશે. હરવા ફરવામાં શિસ્ત પ્રવેશી જશે. તેમને અકાળે જવાબદારીનું ભાન થશે. આશરા, આધાર સમ પિતા એવો હું હવે જતો રહેવાનો છું. મારાથી રડી પડાયું.

'કલેજામાં કેન્સરનો પ્રસાર અટકી શકે જ નહિ?'

'અટકાવવો અશક્ય છે. વૈદકીય તજજ્ઞતાએ હજુ આ કિલ્લો જીત્યો નથી. હજુ તે અભેદ્ય છે, અજેય છે.'

'ડૉક્ટરે બીજુ શું કહ્યું?'

'બીજું કશું કહ્યું નથી પણ મારા દેહાંતદંડની મને નોટિસ આપી.'

'એટલે શું કહ્યું?'

'કશું કહ્યું નહિ પણ મેં અછળતુ સાંભળ્યું કે મારે હવે એકાદ વર્ષ જીવવાનું. થોડા દિવસ વધારે કે પછી ઓછા.'

કુસુમ, આ વાસ્તવિકતા સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. નહિ સ્વીકારવાથી થોડી અટકી જવાની છે! આટલું બધું ખતરનાક હશે એવો મને ખ્યાલ નહોતો. ડૉક્ટર સાહેબે નિદાન કરવાને બદલે ચૂકાદો આપ્યો. હું શુભની આશા રાખતો હતો, અશુભ આવી પડયું. એક વર્ષ સુધી જીવતદાન. તેમાંય થોડા દિવસો વત્તા કે ઓછાં. એ એક વર્ષને અંતે દેહાંતદંડનું અમલીકરણ!

'વર્ષના ત્રણસો પાસંઠ દિવસ. મારું જીવતદાનનું વર્ષ આજથી જ શરૂ થાય છે. આજે પહેલો દિવસ છે. કાઉન્ટ ડાઉનની શરૂઆત થઈ ચૂકી છે. આજે ત્રણસો પાંસઠમો દિવસ છે! મારી પાસે પૂરું એક વર્ષ પણ નથી કુસુમ! છે ફક્ત ત્રણસો ચોસઠ દિવસ. આવતીકાલે એક દિવસ ઘટશે, પછી રહેશે ત્રણસો ત્રેસઠ દિવસ, પછી ત્રણસો બાસઠ દિવસ.... એમ કરતાં કરતાં પહેલો દિવસ યાને મારી જિંદગીનો છેલ્લો દિવસ આવી પહોંચશે. અને હું દિગંતની વાટ પકડીશ.'

'બસ, હવે બોલો નહિ.'

'મેં કહ્યુંને તને, બોલવાથી, નહિ બોલવાથી કશો જ ફરક પડતો નથી. મારે તને અત્યારથી તૈયાર કરવી છે. જેથી મારો મૃત્યુદિન તને વસમો ન લાગે. એ કાળ ચોઘડિયાનો ડંખ મરી પરવારે. તું નિરપેક્ષ, સ્થિતપ્રજ્ઞ બને. હવેપછી ત્રીજીવાર તું મૂર્છિત નહિ થાય! તે આઘાત માટે મારાં કામ એટલે કુટુંબનાં જે કામ હું કરતો હતો તે કરવાની હવે તારે જ શરૂઆત કરવાની છે. સગાંસંબંધી, મિત્રો, મદદનો હાથ લંબાવશે પણ હવે તારે પોતે જ તારા પોતાના પગ પર ઊભા રહેવાનું છે. તારે પરાવલંબી ન થતાં સ્વાવલંબી થવાનું છે. બાળકોને એ શિક્ષણ આપવાનું છે અને તારી જેમ તૈયાર કરવાનાં છે. હવે લાગણીનાં બંધન તોડવાની શરૂઆત આજથી જ કરવાની છે. મક્કમ થવાનું છે. સંવેદનશીલતાનો ત્યાગ કરવાનો છે. આ બધું તારા પોતાના તથા બાળકોના સંપૂર્ણ હિતમાં છે.'

દુઃખદ, વિષાદપૂર્ણ વાર્તાલાપ બાદ અમે બંને આવી પડનાર પરિસ્થિતિ સંબંધી સાચી રીતે મક્કમતાથી વિચારવા લાગ્યાં. હવે પછી 'હું નથી' એ પરિસ્થિતિને અનુકૂળ થવું જ પડશે એ બાબતને કુસુમ કચવાતે મને, ભારે હૃદયે સ્વીકારી રહી હતી. આધીન થતી હતી.

'ચાલો, જમીશું હવે?'

'સારું.'

અમે જમવા બેઠા. જમી લીધું. મને પ્રતીતિ થઈ ગઈ કે કુસુમે હવે આ ક્રૂર વાસ્તવિકતાને સાહજિકતાથી સ્વીકારી છે. જમ્યા બાદ આજે વાત કરવાનો કોઈ અર્થ નહોતો. હું બિછાનામાં પડયો. ઊંઘની આશા હતી પણ આજે તે અસંભવ હતું. મારું મન વિચારોને ચકડોળે ચઢવા લાગ્યું. મારે હવે મોતની રાહ જોવાની હતી. ઈંતેજારી નહોતી જ તો પણ મારા મૃત્યુ આડે જે સમય હતો તે અત્યંત ત્રાસજનક હતો. મારું મન બેચેની અનુભવતું હતું. કુસુમ આગળ શિખામણોનું શાણપણ દાખવ્યું હતું પણ હું પોતે સમજતો હતો કે એ શિખામણો સ્વીકારવી, અમલમાં મૂકવી કેટલું અઘરૂં અને દુષ્કર હતું. મારી બેચેની, અજંપો, ચિંતા બધાંનો અંત એકાદ વર્ષમાં આવી જશે પણ કુસુમે તો એ અધૂરાં અરમાનોનો ભંગાર જીવનભર સહન કરવાનો હતો. અને જે બાબતો મને, પુરુષને,

સહન કરવામાં કઠણ લાગતી હતી. તે કુસુમને, એક સ્ત્રીને, કેટલી વિશેષ અસહ્ય લાગે! અને તે પણ એકાદ વર્ષ નહિ પણ પૂરા જીવન પર્યન્ત!

આ બધા જુગુપ્સિત વિચારો મારા સ્વાસ્થ્ય ઉપર નકારાત્મક અસરો કરતા હતા. ફરી પાછી મારી સ્મૃતિ તાજી થઈ. નકામા વિચારો, એટલે જે વિચારોના ગર્ભમાં ચિંતા, ભય, શંકા રહેલાં છે. તેઓ શરીરને, તેના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચાડે છે. ડૉક્ટરે તો એટલે સુધી કહ્યું હતું કે અલ્સર, મીઠીપેશાબ, દમ એટલે હાંફણ, હૃદયરોગ,લોહીના દબાણની અસમતુલા, વગેરે રોગો આ નકામા, નકારાત્મક વિચારોની દેણગી છે. શરીરની જે અનૈચ્છિક દેહધર્મ ક્રિયાઓ છે તેમને આ નકારાત્મક વિચારો કંઈક અંશે નુકસાન પહોંચાડે છે. નુકસાન વધતું જાય છે અને જો અલ્સર થયું હોય તો તેમાંથી કેન્સર થાયછે. આ નકારાત્મક વિચારોનું આક્રમણ સૌ પ્રથમ કંપનીના લક્ષ્યાંક સિદ્ધ કરવાની ખેવના દ્વારા થયું. એ ચિંતા, આતુરતાએ ક્યારે દંશ દીધો એ જાણમાં નથી. જાણ પડી ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હતું અને હજુ એ વિચારો જેવા ત્રાસજનક છે તેઓનો મારો સતત ચાલુ છે. થાક ખાતા નથી. તેમને મારુ આ એકાદ વર્ષનું જીવતદાન પસંદ નથી. આ ડાઘુઓથી મને કોણ ઉગારે!

આજે તો મેં પોતે જ મારા જીવન પર પૂર્ણવિરામ મૂકી દીધું હતું. આજદિન સુધી તેને અલ્પવિરામોથી લંબાવવાનો નિષ્ફળ, ક્ષુલ્લક અને હાસ્યાસ્પદ પ્રયત્ન કર્યો હતો. આજે નેપથ્ય સંકેલાઈ ગયો હતો અને તેની સાથે જ મેં જીવનને એના સાચા અર્થમાં નિહાળવા માંડ્યુ. તેની ક્ષણ ભંગુરતાનો ખ્યાલ મને આજે પહેલીવાર આવ્યો. અત્યાર સુધી હું જીવ્યો તો હતો પણ મારા 'હું' ની જાણ બહાર. કુટુંબ, કંપની, મિત્રો સિવાય મેં કશું જ વિચાર્યું નહોતું. મેં કદી મારું જીવન મૂલવ્યું નહોતું. મારા સમયોનું મૂલ્યાંકન 'કંપની' ના સંદર્ભમાં જ થતું. મારા કૃત્યોનું મૂલ્યાંકન કંપનીના નફા, લાભનાં સંદર્ભમાં જ થતું. મેં કદી મારા જીવનનું, મારા સમયોનું, મારા કૃત્યોનું મૂલ્યાંકન સ્વતંત્રપણે કર્યું નહોતું. કરવા માંગતો નહીતો એમ પણ નહિ, પણ કોણ જાણે કેમ એ દિશામાં હું વિચારી શક્યો જ નહોતો. માણસ જ્યારે બિમાર પડે છે, તંદુરસ્તી ગુમાવે છે

ત્યારે જ તેને તંદુરસ્તીનો ખ્યાલ આવે છે. બસ કંઈક એવું જ. જીવનથી છેડો ફાડવાનો પ્રસંગ આવ્યો ત્યારે જ વિચારવાનો મોકો મળ્યો. જીવનની ગુણવત્તા સંબંધી વિચારવા લાગ્યો.

કેટલું ક્ષણભંગુર જીવન! છતાં કેટલું ભ્રષ્ટ! શું હું નીતિમય જીવન જીવી ના જ શક્યો? નીતિનું મહોરું પહેરીને કેવી કનિષ્ઠ અનીતિ આચરી! નવા જમાનાની રીતરસમને નામે, આધુનિકતાનો અંચળો ઓઢી ભ્રષ્ટાચાર વિલસવા દીધો. કંપનીનું હિત એ જ જાણે કે જીવનનો માપદંડ રહ્યો! જીવન ક્ષણભંગુર, અલ્પ પણ ગુણવત્તાને નામે મીંડું. આ મનોમંથન મને આંચકા પર આંચકા આપતું હતું. મારા જીવનજહાજના કૂવાથંભને હચમચાવતું. મૃત્યુની ગંધ હવામાં પ્રસરી રહી હતી. હવે મારું નાક તેનાથી ટેવાતું જતું હતું. હોસ્પિટલમાં કેન્સરના જનરલ વોર્ડમાં રોજેરોજ માણસો મરતાં. સગાંસંબંધીઓ પૂતળાં સમ આવી તેમને લઈ જતાં. મૃત્યુની ગંધ હવે જનરલ વોર્ડમાંથી મારા સ્પેશ્યલરૂમમાં પ્રવેશી રહી હતી.

કુસુમ ઊંઘીને ઊઠી હતી. મક્કમ લાગતી હતી. હવે અમે ખાસ કારણ વિના વાત કરતાં નહિ. હજુ થોડા દિવસ રહેવાનું હતું. હું વજન ગુમાવતો જતો હતો. નકારાત્મક વિચારોનું એ પરિણામ હતું. ડૉક્ટર આવતા જતા પણ હજુ તેમણે બીજા નિષ્ણાતોની સલાહ લીધી નહોતી. કંપનીમાં ખબર નહોતી પડી. હું ઘરે જવા દિવસ ગણવા લાગ્યો. હોસ્પિટલની મૃત્યુગંધ શ્વસવું દુષ્કર હતું. હવે તો હું 'કાઉન્ટડાઉન' ના સંદર્ભમાં જ દિવસો ગણતો. આજે ૩૫૬ મો દિવસ હતો. ૩૩૫ મા દિવસે નિર્ગમન! નવેમ્બરની સોળમી તારીખે! ઓપરેશન બાદ પૂરો મહિનો! ૩૩૫ મો દિવસ વહેલો આવે!

# નિવાસસ્થાન તરફ

આજે નવેમ્બરની સોળમી તારીખ હતી. ૩૩૫ મો દિવસ! આજે હોસ્પિટલને અલવિદા કહેવાની હતી. ફરી કદી હવે કોઈ હોસ્પિટલમાં પગ મૂકવાનો નહોતો. જિંદગીમાં પહેલો અને છેલ્લો હોસ્પિટલનો અનુભવ લઈ લીધો હતો. 'ટાટા'ની હોસ્પિટલ, સાવ નિરર્થક. ભારતભરમાં પંકાતી હોસ્પિટલ મારા માટે નિષ્ફળ નીવડી હતી. ભારતના છેડાનો માણસ અહીં આવી સારો થતો, પણ હું મુંબઈનો, સ્થાનિક રહેવાસી સારો ના થઈ શક્યો. જેઓ જીવનને આરે આવીને ઊભાં છે એવાં ડોસાંડગરાં પણ નવું જીવન પ્રાપ્ત કરતાં, પણ મને હજુ જુવાન જેવાને, આ હોસ્પિટલે જાકારો આપ્યો હતો. જનરલ વોર્ડમાં દાખલ થયેલ દરદી નવી આશા લઈને જતો, પણ મોંઘાદાટ સ્પેશ્યલરૂમના દરદીને મૃત્યુની વાટ પકડવાની હતી. અભણ, ગમાર, ગરીબ દર્દી માટે નવો દિવસ ઊગતો, પણ મુજ જેવા સુશિક્ષિત, તજજ્ઞ, સ્થિતિસંપન્ન માણસ, જેની આ દુનિયાને જરૂર છે. તેને માટે જીવનનાં દ્વાર બંધ થઈ રહ્યાં હતાં. જીવનથી પરવારી ગયેલ, જવાબદારી વિહોણી વ્યક્તિ જીવનમાં પુનઃસ્થાપિત થતી, જ્યારે મારે જવાબદાર વ્યક્તિને આ સંસારયાત્રા સમેટવાની હતી. વિરોધાભાસ, એક નહિ અનેક! કોનો વાંક કાઢવો અને કોને ફરિયાદ કરવી? ચૂપચાપ, શાંતિથી હાર કબૂલી લીધી. કોઈ ફરિયાદ નહિ; કોઈ નિવેદન નહિ; કોઈ સંબોધન નહિ; કોઈ આર્તનાદ નહિ.

ઘરે સગાંસંબંધીઓને તેમજ કંપનીમાં ફોનથી ખબર આપી હતી. સવારે દશ વાગે યાત્રા કાઢવાની હતી. એમ્બ્યુલન્સ બોલાવી હતી. હોસ્પિટલમાં આવતી વખતે મારી પોતાની કાર! જતી વખતે એમ્બ્યુલન્સ! કેવી વિચિત્રતા! હોસ્પિટલમાં દાખલ થતી વખતે જે બધાં સગાંસંબંધીઓ મને મૂકવા આવ્યાં હતાં, તેનાં તે જ હવે મને લેવા પણ આવ્યાં હતાં. તેઓને ખબર પડી ગઈ હતી. ફરી પાછાં સાવ મૂંગા, પૂતળાં જેવાં. નજીવી વાતચીત, કાનમાં ગુસપુસ, ઈશારાથી વાતચીત, યંત્રમાનવસમ હીલચાલ. મૃત્યુના ઓળા ઊતરી આવ્યા હતા. આ યંત્રણાના વિશાળ, રેતાળ રણ

વચ્ચે મીઠી વીરડી સમાન હતી પંદરમી ઓક્ટોબરની સમી સાંજ! એ એક સાંજ પણ સમ ખાવા માટે પૂરતી હતી. 'ચાર દિનકી ચાંદની, ફિર અંધેરી રાત!' એમ જ થયું હતું, ત્રીસમી સપ્ટેમ્બરથી અંધારી રાતની શરૂઆત થઈ હતી. છઠ્ઠી ઓક્ટોબરથી નવમી ઓક્ટોબર સુધીનો નિરપેક્ષ, સ્થિપ્રજ્ઞ રહેવાનો મહા પરાણે કરેલા મરણિયા પ્રયત્ને થોડો પોરસ ચઢાવ્યો. એવો જ પોરસ પંદરમીની બપોરથી સતરમીની સવાર સુધી રહ્યો. પછી થયો વિનિપાત! આલેખે નીચે ઉતરવા માંડ્યું હતું. કહો, નીચે પડતું મૂક્યું હતું.

આશરે સાડા નવ વાગે ડૉક્ટર સાહેબ આવ્યા. ઔપચારિક રીત મને તપાસ્યો. સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી. ઉપરાંત થોડી દવાઓ લખી આપી. પાછા ઘરે જઈ એ દવાઓનો કોર્સ કરવાનો. સંપૂર્ણ આરામ. મને હસવું આવ્યું. ઘણીવાર માણસ આરામ કરતાં કરતાં ઊંઘી જાય છે. મારે પણ એવો સંપૂર્ણ આરામ કરવાનો કે ઊંઘી જવાય, કાયમને માટે. ડૉક્ટર સાહેબની હા એ હા કહેતાં મેં હોસ્પિટલ છોડી. જતાં જતાં પાછો પેલો જનરલ વોર્ડ ! તેમાં પથારીવશ દર્દીઓ! કેટલાંકની આંખમાં પુનઃજીવનની ચમક હતી, તો કેટલીક આંખો મૃત્યુનો અણસાર આપતી હતી. હું... મારા જેવા પણ છે આ 'ટાટા'માં.હું તદ્દન એકલો નથી. જે ઘડીએ હું આ પાર્થિવ જગત છોડી અનંતની વાટ પકડીશ ત્યારે તેમાંના કેટલાક મારી સંગાથે હશે. મને તેઓની 'કંપની' મળશે. અત્યાર સુધી 'કંપની' એટલે મારે મન 'પરફેક્ટ એન્જિનીયર્સ લિ.' હતું, હવે કંપનીના એ સૂચિતાર્થને હું ભૂલવા માંગતો હતો. હવે 'કંપની' શબ્દને એના મૂળ અર્થમાં, એટલે જે અર્થમાં એ શબ્દનો અર્થ લેવાવો જોઈએ, તે અર્થમાં લેવા માગતો હતો. 'પરફેક્ટ એન્જિનીયર્સ લિ.' મારે હંમેશ માટે ભૂલી જવાનું હતું.

હોસ્પિટલના પ્રાંગણમાં એમ્બ્યુલન્સ ઊભી હતી. સ્ટ્રેચર દ્વારા મેં વાનમાં પ્રવેશ કર્યો. ફરી હોસ્પિટલના પ્રાંગણની ભારેખમ શાંતિ અનુભવી. એ અકળ મૌનનાં નેપથ્યે કેટકેટલી વેદનાઓ, યાતનાઓ, દુઃખો છુપાઈ રહ્યાં હતાં. શાંતિની વિનંતી કરતાં પાટીઆનો પ્રતાપ વિલક્ષણ હતો. તનું

સામ્રાજય સમસ્ત હોસ્પિટલમાં પ્રસરેલ હતું, એટલે સુધી કે હોસ્પિટલ છોડી જનારાંઓનો પણ તે ક્યાંય સુધી પીછો કરતું. અમારી એમ્બ્યુલન્સે હોસ્પિટલનું મુખ્ય પ્રવેશદ્વાર છોડયું પણ પેલું અકળ મૌન અમારી વાનમાં મોજુદ હતું અને મને ધાસ્તી હતી કે એમ્બ્યુલન્સ વાન છોડી તે કાયમ માટે મારા ઘરમાં ભરાઈ રહેવાનું! થોડી જ વારમાં અમે નિવાસસ્થાને આવી પહોંચ્યા. સ્ટ્રેચર પર જ મને લઈ જવામાં આવ્યો. 'ટાટા'ની હોસ્પિટલના સ્પેશ્યલ રૂમનાં 'બેડ' પરથી મારા શાંતાક્રૂઝના નિવાસસ્થાને મારા શયનખંડના 'બેડ' પર. બાળકો સૂનમૂન થઈ ગયાં હતાં. તેમની તરફ દ્રષ્ટિ માંડતા હું ગભરાતો હતો. કદાચ તેઓ મારી આંખોમાં 'આગંતુક વિદાય' વાંચી લે! જો કે એમની સાથે વ્યવહાર ટાળવો તે એથી વિશેષ ખતરનાક હતું. આ જ ઉંમરે તેમને 'આવજો' કહેવાનું? અશાંત મન વધુ બેચેન બન્યું. બંને સાથે હસીને વાત કરતાં મેં તેમને વિશ્વાસમાં લેવા પ્રયત્ન કર્યો. જો કે હોસ્પિટલમાં તેમને અવારનવાર લાવવામાં આવતાં. તેથી અશુભના એંધાણ તેમને વર્તાઈ ચૂક્યા હતાં. એમ્બ્યુલન્સમાં અનધિકૃત પ્રવેશેલ પેલું મૌન મારા શયનખંડમાં હું અનુભવી રહ્યો. જાણે કે મારું તે કૃત્રિમ અંગ બની ગયું હતું.

'કોલોસ્ટોમી બેગ' ના કૃત્રિણ નકલી અંગની સંભાવનાનું ડૉ. કાપડિયાએ કુશળતાથી નિવારણ કર્યું હતું. પરંતુ અગોચર દુષ્ટાત્મા સમુ એ અકળ મૌન અસ્પૃશ્ય હતું. તેનું નિવારણ શક્ય નહોતું. હકીકતે તે તેમના વાઢકાપની નિષ્ફળતાની નિષ્પત્તિ હતી.

આ ત્રીસમી તારીખે મારી બે મહિનાની રજા પૂરી થતી હતી. બીજા છ મહિનાની રજાનો રિપોર્ટ મિ. ચૌહાણને મોકલી આપ્યો. ઢેબર સાહેબ પૂછશે તો ખુલાસો કરીશ. એટલે આવતા વર્ષથી એટલે ઓગણીસો છ્યાંસીના મે મહિનાની એકત્રીસ તારીખ સુધી મેં માંદગીની રજા લંબાવી દીધી.

બધાં જ સગાંસંબંધીઓ ગુજરાતનાં હતાં, તેઓએ સૂરત જઈ રહેવાનો આગ્રહ કર્યો. મને પણ એ દરખાસ્ત ગમી. કારણ કે સૂરતમાં તાજેતરમાં જ બંધાવેલો મારો બંગલો હતો અને કંપનીના ફ્લેટ કરતાં

ઘણો મોટો હતો. ઉપરાતં સગાંવહાંલાંને અચાનક આવવાનું થાય તો ભાડાનાણાં ઓછાં ખર્ચાય અને મોકળાશથી રહી શકાય. જિંદગીનો છેલ્લો સમય વતનમાં ગાળેલો સારો! વતનમાં રહ્યા, મર્યાનો સંતોષ રહે. ડૉક્ટરની ઔપચારિક, વિધિવત મંજૂરી લઈ લીધી. દવાનો કોર્સ અચૂક ચાલુ રાખવાની તેમજ એ ઉપરાંત બીજી ઘોકબંધ શિખામણો અને સૂચનાઓ આપી. થોડું વધુ જીવાય કદાચ! એક વર્ષથી વધારે જેટલું જીવવાનું એ વધારાના જીવન માટે એક વર્ષનો મોટો ભાગ દવાના કોર્ષ કરવામાં અને આ સૂચના તે સૂચનાના પાલન તથા અમલીકરણમાં ગુજારવાનો! ડૉ. સાહેબ કદાચ જાણતા નહોતા કે મેં મારી જિજીવિષાને ક્યારનીયે તિલાંજલિ આપી દીધી હતી. કોઈ વાંધો નહિ, જેટલું થાય તેટલું કરીશું એમ વિચારી હા ભણી. હવે તૈયારી કરવા લાગ્યા બધાં. મુંબઈ છોડવાનું હતું. સૂરત જવાનું હતું. આ શહેર હતું જેણે મને યોગ્ય નોકરી આપી ઊંચા હોદ્દા પર ચઢાવ્યો હતો, જે મને, મારી કારકિર્દીને શિખર પર લઈ ગયું હતું, જેણે મને સમાજમાં માનવંતુ સ્થાન બક્ષ્યું હતું. જેણે મને ભારતના અન્ય મહાનગરોની સેર કરાવી હતી. જ્યાં મારી બીમારીની અત્યુત્તમ છેલ્લામાં છેલ્લી ઢબની સારવાર થઈ શકી હતી અને આમજ એ શહેર હતું જેણે મારું નામ પોતામાંથી બલકે પૃથ્વી પરથી ભૂંસી નાખવાની ગુસ્તાખી કરી હતી. ભારતના ઔદ્યોગિક પાટનગરે મને પાટુ મારી હતી. છવ્વીસમી નવેમ્બરે મારે એને છેલ્લી સલામ કરવાની હતી. હવે પછી હું આ શહેરમાં પગ મૂકવા માગતો નહોતો. ડૉક્ટરો કિરણ શાહ, શ્રીકાન્ત શાહ તથા કાપડીયા સાહેબને સલામ પાઠવવાની મારામાં હામ નહોતી અને ઈચ્છા પણ નહોતી. ઢેબર સાહેબની ગળગળા અવાજે રજા લીધી. એપાર્ટમેન્ટમાં બધાં સંબંધીઓને આવજો કહ્યું. હું માંહેથી ભાંગી પડતો હતો. માયાનાં બંધન તૂટતાં નહોતાં. કાલે જવાનું હતું.

આજે છવ્વીસમી નવેમ્બર હતી. ૩૨૫ મો દિવસ! ગુજરાત એક્સપ્રેસમાં જવાનું હતું. બધાં વહેલાં ઊઠયાં હતાં. સવારની ટ્રેન હતી. બાળકોનાં સ્કૂલ લિવિંગ સર્ટિફીકેટ પણ લઈ લીધાં હતાં. હવે તેઓએ સૂરતની સ્કૂલમાં ભણવાનું હતું. સૂરત સૂચનાઓ આપી દીધી હતી. બંગલો

વ્યવસ્થિત કરવામાં આવ્યો હતો. ઘરવખરીની જોઈતી ઉપયોગી વસ્તુઓ લગેજમાં લઈ જવાની હતી. તેની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી. બાકીની વસ્તુઓ, સામાન વગેરે કંપનીના ટ્રાન્સપોર્ટર અઠવાડિયા પછી સૂરત પહોંચાડવાનો હતો. છ વાગ્યાની આસપાસ સવારે નીકળ્યા. ફ્લેટને બંધ કરી, તાળું મારી, ચાવી મિં. ચૌહાણને સુપ્રત કરવાની હતી. હું તો તે કરી શકતો જ નહોતો. કુસુમના પણ હાથ કાંપતા હતા. કુસુમ આંખમાંથી આંસુ સારી રહી હતી. અઢાર અઢાર વર્ષ અહીં રહ્યાં હતાં. છોડતાં મન માનતું નહોતું. અહીંના જીવનમાં પૂરેપૂરા ઓતપ્રોત થઈ ગયા હતા. મુંબઈગરાં બની ગયાં હતાં. આ શહેરના આકર્ષણ અને પ્રીત એવાં હતાં કે છૂટયાં છૂટતાં નહોતાં. પણ અમારે એ સર્વને તરછોડીને, ભૂલી જઈને જવાનું હતું. એ સિવાય બીજો કોઈ ઈલાજ નહોતો. કોઈએ કહ્યું 'બાળકોને હોસ્ટેલમાં મૂકી દો' પણ એ દરખાસ્ત અમને સ્વીકાર્ય નહોતી. બાળકો સાથે હું અંત સુધી રહેવા માંગતો હતો. આખરે શ્રી ચૌહાણે પોતે જ તાળું મારી, ચાવી પોતાની પાસે રાખી લીધી. આજે છેલ્લી વાર મને આપેલી કારમાં હું મુસાફરી કરી રહ્યો હતો. સ્ટેશન પરથી કાર કંપનીનો ડ્રાયવર લઈ જનાર હતો. સ્ટેશને આવી પહોંચ્યા. ઢેબર સાહેબ મળવા આવ્યા હતા. ભગ્નહૃદયી હું તેમની સામે જોઈ શકતો નહોતો. આંસુનાં પૂર માંડ, મહામહેનતે ખાળ્યાં. અને મેં, અમે ટ્રેનમાં બેઠક લઈ લીધી. થોડી મિનિટો પછી ગુજરાત તરફ પ્રયાણ!ચેરકારની સુંવાળી બેઠક મને ખૂંચતી હતી. આર્દ્ર નયને હું અને કુસુમ કર્મભૂમિને નિહાળી રહ્યાં હતાં. ઘણુંબધું જોઈ લેવા માંગતા હતા. આંખોમાં, હૃદયમાં ભરી લેવા માગતા હતાં. જેથી એ છેલ્લી સ્મૃતિને મમળાવી શકીએ, સંભાર્યા કરીએ. ભલે અમારે રૂખસદ લેવી પડી હતી, અમે આ બધું ભૂલવા માગતા નહોતાં. એવામાં ટ્રેનની સાયરન! ગાર્ડની વ્હિસલ અને લીલી ઝંડી! ટ્રેને શરૂ થતાં જ ઝડપ પકડી અને સૂરત તરફ દોડવા લાગી. હજુ મારી દ્રષ્ટિ બારી બહાર જ હતી. ઝડપથી પસાર થતાં સ્ટેશનો, મકાનો, વૃક્ષો ભૂંસાતાં જતાં હતાં. ટ્રેને ઓર ઝડપ વધારી હતી અને બેરહમ, બેતમા બનીને દોડતી હતી. મને જાણે કે ઈશારો કરી રહી હતી આ બધું ભૂલવાનો, માયા તજવાનો, નાહક દુઃખી થવાનો

અને મન પોતાના ગુજરાત તરફ વાળવાનો! વિરાર પણ ગયું! હવે મેં દ્રષ્ટિ બારીની બહારથી માંહે ખેંચી લીધી. આંખો બંધ કરી દીધી.

બંધ આંખે મેં હવે સૂરતમાં મન પરોવવા માંડયું. મારું વતન હતું, આખરે પણ મારે નિવૃત્તિ બાદ અહીં જ આવવાનું હતું. મારા બાપદાદાનું વતન! ભલે ગમે તેવુ હતું પણ મારું વતન હતું. મને પ્યાર, ઉષ્મા, નિરાંત હવે અહીં સૂરતમાં મળવાનાં હતાં. મુંબઈ હવે ઘણું પાછળ રહી ગયું હતું. અને હવે તો અમે મહારાષ્ટ્રની હદ ઓળંગી ગુજરાતમાં આવી ગયાં હતાં, હવે મારે સૂરત, ગુજરાત સાથે નાતો બાંધવાનો હતો. નાતો આમ તો હતો જ, પણ તે તાજો કરવાનો હતો; પુનઃસ્થાપિત કરવાનો હતો. મુંબઈના નિવાસસ્થાનેથી સૂરતના નિવાસસ્થાને! આ નવા નિવાસસ્થાનની કલ્પના હું કરી રહ્યો! અને એટલામાં સૂરત આવી પહોંચ્યું.

# તેમણે મને કુશળતા પાઠવી

સુરત! શબ્દચિત્ર દોરતાં પણ ક્ષોભ થાય. ઉપલાંભો સિવાય બીજા શેને લાયક? ગંદુ, ગોબરૂં, ઘોંઘાટિયું, ધમાલિયું, અવ્યવસ્થિત, વેરણછેરણ, ધૂળિયું, ધૂમાડિયું, સંકડાશભર્યું, મોંઘુંદાટ.... બીજાં પછી ઉમેરીશ. સૂરતીઓમાં નાગરિકભાવનાનો સદંતર અભાવ. ટ્રાફિક માટે વળી નિયમો કેવાં? આવું સૂરત, ગમે તેમ તોય મારું સૂરત, આવી ગયું.

ઉતારુઓની ભીડ વચ્ચે જેમતેમ રસ્તો કરતાં અમે આગળ વધ્યાં. ટિકિટ ચેકરને ટિકિટ સુપ્રત કરી અમે ગ્રાઉન્ડ ફ્લોર પર આવ્યાં કે તરત સામેથી નરેન્દ્રભાઈ લેવા આવ્યા. પોતાની ફિયાટ કાર લઈ ખાસ મને લેવા જ આવ્યા હતા. મારે એમની સાથે, એમના કુટુંબ સાથે જૂનો સંબંધ હતો. મુંબઈ હોસ્પિટલ આવી શક્યા નહોતા તેથી સૂરત સ્ટેશને મને મળવા અને મદદ અર્થે આવ્યા હતા. હું, કુસુમ, બા, વગેરે 'ફીયાટ' માં ગોઠવાયાં. જ્યારે બીજાં સંબંધીઓએ રીક્ષાઓ ભાડે કરી લીધી. નરેન્દ્રભાઈએ ગાડી સ્ટાર્ટ કરી.

'તો એમ કરું, વાયા રીંગ રોડ ગાડી લઈ લઉં. આ શહેરના ગાંડા ટ્રાફિકથી તું અજાણ હશે.'

'હા નરેન્દ્રભાઈ, તમને સુગમ પડે એમ કરો.'

તુર્ત જ અમારી ફિયાટ ગાડી રેલવે સ્ટેશનનું પ્રાંગણ છોડી, મંઝિલ તરફ આગળ વધવા લાગી. સ્ટેશન પરનાં બસ સ્ટેન્ડોથી ક્યાંય દૂર આડેધડ ઊભેલી બસો, બસસ્ટેન્ડો પર રીક્ષાઓનો અનાધિકૃત જમેલો, ઉપરાંત કારની આડે આટાપાટા રમતી રીક્ષા, સ્કૂટર, સાયકલ વગેરેએ નાગરિકોની ટ્રાફિક સેન્સના અભાવની, તેમજ ટ્રાફિક પોલીસની નિષ્ક્રિયતા, આડોડાઈની ભૂંડી ચાડી ખાધી. કાર એટલી ધીમી ચલાવવી પડતી કે સાયકલ સવાર પણ અમને 'ઓવરટેઈક' કરી શકે. દિલ્હી ગેટ આવ્યો એટલે નરેન્દ્રભાઈએ કાર ડાબી બાજુએ વાળી અને અમે સૂરતના રીંગ રોડ પર હંકારવા લાગ્યાં. રીંગરોડ ઉપર પ્રવેશતાં જ ડાબી બાજુએ લિનીયર બસ સ્ટેશન છે.

બારમું બસ સ્ટેન્ડ પસાર થયું. ત્યાં જ ઝૂંપડપટ્ટીની શરૂઆત થઈ. અત્યંત ગંદી, ચીતરી ચઢે એવી, ધ્યાનથી તો નહિ જ જોઈ શકાય એવી ગોબરી, ગંધાતાં કંતાન જ્યાં ત્યાં સાંધી બનાવેલ. રસોડા બહાર રસ્તા પર બળતણમાં લાકડાં અને રેલવેનો કોલસો. ગંદા ગોબરાં, તદ્દન નાગાં, મોટા પેટવાળાં છોકરાં જ્યાં ત્યાં દોડયાં કરે. રસ્તા પર જ એકાદ પથ્થર પર બેઠી બેઠી એક સ્ત્રી નાહ્યા કરે. પાણી રેડયા કરે. ઝૂંપડાવાળાઓએ ભૂંડો પાળ્યાં હોય એવું લાગતું હતું. મેં નજર ફેરવી લીધી. હું દ્રષ્ટિ દ્વારા પણ ત્યાં પહોંચવા માગતો નહોતો. એટલામાં નરેન્દ્રભાઈએ ગાડી એકદમ ધીમી પાડી દીધી. ગાડી આગળ જ ગાયોનું મોટું ધણ શાકભાજીનો કચરો ખાતું ઊભું હતું અને પેલાં નાગાં ગંદા છોકરાં પણ કશું વીણી લેતાં, ગાયનાં મોઢામાંથી પણ ખેંચી લેતાં જોવા મળ્યાં. અનાયાસે જમણી બાજુ જોયું તો સરદાર માર્કેટ એવું બોર્ડ વાંચવા મળ્યું. એ શાકભાજીનું જથ્થાબંધ માલ વેચવાનું બજાર હતું. જેમતેમ કરી આગળ નીકળ્યા, ત્યાં ચાર રસ્તા આવ્યા. ઝૂંપડપટ્ટી પૂરી અને મારા આશ્ચર્ય વચ્ચે રસ્તાની બંને બાજુએ આલિશાન બહુમાળી માર્કેટો, હોટલો રેસ્ટોરાં, એપાર્ટમેન્ટ, વગેરે જોવા મળ્યાં. માર્કેટો બધી કાપડની જથ્થાબંધ માર્કેટો હતી. તેમાંય સૂરત ટેક્ષટાઈલ માર્કેટના પ્રાંગણમાં તો સેંકડો મોટરકાર, સ્કૂટરો, મોપેડ, સાયકલ, વગેરે વાહનોં પાર્ક કરેલાં જોવા મળ્યાં. માર્કેટના ટાવર પર રિવોલ્વિંગ રેસ્ટોરાં હતી. મને તરત અમદાવાદની 'પતંગ' યાદ આવી ગઈ. લોકો બસ પૈસા પાછળ દોડતા હતા. આ મૂષક દોડ અટકતી જ નહોતી. યેન કેન પ્રકારે પણ બસ પૈસા લાવ. અહીં પૈસો જ પરમેશ્વર હતો. માણસની કોઈ જ કિંમત નહિ.

'કેમ, જોયુંને! એવી છે આ શહેરની બલિહારી! એકબાજુ ઝંપડપટ્ટીની બેહાલ દરિદ્રતા અને બીજી તરફ શ્રીમંતાઈ નો ઝગમગાટ! શહેરની કોર્પોરેશન આ બધાંથી સાવ અલિપ્ત! આ શહેરમાં ભાગ્યે જ કોઈ 'કેપટીલ વર્ક્સ' થતાં હશે. આટલાં વર્ષો થયાં છતાંય શહેરના કોટ વિસ્તારમાં માંડ ડ્રેનેજની સગવડ જોવા મળે. સત્તર સત્તર વર્ષોથી શહેરમાં સમાવિષ્ટ થયેલ વિસ્તાર હજી ડ્રેનેજની સગવડથી વંચિત છે. વર્ષો પહેલાં

ઘડાયેલી 'ટાઉન પ્લાનિંગ સ્કીમો' હજી અમલી બની નથી. આજના સંદર્ભમાં તો એ સ્કિમોને ફરી બનાવવી પડે એવી તાકીદ ઊભી થઈ છે. કંઈ કેટલાય વર્ષોથી કોર્પોરેશન પાણી માટે પૈસા ખર્ચે જ જાય છે; પણ હજુ પૂરતું પાણી આપી શકી નથી. ગેરકાયદે બાંધકામો માટે આ શહેર કુખ્યાત છે. રેલ્વેની સગવડો ક્યાંય અપૂરતી, વિમાની સર્વિસ નામની, શહેર માંહેનો બસ વ્યવહાર રગશિયા ગાડાં જેવો, સેન્ટ્રલ બસ સ્ટેશન તો તેં જોયું, 'ટ્રાફિક જામ' રોજિંદી ઘટના, રેડિયો સ્ટેશન કદાચ હવે મળવાનું જ નથી, સ્ટેડિયમ, સ્પોર્ટ કોમ્પ્લેક્ષનું તો હજુ સ્વપ્ન પણ જોવાનું બાકી છે, રસ્તા પરનાં ગેરકાયદે દબાણો દૂર કરવા, આકાશકુસુમવત! ઝૂંપડપટ્ટી દૂર કરવી નહિ પણ ઝૂંપડાવાળાને તે જ જગ્યાએ, પાણી, લાઈટ અને ડ્રેનેજની સગવડ આપવી. આવી વાત છે આ શહેરની! રૂપિયા પચાસ કરોડ કરતાં વધારે રકમનું ધોળા હાથી જેવું બજેટ આ વર્ષનું છે પણ તો યે ઠન ઠન ગોપાલ! ભ્રષ્ટાચાર, કામચોરી, ફરજપરસ્તીનો અભાવ, બેદરકારી, દીર્ઘદ્રષ્ટિનો અભાવ, ખાતાંઓ વચ્ચે સંકલનનો અભાવ, વગેરે દૂષણોએ શહેરની કોર્પોરેશનને તદ્દન નકામી બનાવી દીધી છે. શહેરી બાવાઓ હંમેશા મતની ભીખ માગ્યા કરે. રાજ કરનાર કોઈપણ રાજકીય પક્ષની સરકાર તેના પુરોગામી કરતાં વામણી અને અશક્ત પુરવાર થઈ છે. જરૂર આ શહેરને એક એડમીનિસ્ટ્રેટરની - જેને કોઈની શેહશરમ નડતી નથી - જે કોઈ રાજકીય લાગવગને આધીન થતો નથી - જે ભ્રષ્ટાચારનો દુશ્મન છે - જે કામચોરી, બેદરકારી, ફરજપરસ્તીનો અભાવ, વગેરેનો કાળ છે - જેની પાસે દીર્ઘદ્રષ્ટિ છે. જે જુદાંજુદાં ખાતાંઓને સંકલનની ફરજ પાડી શકે છે - જે આ શહેરના રહેવાસીઓ ને નાગરિકભાવના શીખવી શકે છે. ઓછામાં ઓછું સાત વર્ષ એ રાજ કરે, તો જ આ શહેરનું કંઈ ઠેકાણું પડે તેમ છે. નહિ તો પછી આ બધા જ પ્રશ્નો 'યાવતચંદ્ર દિવા કરૌ' ની જેમ ચાલુ જ રહે.'

'અનિલ...'

'હાં બોલો નરેન્દ્રભાઈ, સાંભળુ છું.'

'આ શહેરમાં ગાળોનું એક વિશિષ્ટ, અભેદ્ય સામ્રાજ્ય છે. 'ગાળ'

એ સુરતીઓની ભાષા છે. ઝઘડો થયો હોય તો તમને ફક્ત ગાળો જ સંભળાય. તે પણ કાનના કીડા ખરી પડે તેવી. ભાષા જ બની ગઈ છે. તેથી પુરુષો અને સ્ત્રીઓ પણ છૂટથી ઉપયોગ (?) કરે. અહીં ઝઘડાઓમાં હથિયારનો ઉપયોગ થતો નથી. હાથોનો પણ બહુ ઓછો. થાય ફક્ત ગાળોનો! ફક્ત ગાળ બોલીને જીત્યાનો, હરાવ્યાનો આનંદ માણે. ચોરે, ચૌટે, ચોકમાં, રસ્તા પર, ગલીઓમાં, ઘરોમાં ગાળો બોલાતી રહે! જે શહેરનો અદનો માણસ ગાળ થૂંકતો હોય, તેનું આંગણું ક્યાંથી ચોકખું રહે? અને જો આંગણું જ ગંદુ, તો શહેર પણ ગંદુ જ ને!

આમ વાતો કરતાં કરતાં અમે અઠવા ગેટ આવી પહોંચ્યા. ગગનચુંબી ઈમારતો ઠેક-ઠેકાણે જાણે કે બિલાડીનાં ટોપની જેમ ઊગી નીકળી હતી.

વિસ્તાર વૈભવી પણ અવ્યવસ્થિત. ઊડીને આંખે વળગે એવી સ્વચ્છતા તો નહિ જ. અઠવા ગેટની સામે જ ખીચોખીચ ઝૂંપડાં. સોનાની થાળીમાં લોઢાની મેખ!

સ્ટીઅરિંગ ધુમાવીને નરેન્દ્રભાઈએ ફિયાટ કાર ડાબી બાજુએ વાળી. મારાં જૂનો સંસ્મરણો તાજાં થયાં. અભ્યાસકાળ આળસ મરડીને મારી સામે બેઠો થયો. ડાબી બાજુ આર્ટ્સ, સાયન્સ, કોમર્સ કોલેજોનાં વિશાળ કેમ્પસ, જમણી બાજુએ જુવાનીને બહેકાવનારું આહ્‌વાન આપતી, પડકાર ફેંકતી ચોપાટી, તેનો બગીચો, હરિયાળી, ઘટા, બાંકડા, હવા... સર્કીટ હાઉસ, પોલીસ હેડ ક્વાર્ટર્સ, નવો કોર્ટ કોમ્પ્લેક્ષ, રૂપકડો પાર્લે પોઈન્ટ... થોડે દૂર જઈને તરત જ નરેન્દ્રભાઈએ સ્ટીઅરીંગ ઘુમાવ્યું જમણી તરફ અને તરત અમે મારા નવા, શણગારેલ, સત્કારવા સજ્જ થયેલ બંગલે આવી પહોંચ્યા. સગાં, મિત્રો બધાં હાજર હતાં. મુંબઈથી સુરત શહેરનું રેલ્વે સ્ટેશન અને રેલવે સ્ટેશનથી બંગલા સુધીની યાત્રા વિશિષ્ટ રહી. મુંબઈ છોડયાનો શોક તો મહારાષ્ટ્રની હદમાં જ પૂરો થઈ ગયો હતો. હવે અહીં સુરતમાં એક નવી જ દુનિયા, ભલે ક્ષણભંગુર. વતનમાં આવતા રહ્યાનો આનંદ સંતાડી શકાય એમ નહોતું.

ઘણાં બધાં સગાં, મિત્રો, સંબંધીઓ અમને આવકારવા આતુર

અને તત્પર હતાં. નિર્મલભાઈનાં બાળકો બિમલ, હેતલ, તેમના પિતાજી એટલે બચુદાદા, ઉષાફોઈ, બહેનોમાં શીલા, હંસા, મેના, ભાભીનો ભાઈ શનિ, ઈંદુબેન, વલસાડથી શારદાબેન તેમજ સ્થાનિક મિત્રોમાં ચંદ્રશેખર, અમીન, કિરીટ, પ્રકાશ, વિજય, આશિષ, કાકાનો દીકરો પપ્પુ, સિરાજ, બહેનોમાં વાસંતી, જશુમતી, ઊર્મિલાબેન, નિવિનબેન વગેરે હતાં. મારી જીવનલીલા એકાદ વર્ષમાં સંકેલાઈ જવાની છે એવી ખબર હજુ સુધી મિત્રોને નહોતી તેથી આનંદ, ઉલ્લાસ જોવા મળતાં હતાં, બધાંએ મારા ક્ષેમકુશળ હોવાની ખાતરી કરી, ઔપચારિક વાતો કરી અને પછી એક પછી એક એમ બધાં આનંદથી છૂટાં પડયાં. નરેન્દ્રભાઈએ પણ અવારનવાર મુલાકાત લેવાનું કહીને જવાની રજા માંગી. બધાં જ ગયાં. રહી ગયાં અમે સગાંવહાલાં. ફરી પાછી શાંતિ પ્રવર્તી રહી. આજે ૩૨૫ મો દિવસ હતો. ૩૨૫માં દિવસની સવાર મુંબઈમાં અને બપોર સુરતમાં સગાંવહાલાંઓ પણ એક પછી એક જવા માંડયાં.

સુરતનું, અઠવાલાઈન્સ વિસ્તારનું વાતાવરણ મને માફક આવી ગયું હતું. શહેરમાં ભલે મહામારી હોય, ત્રાસ હોય, પીડા હોય, અહીં! અહીં નિરાંત, શાંતિ, સ્વચ્છ હવા,કોઈની લપ્પન છપ્પન નહિ, કોઈ પંચાત કરવા પણ આવતું નહિ. કુસુમને થોડું એકલું લાગતું હતું પણ આ એકલવાયાપણાના જે પ્લસ પોઈન્ટ હતા તે એકલતાના અજંપાને નિષ્ક્રીય બનાવતાં. બાળકોને પણ સ્થાનિક ઈંગ્લીશ સ્કૂલોમાં એડમીશન મળી ગયાં હતાં. હવે તેઓ ને અહીં ફાવી ગયું હતું. તેમના મિત્રો બહુધા આજુબાજુના બંગલાઓમાં રહેતા હોઈ તેમને ગોઠી ગયું હતું. સ્કૂલે જવા આવવા માટે રીક્ષા બાંધી દીધી હતી. જો કે અભ્યાસક્રમમાં ઘણો ફેરફાર હતો. પણ અહીંનો અભ્યાસક્રમ સરખામણીમાં સહેલો હતો. મને પોતાને અહીં પોતીકું લાગતું હતું. શાકભાજી, જીવનજરૂરિયાતની વસ્તુઓ નજીકમાં જ મળી રહેતી. એક કામવાળી છોકરી રાખી હતી. ચોવીસ કલાક ઘરે રહે અને બધું જ કામ કરે. વાર તહેવારે એને ઘરે જાય અને પાછી તરત આવી જાય. શહેરી જીવનના વૈભવનું ખેંચાણ અજબનું હોય છે. એનું નામ નયના હતું. કુસુમને તેની કંપની રહેતી અને કામમાં ઘણી

રાહત રહેતી. મુંબઈના ફ્લેટનો બાકીનો સામાન ક્યારનોય આવી ગયો હતો. અમે હવે મુંબઈ લગભગ ભૂલી ગયાં હતાં. સુરતમાં પણ શોપિંગ માટે કુસુમ અઠવાડિયે એક જ વાર જતી એટલે કંઈ ઝંઝટ જેવું લાગતું નહિ. નરેન્દ્રભાઈએ જે શબ્દચિત્ર દોર્યું હતું તથા મેં પણ મારી સગી આંખે શહેરની જે તાસીર જોઈ હતી તે મને કોઈ રીતે નડતરરૂપ નહોતું. એનાથી ઊલટું મારે નદીના કિનારે રહેવાનું હતું. નૈસર્ગિક દ્રશ્યોનો આનંદ લૂંટવાનો હતો, રોજરોજ. ક્ષિતિજ પર દ્રષ્ટિ માંડવાની હતી. રાત્રિએ, વિશેષ કરીને અમાસની રાત્રિએ, નિરભ્ર નભમાં તારકો નિહાળવાના હતા. તેમનો ઝગમગાટ, તેમનું પલકવું, વગેરે મારા હૃદયમાં એક અનેરો આનંદ ભરતું હતું. મૃગશિર્ષ, સપ્તર્ષિ, વગેરે નક્ષત્રો નિહાળવાં, રોજરોજ તેમનાં સ્થાનમાં થતો ફેરફાર નોંધવો. ધ્રુવ તારક પર દ્રષ્ટિ માંડવી, વગેરે બહુ જ અદ્ભુત લાગતું. એક ક્ષિતિજથી માંડીને તેની સામેની એટલે વિરુદ્ધ દિશામાં આવેલ ક્ષિતિજ – એ બે વચ્ચેનું ફલક મનમાં વિશાળતા ભરી દેતું. મુખમાંથી અહોભાવ સરી પડતાં. તારાઓથી દૂર સુદૂર પેલો ઝાંખો, માંડ જોઈ શકાતો, આછો શ્વેત પટો! એ આકાશગંગા હતી. ફલકનાં ઘટ્ટ શ્યામ પરદા ઉપર એની શરૂઆત ક્યાંથી થતી કે તેનો અંત ક્યાં આવતો તે શોધવું. કૂટપ્રશ્ન કરતાં ય અઘરૂં હતું. છતાંય તે શોધવામાં વ્યસ્ત રહેતાં સમય વિતાવવો પાલવતું હતું. કેવું જબરજસ્ત પોલાણ! એ પોલાણમાં અસંખ્ય ઠેકાણે અદ્ધર, કશાય આધાર વિના તારાઓ, નક્ષત્રો લટકે! આપણી પૃથ્વી પણ એમ જ લટકે! આકાશના નીતિનિયમો પણ કેવા જડબેસલાક! આ બધું એમને એમજ અસ્તિત્વમાં? વિજ્ઞાને રજૂ કરેલી ફિલસૂફીઓ મને કંઈક અંશે પૂર્વગ્રહિત લાગી.

અહીં આવ્યે મને એક મહિનો થયો હતો. ગઈકાલે એક નવીન અનુભવ થયો. આ અનુભવની સાથે હું હોસ્પિટલમાં થયેલ ટોમસ પૉલની મુલાકાત સાંકળી રહ્યો. એક મહિલામંડળ મુલાકાતે આવ્યું હતું. મંડળની બહેનો ખ્રિસ્તી હતી. પાછળથી ખબર પડી કે તેમાંના એક બહેને પ્રીતિની સ્કૂલ લુર્ડસ કોન્વેન્ટમાં શિક્ષક હતાં. તેઓએ એક ગીત ગાયું. ગીત મને ગમ્યું. શબ્દો યાદ રહ્યા નહિ પણ અર્થ કંઈ આવો હતો – મારા પાપોના

ડાઘ ધોવા, મને સાજો કરવા, ઈસુનું લોહી વહ્યા કરે છે.ત્યારબાદ ટોમસ પોલની જેમ તેમનું ધર્મપુસ્તક 'બાઈબલ' ઉઘાડયું અને ગીતોના પુસ્તકમાંથી વાંચ્યું. પાપોની માફી સંબંધી એ લખાણ હતું. ત્યારબાદ તેઓમાંના એક વડીલ બહેને મારી તંદુરસ્તી અને સાજાપણા માટે ઈસુખ્રિસ્તને યાચના કરી. અને વ્યક્તિગત રીતે તેમજ તેમનાં જૂથમાં મારા માટે આવી યાચના કરવાની બાંહેધરી આપી. તેઓએ મને ગુજરાતીમાં નવો કરાર આપ્યો. મને સારું લાગ્યું. આ ખ્રિસ્તી લોકો જ આવી મુલાકાતો લેતાં હોય છે. મહિલા મંડળો સંબંધી મારો ખ્યાલ એવો છે કે મંડળના મકાનમાં મિટીંગો ભરવી, વાંરતહેવારે હરીફાઈનું આયોજન કરવું, ઈનામ આપવાં, બહાર પર્યટને જવું અને બહુ બહુ તો રક્ષાબંધનને દિવસે કેદખાનામાં જઈ કેદીઓને રાખડી બાંધી આત્મસંતોષ અનુભવવો. એથી વિશેષ બીજું ઠીક. પણ માંદગીને સમયે મુલાકાત લેવી, દિલાસાના શબ્દો કહેવા, યાચનાઓ કરવી એ બધું એમના કાર્યક્ષેત્રની બહાર. હું મનોમન આ બે મંડળોની સમતુલના કરતો રહ્યો.

ધીમેધીમે દિવસો પસાર થતા જતા હતા. મહિનાઓ પસાર થતા ગયા. મે મહિનો આવ્યો. મારે ફરી રજા લંબાવવી પડી. આ વખતે પાંચ મહિના લંબાવી દીધી એટલે છ્યાંસીના ઓક્ટોબરની એકત્રીસ તારીખ સુધી. પછી કદાચ રજા લંબાવવી પડશે? એટલે ત્યાં સુધી હું જીવતો હોઈશ? બાળકો પરીક્ષામાં પાસ થઈ ગયાં હતાં. વેકેશન ભોગવતાં હતાં. વેકેશન પૂરું થયું. ફરી પાછી સ્કૂલ ચાલુ થઈ એમ દિવસો ઘટતા જતા હતા.

આજે ઓગષ્ટની ઓગણીસમી તારીખે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર હતો.ત્રણે ત્રણ બહેનો રાખડી બાંધવા આવી હતી. જો કે મારા જીવનની ક્ષણભંગુરતા તેઓ જાણતી હતી તો પણ દીર્ઘાયુષ્ય વાંચ્છવાની વ્યર્થ ચેષ્ટા! ડૉક્ટર કાપડિયા સાહેબ કશું કરી શક્યા નહિ તો આ ત્રણ દોરા શું કરવાના? આ શુભ ચેષ્ટાની ભાવના માટે મને આદર છે, પણ ઔપચારિકતા, પ્રણાલિકાથી આગળ તે વધી શકતી નથી. તેનું કોઈ નક્કર મૂલ્ય નહિ, નહિ કોઈ શુભ પરિણામ.

હું અતિશય દુર્બળ થઈ ગયો હતો.કદાચ રજા પૂરી નહિ કરું. વર્ષ

પૂરું થવાની તારીખ નજીક આવતી જતી હતી. ત્રીસમી સપ્ટેમ્બર ૧.૯૮૫ થી જે વિચારોની ભૂંડી ભૂતાવળ જન્મી હતી તે હવે તાંડવ નૃત્ય કરવા લાગી હતી. એ ભયંકર, અશુભ વિચારોએ, એ ફિલસૂફીઓની વ્યર્થતાએ, એ પેલાં અકળ અગમ્ય કારણોએ તથા ઈશ્વરના અસ્તિત્વ વિષે પ્રબળ બનતી જતી સંભાવનાઓએ જે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું તેમને ગૂંગળાવી રહ્યું હતું. અસહ્ય બેચેનીએ મને અશાંત અશાંત કરી મૂક્યો હતો. હવે મૃત્યુના ભણકારા વાગતા હતા. રાત્રિના ઉજાગરા વિનાશકારક વિચારોનાં વડવાનલ બની રહેતા. મારા શરીર પર ફક્ત હાડકાં અને ચામડી દેખાં દેતાં. મારી ચામડી કાળી પડી ગઈ હતી. મને ઓળખવો હવે મુશ્કેલ હતું. આ પાર્થિવ જીવનની કોર પર કરાડ પર હું ઊભો હતો. હવો તો એક જ પગ પૃથ્વી પર હતો. બીજો પગ ક્યાંક મૂકવા ઊંચક્યો હતો. ક્યાં? ખબર નહિ. આજે ૫૯ મો દિવસ પૂરો થયો. કાલે ૫૮મો, પછી ૫૭મો, ૫૬મો......

## મૃત્યુ સમીપે શું થાય?

દશ મહિનાનાં વહાણાં વાઈ ચૂક્યાં હતાં. ભયંકર યાતના, ત્રાસ, ઉજાગરાઓથી હું અત્યંત ક્ષીણ થઈ ગયો હતો. નરદમ હાડકાં, ઉપર કાળી ચામડી! મારી કાંતિ સમૂળગી લોપાઈ ગઈ હતી. આ શુષ્ક, પાર્થિવ જીવનની કરાડ ઉપર હું ઊભો હતો. મારો જમણો પગ હવામાં અદ્ધર હતો. થોડીવારમાં કે પછી થોડા દિવસોમાં એ નીચે ક્યાંક મૂકવાનો હતો. એ પગ મૂકાયાની સાથે જ મારા નિધનની જાહેરાત થશે. પછી પાછાં સગાંવહાલાં, સંબંધીઓ, મિત્રો, વગેરે બહુજ ત્વરાથી આ 'બંગલા'ને ભરી દેશે. સ્વજનોથી, શુભેચ્છકોથી ઉભરાતો આ બંગલો ત્યારેય શાંત હશે. એનું મૌન વ્રત યથાવત હશે. કદાચ રૂદનથી તૂટે! દિલાસાના પત્રો, સાંત્વનની વિધિવત ચેષ્ટા, છાપામાં જાહેરાત, શ્રદ્ધાંજલિ પછી મરણોત્તર ક્રિયાઓ, ત્યારબાદ? એકલાં પડીગયેલ કુસુમ, બાળકોનું યંત્રવત્ જીવન.

આજે ૪૬ મો દિવસ હતો. ગણિતની દ્રષ્ટિએ હવે ફક્ત ૪૫ દિવસ બાકી રહ્યા હતા. ૪૬મો દિન તો આ ચાલ્યો! ૪૫ દિવસો એટલે ફક્ત દોઢ મહિનો. બાર મહિનામાંથી હવે દોઢ મહિનો બાકી રહ્યો હતો. આજે ૪૬ મો દિવસ, એટલે આજની તારીખમાં ૪૫ દિવસ બાકી. પછી? ૪૪, પછી ૪૩, .....૪૧ ....૩૭ ....૩૧ .....૨૯ .....૨૩ ....૧૯ .....૧૭ .....૧૩ .....૧૧ .....૭ ....૩ .....૨ ....૧ ...૦ = મૃત્યુ??

આ બધી જ યાતના, ચિંતા, ઉજાગરા, ત્રાસ, વગેરેની મુક્તિ અપાવનાર મૃત્યુ મારે જોઈતું નહોતું. મારી જિજીવિષા છાપરે ચઢી પોકારતી હતી. મારી વિરુદ્ધ બંડ કરતી હતી. મને સંબોધી રહી હતી. 'મારે જીવવું છે.' 'મારે મરવું નથી.' 'મને જીવવા દો...'

હું અત્યંત ક્ષીણ થઈ ગયો હતો. મારી પાસે કોઈ જ જવાબ નહોતો. હું કશું જ જાણતો નહતો. હું અજ્ઞેયવાદી આ સંબંધી તદ્દન અજ્ઞાત હતો. અજ્ઞેયવાદ, અજ્ઞેય હોવાનો યથાર્થ દાવો કરી સરી ગયો હતો. પલાયનવાદ, પૂછ્યા વગર જ પલાયન થઈ ગયો હતો. મૃત્યુ મક્કમપણે મારી દિશામાં

આવી રહ્યું હતું. એ મને લઈ જનાર હતું. તેનો કોઈ જ વિકલ નહોતો. મૃત્યુ કદી વિકલ્પ આપતું હોતું નથી. પણ મૃત્યુ પછી શું? મૃત્યુ લઈ જઈને ક્યાં લઈ જાય? ક્યાં? કોઈ જવાબ નહિ. કોઈ જાણતું નથી. હું તો શું પણ કોઈ જ જાણતું નથી. બધાં આ વિષે બેખબર છે. આટલાં વર્ષોથી, કેટલાં? કરોડો! કરોડો વર્ષોથી માણસો મરતાં આવ્યાં છે પણ હજુ સુધી કોઈએ એ રહસ્ય જાણવાની દરકાર કરી નથી. મનુષ્યપક્ષે કેવી ઘોર બેદરકારી! માણસ ક્યાંથી આવ્યો. તે પણ જાણતો નથી અને ક્યાં જવાનો તે પણ જાણતો નથી. કેવું કડવું સત્ય! મરણની બીક છતાંય જાણવાનો પ્રયત્ન નહિ.

વહેલું કે મોડું દરેકે, બધાંએ એ વાટ પકડવાની છે. અનિચ્છાએ કે પછી ઈચ્છાએ (?) દરેકે મૃત્યુ સ્વીકારવાનું, એમાં કોઈ કરતાં કોઈ જ અપવાદ નહિ. કદાચ દવાદારૂથી થોડું પાછું ઠેલાય અને રોગસંપૂર્ણ મટી જાય, દૂર થાય તો પણ ઉંમર થતાં મરવાનું તો ખરૂં જ ને! કેવી જડ, દુઃખદ વાસ્તવિક્તા! ખરૂં જોતાં તો માણસ જન્મે કે તરત, એટલે જન્મથી જ, અરે બાળક ગર્ભમાં હોય ત્યારથી જ, કહો કે ગર્ભાધાનથી જ 'કાઉન્ટ ડાઉન'ની શરૂઆત થતી હોયછે. અને એ કાઉન્ટડાઉનના છેલ્લે ડંકે તેનું મૃત્યુ થતું હોય છે. છતાંય, આટલા બધાં 'ચોક્કસ' મૃત્યુ પછી શું? તેની માણસને જાણકારી નથી. યુગો થયાં, આ રહસ્ય પરથી હજુ પરદો ઉંચકાયો નથી. આ 'પઝલ' કોઈએ ઉકેલી નથી.

કવિઓ, લેખકો, ફિલસૂફો, અરે વિજ્ઞાનીઓ બધાં જ આ 'ડેડ એન્ડ' પાસે આવી અટકી જાય છે. પાછાં ફરી જાય છે. એને વળોટવાની, એને પાર કરવાની નથી કોઈનામાં હિંમત કે નથી કોઈનામાં બુદ્ધિ. આ 'ડેડ એન્ડ' હજી અજેય છે. એ બધાંને પોતાની આગળથી કાઢી મૂકે છે. આ 'ડેડ એન્ડ' એટલે મૃત્યુને જે વળોટે, પાર કરે, તે કદી કહેવા પાછો ફરી શકતો નથી. 'મૃત્યુ પછી શું?' ની માહિતી હજુ સુધી અપ્રાપ્ય રહી છે. અને આ જ તો મૃત્યુનું વિશિષ્ટ લક્ષણ છે. તે કદી પોતાની ચુંગાલમાંથી કોઈને છોડતું નથી. માણસને પોતાની પાસે ખેંચતા જ તે જીવનનું દ્વાર બંધ કરી દે છે. કોઈ વ્યક્તિને મૃત્યુનો પ્રાથમિક અનુભવ નથી, નહોતો

અને કદી હશે પણ નહિ! તેના સંબંધી તો માત્ર કલ્પના જ કરવાની. જ્યાં ત્યાં આશરે આશરે કહેવાનું.

કેટલાંક માણસો મૃત્યુ પામ્યા પછી, મૃત્યુનો અનુભવ લઈ પાછા ફરવાનો દાવો કરે છે. તેમનાં સંબંધી શું કહી શકાય? જેમને તબીબે મૃત્યુ પામેલ જાહેર કર્યા હોય એવી વ્યક્તિઓમાં કોઈક કિસ્સામાં જીવનો પુનઃસંચાર થાય છે, તેનું શું? તે વ્યક્તિ શું ખરેખર મૃત્યુ પામી હશે? તો પછી મૃત્યુ પછીનો એનો અનુભવ જગત લેખામાં કેમ નથી લેતું? એ પણ એક પ્રશ્ન છે. કદાચ વૈદકીય દ્રષ્ટિએ એને મૃતક જાહેર કર્યો હોય પણ જીવાત્મા શરીર છોડી ગયો ના હોય તો જ આવું બની શકે. પણ એવાં, એટલે જેઓ મૃત્યુ પામ્યા બાદ પાછાં જીવનમાં પાછા ફર્યાં છે તેવાં, ઘણીવાર સ્વર્ગમાં જઈ આવ્યા હોવાનો દાવો કરે છે. સ્વર્ગનાં બગીચા, નદી, રસ્તા, વગેરેની ઘણી બધી અતિશ્યોક્તિભરી વાતો કરતાં હોય છે. તો પછી પાછાં કેમ નાસી આવ્યાં? રહેવું હતું ને સ્વર્ગમાં. એ બધા તરંગો છે, સાવ તઘલખી. 'મૃત્યુ પછી શું?' એ મૂળભૂત પ્રશ્નનો જવાબ અનુત્તર જ રહેછે. જેને તરતાં નથી આવડતું એવી વ્યક્તિએ મધદરિયે ભૂસ્કો મારવાનો. એ ભૂસ્કો ના મારે તો કોઈએ એને ધક્કો મારવાનો, એવી હાલત મૃત્યુટાણે હોય છે.

મૃત્યુટાણે હાલત દયનીય, મૃત્યુ બાદ? કદાચ એથી વિશેષ દયનીય. હું માનું છું કે બધાં જ લોકો, જેઓ જુદા જુદા ધર્મોમાં માને છે અને બીજા કે જેઓ કંઈ જાણતા હોવાનો દાવો કરે છે, તે બધાં જ અહીં 'અજ્ઞેયવાદી' માં ખપે છે; નાસ્તિકો સુદ્ધાં. એટલે જ કદાચ અજ્ઞેયવાદ અસ્તિત્વમાં આવ્યો હશે. અને નાસ્તિકતા અજ્ઞેયવાદનું સંકલન (ઈન્ટીગ્રેશન) નહિ તો બીજું શું? મૃત્યુ પછી શું? અનુત્તર. તેની અસર કેટલી વિઘાતક!

એક વાત ચોક્કસ છે. એક વખત માણસ પોતાનું મૃત્યુ આવતું જોઈ જાય છે કે તરત જ, અનાયાસે જીવન પ્રત્યેની તેની દ્રષ્ટિ બદલાઈ જાય છે. હવે તે પોતાનું બાકી રહી ગયેલું જીવન 'જીવવા' માગે છે. કાળજીપૂર્વક! સભાનતાપૂર્વક! અંતરાત્માના અવાજને અનુસરતાં! મૃત્યુ

થતાં સુધી આ દ્રષ્ટિ, અભિગમ નિશ્ચલ રહે છે. તેની માત્રામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. ૩૫૬મો દિવસ મારી સમક્ષ ઉપસ્થિત થયો. દેહાંતદંડની જાહેરાત થયાનો દશમો દિવસ! ત્યારે સૌપ્રથમ મને જીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ આવ્યો હતો. ત્યારે સૌપ્રથમ મેં આત્માનિરીક્ષણ કર્યું હતું. કેવી ક્ષુલ્લક બાબતો મારા જીવનમાં રાજ કરતી હતી! ત્યારે જ સૌપ્રથમવાર મેં મારા જીવનની ગુણવત્તા વિષે વિચારેલું. ત્યારથી જ મારી દ્રષ્ટિ - જીવન પ્રત્યે - બદલાવા માંડેલી, બદલાતી રહેલી. આજે ૪૬ મો દિવસ છે! ૩૧૦ દિવસોનો અંતરાલ! કેલેન્ડરમાંથી ૩૧૦ દિવસોની તારીખો ફાટી ગઈ હતી, પણ એ બધા જ દિવસો હું જીવ્યો હતો. એ ૩૫૬ મા દિવસથી જ જીવનની ગુણવત્તા સુધરતી રહી. ત્યારબાદ કોઈ ખોટું કામ કર્યાનું યાદ નથી. કદાચ કર્યું હશે, થયું હશે પણ તેની માત્રા ત્રીસમી સપ્ટેમ્બર ઓગણીસો પંચ્યાસી પહેલાંની માત્રા ક્યાંય ઓછી. મૃત્યુનું ભાન માણસને નીતિમય જીવન જીવતાં શીખવે છે. માણસને મૃત્યુની, ક્રૂર વાસ્તવિકતાનું શિક્ષણ બાલ્યકાળમાં કેમ નથી અપાતું? શું જયંત ચૌહાણને આ શિક્ષણ મળ્યું હશે? મૃત્યુની વાસ્તવિકતાની ઉપેક્ષા, તે પ્રત્યે દુર્લક્ષ માણસને અનીતિમાં દોરી જાય છે. સમયના અતિ મૂલ્યવાન તત્વ સંબંધી એ અંધારામાં રહે છે. સમય! મનુષ્યનું જીવન સમયખંડમાં જીવાય છે. જો સમય સંબંધી નિષ્કાળજી, દુર્લક્ષ, તો જીવન સંબંધી શું?

૩૫૬ મા દિવસથી માંડીને આજદિન સુધી હું વિચારતો રહ્યો હતો, સંશોધન કરતો રહ્યો હતો. પહેલાં સમય ફક્ત જિંદગીનાં, કુટુંબનાં, નોકરીનાં ક્ષુલ્લક, નિર્જીવ, નકામાં, ભ્રષ્ટ કામો પાર પાડવાનું એકમાત્ર સાધન હતો. હવે તે એવું વિધાતક સાધન રહ્યો નહોતો. હવે એ મારું જીવન હતો. જીવન ભલે ક્ષણભંગુર રહ્યું, તે હવે 'જીવવાનું' હતું: પૂરી સભાનતાપૂર્વક, અંતઃકરણપૂર્વક, અને ગુણવત્તાવાળું છતાં હૃદયમાં પુષ્કળ બેચેની હતી. 'મૃત્યુ પછી શું?' પ્રશ્ન મને કોરી રહ્યો હતો.

હું વધુ ને વધુ નિર્બળ બનતો જતો હતો. હવે અગાશી પર જઈ શકતો નહોતો. રાત્રિનું આકાશદર્શન હવે શક્ય નહોતું. લગભગ પથારીવશ રહેતો - શારીરિક ઉત્સર્ગ ક્રિયા સિવાય ઊઠતો નહિ. પાછલા દિવસોનું

સંસ્મરણ વાગોળવું ગમતું. જ્યારે તબિયત ટકોરાબંધ હતી કડેધડે મુસાફરી કરતો, કામ કરતો, શ્રમ કરતો. મુખ પર સ્મિત રમતું રહે. અન્ય કર્મચારીઓ કામ કરવાની પ્રેરણા પામતા. કેટલાક કાર્યક્ષમતાની, ખંતીલાપણાની ઈર્ષા કરતાં, પડકાર પામતા, ઝીલતા. સરવાળે કંપનીને ફાયદો! કેવું ભર્યુભાદર્યું જીવન હતું એ! અને આજે! ભૂત રડે ભેંકાર! મરવાના વાંકે જીવી રહ્યો છું. જુવાનીની વસંત વીત્યા પહેલાં વિશ્રાંતિ! મૃત્યુ સ્વયં બાથ ભરી રહ્યું છે મને! તેને વાચા નથી, તે આભડી લે પછી શું?

૪૫ દિવસો બાકી છે. ૪૫ દિવસની મહેતલ છે. ફક્ત એક વર્ષની નોટિસ મળી હતી. તે એક વર્ષની આડે ૪૫ દિવસ યાને દોઢ મહિનો રહ્યો છે. એ દોઢ મહિના બાદ અમલીકરણ દેહાંતદંડનું! દોઢ મહિના બાદ, શું ખરેખર દોઢ મહિનો બાકી? ડૉક્ટર સાહેબનો એ મૃત્યુચુકાદો, એકાદ વર્ષ ખરું; થોડાક દિવસો વધારે કે પછી ઓછા. કે પછી ઓછા? પૂરાં ૪૫ દિવસો નહિ? ૪૫ દિવસો પહેલાં પણ દેહાંતદંડનું અમલીકરણ થઈ શકે? અલબત્ત થઈ શકે. થોડા દિવસો ઓછા, એટલે વર્ષ પૂરું થાય એ પહેલાં પણ મારો દેહોત્સર્ગ થાય. ચોક્કસ કશું જ નહિ. હા, દેહોત્સર્ગ, દેહાંતદંડનો અમલ, અંતરાની સંક્ષિપ્તતા, એ બધું ચોક્કસ, અફર, જડબેસલાક! પણ બરાબર પૂરા એક વર્ષની સમયમર્યાદાની કોઈ બાંહેધરી નહિ. એટલે પૂરા ૪૫ દિવસો નહિ. તો પછી દિવસો કેટલા? ૪૦, ૩૫ કે એથી ઓછા? કોઈ નિર્ણય પર હું આવી શકું નહિ. કદાચ મહિનો હોય અથવા અઠવાડિયું પણ હોય! હું હાલી ઊઠયો. શૂન્યમનસ્ક થઈ ગયો. એક વર્ષમાં પણ કદાચ થોડા દિવસો 'ઓછા' હોવાની શક્યતા. એ થોડા દિવસો કેટલા? આજની તારીખમાં તો એક વર્ષને હિસાબે ૪૫ દિવસો છે. પણ હકીકતે કેટલા દિવસો બાકી! કોણ કહી શકે? એ પ્રશ્નના પડઘા, પડછંદા મારા મનમાં ઠેરઠેર ઊઠયા. એ પડછંદા શમતા નહોતા. પડઘાયા કરતા હતા. મારા 'હું'માં. ડૉક્ટરસાહેબે નિર્દેશેલ દવાનો કોર્સ બરાબર ચાલતો હતો. એકાદેય દિવસ દવા નહિ લીધી હોય, એવું બન્યું નહોતું. સ્થાનિક ડૉક્ટરની પણ સલાહ લીધી હતી. દવા મારી જીવાદોરી થોડા દિવસ લંબાવી શકતી હતી. ભલે એ થોડા દિવસો પર દવા નાકામિયાબ પુરવાર

થાય. પણ એ થોડા દિવસો કદાચ વર્ષ પૂરું કરી આપે. પણ પછી શું? મોત થોડું છેટું ઠેલાય. પછી શું? મૃત્યુ પછી શું? મારે ક્યાં જવાનું છે? હું ક્યાં જવાનો છું?

મારી મંઝિલ કઈ? ક્યાં? આ મૃત્યુને નેપથ્યે શું? મને કહો!

મારી દુર્બળતા, નકારાત્મક વિચારધારાની વિઘાતક અસર, એ વિચારોના મારા મનમાં, મારા આતમમાં, મારા 'હું' માં ઊઠતા અદમ્ય, અશમ્ય પડઘા, પડછંદા મને જમડાની બોડમાં ધકેલાતા હતા, હડસેલતા હતા. થોડીવારમાં જ હું તેનો કોળિયો! કોણ જાણે ક્યા પેટમાં ઉતારી દેશે મને!

પણ આ જે મારામાં બોલ બોલ કરે છે, જે મને સતત સંબોધ્યા કરે છે, તે કેમ શાંત થતો નથી? શાનો ભાષણ કર્યા કરે છે? એ જ મને ઉજાગરા કરાવે છે. એ જ મને નિરાશાની, ચિંતાની ગર્તામાં ધકેલી દે છે. એણે જમારી ઉપર કબ્જો જમાવ્યો છે. હું ફક્ત તેના જ, પણ સંપૂર્ણ અને અવિરત, અંકુશ હેઠળ છું. એ જ વિચારે છે, એ જ બોલે છે. એ જ બધું કરે છે. મારે જે કાંઈકહેવાનું હોય, તે પ્રથમ 'એ' મારી માંહે બોલતો નથી? મારી જીભ તો ફક્ત ઉચ્ચારણ કરે છે. અને હું જ્યારથી સમજણો થયો ત્યારથી આ અનુભૂતિ પામતો આવ્યો છું. તો એ છે કોણ? કોણ?

લોકો તેને મનુષ્યનો આત્મા કહે છે. તે 'મનનો માંહલો' કહેવાય છે. તે 'હું' છું. હા, તે જ 'અનિલ દેસાઈ' છે. તે મારો આત્મા, હું, અનિલ દેસાઈનું સાચું રૂપ છે. બધી લાગણીઓને તે જ અનુભવે છે. બધા વિચારો તે જ કરે છે. મારું શરીર, અંગ, ઉપાંગ તો ફક્ત તેને ઈશારે અભિવ્યક્તિ કરે છે. તે નેપથ્ય વિધાન કરે છે અને તખ્તા પર અનિલ દેસાઈનું શરીર, મૂર્ત કાયા અભિનયનાં અજવાળાં પાથરે છે. દોરીસંચાર તેના જ હાથમાં! મારી કાયાએ તો ફક્ત કઠપૂતળીનો ખેલ કરવાનો! દોરીસંચારક ના હોય તો કઠપૂતળીનું મૂલ્ય કેટલું? કઠપૂતળી, કઠપૂતળી ના રહે! જે કર્તા છે તે તો પેલો દોરીસંચારક! કઠપૂતળી તેના પર નિર્ભર. તેને માટે દોરીસંચારક સર્વેસર્વા! દોરીસંચારકને કઠપૂતળીનું સહેજેય અવલંબન નહીં. દોરીસંચારક સ્થૂલ અર્થમાં કે સૂક્ષ્મ અર્થમાં કઠપૂતળીનો આત્મા છે. તેનો 'હું' છે. હું

એટલે મારી કાયા, મારું આ મૂર્ત શરીર કઠપૂતળી સમાન છે અને માંહે રહેતો પેલો આત્મા, મારો 'હું' એ સંભાષક એ જ દોરીસંચારક છે. એ દોરીસંચારક એટલે મારો આત્મા, કઠપૂતળીની જેમ મારા શરીરથી સ્વતંત્ર છે. મારી કાયા, આ અસ્થિકંકાલ, તેમાં રહેતા જુદા જુદા દેહધર્મ પાર પાડતાં, અમલમાં લાવતાં તંત્રોથી પર છે, વિમુક્ત છે. તે સૂક્ષ્મ અનિલ દેસાઈ છે. એ સૂક્ષ્મ અનિલ દેસાઈના ઈશારે, દોરીસંચારે, આ સ્થૂળ અનિલ દેસાઈ એટલે મારો દેહ કાર્ય કરતો રહે, હસતો રહે, બોલતો રહે અને રડતો રહે!

હા, કઠપૂતળીના અવયવોમાં કોઈ ભાંગતૂટ થાય, કોઈ અવયવ છૂટો પડી જાય મુખ્ય ધડથી અથવા તો કઠપૂતળી એવી રીતે કુરૂપ બને કે તે તેનું સમતોલન તખ્તા પર જાળવી ન શકે, તો બેશક કઠપૂતળી તખ્તા પર પડી જાય, આડી પડી જાય, સૂતી હોય એવું ભાસે, જાણે કે મૃત્યુ પામેલી હોય; દોરીસંચારક કશું ના કરી શકે. તેણે તેને તજીને, છોડીને ચાલી જવું પડે. દોરીસંચારક કઠપૂતળીના સાથે મૃત્યુ પામતો નથી. તે ક્યાંક જતો રહે, પોતાનું સ્વત્ત્વ ગુમાવ્યા વગર. બસ એવું કંઈક માનવશરીરની બાબતમાં. શરીરમાં કોઈ તકલીફ ઊભી થાય, તેની માંહેની દેહધર્મક્રિયાઓ અવરોધાય, ખોરવાય, તો શરીર પોતાની સમતુલા ગુમાવે તે પણ આડું પડી જાય. નિચેત બની, થઈ, સૂઈ જાય. મરણ પામે. પણ દોરીસંચારની જેમ 'આત્મા', શરીરનો 'હું' તેને છોડીને ચાલી જાય. ક્યાં? ખબર નહિ. પણ એ આત્મા કશે ચાલી નીકળે, શરીરની જેમ મૃત્યુ પામે નહીં, ચાલી નીકળે પોતાનું સ્વત્ત્વ ગુમાવ્યા વગર! એ શારીરિક તકલીફની, જીવલેણ રોગની આત્મા પર કોઈ જ અસર નહિ. આત્મા આ બધી ઘાતકતાથી ક્યાંય પર, સ્વતંત્ર હૃદયરોગનો પ્રાણઘાતક હુમલો, કીડનીની નિષ્ફળતા, મગજની નસ તૂટી જાય કે પછી કેન્સર મનુષ્યના શરીરને સુવડાવી દે, મૃત્યુ પામેલ જાહેર કરે, પણ આત્મા, તે તો અમર છે! અજર, અમર છે! તે ક્ષય પામતો નથી. તે કોઈ જુદું જ તત્ત્વ છે. તે અભૌતિક તત્ત્વ છે.તે અદ્રશ્ય છે. અસ્પૃશ્ય છે અને માટે જ તે આ ભૌતિકશરીર સાથે નાશ પામતું નથી. આયુષ્યભર તે મનુષ્યના દેહમાં, તેના નરકંકાલમાં

પૂરાયેલું, કેદ થયેલું રહે છે; પણ જેવું આ બંધન તૂટે છે, જેવાં આ શરીર તેના અવયવો સમતુલા ગુમાવે છે – મરણ પામે છે તેવું જ તે મુક્ત થાય છે. એ અભૌતિક તત્વ પોતે પોતાના રસ્તે જાયછે. મૃત્યુસમીપે આવું થાય. તે અભૌતિક તત્વ યાને મનુષ્યનો 'હું'. આત્મા અમર હોઈ પોતાનું સ્વતત્વ, મનુષ્ય તરીકેની પોતાની ઓળખ, આત્મતત્વ જાળવી રાખે છે. તે ક્યાં જાયછે? કેવી રીતે? કેવી ગતિ પામે? બધા જ પ્રશ્નો અનુત્તર. પણ તે જીવિત છે અને રહેશે. પંચમહાભૂતમાં તેને ભળવું પડતું નથી. તે જ્યાંથી આવ્યો હશે ત્યાં જ કદાચ જતો હશે. હા, હું અનિલ દેસાઈ, સૂક્ષ્મ અનિલ દેસાઈ જતો રહીશ. પંચમહાભૂતમાં ભળશે મારો સ્થૂળ દેહ, જેણે સમતુલા લગભગ ગુમાવી દીધી છે. જે હવે દોરીસંચારકને આધીન, આજ્ઞાંકિત થઈ શકતો નથી. પણ 'હું' જઈશ. ક્યાં? ખબર નહિ. મંઝિલ??

મૃત્યુ પછી શું ?

હું કોઈ ઠેકાણે જઈ રહ્યો છું.

ક્યાં ? કયે ઠેકાણે ? મંઝિલ કઈ ?

હું જાણતો નથી.

શું હું જાણતો નથી? મારો આત્મા, મારો 'હું' જે હવે અગમની વાટ પકડનાર છે તે હું જાણતો નથી? આ મૃત્યુ સમીપે પણ નહિ? મૃત્યુ આડે દોઢ મહિનો 'કદાચ' બાકી છે, ત્યારે પણ નહિ?

હું કેટલો મુર્ખ અને બેદરકાર પુરવાર થયો છું. મારા 'હું' એ પોતાને છેતર્યો છે. કેવી ભયંકર છેતરપિંડી! કેવી કપટી છલના! કેટલું ગુપ્ત ષડયંત્ર! મારા પોતાની વિરુદ્ધ જ! હવે શું કરું? શું કરી શકું?

.....કશું જ નહિ. મધદરિયે હાલમડોલમ જહાજના તૂતક પર ઊભો છું હું. પાછળથી કોઈ ધક્કો મારે છે. હું ઉછળતા ઘૂઘવતા અફાટ જળરાશિને શરણે જઉં છું. સ્વબચાવનું કોઈ સાધન નહિ કે નથી કોઈ બહારની મદદ.

બસ, એવું જ થશે મારા 'હું' નું. થવા દો એનું એવું. આજ દિન સુધી તદ્દન નિષ્ક્રિય, નિષ્કાળજી રહી પોતે જ પોતાના પગ પર કુહાડો માર્યો છે. ભલે મરતો હું. ભલે 'મરતો' હું? મરતો? મરતો??

ના, હું તો મરનાર નથી. મૃત્યુ મને, 'હું' ને સ્પર્શી શક્તું નથી. હું

સમયથી પર છું. સમય મને આભડી શકતો નથી. સમયનો સંદર્ભ મારા ભૌતિક, દૈહિક શરીર પૂરતો જ.. મારા 'હું' ને, અભૌતિક તત્વને તે આંતરી શકતો નથી. સમયનું તત્ત્વ ફક્ત મારા શરીર પર અસર કરે છે. મારી કાયા ઘસાય છે. તેનું તેજ કે કાંતિ ઘટેછે. વૃદ્ધ થાય છે. ક્ષીણ થાય એ કોઈ કાળચોઘડિયે સમય તેને ભરખી જાય છે. સોંપી દે છે પંચમહાભૂતને. પણ મારો આત્મા એવો ને એવો રહે છે. તેનાં જોશ અને જોમ ઘટતાં અનુભવ્યાં નથી. ઊલટું જેમ સમય જાય છે તેમ મારો આત્મા જુવાન, વધુ અને વધુ સશક્ત અને બુદ્ધિશાળી બનતો જાય છે. આત્માનાં એ મૂલ્યોમાં ઓટ આવતી નથી. અને મને એમ લાગે છે કે સમય મારા આત્માને કદાપિ સ્પર્શશે નહિ. તો મારે અનંતજીવન વીતાવવાનું. ક્યાં? ..... અફસોસ! આટલાં વર્ષો જીવ્યો, અને હવે તો મૃત્યુને આરે, કરાડે આવીને ઊભો છું, પણ હું જાણતો નથી મારું ભાવિ! અનંતજીવન ક્યાં વીતાવીશ???

મારો અભ્યાસ, બુદ્ધિપ્રતિભા, આંતરસૂઝ, પ્રેરકબુદ્ધિ! કશાં જ કામનાં નહિ, તદ્દન નિરૂપાય!

હે મારા અભ્યાસ! મારી બુદ્ધિપ્રતિભા ! મારી આંતરસૂઝ! મારી પ્રેરકબુદ્ધિ! હું તમને બધાંને આ એક પ્રશ્ન પૂછું છું. આપણે ક્યાં જવાનું છે?.... મૃત્યુ પછી શું છે?.... આપણી મંઝિલ કઈ છે?..... કોઈ જવાબ કેમ આપતું નથી? આપો જવાબ મને. જવાબ આપો... તમે તો મારા આત્માના, મારી 'હું'ના અવિભાજ્ય અંગ સમાન છો! મારા આત્માની સાથે ફક્ત તમારે જ તો આવવાનું છે! છતાં નથી જાણતાં? ચારે સાથે ભેગાં મળીને પણ જવાબ આપી શકતાં નથી? તમારે ક્યાં જવાનું તે પણ 'તમે' જાણતાં નથી? તમે તો મારા આત્માને વ્યક્તિત્વ બક્ષ્યું છે. તમે જ તેના ચારિત્ર્ય માટે જવાબદાર છો. હા તમે જ મારી એટલે અનિલ દેસાઈની ઓળખ કરાવો છો. તમે કેમ ચૂપ છો? તમે કેમ ચૂપ છો? બોલો!..... બોલો!.....

મને કોણ કહેશે? ..... મને કોણ દોરશે? .....મારો હાથ કોણ પકડશે?.....

શું કોઈ છે?!..... કોઈ છે?!.....

શું ઈશ્વર જેવું કોઈ તત્ત્વ છે?..... શું ઈશ્વર છે?!.....

ઓ ઈશ્વર (?)! શું તું અસ્તિત્વ ધરાવે છે?.....

ઓ ઈશ્વર, પ્રભુ, ગુરૂ, સ્વામી, વિશ્વનિયંતા, પરમેશ્વર, બ્રહ્મા, વિશ્વકર્મા, વિષ્ણુ, મહાદેવ, વિભુ..... તારું જે નામ હોય તે!..... તારૂં જે સર્વનામ હોય તે!..... જો તું છે! ..... જો તારી હયાત ખરૂસ છે! .....તો મને મદદ કર! ...... મહેરબાની કરીને મારી વહારે ધા મને આ મૃત્યુટાણે સહાય કર! હું તને વિનંતી કરું છું. તને કાલાવાલ કરું છું. ...... બે હાથ જોડીને! માથું, નમાવીને! હું મરી રહ્યો છું. છતાં તને ઓળખતો નથી. તારાથી અજાણ છું. મહેરબાની કરીને આ ભયંકર ત્રાસ, ચિંતા, બેચેનીથી મારો ઉગારો કર! મારી સમક્ષ, આ નાલાયક સમક્ષ, પોતાને જાહેર કર! હું તારા દર્શન માટે આતુર છું! હું તારી મુલાકાત ઝંખું છું! મારી મદદે ધા! મારો છુટકારો કર! મને બચાવ! હું તારી પ્રતીક્ષા કરું છું!! ......(રૂદન.....)

## જીવંત વાસ્તવિકતા!

આજે ૪૫ મો દિવસ હતો. રોજની જેમ ગઈકાલે ઉજાગરો હતો. આજે નિયમ મુજબ જ ઊઠયો હતો. મોડો! કેટકેટલા ઉજાગરા! મોડીરાત સુધી બિછાના પર પાસાં ઘસવાના, અને વહેલી સવારે માંડ બેથી ત્રણ કલાકની ઊંઘ. એ જ મારો નિત્યક્રમ. દિવસે બપોરે એકાદ કલાક આંખ મળે તો મળે. ૨૪ કલાકમાં ૨૦, ૨૧ કલાક જાગવાનું. ફરજિયાત! અને એ કલાકોની શિરોવેદના! ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકરાવે. એમાં પણ ગઈરાતનો, ૪૬ મા દિવસની રાત્રિનો ઉજાગરો, મહાદુઃખની પરાકાષ્ઠા હતી. દિવસે બેચેની, ગભરામણ અને ક્ષણભંગુરતાના તકાદાએ હુમલો કર્યો. હું અશક્ત, આજાર, હૃદયભંગિત, ક્યાં સુધી તેને ખાળું? રાત્રિની નીરવ શાંતિમાં એ હુમલાની ધાર તેજ થઈ. તીક્ષ્ણ થઈ. એટલી તીક્ષ્ણ કે મને સતત આરપાર વીંધતી રહી, છેદતી રહી, ચીરતી રહી! હું જીંદા લાશની જેમ બિછાના પર પડી રહ્યો. મારા જીવનમાં સૌ પ્રથમવાર ઈશ્વરને હાંક મારી, મદદની બૂમ પાડી! દર્શન, મુલાકાતની ઝંખના દર્શાવી, પ્રતીક્ષા કરી. પ્રતીક્ષા કરતાં ક્યારે નિંદ્રાધીન થયો, જાણ્યું નહિ. આજે ૪૫ મો દિવસ! કદાચ ૪૫ મો, ચોક્કસ નહિ.

'કેમ ગઈ રાતે કોને હાંક મારતાં હતા? શું કોઈ છે? શું કોઈ છે? બાજુમાં તો હું હોઉં છું, મને ઉઠાડાય નહિ?'

'એમ! મેં બૂમ પાડેલી?'

'હા, કોઈ બિહામણું સ્વપ્ન આવેલું?'

'સ્વપ્ન!'

અને ગઈ રાત્રિની એ બિહામણી, આત્મઘાતક બીના તાદ્રશ થઈ. એ ગોઝારી ઘટના દૈત્યની જેમ મારી સમક્ષ આવી ઊભી. હું થથરી ગયો, ધ્રૂજી ઊઠયો! એ વિકરાળ દૈત્યને મારી સ્મૃતિપટ પરથી ફંગોળીં દેવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. કોઈ વિચલન નહિ. એ ત્યાં જ ઊભો હતો, મને ડા'રતો, દાંત કચકચાવતો, આંખોમાંથી આગ વરસાવતો! મારા હોશકોશ ઊડી ગયા! ક્યાં જવું? કોને કહેવું? મુકાબલો કરવાની કોઈ ક્ષમતા નહોતી. ભાગી છૂટવાનો અવકાશ નહોતો. હજુ તો પ્રભાત હતું. દિવસ શરૂ કર્યો

નહોતો! પ્રાતઃક્રિયા બાકી હતી. ત્યાં તો એ આવી ઊભો! દયાહીન! ક્રૂર! નિષ્ઠૂર! મારા હાંજા ગગડી ગયાં. જાણે મને કહી રહ્યો હોય, કે યાદ કરી લે જેને કરવો હોય તેને!

કોને યાદ કરું? અને મારી સમક્ષ કુસુમ અને બાળકો તરવરી રહ્યાં. કુસુમ! તેનો ચૂડલો ભાગંશે! મંગળસૂત્ર નિરર્થક થશે! ચાંદલો ભૂંસાશે! વૈધવ્ય ત્રાટકશે! બિચારી બાપડી બની જશે! જવાબદારીનો બોજો ઉઠાવવો પડશે! દુનિયા સાથે લેણદેણ કરવી પડશે! ચાલાકી શીખવી પડશે! ઠગાઈનો ભોગ બનવું પડશે! બાળકોની સંભાળ લેવી પડશે! મન કઠણ કરવું પડશે. આંસુ સૂકવી નાંખવાનાં! સંવેદનશીલતા, મૃદુતાના સ્થાને નિર્લેપતા, કઠોરતા, જરઠતા બિરાજશે! કુસુમ આખીયે બદલાઈ જશે, બદલાવું પડશે. મારા પરલોક સિધાવાથી તેને કેટલો ત્રાસ! માનસિક, શારીરિક તેમજ આર્થિક! અને છતાંય સમાજના નિંદકો તથા કૂથલી કરનારાંની ટીકાનો ભોગ બનવું, મૂંગે મોઢે સહેવાનું!

કુસુમ તો આ બોજ ઉઠાવશે, પણ બાળકોનું શું? તેઓ તો સાવ નાનાં છે! જવાબદારીનું ભાન વળી તેમને કેવું! સમજ, બુદ્ધિ, અક્કલ હોંશિયારીની આ ઉંમર નથી. હજુ તો ભણવાનું, કારકિર્દી બનાવવાની. એમનું ધ્યાન કોણ રાખશે? કોણ માર્ગદર્શન આપશે? એમના લગ્નનું શું? બિચારાં નબાપાં થઈ જશે. એમનો હાથ પકડનાર કોઈ નહિ હોય! જીવનનો તરવરાટ, કૂદાકૂદ, આનંદ અનુભવી નહિ શકે. ઘરમાં કાયમ સ્મશાનશાંતિ વર્તાશે.

આ સિવાય બીજું કશું મને યાદ નથી આવતું; કશું વિચારી પણ શકાતું નથી. પણ પેલો દૈત્ય મારી સમક્ષ, આસપાસ, આંટા મારતો રહ્યો. પહેરો ભરતો રહ્યો. જાણે કોઈ એને અટકાવતું હોય, અવરોધતું હોય! જાણે એની સમયમર્યાદા હજુ પૂરી નથી થઈ. પણ એની કવાયત ચાલુ હતી ક્યારે 'વિશ્રામ' થાય તેની ખબર નહિ. મારા કાનમાં અશુભના કર્કશ ડાકલાં વાગવા માંડયાં.

આવી રીતે શરૂઆત થઈ હતી. આજના ૪૫ મા દિવસની! અને છતાંય ૪૫ મો દિવસ વહી રહ્યો હતો, દોડી રહ્યો હતો. 'કાઉન્ટડાઉન' નું લગભગ નાકું આવી ગયું હતું. જો કદાચ તે લંબાય, વિલંબાય, તો શું?

તો ફક્ત થોડા વધારે દિવસ રોટલીના ટુકડાની જેમ મારી સમક્ષ ફેંકવામાં આવે; જીવવા માટે - હસ્તી ટકાવી રાખવા માટે અને ટૂંકાય, તો બધી ગણતરીઓ ખોટી પડે. ગણતરીઓ ખોટી પડવાની શક્યતા વધારે હતી. મારો જમણો પગ હવે વધુ નીચો ઉતર્યો હતો. હવે હું તેને વધુ વખત અદ્ધર રાખી શકું એમ નહોતો.

છેલ્લાં ત્રણ ચાર દિવસથી અત્યંત દૌર્બલ્ય અનુભવતો હતો. જમવાની પણ તકલીફ હતી. થાળી ભરીને જમનાર હું ચાર - પાંચ કોળિયા ગળા નીચે મુશ્કેલીથી ઉતારતો અને છેલ્લા દિવસોમાં તો મોંમાં કોળિયો પણ કુસુમ મૂકી આપતી. ભાગ્યે જ બોલતો; અને બોલતો, બોલાતું પણ, અત્યંત ક્ષીણ સ્વરે. મુલાકાતીએ પણ એવી રીતે પ્રશ્ન પૂછવો પડતો કે જવાબ 'હા' કે 'ના' માં આવે. અત્યંત કફોડી અને દયાજનક સ્થિતિ હતી મારી. કુસુમ અને બાળકો સુદ્ધાં જાણી ગયા હતાં કે એકાદ અઠવાડિયામાં મારી પરગતિ થવાની. ઘરમાં માતમ છવાઈ ગયો હતો. અને તેમાં ગઈકાલની કાળી રાત્રિ, એને અનુસરતો આજનો ૪૫ મો દિવસ! ખાંખા ખોળા કરતો પેલો દૈત્ય, રક્તપિપાસુ નરાધમની પેઠે મારી ચોપાસ છાવણી કરતો હતો. જાણે કે મે, મારા આત્માને, એને સ્વાધીન કરવામાં આવ્યો હોય, જાણે એણે મને ખરીદી લીધો હોય, મારા પર ફક્ત તેને જ અધિકાર હોય, હું એની અમાનત હોઉં એમ રૂઆબથી રોફ મારતો હતો.

દિવસ ઢળી ગયો હતો. અંધકારના ઓળા ઊતરી રહ્યા હતા. પેલા નરાધમના ધમપછાડા વધી ગયા હતા. અને નીંદર વેરણ કરતી રાત્રિ આગળ ધપવા માંડી. ગઈ રાત્રિની આતંકલીલા પરાકાષ્ઠાએ હતી. ૪૫ મા દિવસના પ્રભાતથી જ રાત્રિની કેડી કંડારતો પેલો દૈત્ય, નરાધમ ઉપસ્થિત થઈ ગયો હતો. દિવસે એ પરાકાષ્ઠાની પારશીશીએ નવી ઊંચાઈ સર કરી હતી. અને હવે આવતી હતી ૪૫ મા દિવસની રાત્રિ! ચઢતી ભાંજણીમાં એક કદમ આગે! હું ત્રિરાશિ માંડી રહ્યો!

કુસુમ સૂઈ ગઈ. રાત્રિના અગિયાર થયા અને શરૂઆત થઈ આંતકલીલાની! ગઈ રાત્રિનું ફક્ત પુનરાવર્તન થવાનું નહોતું પણ વિક્રમ તૂટવાનો હતો. હું અજંપો અનુભવવા લાગ્યો. સૂધબૂધ ગુમાવીશ એવું લાગ્યું. હવે થનાર આતંકને ખાળવાની, સહવાની મારામાં ગુંજાઈશ નહોતી.

નિરાશા અને લાચારીથી હું બિછાનામાં સૂતો હતો – શબ સમાન. ખોળિયું મૂકી દેવાનું હતું. હવે મરણિયા બની મેં ચોપાસ જોયું. કોઈ છે મદદ કરનાર! ડૂબતો માણસ જે તણખલું ઝાલે તેમ ફરી એકવાર મેં બૂમ પાડી, 'મારા આતમમાં, શું કોઈ છે? શું કોઈ મદદ કરનાર છે? ઓ ઈશ્વર, મારી વહારે ધા! ઓહ! ઓહ! આ ફાની દુનિયાનો ત્યાગ કરું છું.....'

એકાએક મારા સ્મૃતિપટ પર એક પ્રસંગ ઊપસી આવ્યો. એ પ્રસંગ બન્યો હતો 'ટાટા' ની હોસ્પિટલમાં, ઓપરેશન થયાને બીજે દિવસે. ઓગણીસો પંચ્યાસીના ઓક્ટોબરની સોળમી તારીખે! બપોરના ચાર વાગ્યા પછીની મુલાકાત. મુલાકાતી કોણ? મુંબઈમાં નોકરી કરતો કેરાલાનો પેલો 'ટોમસ પૉલ'. શ્વેત વસ્ત્રોમાં સજ્જ અત્યંત વિનમ્ર! માની ન શકાય એટલી હદે સહનશીલ! કોઈ મિશનરી સંસ્થા 'ગીડિયન ઈન્ટરનેશનલ' ના ઉપક્રમે આવ્યો હતો. મદદ અને આશા આપવા આવ્યો હતો. વિનંતીના સ્વરૂપમાં પડકાર ફેંક્યો હતો. એક જ એનો ઉદ્દેશ્ય હતો. મને શાંતિ, આનંદ અને આશા પ્રાપ્ત થાય. મને મોક્ષ એટલે એના શબ્દોમાં ઉદ્ધાર, પાપોની માફી મળે. પોતાના જીવનની સાક્ષી આપતો હતો. એને પોતાને શાંતિ પ્રાપ્ત થઈ હતી અને તેથી મને આશ્વાસન અને હિમ્મત આપવા આવ્યો હતો. પાપની કબૂલાત, તેની માફી, ઈશ્વરનો પ્રેમ, ઈશ્વરે પાપોની કિંમત ચૂકવી, તારણ એ બધા મુદ્દા ચર્ચ્યા હતા તેણે. મને બધું આપવા જ આવ્યો હતો. લેવાનું કશું નહિ. અને પેલું નાનું શ્વેત ચામડાની બાંધણીવાળું પુસ્તક, ભગવદ્ગીતાના કદનું, એ આપી ગયો હતો. એ પુસ્તક પર ઈંગ્લીશમાં લખ્યું હતું 'ન્યુ ટેસ્ટામેન્ટ', અને તરત મેં ઊઠીને મારી બેગ લીધી. હોસ્પિટલથી આવ્યા બાદ પણ એ મારી બેગ, જેમાં હુ રોજની જરૂરિયાતની વસ્તુઓ રાખતો હતો થે બેગ, હું મારા પલંગ નીચે રાખતો. અત્યંત સ્ફૂર્તિથી મેં બેગ પલંગ નીચેથી ઉપર બિછાના પર ઊંચકી લીધી અને ખોલી. અજાયબ જોમ આવી ગયું મારામાં. કેમ? કોણ જાણે? પણ જાણે કે ચીલઝડપથી બેગ ઊંચકી લીધી. ડૂબતા માણસને તણખલાનું શરણું આટલું અદ્ભુત હોય એ પ્રથમવાર અનુભવ્યું. મૃત્યુટાણે!

બેગ ખોલી. માંહે હતો પેલો ન્યુટેસ્ટામેન્ટ. ભગવદ્ગીતાના કદનો

લગભગ. શ્વેત રંગનો, ચામડાની બાંધણીવાળો. જાણે મારે માટે શ્વેતપત્ર સમાન હતો. એમાં પેલી ચિઠ્ઠી હતી, જેમાં ટોમસ પૉલે ટાંકેલા બધાં સંદર્ભોની નોંધ હતી. ન્યુ ટેસ્ટામેન્ટ બહાર બિછાના પર લઈ તકિયા પર મૂક્યો અને બેગ બંધ કરું ત્યાં અચાનક નજર પડી એક કાળા પુંઠાના પુસ્તક પર. એનું કદ સામાન્ય નોટબુક જેટલું હતું, એટલું જ કે પુસ્તક થોડું જાડું એટલે વધારે પાનાનું હતું. તેના પર ગુજરાતીમાં લખ્યું હતું 'નવો કરાર'. પેલા મહિલામંડળની ખ્રિસ્તી બેનોએ તે આપ્યું હતું. તે પણ ખેંચી લીધું.

મારી સમક્ષ 'ન્યુટેસ્ટામેન્ટ', તેમાં ટોમસ પૉલના ટાંકેલા સંદર્ભોની નોંધ અને ખ્રિસ્તી મહિલામંડળે આપેલા 'નવો કરાર'! હું શાંત થઈ ગયો. એક અદ્‌ભુત કુતૂહલ મનમાં જાગ્યું, એણે બધી જ નકારાત્મક બાબતોને, વેદનાઓને જાણે હડસેલી દીધી. મારા અજંપાની ધરપકડ કરી. પેલો દૈત્ય ત્યાં નહોતો. ક્યાંક નાસી છૂટયો હતો. મારામાં નવું જોમ આવતું જતું હતું. મારો આતમ, મારો 'હું' સાબદો થઈ ગયો હતો. મૃત્યુઘંટનો નાદ ક્ષીણ થઈ ગયો હતો. મારું સમગ્ર ધ્યાન પેલાં બે પુસ્તકો પર કેન્દ્રિત થયું હતું. પુસ્તક વાંચવાની જિજ્ઞાસાએ આ નવું, અકળ પરિમાણ ઉત્પન્ન કર્યું હતું. એ પરિમાણે બધાં જ શયતાની તત્વોને, ઘાતક પરિબળોને ભીંસમાં લીધાં હતાં. હવે મને કળ વળતી હતી. એ જિજ્ઞાસાના ગર્ભમાં એક વાંચ્છના હતી. એ વાંછના 'મૃત્યુ પછી શું?' નો જવાબ શોધતી હતી. અને જવાબમાં, ઊંડે ઊંડે આત્મોન્નતિની આશા હતી. હા, હું અજાણપણે 'મૃત્યુ પછી શું?' ના જવાબમાં આત્મસુખ શોધતો હતો. કોઈએ મારી મરણચીસ સાંભળી હતી. કોઈએ મારા અરણ્યરૂદનની નોંધ લીધી હતી. કદાચ 'ઈશ્વર(!)' વ્હારે ધાયો હતો. તેણે મદદનો હાથ લંબાવ્યો હતો.

રાત્રિના બાર વાગ્યા. ૪૫ મો દિવસ પૂરો થયો. ૪૪ મા દિવસની શરૂઆત થઈ. હું હવે એની નોંધ લેવા માગતો નહોતો. મારું સમગ્ર ધ્યાન પેલાં પુસ્તકો પર અને એ સંબંધી ટોમસ પૉલે આપેલી આશા પર હતું.

'મિ. દેસાઈ, માનવું ન માનવું તમારા હાથમાં છે..... સમય મળ્યે વાંચજો, આપનો આભાર.'

ટોમસ પૉલના શબ્દો મારા કાનમાં ગુંજી રહ્યા. માનવું કે નહિ

માનવું એ મારા હાથમાં. મારી મુક્તેચ્છા પર આધારિત. સમય મળ્યે વાંચજો અને સમય આવ્યો હતો. જેને મેં તિરસ્કારથી, નફરતપૂર્વક લગભગ હડધૂત કર્યો હતો, એને હું મનોમન વંદી રહ્યો! આભાર મારે માનવાનો હતો અને ઝડપથી, અપૂર્વ આશાથી મેં એ પુસ્તકો હાથમાં લીધાં. ટોમસ પોલે નોંધેલ પેલાં સંદર્ભોની ચિઠ્ઠી જાણે કે ચાવી સમાન હતી.

રોમન્સ ૩:૧૦-૧૨. ગુજરાતી ભાષામાં એ સંદર્ભ રૂમીઓને પત્ર ૩:૧૦-૧૨ એટલે ખ્રિસ્તી બેનોએ આપેલા ગુજરાતી નવા કરારમાં રૂમીઓનાપત્રમાં ત્રીજું પ્રકરણ, વાક્યો નંબર ૧૦ થી ૧૨ સુધી.

....કોઈ ન્યાયી નથી, એક પણ નથી; ★ સમજનાર કોઈ નથી, દેવને શોધનાર કોઈ નથી; ★ તેઓ સઘળા ભટકી ગયા છે, તેઓ સર્વ નકામા થયા છે; સત્કર્મ કરનાર કોઈ નથી, ના, એક પણ નથી.'

'કોઈ ન્યાયી નથી, એક પણ નથી.' આ વાત તદ્દન ખરી છે અને સંપૂર્ણ પણે સ્વીકારવા જોગ છે. હકીકતે આ બાબત મારું પોતાનું તારણ છે. ઘણા લાંબા સમયથી જે નિષ્કર્ષ પર હું આવ્યો છું તેમાંનું એક સત્ય છે. ખરેખર, કોઈ ન્યાયી હોઈ શકે? મનુષ્ય સ્વભાવ જ જ્યાં દુર્ગુણોથી ભરપૂર હોય ત્યાં ન્યાયીપણું કેવી રીતે સંભવી શકે! અને એટલે જ તો મનુષ્યને હું પાપી તરીકે સ્વીકારવા તૈયાર નહોતો. બધાં જ જ્યાં પાપ આચરતાં હોય, એકેય અપવાદ ના હોય, વળી સંપૂર્ણ સારાપણાની એટલે સર્વગુણસંપન્નતાની શક્યતા જ ન હોય તો પછી પાપને વિકૃતિ તરીકે લેવાય જ નહિને! દરેક માણસ, અપવાદ વગર, જો પોતાના સ્વાર્થને લીધે આંધળો થતો હોય તો બીજાંનો ન્યાય ડૂબે જ ને! ક્યાંથી કોઈ ન્યાયી હોઈ શકે? અને સ્વાર્થ સિવાય પણ બીજું ઘણું બધું માણસ કરતો હોય છે જેમાં ન્યાયની દ્રષ્ટિ કદી જ હોતી નથી. બરાબર છે. કોઈ ન્યાયી નથી, એક પણ નથી. ખરેખર આ એક સનાતન સત્ય છે. પણ આ જ સનાતન સત્યની મેં ઘોર અવગણના કરેલી. મેં ખોટાં કામ કર્યાનું, પાપ કર્યાનું, ન્યાયની ઉપેક્ષા કર્યાનું, હું માનતો નહોતો. ટોમસ પૉલ જેવી અત્યંત વિનમ્ર, સહનશીલ વ્યક્તિ માટે એ સનાતન સત્ય હતું, પણ મારા જેવા મિજાજી, ક્રોધી વ્યકિત માટે તે નહોતું. મનુષ્યને પાપી ગણાવતો મેં ટોમસ પૉલને ચર્ચા બંધ કરવા જણાવેલું. કેવું વિચિત્ર! ખોટી, ફક્ત કરવા ખાતર

દલીલ કરીને મેં વિજેતાનો આનંદ માણ્યો હતો.

'સમજનાર કોઈ નથી, દેવને શોધનાર કોઈ નથી.' આ બાબત પણ એક વાસ્તવિકતા છે, છતાં કેવી વાહિયાત દલીલ મેં કરી હતી. માણસમાં સમજશક્તિ છે તે સાબિત કરવાની રહેતી નથી, ઘણા પુરાવા છે. ઊલટું, સમજશક્તિ નથી તેવું સાબિત કરી બતાવો કહી મેં પડકાર ફેંક્યો હતો. ઉપરાતં જગતના બધા જ ધર્મો માણસની ઈશ્વર માટેની શોધના પુરાવા છે અને કાંઈ ખ્રિસ્તીઓએ જ ઈશ્વરની શોધ કરવાનો ઈજારો નથી રાખ્યો, એવું તો કંઈ કેટલું અગડંબગડં હું બકી ગયેલો. ફક્ત મારા સંતોષ ખાતર પણ મેં પોતે અત્યાર સુધી શું કર્યું હતું? મેં વળી ક્યારે સમજવાનો કે ઈશ્વરને શોધવાનો પ્રયત્ન કર્યો હતો? ક્યારેય નહિ. ફક્ત ટોમસ પૉલને પરાસ્ત કરવા જ એ મારું શબ્દયુદ્ધ હતું. કેટલો બધો બેદરકાર અને નફિકરો હતો હું! ઈશ્વરને સમજવા, ઓળખવા સંબંધી મેં ક્યારેય તસ્દી લીધી નહોતી. ઊલટાનું મારા અજ્ઞેયવાદ અને પલાયનવાદને જોરે એ વિચારોને હું ટાળતો રહ્યો હતો, ઉપેક્ષા કરતો રહ્યો હતો. આમ તો હું ફિલસૂફ, માનવતાવાદી હોવાનો દાવો કરતો હતો પણ ઈશ્વરના અસ્તિત્વ સંબધી દલીલને કાયદાની ભાષામાં 'બેનિફીટ ઓફ ડાઉટ' એટલે 'શકનો લાભ' આપવાની ઉદારતા કદી દાખવી નહોતી. અજ્ઞેયવાદી હતો છતાં ઈશ્વરના અસ્તિત્વ સંબંધી બેખબર હોવાને બદલે ઈશ્વરનું અસ્તિત્વ નથી જ એ વિચારને, માન્યતાને પુષ્ટિ આપ્યા કરતો હતો. અને જો આ કટોકટી મારા જીવનમાં આવી ન હોત અથવા આનાથી સહેજ ઓછી તીવ્રતાની કટોકટી હોત, તો પણ મેં કદી આ દિશામાં વિચાર્યું ન હોત. ઈશ્વરની તો મેં મારા જીવનમાંથી બાદબાકી કરી હતી. કેમ? કેમ કે મારાં ભૂંડા કામોને, એ કાળાં કૃત્યોને કોઈ પ્રકાશમાં લાવે એ બાબત મને પસંદ નહોતી. મેં મારો એકદંડિયો મહેલ બનાવી રાખ્યો હતો તેમાં હુ આત્મસંતોષી બની ઘમંડથી જીવવા માંગતો હતો. મારો અહમ પોષવા માગતો હતો. મને મારી પતિતાવસ્થાનું ભાન નહોતું.

'તેઓ સઘળા ભટકી ગયા છે, તેઓ સર્વ નકામા થયા છે; સત્કર્મ કરનાર કોઈ નથી, ના, એક પણ નથી.' હા, ભટકી ગયેલ, નકામો તથા દુષ્કર્મ કરનાર તો હું હતો, બધાંની જેમ જ. છતાં મારી ફિલસૂફીઓના

કિલ્લાને અખંડ રાખવા, સ્વબચાવમાં કેવી બુદ્ધિશાળી (?) દલીલો કરતો હતો..... કોઈ ભટકી ગયું નથી.... દરેક પોતાને ઠેકાણે જ છે.... દરેકને પોતાનું સરનામું છે.... સત્કર્મો થાય છે જ. આ હોસ્પિટલ પોતે જ એનો પુરાવો છે.... આ દલીલો ટોમસ પૉલને હંફાવવા માટે પૂરતી હતી. પણ શું હું પોતાને માર્ગે વળી ગયો નહોતો? ખસૂસ મેં મારો પોતાનો, મારી ઈચ્છા મુજબનો માર્ગ કંડારેલો. ઈશ્વરના સંદર્ભમાં તો ભટકી ગયેલ હતો. તદ્દન નકામો હતો તેના માટે મારા જીવનમાંથી તો તેને મેં રૂખસદ આપી દીધી હતી. મેં નાલાયકે, તેને નકામો ગણ્યો હતો. કેવું વિચિત્ર! તેની હજૂરમાંથી ભટકી જવા માટે અજ્ઞેયવાદનો, પલાયનવાદનો આશરો લીધો હતો.

દુનિયામાં થતાં સત્કર્મોની, સત્કર્મો કરનારની યાદી બનાવતો હતો. પણ મારું પોતાનું નામ તેમાં નહોતું. મેં કોઈ સત્કર્મ કર્યું નહોતું અને જે કાર્ય સત્કર્મ લેખી શકાય તેની પશ્ચાત હતી મારી સ્વાર્થવૃત્તિ. સદ્ભાવના નહિ, દાન આપતો, વાહ વાહ બોલાવવા. દાન આપીને વળતર શોધતો. વળતર મળે, લાભ થવાની શક્યતા હોય ત્યાં જ દાન આપતો. જો કે બધાં માટે આ સાચું હતું. સમાજના બધા જ સ્તરના લોકોની આ નીતિ હતી, શિરસ્તો હતો. હું એકલો જ કાંઈ લાભ વિના લોટતો નહોતો. ખરેખર, સઘળા ભટકી ગયા હતા. સત્કર્મ કોઈ કરતું નહિ અને આ વિચારે મને તાત્કાલિક થોડીક રાહત બક્ષી. હું એકલો જ ભ્રષ્ટ નહોતો અર્થાત્ જે રસ્તે હું જવાનો છું તે જ રસ્તે બધાં જ જવાના અથવા જે રસ્તે બધાં જ જાય, તે જ રસ્તે મારે જવાનું. તો પછી શું? આ ત્રણે ત્રણ વાક્યો તો ફક્ત મનુષ્યની સાચી દુર્દશાની વાત કરે છે. વાસ્તવિકતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. પણ એમાં આશા ક્યાં છે? ટોમસ પૉલે જણાવેલ આશાનું તો આ વાક્યોમાં નામનિશાન નથી. ફરીથી હું અસમંજસતામાં સરી પડ્યો. અંધકારનાં પરિબળો ફરીથી માથું ઊંચકતા લાગ્યાં. તેઓ મારી જિજ્ઞાસાને મારી હઠાવવા માગતા હતાં. 'મૃત્યુ પછી શું?' ના જવાબમાં આત્મસુખ શોધતી મારી આતુરતા અહીં થંભી ગઈ. પીછેહઠની સંભાવના મને શૂળની જેમ ભોંકાવા લાગી. મેં આગળ વધાવનું મુનાસિબ માન્યું. સંદર્ભોની ચિઠ્ઠી ફરી જોવા લાગ્યો.

બીજું વાક્ય એક જ પ્રકરણમાં ર ૩મું વાક્ય 'કારણ કે સઘળાંએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળાં અધૂરાં રહે છે.'' 'પાપ!એ તો મનુષ્યસ્વભાવ છે.... મિ. પૉલ તમે એક પણ પાપ કરતાં નથી, હવે?..... અનિચ્છાએ તો પાપ કરો, કેમ!..... બે મોઢાંની વાત નહિ કરો.... પાપ કરવાનો અભિગમ નહિ, એટલે વળી શું?.....દુષ્ટ મનુષ્યની વકીલાત કરવા મંડી પડયો. ટોમસ પૉલની ઉલટ તપાસ લેવા લાગ્યો. પાપ, મનુષ્ય સ્વભાવની સાહજિકતા, એની સામે તે નાકનું ટેરવું ચઢાવાતું હશે! અનિચ્છાએ પણ જો પાપ થતું હોય, થતું રહે, તો પરિણામ તો એકનું એક જ! તો ટોમસ પૉલ અને પાપ કરતી વ્યક્તિ વચ્ચે શો ભેદ! પાપ કરવાનો અભિગમ નહિ એ વળી શું? લોકોને ખોટાં કર્મો કરવાનો કાંઈ શોખ થાય છે? સત્કર્મો કરનારથી કંઈક ખોટું થઈ પણ જાય, એવી અનેક દલીલો કરીને મેં ટોમસ પૉલ પર પસ્તાળ પાડી. બિચારો કશું બોલી ના શક્યો.

પણ હવે હું મનોમંથન અનુભવતો હતો. 'સઘળાંએ પાપ કર્યું છે.' 'સઘળાં ભટકી ગયાં છે.' સઘળાં પાપ કરે તેમ હું પાપ કરું. કાંઈ સાવ અજુગતું તો નથી કરતો ને! ખૂન, મારામારી; લૂંટફાટ એવું ક્યાં કરું છું? પણ હું મારી જાતને ન્યાયી ઠરાવી શક્યો નહિ. કોઈક મને એવું કહી રહ્યું હતું કે તારા અંતરાત્માના અવાજને અવગણીને જે કાંઈ તે કર્યું તે સર્વ પાપ છે. તે સર્વ ઈશ્વર વિરુદ્ધનું કૃત્ય છે. પણ આવું તો મેં કંઈ કેટલુંય કર્યું અને એવું પાપ કરતાં એવો તો રીઢો થઈ ગયો હતો કે હવે તો મને અંતરાત્માનો અવાજ સુદ્ધાં સંભળાતો નહોતો. મારી પ્રેરકબુદ્ધિ ક્ષુબ્ધ થઈ ગઈ હતી. એની ધાર, અણી બુઠ્ઠાં થઈ ગયાં હતાં. ભેટસોગાદના અંચળા હેઠળ લાંચરૂશ્વત, મુલાયમ છેતરપિંડી, ખોટાં બિલો, વાઉચર્સ, હકીકત છુપાવવી, ગેરરજૂઆત, વગેરે તો મારી રોજીંદી ઘટમાળ હતી. સાચું પૂછો તો હવે આ રફતાર મારો જીવનક્રમ બની ચુકી હતી. એ જીવનક્રમ હું બદલી શકતો નહોતો. ન્યાયી વર્તન, સ્વચ્છ વહીવટ વગેરે મારે મ્માટે પોથીમાંના રીંગણા સમાન હતું. એકાદુંયે સારું કામ નિઃસ્વાર્થભાવે નહોતું કર્યું. કદાચ જો કર્યું હોય તો ફરજ પડયાથી અથવા ઋણમુક્ત થવા કર્યું હોય; કે પછી મારો અહમ પોષવા, પંપાળવા કર્યું

હોય. સારુ કામ એટલે સત્કર્મ મારું ધ્યેય નહોતું પણ કોઈક બીજું જ ધ્યેય સિદ્ધ કરવાનું સાધનમાત્ર હતું અને સત્કર્મ (?) જેમ હું ગણતરી મૂકીને, અક્કલ હોંશિયારીથી કરતો તેમ દુષ્કર્મ પણ હું જાણી જોઈને જ કરતો ને એટલે અભિગમ દુષ્કર્મ કરવાનો, સત્કર્મનો નહિ. ભૂંડાં કામોની યાદી પણ કેટલી લાંબી થાય! વ્યભિચાર, મૂર્તિપૂજા, વ્યક્તિપૂજા, તિરસ્કાર, કુસંપ, તકરાર, ઝઘડા, વેરભાવ, અદેખાઈ, ગુસ્સો, રીસ, ઈર્ષા, લોભ, જૂઠું બોલવું, લાંચરૂશ્વત, ચોરી.... તદુપરાંત મારી દુષ્ટ, ભ્રષ્ટ વિચારધારાનું શું?? એ બધાં જે પાપો હું પ્રથમ મારી વિચારધારામાં આચરતો! કેટલું અધઃપતન! આટલો બધો હું નીચ અને કનિષ્ઠ! હું ધ્રુજી ઊઠયો. રોમે રોમ ભય વ્યાપી ગયો. પણ હજી મને મારા પ્રશ્ન, 'મૃત્યુ પછી શું? નો જવાબ મળ્યો નહોતો. આ વાક્યમાં પણ કોઈ જ આશાનું કિરણ નહોતું. અગાઉનાં ત્રણ વાક્યો જેવું જ આ વાક્ય હતું. મનુષ્યને દોષિત ઠરાવ્યા સિવાય બીજું શું તે આપતું હતું. 'દેવના મહિમા વિષે સઘળા અધૂરાં રહે છે' એ બાબત હું સમજી શક્યો નહિ. પણ જેટલી મને સમજણ પડી હતી, તે મને કોઈ જ રીતે ફાયદાકારક નહોતી. હું ફરી નિરાશ થઈ ગયો. જિજ્ઞાસામાં ટકી રહેવું મુશ્કેલ હતું. અંધકારનાં પરિબળોનો કાળોતરો નાગ દૂર રહ્યો રહ્યો ફૂંફાડો મારતો હતો. ઝડપથી અને આતુરતાથી મેં બીજું વાક્ય શોધવા માંડયું, પેલી ચિઠ્ઠીમાં.

એ વાક્ય હતું એ જ પુસ્તકમાં એટલે રૂમીઓને પત્રના છઠ્ઠા પ્રકરણનું ૨૩ મું વાક્ય. 'કેમ કે પાપનું વેતન મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે. 'મારી દલીલબાજી મને સાંભરી. 'નાનું બાળક જન્મતાં જ મરી જાય. એ એનાં પાપોનું વેતન?'.....'કોઈ બૌદ્ધિક આવી વાત સ્વીકારી શકે નહિ.'....મારી દલીલ એવી તો સોંસરી હતી કે ટોમસ પૉલ તો શું પણ 'પોપ પૉલ' પણ એનો જવાબ આપી ન શકે. પણ આજે હું અહીં અટકી ગયો હતો. પાપનું વેતન મરણ છે. એ વાક્યે મારાં હાડોહાડમાં ભયની ઠંડી ધ્રુજારી પ્રવેશી ગઈ.મરણ, પાપનું વેતન! પાપની શિક્ષા! પાપના પરિણામે મરણ થાય? સઘળાં ભટકી ગયા છે, સઘળાંએ પાપ કર્યું છે અને એથી સઘળાં મરે છે. કોઈ જ અપવાદ નહિ! મરણ નક્કી પાપનું

વેતન, શિક્ષા છે! મોતના જડબાં અહર્નિશ ખુલ્લાં રહે છે, કદી બંધ થતાં નથી. એની ભૂખ કદી સંતોષાતી નથી. જો કે આ સત્ય સ્વીકારવું ઘણું મુશ્કેલ હતું કારણ કે તે મને તકસીરવાર ઠેરવતું હતું. એની વિરુદ્ધ મેં કરેલી બધી દલીલોનું ઉર્ધ્વપાતન થઈ ગયું હતું. પાપના વેતન તરીકે મરણની વાસ્તવિકતા સ્વીકારવી જ પડે,એમ હતું.

એટલે મેં કરેલા પાપોને લીધે હું મરણ પામનાર છું? અવશ્ય પ્રત્યેક પાપ? પ્રત્યેક પાપ. જે પાપો મેં અજાણતાં કર્યું તેનું શું? તેને માટે પણ શિક્ષા? પ્રત્યેક પાપની શિક્ષા, પછી તે સભાનાવસ્થામાં કર્યું હોય કે પછી અભાનાવસ્થામાં કર્યું હોય. અગાઉ કદી વિચાર્યું નહોતું. એવા વિચાર મને આવવા લાગ્યા. ધારો કે કોઈ વ્યક્તિ ભૂલથી દવાને બદલે ઝેર પી જાય તો! શું તે જીવતી રહે? ના રહે. કેમ! ઝેર સભાનાવસ્થામાં લેવામાં આવે કે અભાનાવસ્થામાં, તે પોતાની અસર ઉપજાવ્યા વગર રહેતું નથી. બરાબર, ધારો કે કોઈ વ્યક્તિ આકસ્મિક રીતે કોઈ ઊંચા મકાનની અગાશી પરથી નીચે પડી જાય, તો શું તે જીવે? ના, મરી જાય. કેમ મરી જાય? એ વ્યક્તિ તો અકસ્માત પડી જાય છે, આપઘાત કરવાનો તો તેનો લેશ માત્ર ઈરાદો નહોતો! આપઘાત કરવાનો તો તેનો લેસ માત્ર ઈરાદો નહોતો! આપઘાત કરવાનો ઈરાદો હોય કે ના હોય, ઊંચે સ્થળેથી નીચે ભોંય પર પડે એટલે ગુરૂત્વાકર્ષણનો નિયમ લાગુ પડે અને પ્રવેગને લીધે એનું વેગમાન એટલું વધી જાય કે નીચે ભોંય પર પડતાં જ તેનું શરીર ભાંગીને ચૂરેચૂરા થઈ જાય. પ્રકૃતિનો નિયમ અફર છે. બરાબર, પાપનું અને તેની અસરનું પણ એવું જ છે. તમે જાણી જોઈને પાપ કરો કે પછી ભૂલથી અજાણતાં પાપ કરો, એની અસર, શિક્ષા, વેતન, મરણ! મરણ!! પાપનું વેતન! પાપની શિક્ષા! ઈશ્વરનો અફર નિયમ! ઓહ! કોઈ મારું ગળું ટૂંપી રહ્યું છે! મારું હવે આવી બન્યું છે! મારે નથી મરવું, નથી મરવું પણ મરવું જ પડશે. તો પછી મારા પ્રશ્નનું શું? મારી આશાનું ઠેકાણું ક્યાં પડશે! કોઈએ મારી મશ્કરી કરી. આંગળી આપી, ને પાછી ખેંચી લીધી. આ સમયે મશ્કરી! મારી જિજ્ઞાસા ઝાકળની જેમ ઉડી ગઈ હતી. ઝાંઝવાનું જળ પૂરવાર થઈ હતી. ધુમ્મસ વિખેરાયું તેમ મારી આશાના, જિજીવિષાનાં ટુકડે ટુકડા થઈ રહ્યાં હતાં. જાણે કોઈ ઊંચા મકાનની અગાશી પર થઈ

નીચે ભોંય પર કોઈએ મને ફેંક્યો હતો. નીચે પડતાં જ મારું મૃત્યુ હતું. કરુણ! અરેરાટી ઉપજાવે એવું!

હું મિનિટો સુધી શૂન્યમનસ્ક બની ગયો.

અત્યાર સુધી વાંચેલા બધાં જ વાક્યો ભલે સનાતન સત્ય હતાં, પણ મનુષ્યજાતની કુર મશ્કરી કરતાં હતાં. મનુષ્યને દોષિત ઠેરવ્યા સિવાય બીજું કશું કર્યું નહોતું. કોઈ જ આશા નહોતી તેમાં ભયંકર દગો ફટકો! વિશ્વાસઘાત! ટોમસ પૉલે ગદ્દારી કરી?!

કેમકે પાપનું વેતન મરણ છે; પણ, આ 'પણ' શું છે? અને આ 'પણ' પછીના વાક્યે હું હચમચી ઊઠયો. મારા હાડોહાડમાં પ્રવેશેલી ઠંડી ધ્રુજારી અદ્રશ્ય થઈ ગઈ! મારું ગળુ ટૂંપાતું અટકી ગયું, કોઈએ છોડી દીધું! મારી આશા, જિજીવિષા પાછાં પ્રદીપ્ત થઈ ઊઠયાં! મારી જિજ્ઞાસાએ પાછું મૂર્તસ્વરૂપ લીધું. મારા પ્રશ્નો ના જવાબ. એ જવાબમાં વાંચ્છેલ આત્મસુખના સંભાવનાની તસલ્લી મળતી દેખાઈ! અગાશી પર થી પડવું સ્વપ્ન હતું! હું હતો ત્યાંનો ત્યાં હતો. મારા બિછાના પર! મારા જીવમાં જીવ આવી રહ્યો હતો. મારાં સુધબુધ, હોશકોસ પાછાં આવ્યા. પાપનું વેતન, પાપની શિક્ષા, પાપની અસર, ઈશ્વરનો અફર નિયમ, એ શબ્દપ્રયોગોમાં પ્રવર્તતી કરડાકી, ધમકી, ભય, કઠોરતા હવે ત્યાં નહોતાં. મરણ શબ્દ પર કોઈ ચોકડી મૂકી દીધી હતી. જો અત્યાર સુધી વાંચેલા વાક્યો સનાતન સત્યો હતાં, તો આ પણ એક સનાતન સત્ય છે!

'પણ આપણા ઈસુખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે.' આ શુભ સમાચારે મને મંત્રમુગ્ધ કરી દીધો. ઈશ્વરની કૃપા અને તેનું વચન જાહેર થયાં હતાં. પુષ્કળ ઉદારતામાં! અમાપ! અઢળક! અધધધ!! નિર્બળ હોવા છતાંય હું બિછાનામાં કૂદયો. આનંદથી! આશાથી! મારી ચિંતા, મહાદુઃખ અને નિરાશાને નાબૂદ કરવા આ એક જ વચન પૂરતુ હતું. ઝાંઝવાનાં જળને ઠેકાણે મીઠા પાણીનો વીરડો! આનંદ, આશા, આત્મવિશ્વાસ અને રાહતનો સાગર મારા હૃદયમાં ઊછળવા લાગ્યો. કેવી રીતે? હું જાણતો નહોતો. આ વાક્યમાં એવું તો શું છે કે જેણે મને દુઃખ, નિરાશા, ચિંતા અને અજંપાની નાગચૂડમાંથી છોડાવી દીધો? હું સમજી શકતો નહોતો. આ વાક્યમાં એવું તો શું છે કે જેણે મને દુઃખ, નિરાશા,

ચિંતા અને અજંપાની નાગચૂડમાંથી છોડાવી દીધો? હું સમજી શક્તો નહોતો. પિંજરૂ ખુલી ગયું હતું. કેદી પંખી મુક્ત હવામાં ઉડી ગયું હતું. શિર પરથી, પીઠ પરથી વજનદાર, બેવડ વાળી દેતાં પોટાલાં ગબડી ગયાં હતા! બધાં જ પ્રશ્નોનું નિરાકરણ થઈ ગયેલ લાગ્યું. આ એક વાક્યે જ! અદ્‌ભુત! મારા હૃદયના ધબકારા વધી ગયા હતા. ઉન્માદ સમાતો નહોતો. અવર્ણ્ય શાંતિ! ઊભરાતો આનંદ! પ્રજવલિત આશા! ખરેખર, લાખો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે!

મેં વિચાર્યું કુસુમને ઉઠાડું, પણ પછી બીજે દિવસે તેને કહેવાનું મુનાસિબ માની મેં ફરીથી પેલા વાક્યમાં મારું મન પરોવ્યું. એક વાર, બીજી વાર, ત્રીજી વાર એમ ફરી ફરી એ વાક્ય હું વાંચતો રહ્યો. મારા દિલોદિમાગ પર આ વાક્ય છવાઈ ગયું હતું. અદ્‌ભુત! દેવનું કૃપાદાન અનંતજીવન! પ્રભુ ઈસુખ્રિસ્તને આશરે! સમજવું અઘરૂ હતું. સમજાવવું અઘરું હતું. પણ અનુભૂતિ હતી. અસર અનુભવાતી હતી. કેવું અજાયબ! વાક્યની શરૂઆતમાં મરણની વાત કરી છે. પણ પછી વાક્યના બીજા ભાગમાં જીવનની વાત! જીવન પણ કેવું? અનંતજીવન! મરણ પછી અનંતજીવન! સુખ હાસ, મરણ બાદ, આત્મા આ પાર્થિવ દેહ છોડી દે ત્યાર બાદ, જીવન હોવું જ જોઈએ. એ જીવન અલબત્ત અનંતજીવન હોવું જોઈએ, કેમ કે આત્માને સમયના બંધન નડતાં નથી. આટલાં વર્ષો આ દેહમાં, આ ખોળિયામાં રહ્યો પણ મારો આત્મા, મારો 'હું' તો એવોને એવો જ છે. તેને કોઈ બિમારી લાગુ પડી નથી, હજુ સુધી નથી કદી તેનું બળ ઘટયું. એ તો એવાં જ પોલાદી છે. હા, ક્ષીણ થતો લાગ્યો છે, બીક, નિરાશા અને ચિંતાને લીધે. પણ એ ક્ષીણતા કાયમની નહિ. જો હકારાત્મક લાગણીનો, વિચારોનો જરા ટેકો મળ્યો કે તરત ટટ્ટાર! અને એ ક્ષીણતામાં મને એવું તો કદી લાગ્યું જ નથી કે મારામાં આ જે બોલ બોલ કરે છે તેનો અંત આવનાર છે. એ તો 'મૃત્યુ પછી શું?' નો જવાબ નહોતો મળતો એટલે હું અકળાતો હતો, પરેશાની ભોગવતો હતો. અને 'મૃત્યુ પછી શું?' નો જવાબ મારા એ આત્મા, 'હું' માટે તો શોધતો હતો. જો મારા 'હું'નો, આત્માનો અંત મારા દેહ સાથે જ આવવાનો હોય, તો

પછી 'મૃત્યુ પછી શું?' પ્રશ્ન પૂછવાનો કોઈ જ અર્થ નથી. બલકે મારા દેહના મૃત્યુ પછી પણ એ મારો આત્મા એટલો જ બળવાન અને જુવાન રહેવાનો છે તો પછી મૃત્યુ પછી તે ક્યાં વિહરનાર છે એટલું જ હું જાણવા માગતો હતો. સમયનાં બંધન મને એટલે મારી એ 'હું' ને, સૂક્ષ્મ, અનિલ દેસાઈને કદાપિ નડવાના નથી એવી ખાતરી તો મને છે જ અને એટલે જ સૂક્ષ્મ અનિલ દેસાઈ તો અનંતકાળ સુધી જીવિત રહેનાર છે, અન તે મરણ બાદ! મરણ પછી જીવન અને તે અનંતજીવન એવી ખાતરી મને મળી ગઈ.

પણ એ અનંતજીવન તો કૃપાદાન! ઈશ્વરનું! કૃપા થકી મળતું દાન! કોઈપણ જાતની લાયકાત, યોગ્યતા સિવાય, કોઈ વસ્તુ મળે એ મળેલું કૃપાદાન કહેવાય. મારા સંબંધી એવું જ હતું. મારી કોઈ જ લાયકાત નહોતી, છતાં મને ઈશ્વરનું કૃપાદાન મળનાર હતું. આ કૃપાદાન ગમે તેને મળી શકે એવું હતું. તે કૃપાદાન આપનાર હતા ટોમસ પૉલના પ્રભુ ઈસુ ખ્રિસ્ત! હું આ સમજ્યો નહિ, પણ ટોમસ પૉલની મુલાકાત દરમ્યાન જે સાંભળેલું તે હવે મારા માનસપટ પર અંકાવા લાગ્યું. પાપોની માફી! પાપોની શિક્ષા તેણે ભોગવી! પ્રેમ કર્યો!.....કોઈ અંધારી આલમમાંથી મારો ઉગારો કરતું હતું....પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ! હું મરણ પછી જીવન શોધતો હતો, વાંચ્છતો હતો. હવે ફક્ત જીવન નહિ, અનંતજીવન મળનાર હતું.

હવે મને મારા આત્મા ઉપરાંત શરીરમાં સારું લાગી રહ્યું હતું. નવી તંદુરસ્તી અને ચેતના મને સાંપડી રહ્યાં હતા. અદ્ભુત વાસ્તવિકતા! ૪૪ મા દિવસનું પરોઢ થઈ ચૂક્યું હતું, સાથોસાથ મારા જીવનમાં એક નવો દિવસ ઊગી રહ્યો હતો. 'કાઉન્ટ ડાઉન' નું મહત્વ હવે રહ્યું નહોતું. મને ઊંઘ આવવા લાગી.

## પરમેશ્વર બોલે છે!

આજે ઘણો મોડો ઊઠયો. પ્રથમ જ વાર ગઈ રાત્રિએ, એટલે વહેલી સવારે મને ગાઢ ઊંઘ આવી હતી. શરીરમાં સ્ફૂર્તિ, ચેતના અને તરવરાટ હતાં. મારી ગુમાવેલી તંદુરસ્તી હું પુનઃ મેળવી રહ્યો હતો. ગઈ રાત્રિ પ્રથમ જ એવી રાત્રિ હતી કે ઉજાગરો હતો છતાં દિવસે ઉજાગરાની કોઈ અસર વર્તાતી નહોતી. મારાં તન, મન પ્રસન્નતા અનુભવી રહ્યાં હતાં. મધદરયિ તોફાનમાં સપડાયેલ કોઈ હોડી કિનારાનાં શાંત પાણીમાં પ્રવેશી રહી હતી. આજે ૪૪ મો દિવસ હતો! પણ હવે દિવસના આંકડા તેમની અસર ઉપજાવી શકે એમ નહોતાં. સર્પના મુખમાંથી વિષની કોથળી કાઢી લેવામાં આવી હતી. હું હવે નિર્ભય હતો.

ગઈ રાત્રિની નિંદ્રા દરમ્યાન પણ મારા સુષુપ્ત મનમાં પેલી સુખદ, શુભ્ર અનુભૂતિ ઘૂંટાતી રહી હતી, મને શાતા આપતી રહી હતી. સ્મૃતિ તાજી કરવાનો પ્રશ્ન નહોતો. પુનઃ પુનઃ હું એ આશાપ્રેરક, ગળચટ્ટી અનુભૂતિને વાગોળતો રહ્યો. કેટલં બધું અદ્દ્ભુત! નિરાંત થઈ ગઈ! હાશ! મારા નિર્માલ્ય, નબળાં હૃદયમાં આનંદના ઓઘ ઉમટતા હતા! શાંતિ અને આશાનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું હતું. મનોમન હું ૪૫ મા દિવસને આજના ૪૪મા દિવસ સાથે સરખાવી રહ્યો. કેવું અકળ! બધાં જ પરિમાણોમાં એ બે દિવસો જુદા પડતા હતા! ૪૫ મા દિવસે મારા દુઃખની, નિરાશાની, નિઃસહાયતાની, અનિશ્ચિતતાની ચરમ સીમા નિહાળી હતી. સહનશકિતની અવધિ આવી ગઈ હતી. ફાની દુનિયાનો ત્યાગ કરી રહ્યો હતો. જીવનશબ્દ પર ચોકડી મૂકાતી હતી અને આજે ૪૪ મા દિવસે! એ અંધકારનાં પરિબળો ઊંડી ખીણમાં ધકેલાઈ ગયાં હતાં! સહનશીલતાને ઠેકાણે આશા હૃદય ઉજાળી રહી હતી! ફાની દુનિયાનો ત્યાગ કરતાં કોઈ વિરાટ ભુજોએ મને અટકાવ્યો હતો, ઊંચકી લીધો હતો. જીવન શબ્દ પાંગરીને અનંતજીવન(!) બન્યો હતો! મરણ શબ્દને કોઈએ છેકી નાંખ્યો હતો! અને આ તો હજી નવા જીવનની શરૂઆત માત્ર હતી! ઈશ્વરની કૃપા! ઈશ્વરનું દાન! અનંતજીવન! શબ્દોની વિભાવનાએ નવાં પ્રાણ પૂર્યા હતાં. આ શુભ જીવનની યાત્રાનો આરંભ થયો હતો. સમયના પરિમાણના સંદર્ભે

તે અનંત હતી!

કુસુમ આવી. કુતુહલથી મારી સામે તાકી રહી. ગઈ રાત્રિના સુખદ અનુભવે મારી આંખોમાં એક નવી ચમક આવી હતી. આશા અને આનંદ ઓષ્ઠ પર સ્મિત ફરકાવી રહ્યાં હતાં. કુસુમની સમક્ષ એ અજાયબ અનુભવ પ્રકટ કરવા વિચાર્યુ પણ પેલી ટોમસ પોલની સંદર્ભોની ચિઠ્ઠી! બાકી રહેતાં વાક્યો!.... આ બધું પૂરું કર્યા પછી જ કહીશ. પ્રાતઃક્રિયા આટોપી તરત જ સંદર્ભોની ચિઠ્ઠી, ન્યુ ટેસ્ટામેન્ટ અને ગુજરાતી નવો કરાર લઈ અભ્યાસ કરવા બેસી ગયો.

યોહાનનો પહેલો પત્ર, પહેલું પ્રકરણ, નવમું વાક્ય 'જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે.'

માન્યામાં ન આવે તેવું! મારે ફક્ત પાપોની કબૂલાત કરવાની! મેં જે પાપો કર્યા તે મારાથી થયાં છે એટલું સ્વીકારવાનું! બસ! તો એ પ્રભુ મારાં પાપો માફ કરે અને શુદ્ધ કરે! તેમાં તે વિશ્વાસુ! ન્યાયી!? આશ્ચર્યજનક! પોતે કરેલાં પાપો કબૂલ કરવાની વળી કોણ ના પાડે? કેવી રીતે ના પાડી શકે? અને એ કબૂલાતનાં બદલામાં માફી! મારી તર્કબુદ્ધિને આ સ્વીકારવું ઘણું દુષ્કર હતું. અરે અહીં પૃથ્વી પર કઈ કોર્ટ ફક્ત ગુનાની કબુલાત કરતાં માફી આપી છોડી દે છે! કડીતોડ શિક્ષા નથી ફટકારતી! આ વાત સ્વીકારવી અઘરી હતી. કારણ કે, તે તર્કસંગત નહોતી. પણ કોઈન નવીન, અલૌકિક વિશ્વાસનો મારા હૃદયમાં ઉદ્ભવ થઈ રહ્યો હતો. તે મારી સમજશક્તિથી પર હતો. આ બાબત માનવા હું દોરતો જતો હતો. તે વિશ્વાસુ અને ન્યાયી! વિશ્વાસુ તો સમજ્યા, કે પ્રભુ બાંયધરી આપે છે, પણ ન્યાયી કેવી રીતે? શિક્ષા કોણ ભોગવે? ટોમસ પૉલ કહેતો હતો કે વધસ્તંભ પર ઈસુખ્રિસ્તે શિક્ષા ભોગવી. મારી શિક્ષા એ ભોગવે? ખરેખર ઈશ્વર તૈયાર હતો, ખુશી હતો, વિશ્વાસુ હતો, ન્યાયી હતો - મારાં પાપ માફ કરવા માટે, જો હું તે કબૂલ કરું તો. કેવું અજાયબ કૃપાદાન! એ બસ આપવા જ માગતો હતો. મને કે ગમે તેને! અદ્ભુત સમાચાર! કેટલું સહેલું ને સરળ! ન કોઈ ક્રિયાકાંડ, ન કોઈ ખર્ચ! મફત!!

અને હવે એ વાક્યની આગળનું સાતમું વાક્ય, તેનો પશ્ચાત

ભાગ'......અને તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.' અગમ્ય અને બેહુદું! ઈસુ ખ્રિસ્તનું રક્ત શુદ્ધ કરે? પાપનાં શુદ્ધિકરણ માટે રક્તની શી જરૂર? મારાં પાપો શુદ્ધ કરવા માટે ઈસુ ખ્રિસ્તનું રક્ત? હં, યાદ આવ્યું. પેલા ખ્રિસ્તી મહિલા મંડળની બ્હેનો કંઈક આવા જ અર્થનું ગીત ગાતી હતી. મારા પાપોના ડાઘ ધોવા, મને સાજો કરવા, ઈસુનું લોહી વહ્યા કરે છે. સમજવું, સ્વીકારવું, મુશ્કેલ હતું. પછી ખુલાસો માગીશ. મારી પાસે ટોમસ પૉલનું સરનામું તો હતું.

હવે નવું જ પુસ્તક હેબ્રીઓને પત્ર, તેનું નવમું પ્રકરણ, બાવીસમું વાક્ય 'નિયમશાસ્ત્ર પ્રમાણે ઘણું કરીને સઘળી વસ્તુઓ રક્તથી શુદ્ધ કરવામાં આવે છે, ને રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી. ''એ જ બાબતનું પુનરાર્વતન! વસ્તુઓ પણ શુધ્ધ થાય રક્તથી? એ કેવી વિચિત્ર વાત! અને રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી નહિ મળે? એટલે રક્ત વહેવડાવે તો જ પાપની માફી મળે અને પાપથી શુદ્ધ થવાય? સમજવા કરતાં સ્વીકારવું વધારે અઘરૂં હતું. અચાનક મને મુસ્લિમોનો વિચાર આવ્યો. આ લોકો દર વર્ષે જ્યારે બકરી ઈદ આવે છે ત્યારે પોતાના ઘરમાં બકરાને હલાલ કરે છે. આ પ્રસંગે ઘરનાં આબાલવૃદ્ધ અવશ્ય, અનિવાર્યપણે હાજર રહે! મેં એવું સાંભળ્યું છે કે આ પ્રસંગે તેઓને પાપની માફી મળતી હોય છે. એટલે રક્ત અહીં પણ વહે છે. કાલકામાતાએ તો નિત્ય લોહી ચઢતું રહે છે. કેમ? શું કરવા? હિંદુ માન્યતામાં પણ લોહી ચઢાવાય? હકીક્ત છે! એટલે રક્ત વહેવડાવવું એ કાંઈ તદ્દન નવતર માન્યતા નથી. હિંદુ સમાજ અને મુસ્લિમ સમાજ એ બંનેમાં આ સિદ્ધાંત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્વીકાર્ય છે. અને ખ્રિસ્તી સમાજમાં છે તે હમણાં વાંચ્યું તો પછી રહ્યું શું? મતલબમાં બલિનો પ્રયોગ સુવિદિત છે. અત્યાર સુધી જે બાબત મને ઘૃણાસ્પદ અને જુગુપ્સાપ્રેરક લાગતી હતી. તે બાબત, તે સિદ્ધાંત હવે મને હળવો લાગી રહ્યો હતો. હું અજ્ઞાતપણે તે સ્વીકારવા તૈયાર થતો હતો. આ થોડા જ કલાકોમાં મારામાં ધરમૂળ પરિવર્તન આવી રહ્યું હતું.

સંદર્ભોની ચિઠ્ઠીમાં પાછો રૂમીઓનો પત્ર ઉલ્લેખાયો હતો. તેનું પાંચમું પ્રકરણ અને વાક્ય નંબર આઠ અને નવ – પણ આપણે જ્યારે

પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે માટે મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. ત્યારે આપણને હમણાં તેના રક્તથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, માટે તેની મારફતે (દેવના) કોપથી બચીશું તે કેટલું બધું ખાતરીપૂર્વક છે!' હં, હવે કાંઈ પ્રાસ બેસતો હતો. હવે શૃંખલા થતી હતી. ઈશ્વરે માણસજાત પર પ્રેમ કર્યો! એ પ્રેમ દર્શાવવા ઈશ્વરે ઈસુખ્રિસ્તને પૃથ્વી પર મોકલ્યો, ઈસુખ્રિસ્તે માણસ જાતને પાપોની માફી બક્ષી. પાપોની માફી આપવા માટે પ્રથમ સમસ્ત મનુષ્યજાતનાં પાપોની શિક્ષા ભોગવી. શિક્ષા ભોગવવા વધસ્તંભે ચઢ્યાં. વધસ્તંભે ચઢીને રક્ત વહેવડાવ્યું. રક્ત વહેવડાવી પાપની માફી મુદ્રાંકિત કરી માણસને ન્યાયી ઠરાવ્યો (જે વિશ્વાસ કરે તેને) અને ન્યાયી ઠરાવીને ઈશ્વરના કોપથી બચાવ્યો! કેવી અદ્‌ભુત શૃંખલા! આ શૃંખલાને ટોમસ પૉલ ઉદ્ધારની - મોક્ષની યોજના કહેતો હતો. જો કે તે વખતે તો મેં તેની શક્ય બધી જ મશ્કરી કરેલી. ઈસુખ્રિસ્તને શાપ આપવામાં કશુ બાકી નહોતું રાખ્યું. પણ આજે એ શૃંખલા તર્કસંગત લાગતી હતી. એને પડકારવાનુ હવે મારું ગજું નહોતું. એવો તીક્ષ્ણ અનુરોધ કે સ્વીકાર્યે જ છૂટકો. સ્વીકાર્યે જ છૂટકો એટલે પરાણે સ્વીકારવાનું એમ નહિ. પણ શૃંખલાની તર્કબદ્ધતા ફરજ પાડે! એ પ્રભુ ઈસુ ખ્રિસ્તનું વહેતું રક્ત મારાં પાપો માફી આપે અને મને ન્યાયી ઠરાવે! મને મોક્ષ પ્રાપ્ત થાય, કેવું અજાયબ! નહિ જનમજનમના ફેરા, નહિ કોઈ જાતનું દેહદમન! નહિ કોઈ ક્રિયાકાંડ, નહિ પ્રારબ્ધવાદ! મજબૂત ભૂમિકા! પણ હું કે કોઈ પાપ કરે અને ઈસુ ખ્રિસ્ત શિક્ષા ભોગવે? એ કેવું અમાનુષી! એમાં જ દેવનો પ્રેમ પ્રદર્શિત થાય છે! મનુષ્યને થનાર શિક્ષા પોતે જ ભોગવી લઈને પોતાનો ન્યાય જાળવી રાખે છે. અદ્‌ભુત! હવે આ મોક્ષની યોજના તર્કસંગત ઉપરાંત ન્યાયી પણ હતી.

હવે તિમોથીનો પહેલો પત્ર, પહેલું પ્રકરણ અને પંદરમું વાક્ય - 'આ વાત વિશ્વસનીય તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે, ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને સારૂ જગતમાં આવ્યો, એવા પાપીઓમાં હું મુખ્ય છું.'' તદ્દન સત્ય! હકીકત! નિઃશક! આ વાસ્તવિકતા કોઈ પડકારી શકે નહિ! ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને માટે જગતમાં આવ્યો?

પાપીઓને તારવાને? બચાવવાને? નાશ કરવા માટે નહિ? હું તો એવું જાણું છું કે યુગે યુગે ઈશ્વર પાપીઓનો, અધર્મીઓનો નાશ કરવા જન્મ લે છે. પણ આ બાઈબલ તો કંઈક નવું જ કહે છે. પાપીઓનો નાશ નહિ, ઉદ્ધાર! કેવી આશા! ઈશ્વરની કેવી અમાપ કૃપા! મરણને ઠેકાણે જીવન!

જો ઈશ્વર પાપીઓનો, અધર્મીઓનો નાશ કરવાનો હોય, તો પછી બચે કોણ? ક્યો ધર્મી બચે? કોણ નિષ્પાપ છે? આ સંદર્ભોની ચિઠ્ઠીમાં પ્રથમ જ વાક્ય કહે છે કે કોઈ ન્યાયી નથી, એકે નહિ. સત્કર્મ કરનાર કોઈ નહિ...... જો મનુષ્યની આ જ હાલત હોય અને છે, તો પછીએ ઈશ્વર(?) બચાવે કોને? દુનિયાનો સર્વનાશ થઈ જાય! અને ભૂતકાળમાં એ ઈશ્વરે જન્મ લીધો જ હશે ને? તોય મનુષ્યજાત આજે મોજૂદ છે! એણે કોને માર્યા અને કોને તાર્યા? માર્યા તે તો યોગ્ય રીતે જ મર્યા હશે પણ બચ્યા કોણ? એ બધાં નિષ્કલંક, નિષ્પાપ! તદ્દન બિનતાર્કિક, બનાવટ, મનુષ્યને ઊંધાં ચશ્મા પહેરાવાની વાત છે. દંભી મનુંષ્યને થાબડવાની વાત છે. કેટલી ગંભીર બાબત!

એવા પાપીઓમાં હું મુખ્ય છું; કેવી નિખાલસ કબૂલાત! કોણ આ બોલે છે? આ પત્ર પાઉલ નામના એક સેવકે લખ્યો છે. પ્રભુનો સેવક પોતાની જાતને કેટલી નિમ્ન કક્ષાએ ઉતારે છે! બધાં જ પાપીઓમાં પોતાને અધમ ગણાવે છે. અને છતાંય ઈશ્વરનું કૃપાદાન પ્રાપ્ત કરે છે. જો અધમ પાપી બચી શકતો હોય તો જેઓએ તેનાથી ઓછાં પાપ કર્યાં છે તેઓ બચવા પામે એ કેટલું વિશ્વસનીય અને સ્વીકાર્ય હોઈ શકે! ખરેખર, આ સનાતન સત્ય છે અને તે વિશ્વસનીય અને સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે. જો કે આ સત્ય મને પાપી ઠરવતું હતું છતાં તે મને મોક્ષ બક્ષનાર હતું. મારો નાશ થનાર નહોતો. કેવું ચ્રામત્કારિક! અવર્ણનીય!

સંદર્ભોની ચિઠ્ઠીમાં હું આગળ વધ્યે જતો હતો. મારા હૃદયને ઉત્તરોત્તર શાંતિ, આનંદ, આશા વિશેષ માત્રામાં પ્રાપ્ત થતાં હતાં. મનુષ્યનાં પાપની, પાપી સ્વભાવની ઈશ્વરે અવગણના કરી હતી. મનુષ્યને ઈશ્વરે જેવો છે તેવા સ્વરૂપમાં સ્વીકારી લીધો હતો. તેનાં પાપનો ઈલાજ કર્યો હતો. અનંતજીવન આપતો હતો!

પ્રેરિતોનાં કૃત્યો, પ્રકરણ ચોથું, વાક્ય બારમું. 'બીજા કોઈથી

તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશતળે માણસોમાં આપેલું નથી.''ટોમસ પોલ સાથે કરેલી ઉગ્ર દલીલનું મને સ્મરણ થયું. માફી, તારણ, મોક્ષ.... એ બધું કેવળ તમારો ઈસુ ખ્રિસ્ત જ આપી શકે? શું ફક્ત એણે જ ઈજારો રાખ્યો છે? કેવી પક્ષપાતી વાત કરો છો, તમે? ટોમસ પોલના આ વાક્ય ટાંકવાની સામે જ મેં દલીલ કરી હતી. કેમ કે ત્યારે મને ખ્રિસ્તીઓ પ્રત્યે, ખ્રિસ્તી ધર્મ પ્રત્યે ભયંકર ધૃણા હતી. આજે ચુમ્માળીસમા દિવસે એ જ વાતનું હું સમર્થન કરવા માંગતો હતો. એ બાબતને એક સનાતન સત્ય તરીકે સ્વીકારવા માગતો હતો. એની ઉપર મંજૂરીની મ્હોર મારતો હતો. કેવો હૃદયપલટો! બીજાં કદાચ એને ચિત્તભ્રમ કહે, પણ વાસ્તવમાં એ હૃદયપલટો હતો. કોઈ સાધારણ સંજોગોમાં એ બન્યું નહોતું. નિરાશા, ચિંતા, નિઃસહાયતા, અંજપો, વગેરે અંધકારના પરિબળોની અદ્રશ્ય ચિતામાં મારું દહન થયું હતું. એ ભલતામાંથી મેં, હા મેં જ ઈશ્વરને હાંક મારી હતી, અને પરિણામ સ્વરૂપ આ અદ્ભુત, અલભ્ય, ચમત્કારિક તારણ – મોક્ષ પ્રાપ્ત થયું હતું. એ તારણનો સૂત્રધાર હતો પ્રભુ ઈસુ ખ્રિસ્ત! તારણ એનાથી જ હતું. બીજો કોઈ ઈશ્વર મારી વ્હારે ધાયો નહોતો. બીજા કોઈ ઈશ્વરે મારી હાંક સાંભળી નહોતી. એ ગોઝારી રાત્રે ઈશ્વરના મેં ઘણાં નામો, સર્વનામો ઉચ્ચાર્યા હતાં! પણ આ એક જ નામ આકાશ તળે માણસોમાં આપેલું હતું. એ નામથી જ તારણ શક્ય હતું. બીજાં નામો મારે મન વગડાના વા સમાન હતાં. ડૂબતો હું, તણખલા તરફ ધસ્યો હતો; પણ તણખલાને સ્થાને હતી બચાવની હોડી! જે મને મરણની પેલે પાર સલામતીપૂર્વક લઈ જનાર હતી. એ હોડીનો નાવિક હતો પ્રભુ ઈસુ ખ્રિસ્ત! આ પ્રભુ ઈસુખ્રિસ્તનાં નામ આગળ મારું શિર ઝૂકી રહ્યું!

રૂમીઓને પત્રના છઠ્ઠા પ્રકરણનું ત્રેવીસમું વાક્ય ફરીથી વાંચી ગયો. જે આનંદ, આશા, ઉલ્લાસ મારા હૃદયમાં સમાતાં નહોતાં, જે અદ્ભુત વિશ્વાસ હું ગ્રહણ કરનાર હતો, એ સર્વનાં મૂળ આ વાક્યમાં હતાં. એ વાક્યનું બીજ હૃદયમાં ઊંડે રોપાયું હતું. એણે પોતાનું મૂળ હૃદયમાં વિસ્તાર્યું હતું. અને હવે એ ભ્રૂણમાંથી ફણગો ફૂટનાર હતો!

રૂમીઓને પત્રનું છઠ્ઠું પ્રકરણ મારી સામે ખુલ્લું જ હતું અને પેલી

ચિઠ્ઠીએ દસમા પ્રકરણના નવ અને દસ નંબરના વાક્યોનો નિર્દેશ કર્યો. બાઈબલનાં આ પત્રનો ટોમસ પૉલે સૌથી વિશેષ ઉલ્લેખ કર્યો હતો અને વાક્યો પણ કેવાં તલસ્પર્શી અને હૃદયવેધક! જોઉં, આ વાક્ય કેવું છે!

'જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને દેવે તેને મૂએલાંમાંથી પાછો ઉઠાડ્યો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ. ★ કારણકે, ન્યાયીપણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ રાખવામાં આવ્યો છે, ને તારણને અર્થે મોંથી કબૂલાત કરવામાં આવે છે.''

સર્વશ્રેષ્ઠ!! અત્યુત્તમ! અતુલ! મારી અભિપ્સાનો જવાબ! સંદર્ભોની ચિઠ્ઠીમાં જે સંદર્ભ હું શોધતો હતો, તે જ! આ પત્રનાં છઠ્ઠા પ્રકરણના ત્રેવીસમા વાક્યે મને અનંતજીવન ચીંધી આપ્યું હતું. એ અનંતજીવન ઈશ્વરનું કૃપાદાન હતું. મફત પામવાનું હતું. યોહાનના પ્રથમ પત્રમાં મારે પાપની કબૂલાત કરવાની હતી. એ કબૂલાતના બદલામાં તે મને માફીની, શુદ્ધિકરણની નવાજેશ કરનાર હતો! હેબ્રીઓને પત્રમાં પણ લોહીથી થતાં શુદ્ધિકરણની અનિવાર્યતા દર્શાવવામાં આવી હતી. ફરી પાછા આ રૂમીઓને પત્રના પાંચમા પ્રકરણમાં ઈશ્વરનો પ્રેમ, એ પ્રેમની ભેટ પાપની માફી, એ પાપોની માંફી બક્ષવા પૂર્વભૂમિકારૂપે ઈસુખ્રિસ્તે પાપોની શિક્ષા ભોગવી. મારે બદલે! વધસ્તંભે! રક્ત વહેવડાવી શુદ્ધિકરણ ખુલ્લું મૂકયાની ઘોષણા! ન્યાયી ઠરાવ્યો! ઈશ્વરના કોપથી બચાવ્યો! તીમોથીના પ્રથમ પત્રમાં તારણહાર તરીકે પ્રભુઈસુ ખ્રિસ્તની નિયુક્તિ-જાહેરતા, પ્રેરિતોનાં કૃત્યમાં તારણહાર તરીકેની અનિવાર્યતા તથા અનન્યતા! પણ! પણ આ બધાં જ વાક્યોના નિષ્કર્મ સમાન, આ બધા જ અર્થ સમજૂતીના નિચોડ સમાન, આ બધા જ શિક્ષણના અર્ક સમાન હતો. આ શિરમોર સંદર્ભ! લાજવાબ! અનન્ય! જેણે મોક્ષ પામવા માટેની પદ્ધતિ મારી સમક્ષ શ્રેણીબદ્ધ રજૂ કરી દીધી! નહિ કોઈને પૂછવાનું! નહિ કોઈ શંકા! પૂરો આત્મવિશ્વાસ! હિમ્મતથી આ પગથિયાં ચઢવાનાં! અને એ પગથિયાની ટોચે મોક્ષની પ્રાપ્તિ, પરિપૂર્ણતા!

આવા અદ્‌ભુત વાક્યો સામે મેં કાદવ ઉછાળવાનો પ્રયત્ન કરેલો. ઈસુખ્રિસ્ત મૃત્યુ બાદ સજીવન થયો છે? ભલા માણસ, કોઈ માણસ

વળી મરણ પામ્યા બાદ જીવતું થાય ખરું? મરણનો સિલસિલો કદી તૂટ્યો છે? અશક્ય વાત તમે કેવી રીતે કરી શકો છો?.... બિચારા ટોમસ પૉલ પાસે કોઈ પ્રત્યુત્તર નહોતો. આ બધી બાબતો અંગત વિશ્વાસની હતી. એની અનુભૂતિ ઈશ્વર પોતે જ આપી શકે. કોઈપણ ત્રાહિત વ્યકિત, જે પોતાના પાપમાં છે; તેને આનો જવાબ નહિ મળી શકે. જવાબ મેળવવા માટે તેની પાસે કોઈ જ લાયકાત નથી. કોઈ ગુંજાઈશ નથી. ઈશ્વર માગે છે પાપોની કબૂલાત. આ પ્રથમ પગલું માણસે ઉઠાવવું પડે, ત્યારબાદ જ ઈશ્વર માણસ સાથે વ્યવહાર કરે.

'જો તું ઈસુને, તારે પોતાને મોઢે, તે પ્રભુ એટલે સ્વામી છે એમ કબૂલ મંજૂર રાખે....' અલબત્ત તે પ્રભુ છે. હું કબૂલ કરું કે નહિ કરું, તે પ્રભુ છે તે સનાતન સત્ય છે. પણ કબૂલાત તો વ્યક્તિએ કરવી જ પડે! પ્રભુ કબૂલાતનો આગ્રહ રાખે છે. કબૂલાત મોઢેથી એટલે બોલીને કરવી પડે. હવે મને ખબર પડે છે કે ટોમસ પૉલે આ બાબતનો કેમ આગ્રહ રાખેલો. જે વ્યક્તિની વ્હારે ઈસુ િસ્ત ધાતો હોય, તેનો હાથ પકડીને તેનાં ચિંતાના, નિરાશાના, બીકના કળણમાંથી તેને બહાર ખેંચી કાઢતો હોય, તેના હૃદયમાં અદ્દભુત શાંતિ, આશા અને આનંદ પ્રગટાવતો હોય એ વ્યક્તિ ઈસુને પ્રભુ તરીકે સ્વીકાર્યા વગર રહી શકતી નથી. પણ તારણ પામવાની પદ્ધતિનું આ પ્રંથમ સોપાન છે. વળી ઈશ્વરે પ્રભુ ઈસુને મરણમાંથી સજીવન કર્યો એવો વિશ્વાસ, એવી ખાતરી, અંતકરણમાં રાખવાની! અશક્ય બાબત. તદ્દન બિનતાર્કિક છતાં આવો વિશ્વાસ કરવામાં ખુદ ઈશ્વર મદદ કરે છે. મને પોતાને તેનો અનુભવ છે. આ જન્મ ઈસુખ્રિસ્તનો વિરોધી, દુશ્મન રહ્યો; પણ આ છેલ્લા થોડા કલાકોમાં જ 'તારણ પમાડનાર' વિશ્વાસ સંપાદન કરી શક્યો. એ પ્રભુનું પોતાનું કાર્ય! જૂનાં, રીઢા થઈ ગયેલાં અવિશ્વાસ, ધૃણા, દલીલબાજીને તેણે ગણતરીના કલાકોમાં નામશેષ કર્યાં અને હવે ત્યાં પ્રવર્તી રહ્યો છે અટલ, અચળ, મજબૂત વિશ્વાસ જે તારણસાધક છે!

કેવું અજાયબ! અંતઃકરણનો વિશ્વાસ મારે માટે ન્યાયીપણુ સિદ્ધ કરે! મોઢેથી કરેલી કબૂલાત, તારણ સાધે! અને આ સમસ્ત ઘટનામાં પ્રભુ ઈસુખ્રિસ્તની મદદ, તેનું યોગદાન અપ્રતિમ! બેનમુન!

મેં મારા જીવનમાં કદી તારણ સંબંધી વિચાર્યું નહોતું. કારણ કે એ જીવનમાં, એ શુકોપભોગના કહેવાતા સુવર્ણકાળમાં હું અંધ હતો. દિશાશૂન્ય હતો! મૃત્યુના મુકાબલે જ મને તેની જરૂરિયાત દર્શાવી. અને એ જરૂરિયાતની વાંછના, ઝંખના જ્યારે પરાકાષ્ઠાએ પહોંચી ત્યારે જ પ્રભુ ઈસુ ખ્રિસ્તે મારો હાથ પકડયો. મને ડૂબતાને બચાવ્યો! મારી વ્હારે આવ્યા. આ છેલ્લાં થોડાં કલાકોની ઘટના મને એક સુવર્ણ સ્વપ્ન સમાન દીસે છે! પણ એ સ્વપ્ન નથી, છે વાસ્તવિકતા! જે અખંડ રહેનાર છે! સામાન્ય બાલિશ વિશ્વાસ નથી. નાનું બાળક જેમ પોતાનાં માતપિતા પર સમજ્યા, જાણ્યા વિના વિશ્વાસ મૂકે એવો વિશ્વાસ નહિ, પણ વિશ્વાસ જે ચિંતા, નિરાશા, ભય, અજંપો, અનિશ્ચિતતા..... વગેરેની ચિતામાં જલીને, સળગીને પરિશુદ્ધ થઈને બહાર આવ્યો છે. જે વિશ્વાસ હવે ગમે તે પરિસ્થિતની ટક્કર સુપેરે લઈ શકે છે તે વિશ્વાસ! સમજાય નહિ, સમજાવાય નહિ છતાં દ્રવ્ય, પદાર્થ જેટલો વાસ્તવિક! આ ભૌતિક જગતમાં જ્યાં આત્મા, અધ્યાત્મ, વિશ્વાસ, ધર્મ, વગેરે બાબતોને હસી કાઢવામાં આવે છે, તેમાં મૂલ્યોનો ઉપહાસ કરવામાં આવે છે, તેમને સ્વીકારનાર, માન્યતા આપનારને મૂર્ખ આસ્તિક કહેવામાં આવે છે એ ભૌતિક જગત વિરુદ્ધ આ વિશ્વાસ - પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરનો વિશ્વાસ - અડીખમ ઊભો રહે છે - અજ્ઞેયવાદ, પલાયનવાદ, થીયરી ઓફ ચાન્સ, ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ, વિજ્ઞાનની સર્વોપરિતા.... વગેરે ભ્રાન્તિ, ભ્રમણાઓથી પર એવો આ લોખંડી વિશ્વાસ. જે વિશ્વાસ મનુષ્યના હકમાં મોક્ષ સિદ્ધ કરે છે. કોઈ ભ્રમણા નહિ. ભલે લાખ માણસો તમારી વિરૂદ્ધ પડે, એ વિશ્વાસ અખંડિત, અતૂટ રહે છે. એના ગઢમાં ગાબડાં પડતાં નથી. એની કાંગરીઓ તૂટતી નથી, તોડી નાંખે છે એ, સામી વ્યક્તિની શંકાને, અવિશ્વાસને. ટોમસ પૉલની એ ટૂંકી મુલાકાત કેવી વેધક હતી! હું શિકાર કરવા ગયો હતો, હું જ શિકાર થઈ ગયો! ઈશ્વરની એ કૃપા! લાજવાબ!

આ મોક્ષ સંહિતાને ચરિતાર્થ કરતાં પહેલા, સંદર્ભોની ચિઠ્ઠીમાં રહી ગયેલું પેલું છેલ્લું વાક્ય જોઈ લેવાની લાલચ રોકી શક્યો નહિ. કોઈ નવો જ પત્ર હતો. કોરિંથીઓને બીજો પત્ર, પ્રકરણ છઠ્ઠું વાક્ય બીજું. સંદર્ભોની ચિઠ્ઠીમાં સંદર્ભો ઈંગ્લીશ ભાષામાં હતાં પણ તેને ગુજરાતી નવા

કરારની અનુક્રમણિકા સાથે સરખાવી, તપાસી વાક્યો ગુજરાતીમાં જ વાંચતો જેથી બરાબર સમજ પડે.

'મેં માન્યકાળે તારું સાંભળ્યું, અને તારણને દિવસે મેં તને સહાય કરી:જુઓ, હમણાં જ માન્યકાળ છે; જુઓ, હમણાં જ તારણનો દિવસ છે.''

પ્રભુનું સંબોધન! મને ઉદ્દેશીને! અદ્‌ભુત! આશ્ચર્યજનક! કેવો યોગાનુયોગ! હું મોક્ષસંહિતાને આચરણમાં મૂકતો હતો ત્યાં જ આ વાક્ય! કેવું ઉદ્દીપન! કાલે કરતો હોય, તે આજે કર! આજે કરતો હોય, તે હમણાં કર! મેં માન્યકાળે તારું સાંભળ્યું છે. ૪૫ મા દિવસની એ ગોઝારી રાત્રિએ મેં તારૂં સાંભળ્યું છે અને તને સહાય કરવા તત્પર છું. આજે તારણનો દિવસ છે! હમણાં જ તારણની ઘડી છે અને હું એ મહાન પ્રભુના ચરણોમાં નમ્યો.

'હે પ્રભુ ઈસુ! હું છેલ્લા થોડા કલાકોથી જ તમને ઓળખું છું. તમે મારા પ્રભુ અને તારણહાર છો! ઈશ્વરે તમને મરણ માંથી સજીવન કર્યા એ મારો વિશ્વાસ છે. હું મારાં સર્વ પાપોની કબૂલાત કરું છું. મને માફી આપો! મારા ઉદ્ધારનાર અને સંરક્ષક થાઓ!'

પ્રાર્થના પૂરી થતાં જ અદ્‌ભુત આનંદ અને સંતોષની લાગણી મારા હૃદયમાં મેં અનુભવી. કેવું અદ્‌ભુત! અકથ્ય પણ વાસ્તવિક! મારા નવા જીવનની સત્તાવાર શરૂઆત થઈ ચૂકી હતી. મેં એક મહાન કાર્ય સિદ્ધ કર્યું હતું. એ કાર્ય સિદ્ધ કરવા માટે પ્રભુ ઈસુએ પોતે પ્રેરણા આપી હતી. 'મૃત્યુ પછી શું?' ના પ્રશ્નના જવાબમાં હું આત્મસુખ શોધતો હતો. પ્રભુએ મને માગ્યા કરતાં ક્યાંય વિશેષ આપ્યું હતું. કેન્સર મારી સમક્ષ મૃત્યુ લઈને ઊભું હતું. મૃત્યુને ઠેકાણે પ્રભુ જીવન આપતા હતા. કેન્સરના બદલામાં જીવન! કેન્સર અને જીવન! હું મનોમન બોલ્યો. ક્ષણિક જીવન નહિ, અનંતજીવન! હું ખ્રિસ્તી થયો હતો. હું હવે ટોમસ પૉલ જેવો હતો. ૪૪ મો દિવસ! તારણનો દિવસ! બપોરનું ખાણું પતાવી મેં પલંગમાં લંબાવ્યું.

# નવું જીવન પ્રબોધવાની મહેચ્છા!

મધ્યાહ્ને નીંદર લઈ હું વહેલી સાંજે ઉઠયો. પૂરતો આરામ મળ્યો હતો. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વર્તાતાં હતાં. મન પ્રસન્ન હતું. મહાપાતકમાંથી ઉગરી ગયાના આનંદ અને સંતોષ હતાં. છેલ્લા થોડા કલાકોની એ જાન સટોસટની બાજી! અપાર માનસિક ત્રાસ અને ખેંચતાણ! 'કાઉન્ટ ડાઉન'ની લટકતી તલવાર! મૃત્યુદૂતનો પડાવ નાખવો! 'જેને યાદ કરવા હોય એને કરીલે!'નો ક્રૂર અંતિમ અનુરોધ! જો કોઈ ઈશ્વર અસ્તિત્વ ધરાવતો હોય તો તેને પોતાનો પરચો બતાવવાનો પડકાર તથા વિનંતી! અને છેક છેલ્લી ઘડીએ, અણીની ક્ષણે, પ્રભુ ઈસુ ખ્રિસ્તનો પ્રતાપી પ્રવેશ! એ પ્રતાપી, ગૌરવવાન પ્રભુનો વ્યવહાર! મોક્ષનું અપાદાન! અને આજે સવારે, નિર્ણાયક ઘડીએ, એ દુર્લભ, અનન્ય મોક્ષની સ્વીકૃતિ તથા અમલીકરણ! ધન્ય ધન્ય થઈ ગયો. કદી કલ્પેલું નહિ કે આવી નાટકીય ઢબે આત્મોન્નતિ સાંપડશે. અદ્ભુત! પેલાં અંધકારના પરિબળોનાં કર્કશ ડાકલાં ક્યારે વાગતાં બંધ થયા તે જાણ્યું નહિ. પેલો ખાંખાખોળા કરતો, દાંત કચકચાવતો, આંખોમાંથી આગ વરસાવતો દૈત્ય ક્યારે અને ક્યાં ઉચાળા ભરી ગયો એની ખબર સુદ્ધાં પડી નહિ. ચિંતા, નિરાશા, અજંપો, નિશ્ચિતતા પ્રશ્નોને સ્થાને હતાં આત્મવિશ્વાસ, આશા, નિરાંત, ખાતરી અને જવાબ! હા, ઘણા બધા પ્રશ્નોનો એક જ જવાબ હતો - પ્રભુ ઈસુ ખ્રિસ્ત! અનેક સમસ્યાઓનો ઉકેલ હતો - એક માત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત! એણે મારી ડૂબી જતી નૌકા બચાવી હતી, નાવિક થઈને! મહાસાગરનાં રાક્ષસી, વિકરાળ મોજાંઓ મધ્યેથી મને ઊંચકી લીધો હતો! હવે હું સલામત સ્થળે હતો! હવે કોઈ જ પ્રતિકૂળતાની સંભાવના નહોતી. અને જો વિપરીત સંજોગો ત્રાટકે, તો હવે બીક નહોતી. કેમ કે તે હવે મારી સાથે રહેતો હતો. ટોમસ પોલની મુલાકાત કેવી સૂચક બની રહી! અનેસંદર્ભોની પેલી ચિટ્ઠી! હા એ ચિઠ્ઠીનાં સુયોગ્ય બંધબેસતા સંદર્ભોએ તો મારા નવા જીવનની કેડી કંડારી હતી. પેલું ભગવદ્ગીતાના કદનું, શ્વેત, ચામડાંની બાંધણીવાળું નાનું પુસ્તક યાને ન્યુ ટેસ્ટામેન્ટ,

પેલાં ખ્રિસ્તી મહિલા મંડળની બેનોએ આપેલો ગુજરાતી નવો કરાર અને સાથે સંદર્ભોની ચિઠ્ઠી! કેવો સુભગ યોગાનુયોગ! 'ભવસાગરમાં મળ્યો મારો તારણહાર!'

કુસુમ આવી. મને ધારી ધારીને જોઈ રહી હતી. મારા મુખ પરની પ્રસન્નતા અને આભા તેનાથી છુપાં રહી શકે એમ નહોતું. પ્રશ્નાર્થ દ્રષ્ટિએ કુસુમ મને નિહાળી રહી હતી.

'કુસુમ, મરણની બીક હવે મને સતાવતી નથી. મને નવું જીવન મળ્યું છે. મેં પ્રભુ ઈસુ ખ્રિસ્તનો મારા તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકાર કર્યો છે.'

'મને કાંઈ સમજણ પડી નહિ!'

'કુસુમ, હવે હું ખ્રિસ્તી બન્યો છું.'

–નિઃશબ્દતા –

'એટલે તમે વટલાયા ?'

કુસુમના પ્રશ્ને મન સ્તબ્ધ કરી દીધો. આટલા ક્રુર અને બરછટ પ્રશ્નની મેં કદી અપેક્ષા રાખી નહોતી. આવા તીક્ષ્ણ અને વ્યક્તિત્વ પર ઘા કરનાર સવાલ માટે હું સહેજે ય તૈયાર નહોતો. તીર સમાન એ પ્રશ્ન મારા હૃદયમાં તીરની જેમ ઊંડે ખૂંપી ગયો, અને મારાં શાંત માનસને એક જબરજસ્ત આંચકો આપી ગયો. પ્રશ્નમાં રહેલ કટાક્ષની વેધકતા કટારની ધાર કરતાં વિશેષ તીક્ષ્ણ હતી. જાણે હું અભડાયો હોઉં, છેક નીચલી, કનિષ્ઠ કક્ષાએ ઉતરી પડયો હોઉં એવો એ પ્રશ્નનો ગૂઢાર્થ હતો. હું સમસમી ગયો.

'ખ્રિસ્તી બનવું એટલે વટલાવું એમ તું માનતી હોય, તો હું વટલાયો છું.'

હું સમજી શકતો નથી શા માટે લોકો 'ખ્રિસ્તી થવાને' આટલી નીચી દ્રષ્ટિએ જુએ છે? શા માટે હીણપત ભરેલું ગણે છે? જાણે વ્યક્તિને પોતાની જાત પર, તેના કુટુંબ પર, તેના સમાજ પર કાળીટીલ્લી લાગી ગઈ હોય! નામ બોળ્યું હોય! કેવું વિચિત્ર! જે લોકો આ બાબતમાં તલભાર જાણતાં નથી અને જેઓ કદાચ જાણવા માગતા પણ નથી, તેઓને આવી

ટીકા કરવાનો શો હક? કેવું હીન વલણ? કુસુમના પ્રશ્નમાં આક્ષેપ હતો, ઠપકો હતો, ધિક્કાર હતો. મેં ઘરનું, કુટુંબનું સમાજમાં સાતડે સાત કે નખ્ખોદ વાળ્યું હોય! મરતાં મરતાં કોઈ અક્ષમ્ય અપરાધ કર્યો હોય અને એ અપરાધની શિક્ષા મારા મર્યા બાદ તેઓને ભોગવવાની હોય, એવી વિભાવના તેના પ્રશ્નમાં હતી. કદાચ તે ઈચ્છતી હતી કે હું મારો નિર્ણય બદલું તેમના ભલા માટે.

શા માટે? શું માનવું, શું ના માનવું એ તો વ્યક્તિની પોતાની આંતરિક બાબત છે. કોઈપણ માણસ ફક્ત જન્મથી જ અમુક કોમનો સભ્ય બની જતો નથી. જે કુટુંબમાં તે જન્મ્યો એ કુટુંબમાં પળાતા ધર્મને જે એણે અનુસરવું એવું ફરજિયાત તો હોઈ શકે જ નહિ ને! હકીકતમાં ધર્મ, વિશ્વાસ એ તો વ્યક્તિની પસંદગીની વાત છે. એ જે ચાહે તે પસંદ કરી શકે. એની બૌદ્ધિક માન્યતા ગમે તે હોઈ શકે; કુટુંબ કે સમાજના એ ઉપર કોઈ નિયંત્રણ લાદી શકે નહિ. માણસ સ્વતંત્ર છે. એની પોતાની સ્વતંત્ર વિચારસરણી હોઈ શકે. ઈશ્વર પોતે જો માણસને મુક્તેચ્છા આપતો હોય તો પછી કુટુંબે અને સમાજે કાગારોળ કરવાની કોઈ જરૂર ખરી? સામ્યવાદી દેશો, જેઓ ઈશ્વરના અસ્તિત્વને નકારે છે, તે સિવાય બીજા કોઈ દેશનું બંધારણ મનુષ્યની આ મૂળભૂત સ્વતંત્રતા પર તરાપ મારતું નથી; હા એટલું ખરૂં કે જે તે ધર્મ અપનાવવા માટે તેના ઉપર કોઈ દાબ દબાણ ન થયેલું હોવું જોઈએ અને કોઈ લાલચ આપવામાં ન આવી હોવી જોઈએ. મતલબ કે ધર્મપરિવર્તનનો નિર્ણય વ્યક્તિએ પોતે સ્વતંત્રપણે, પોતાની સૂધબૂધમાં લીધેલો હોવો જોઈએ અને એવી જ રીતે તો મેં નિર્ણય લીધો છે!

પણ ભારત દેશ, જે જગતનો સૌથી મોટો લોકશાહી દેશ છે. તેમાં વ્યકિતએ આવા વાંધા, વિરોધોનો સામનો કરવો પડે છે અને નવાઈની વાત તો એ છે કે આવા વિરોધો, જાકારો, ધિક્કાર તેનાં પોતાનાં સ્વજનો તરફથી જ શરૂ થતા હોય છે. અહીં માણસ કોમનો, ધર્મનો અને સમાજનો ગુલામ છે. આ પ્રકારની ગુલામીમાં તેનો જન્મ થાય છે અને આ ગુલામ, બંધન અતૂટ રહે તેવી અભિપ્સા રાખવાંમાં આવે છે તથા પ્રયત્નો સુદ્ધાં

થાય છે. કેવું બંધન! પોતાના ધર્મ ખરોખોટો હોય તો પણ તેને વળગી રહેવાનું! કેવું બેહૂદું! ધર્મ, લગ્ન એ તો વ્યક્તિની તદ્દન આંતરિક બાબત છે છતાં પણ તેમાં જે તેકોમનો કેવો નફફટાઈભર્યો ચંચુપાત! કેવી અવનતિ! આ વીસમી સદીમાં જ્યાં મૂલ્યો કાયમ અને દરરોજ બદલાતાં રહે છે ત્યાં પણ માણસની માણસ તરીકે કેવી ઘોર વિડંબના! ભારતની લોકશાહી એટલે ટોળાશાહી! ટોળુ જ્યાં જાય ત્યાં ટોળામાંની એટલે કોમની વ્યક્તિએ જવાનું. ઈચ્છાએ કે પછી અનિચ્છાએ!

પણ ખ્રિસ્તી થવું એટલે કુસુમના મતે વટલાવું, એટલે શું તે હું બરાબર જાણું છું. મારો અનુભવ છે. એ કાંઈ સરળ વાત નથી કે ખ્રિસ્તીઓનું ધર્મપુસ્તક વાંચી ખ્રિસ્તી બની ગયો! એની પશ્ચાદ્ભૂમિકામાં છે એક ઈતિહાસ! જેની ભયાનકતા, નિઃસહાયતા વિષે વિચારતાં હમણાં પણ કંપારી છૂટે છે. એ આગમાં જલતા-જલતા આ મહામૂલો વિશ્વાસ સંપાદન થયો છે. કોઈ સામાન્ય, સગવડિયા અટ્ટંપટ્ટં ક્રિયાકાંડે મને વટલાવ્યો નથી. નથી કોઈએ કંઈ લાલચ આપી. દાબદબાણ કેવું વળી! સ્વેચ્છિક સ્વીકૃતિ.

એ આનંદના ઓઘ! મારી અનુભૂતિ. એ અકળ, અગમ્ય શાંતિ! મારો જીવંત અનુભવ, કોઈ સ્વપ્નું નહિ. કેવી ચમત્કારિક રીતે પ્રભુ ઈસુ વ્યકિતનાં પાપ માફ કરે છે, તેને શુદ્ધ કરે છે અને તેનો મોક્ષદાતા અને સ્વામી બને છે! એ વ્યકિત કેવી અદ્ભૂત આશા પ્રાપ્ત કરે છે અને એ આશા પ્રાપ્ત કર્યાની તસલ્લી પણ કેવી સુંદર! પાપ અને મૃત્યુનાં ક્ષેત્રમાંથી તે મહાભિનિષ્ક્રમણ કરી પવિત્રતા, શુદ્ધતા ને અનંતજીવનના વિશાળ, બૃહત્ ક્ષેત્રમાં પ્રવેશ કરે છે! જીવન પ્રત્યેનો તેનો અભિગમ બદલાઈ જાય છે. સાચે જ ટોમસ પૉલ કહેતો હતો કે જીવન પ્રત્યેનો તેનો અભિગમ બદલાયો છે. અજાણતાં પાપ થઈ જાય કદાચ, જાણી જોઈને તો નહિ જ. પરંતુ એ સૌથી વિશેષ પરમેશ્વરની સંગત તે પ્રાપ્ત કરે છે. સતત સંગત, અતૂટ સંગત, જે સંગત તમને સલામતી બક્ષે! સ્થિરતા બક્ષે! નિરાંત આપે અને ગમે તેવા કઠણ સંજોગોમાં ટકી રહેવા માટે, સામનો કરવા માટે બળ, સામર્થ્ય પૂરાં પાડે! તમારા 'હું' જોડે એ અનાદ્યનંત પરમેશ્વર વ્યવહાર

કરે! અરે, વાતચીત! મેં અગાઉ કદીય સાંભળ્યું નહોતું કે પરમેશ્વર માણસ સાથે વાત કરે, પણ હવે મારી પોતાની એ અનુભૂતિ! મેં તો ઈશ્વરની બાદબાકી કરી હતી. તેની પ્રત્યે મારી પૂંઠ ફેરવી હતી પણ ઈશ્વરનો પ્રેમ મનુષ્યની સમજશક્તિથી ક્યાંય પર છે! તે માણસનાં અપમાન, ધિક્કાર,નામરજી લેખામાં લેતો નથી. એ તો અણીને સમયે મદદ કરે છે. પણ ઈશ્વરનાં આ અદ્‌ભુત, નિસ્વાર્થ કૃત્યને લોકો કેવી વક્ર દ્રષ્ટિએ જુએ છે! પ્રભુ તેઓને માફ કરે અને પોતાની જાતને તેઓ સમક્ષ પ્રગટ કરે!

'મારામાં કોઈ ફેરફાર થયો હોય, એવું તને લાગે છે?'

'અલબત્ત, લાગે છે એટલે જ તો હું તમને નિહાળી રહી હતી. એકાએક શું થયું?'

'જેને તું 'વટલાવું' કહે છે, તેના થકી એ ફેરફાર છે. તું તો સારી પેઠે જાણે છે કે હું મારા દિવસો ગણી રહ્યો હતો. ડૉ. કાપડિયા સાહેબના એ મૃત્યુચુકાદાના દિવસથી જ, એટલે કે છેક ૩૬૫ મા દિવસથી, હું દિવસો ગણતો આવ્યો છું અને જ્યારે એ એક વર્ષની મહેતલ પૂરી થવા આડે દોઢ મહિનો બાકી રહ્યો ત્યારે મારી સર્વ ધીરજની, સહનશીલતાની અવધિ આવી ગઈ. નિરાશા, ચિંતા, અનિશ્ચિતતા, અજંપો, ભય, વગેરે અંધકારનાં પરિબળોએ ભેગાં થઈ મારા ઉપર એવો હલ્લો કર્યો કે મૃત્યુની મોઢામોઢ આવી ગયો. મારી જીવાદોરીને છેડે હું ઊભો હતો. ડાબો પગ આ પૃથ્વી પર હતો અને જમણો પગ હવામાં અદ્ધર ઊંચક્યો હતો, મૂકવા માગતો હતો પણ ક્યાં મૂકું? મૃત્યુ પછી ક્યા પ્રદેશમાં પ્રવેશવાનું? ત્યાં મારા આત્માની શી ગતિ થાય? આ બધાં પ્રશ્નો મારી સામે મોં ફાડીને ઊભા રહ્યા હતા. હું મારા આંતમામાં સાવ નિર્ગત થઈ ગયો હતો. કોઈ જ માર્ગ સૂઝતો નહોતો. મૃત્યુદૂતે મારી સામે અડીંગા નાંખ્યા હતા. મારો જમણો પગ મુકાય ન મુકાય અને હું એને હવાલે. હું તદ્દન એકલો પડી ગયો હતો. આવી દારુણ અને દયનીય પરિસ્થિતિમાં મેં ઈશ્વર જો ખરેખર હોય તો તેને મારી મદદે આવવા હાંક મારી અને એટલે તેં ગઈકાલે સવારે પૂછ્યું હતું કે કોને બૂમ પાડતા હતા. હું આ ફાની દુનિયાનો ત્યાગ કરતો હતો ત્યાં જ..... ખરે સમયે, ખરી વ્યક્તિએ પ્રવેશ કર્યો. એણે મારી

મરણચીસ સાંભળી. મારી વહારે ધાયો. મારી મદદે આવ્યો. નાસ્તિક જેવો હું, જીવનભર તેની ઉપેક્ષા કરી, મશ્કરી કરી પણ માવતર કમાવતર થાય? અણીને સમયે તેણે મને ઊંચકી લીધો એ આંધીમાંથી. તેના પ્રવેશના પ્રકાશથી જ બધાં જ ભૂંડાં પરિબળોનો તથા નકારાત્મક લાગણીનો, વિચારોનો પરાભવ થયો. પરમેશ્વરે પોતાની કૃપાદ્રષ્ટિ મારા ઉપર કરી હતી. ડૂબતા માણસને તણખલાને સ્થાને લાઈફબોટ મળી ગઈ. એક અપૂર્વ જિજ્ઞાસા મારા સમસ્ત વ્યક્તિત્વમાં વ્યાપી રહી અને ચમત્કારિક રીતે પેલા ટોમસ પોલે આપેલા ન્યુ ટેસ્ટામેન્ટ, સંદર્ભોની ચિઠ્ઠી અને ખ્રિસ્તી મહિલામંડળની બહેનોએ આપેલા ગુજરાતી નવા કરાર પ્રત્યે તેણે અંગુલિ નિર્દેશ કર્યો.

એ ગુજરાતી નવાકારનાં વાક્યો સંદર્ભોની ચિઠ્ઠીને આશરે, ક્રમાનુસાર વાંચતો ગયો. મનન કરતો રહ્યો. મારા 'સ્વ' ને ઢંઢોળતો રહ્યો અને... અને પરમેશ્વરે મારી સાથે વાત કરી. એણે મારા પાપોની માફી બક્ષી, મને મારાં પાપોની કિંમત તો એણે ક્યારની યે ચૂકવી દીધી હતી, વધસ્તંભ પર. હા, એ કિંમત એણે પોતાના લોહીથી ચૂકવી અને મારો ઉગારો કીધો. એ બધું કેવી રીતે થયું તે હું તને સમજાવી શકતો નથી. આ તદ્દન પરાયા એવા ધર્મ પ્રત્યે હું કેમ આકર્ષાયો, અને સમજાય નહિ તથા માની શકાય નહિ એવી વાતો, જેને હું ઉટપટાંગ અને પાગલના પ્રલાપો કહેતો હતો, તે ઉપર મેં કેવી રીતે ભરોસો કર્યો એ હું પોતે સમજી શકતો નથી. પણ એ તો પરમેશ્વરનું પોતાનું જ કાર્ય છે અને એટલે જ આપણી દ્રષ્ટિમાં આશ્ચર્યજનક ભાસે છે. તું પોતે જાણે છે કે જ્યારે આ ધર્મની વકીલાત કરતો પેલો ટોમસ પૉલ આવેલો ત્યારે મેં તેનો કેવો ઉઘાડો લીધો હતો! તેની સાક્ષી, ખુલાસા, વિશ્વાસ અને દ્રઢતા પર મેં કેવો ઉઘડો લીધો હતો! તેની સાક્ષી, ખુલાસા, વિશ્વાસ અને દ્રઢતા પર મેં કેવો બારોબારિયા કે પ્રહારો ફટકારેલા તે તો તું સારી પેઠે જાણે જ છે અને છતાં આ શરણાગતિ! એ તારે પ્રશ્ન હશે, પણ જે પરમેશ્વરે મારી સર્વ ચિંતા, નિરાશા, અજંપા, ભીતિ, અનિશ્ચિતતાનું ખંડન કર્યું અને મારા હૃદયમાં આશા, આનંદ અને આત્મવિશ્વાસના સાથિયા પૂર્યા તેને શરણે

ના જાઉં તો મારા જેવો નિમકહરામ બીજો કોઈ નહિ! કેવું ભયાનક ગણિત માંડેલું મેં!

......૩, ૨, ૧, ૦ = મૃત્યુ??

અને હવે! પ્રભુ ઈસુ જીવનરથના સારથિ બન્યા ત્યારથી!

.....૩, ૨, ૧, ૦ = મૃત્યુ, અનંતજીવન....

હવે તો મૃત્યુ પછી જીવન અને તે પણ અનંતજીવન!

અને એટલે મેં પ્રભુઈસુખ્રિસ્તને મારા વ્યક્તિગત તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકાર્યા છે. આ સ્વીકાર પણ તેનું કૃપાદાન છે. તે ખરેખર પરમેશ્વર છે.સંકટને સમયે વહારે ધાતો મદદગાર પરમેશ્વર! પેલો અંગ્રેજી મુહાવરો બદલીને કાંઈક આમ કહેવાનું મન થાય છે કે 'ગોડ ઈન નીડ ઈઝ ગોડ ઈનડીડ!' તે ક્ષણોમાં ઘણા બધા દેવોનાં નામ ઉચ્ચારેલાં. ઘણાં કાલાવાલા અને બેસુમાર વિનંતીઓ, પણ.... પણ કોઈ કરતાં કોઈ મદદે ના આવ્યું. મારી સર્વ આશા, જિજીવિષા નષ્ટ થતી હતી ત્યાં જ આ પરમેશ્વર, પ્રભુ ઈસુ ખ્રિસ્તે મદદનો હાથ લંબાવ્યો. તેનાં દેવત્વની એટલે ઈશ્વરપણાની અને પ્રભુત્વની મને સંપૂર્ણ ખાતરી થઈ છે. હવે એ મારો હંમેશનો સાથી છે. આ નવા કરાર દ્વારા તે મારી સાથે વાત કરે છે. અને શાંતિ આપે છે. આનંદ આપે છે અને હવે એને, એ ગૌરવી પ્રભુને, એ સમર્થ તારનારને હું તારી સમક્ષ રજૂ કરું છું! હું એવી ઉત્કટ આશા રાખું છું કે મરણ પછીના એ અનંતજીવનમાં તું મારી સાથે હોય, તું પણ મારો સંગાથ કરે!

# -નિ:શબ્દતા-

ઓ પ્રભુ, એ કૃપા મને આપો કે હું લોકોને, જન સમુદાયને, હા પ્રત્યેક અદના આદમીને તમારા આ અદ્‌ભુત મોક્ષ સંબંધી કહી શકું. સાક્ષી આપી શકું! મારી એ ઝંખના છે! તીવ્ર ઈચ્છા છે! તારણનું, ઉદ્ધારનું એ અદ્‌ભુત કાર્ય! એ ચમત્કાર! મનુષ્યજાતને અપાતું ઈશ્વરનું એ અમૂલ્ય કૃપાદાન! લાજવાબ! અમાપ્ય! એ આપે છે ત્યારે હાથ પાછો ખેંચી રાખતો નથી. ભરપૂરીમાં આપે! મનુષ્ય ભલે ગમે તેટલો ભ્રષ્ટ હોય, તેની ભ્રષ્ટતા ઈશ્વરના પ્રેમને ઝંખાવી શકતી નથી. મનુષ્ય ભલે એની વિરુદ્ધ નપાવટ કરે, એનાં અસ્તિત્વને માન્ય સુદ્ધાં ન રાખે, તેની આ નપાવટ, ધ્રુષ્ટતા તેના પ્રેમની આડે રૂકાવટ ઊભી કરી શકતી નથી. તેનો પ્રેમ અસ્ખલિત વહ્યા કરે છે! તેની કૃપા સર્વને માટે સરખી છે. તેણે મનુષ્યજાત માટે બલિદાન આપ્યું. તદ્દન બિનતાર્કિક લાગે એવી વાત! માણસ સ્વીકારવા હરગીઝ તૈયાર નહિ થાય, પણ એ નરદમ સત્ય! માણસ માટે, હા સમસ્ત મનુષ્યજાત માટે, ઈશ્વર પોતે તારણનો મોક્ષનો રસ્તો તૈયાર કરે છે! શિક્ષા સહન કરે છે. મરણ પામે છે. પણ ઈશ્વર હોઈને પોતે સજીવન થાય છે. હા, મરણમાંથી પાછો ઊઠે છે. પુનરુત્થાન પામે છે અને એક અક્ષય આશા સંસ્થાપન કરે છે. આ આશાનાં, આ અનંતજીવનનાં, આ અદમ્ય આનંદના, આ ભરપૂર માફીના સમાચાર, શુભ સમાચાર હવે મારે પહોંચાડવા છે જનસમુદાયને, વ્યક્તિઓને, જે મળે તેને! પ્રભુ મને સામર્થ્ય આપ! મને તારી મહાન કૃપા આપ!

અફસોસ! તંદુરસ્તીથી લાચાર છું! મારું કથળેલું સ્વાસ્થ્ય મને શુભ સમાચાર પ્રબોધવા નહિ દે! અતિશય દુ:ખની લાગણી હું અનુભવું છું, જેણે મારા માટે આટલું બધું કર્યું, જેણે મને મોતના મુખમાંથી બચાવી લીધો, ઉગારી લીધો તેને માટે હું કંઈ કરી શકતો નથી. જ્યારે તંદુરસ્તી, શક્તિ હતાં, જ્યારે શરીરમાં તરવરાટ અને સ્ફૂર્તિ હતાં જ્યારે વક્તૃત્વ છટા અને સામાજિક મોભો, સ્થાન ગગનચુંબી હતાં ત્યારે મેં ઈશ્વરના નામ માત્રની, તેના અસ્તિત્વની સંભાવના સુદ્ધાંની અવગણના કરી હતી; ઉપેક્ષા

કરી હતી. જો ધાર્યું હોત તો ઘણું બધું કરી શક્યો હોત. ત્યારે પણ હું મારા નીચ લાભ, લોભ અને અહમમાં રચ્યોપચ્યો રહ્યો. મારી સર્વ કળા, કૌશલ્ય, સાધનસંપત્તિ તેના કોઈ જ ખપમાં ન આવ્યાં અને આજે જ્યારે હું વાંચી રહ્યો છું કે હું મારું સર્વસ્વ, તેને અર્થે બની રહે. તે, હા, કેવળ તેના જ ઉપયોગમાં આવે, ત્યારે એ મારી ઈચ્છા ફળી શકે એમ નથી. મારી અભિપ્સા તદ્દન નિષ્ફળ રહેનાર છે. મારું જીવન એક જૂના, સુકાઈ ગયેલા, જેની પાંખડી સ્પર્શ થતાં જ ખરી પડે એમ છે એવા પુષ્પ સમાન છે. એ કોઈને અર્પિત થઈ શકે એમ નથી. તેની મહેક, તાજગી, દેખાવ સાવ મરી પરવાર્યાં છે. એ પુષ્પ ફક્ત કચરાપેટીને જ સ્વાધીન થઈ શકે. પણ એ કચરાપેટી જેવા જીવનને પ્રભુ ઈસુ ખ્રિસ્તે બચાવ્યું છે. પ્રેમથી! તદ્દન નિરુપયોગી અને મૃતઃપ્રાય જેવા મને તેણે બચાવ્યો છે. ક્યા હેતુથી? તેને હું શું આપી શકવાનો? કશું જ નહિ. છતાં મને બચાવ્યો. આ એનો અમાપ્ય પ્રેમ નહિ તો બીજું શું?

હવે મને સમજાય છે કે શા માટે પેલી ખ્રિસ્તી ટોળીઓ સુરત શહેરની ગલીઓમાં, રસ્તાઓ પર, પોળોમાં, ચૌટે, ચોકે ઊભી રહી ગીતો ગાય છે અને સંદેશા આપે છે? શા માટે પુસ્તકો આપે છે? શા માટે લોકોનાં મ્હેણા ટોણા સહન કરે છે? શા માટે શેહશરમનો તેઓ વિચાર કરતાં નથી? શા માટે નિરાશ થતા નથી અને શા માટે અપમાનો ગળી જાય છે? પોતાના મુક્તિદાતા અને ત્રાતાના આ શુભ સમાચાર ફેલાવવા માટે જ તો! ધન્ય છે એમને! એમને આ જીવતાં જીવ જ શુભ સંદેશ જણાવવાની તકો સાંપડી છે! પણ મુજ અભાગીને એકપણ તક સાંપડે એમ લાગતું નથી. તેઓ તો મફત પામ્યાં અને મફત આપી રહ્યા છે!! ઈશ્વરનું કામ કરી રહ્યા છે! પ્યારા પ્રભુના પ્રેમને પોકારીને પ્રગટ કરનારા! અજાયબ! અદ્ભુત!

હું અતિશય નબળો થઈ ગયો હતો. મેં મારી માલમિલકતની વ્યવસ્થા પણ કરી નાંખી હતી. બધું જ કુસુમને સમજાવી દીધું હતું. મરણ ત્યાં હતું જ. સામે! પણ તેનો ડર નહોતો. એ હવે મારા માટે લાભકારક હતું. મૃત્યુના દરવાજામાં થઈને હું મારા પ્રભુને મળનાર હતો.

પ્રભુની કૃપાથી કુસુમે પણ ગુજરાતી નવો કરાર, પેલા સંદર્ભોની ચિઠ્ઠી સાથે રાખીને વાંચવાનું શરૂ કર્યું હતું. એ જ મારા માટે આનંદના સમાચાર હતા. થોડા દિવસો પછી એક સાંજે કુસુમ કોઈક ખાસ હેતુસર મને મળવા આવી. બહુ જ આનંદી લાગતી હતી. તેની આંખોમાં આનંદની, કશુંક દુર્લભ પ્રાપ્ત કર્યાની ચમક હતી. હું એને ધ્યાનથી જોવા લાગ્યો.

'શું જુઓ છો?'

'તારા મુખ પર આ તેજ, આનંદ? તું બદલાયેલી કેમ છો?'

'અનિલ, હું પણ તમારી માફક વટલાઈ ગઈ. તમારા આ બદલાયેલા આનંદિત, શાંત જીવનનો પરિપાક છે. પ્રભુ ઈસુએ મારી સાથે પણ એ ઉમદા વ્યવહાર કર્યો છે. મારાં સર્વ દુઃખ, ચિંતા, અજંપો તેણે હરી લીધાં છે. તમે તેને મળવા જાઓ તો પણ હું હવે એકલી પડનાર નથી. મુક્તિદાતા પ્રભુ ઈસુને ધન્ય હો!'

અદ્ભુત સંતોષ અને આનંદના આવિર્ભાવમાં મારી આંખમાંથી હર્ષના આંસુ છલકાયાં. મેં પ્રભુનો મનોમન આભાર માન્યો. પથારીમાં સૂતાં સૂતાં હું તેને માટે કંઈક કરી શક્યો તેનો પણ હર્ષોલ્લાસ હતો. એક તક મને મારા પ્રભુને આપી. મારા ઘરમાં પ્રભુ ઈસુનો ફરી એકવાર વિજય થયો હતો. મારા આનંદની કોઈ પરિસીમા ન હતી.

હવે હું ગમે તે ક્ષણે મરી જઈ શકું એમ હતું. મારો જમણો પગ હવે હું નીચે મૂકનાર હતો. ખડક પર, પ્રભુ ઈસુ ખ્રિસ્તીરૂપી ખડક પર! આનંદ અને આભાર સ્તુતિની લાગણી સાથે અનિલ અને કુસુમ પ્રાર્થનામાં સામેલ થયાં. ખૂબખૂબ વાતો કરી છેવટે અનિલ ઊંઘી ગયો.

# બીજા દિવસની સુપ્રભાત!

પૂર્વની ક્ષિતિજેથી સૂરજે ડોકિયું કર્યું, પૃથ્વી પર પ્રકાશના કિરણો ફેલાયાં. ફરી એકવાર માનવ-વ્યવહાર શરૂ થયો. રેડિયો, ટેલિવિઝન, શેરીઓનો કલકલાટ, વાહનોનો ઘોંઘાટ આ બધાંએ ભેગા મળી મોડા ઉઠતા માનવોને પણ ઊંઘમાંથી ઊઠાડયા.

'અનિલ, અનિલ, ઊઠોને, આજે ખૂબ ઊંઘ્યા' એમ કહેતાં કુસુમ તેના બિછાના પાસે ગઈ. હૈયા ધડકન સાથે કુસુમે જોયું તો જમણો પગ પલંગ પર સીધો પડી ગયો હતો. નાડીના ધબકારા બંધ હતા. હવે ત્યાં અનિલ નહોતો પણ અનિલનું શબ હતું. અનિલ તો મૃત્યુના દરવાજામાં થઈને ક્યારનીયે અનંતજીવનની વાટે સીધાવ્યો હતો. પોતાના પ્રિતમ અને તારણહાર પ્રભુ ઈસુને મળવાંસ્તો. કેન્સરની પ્રાણઘાતક બિમારીએ અનિલનો પ્રાણ લીધો, પરંતુ પ્રભુ ઈસુએ વધસ્તંભ પર મૃત્યુ પામીને અનિલને અનંતજીવનનું દાન આપ્યું.

હર્ષ અને શોક મિશ્રિત લાગણીમાં કુસુમે અનિલના સ્થૂળ દેહને અશ્રુભીની વિદાય આપી અને અનિલના તારણદાતા પ્રભુ ઈસુને અનુસરવાનો મનોમન નિર્ણય કર્યો.

*Iswarno Saksatkar*

by Augustine Christian



રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)